# મિલેનિયમનો સ્વામી



સંપાદકો
રેવ. ઈમાનુએલ એસ. કાન્ત
શ્રી મનુભાઈ કામદાર
શ્રી જશવંત જોસેફ ક્રિસ્ટી

8BGM2

# મિલેનિયમનો સ્વામી

સંકલન


રેવ. ઈમાનુએલ એસ. કાન્ત

શ્રી મનુભાઈ કામદાર

શ્રી જશવંત જોસેફ ક્રિસ્ટી



GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF P ILADELPHIA
425 ENTRAL AVE.
CHELTEN AM, PA 19012-2103

પ્રકાશક :

**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**
સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ
અમદાવાદ - ૩૮૦ ૦૦૬.
ફોન : ૨૬૪૪૫૨૮૧

પ્રથમ આવૃત્તિ : સપ્ટેમ્બર ૨૦૦૫
નકલ : ૫૦૦
કિંમત : રૂા. ૨૫/-

મુદ્રક :

**સ્ક્રીનડોટ પ્રિન્ટર્સ**
૪, દિવ્ય વસુંધરા કોમ્પલેક્ષ,
મિરઝાપુર કોર્ટ સામે, મિરઝાપુર, અમદાવાદ-૧.
ફોન નં. : ૫૫૧૨૭૭૦૦

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA

## સંપાદકની કલમે

વર્ષ ૨૦૦૦ ચારેબાજુ મિલેનિયમનો માહોલ હતો. તેવા સમયે ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીની કાર્યવાહક સમિતિએ આ સંસ્થાના ખ્રિસ્તીબંધુ, બાલવાડી જે બંને માસિક પ્રકાશનો છે. જેમાં છેલ્લાં ૨૫ વર્ષના પ્રકાશિત થયેલ અંકોમાંથી લેખો, મનનો, કાવ્યોનું સંકલન કરી એક પુસ્તક ગુજરાતની ખ્રિસ્તી જનતા માટે અર્પણ કરવું એવો એક વિચાર હતો.

ઉપરોક્ત વિચારના અનુસંધાનમાં ત્યારની કાર્યવાહક સમિતિએ આ જવાબદારી શ્રી મનુભાઈ કામદાર, શ્રી જશવંત જોસેફ ક્રિસ્ટી તથા રેવ. ઈમાનુએલ એસ. કાન્તને સોંપી પરિણામે લેખો, મનનો, કાવ્યોનું સંકલન કાર્ય પ્રગતિમાં હતું. તે સમયોમાં શ્રી મનુભાઈ કામદાર, શ્રી જશવંત જોસેફ ક્રિસ્ટી પ્રભુમાં ઊંઘી ગયા. અધુરું કાર્ય પૂર્ણ કરવાની જવાબદારી મારા શિરે આવી. આ પુસ્તક આજે તમારા હાથમાં છે. તેમાં ઉપરોક્ત બંને વ્યક્તિઓ જેઓ આજે આપણી મધ્યે હયાત નથી. તેમની મહેનતને ભૂલી શકાય તેમ નથી. તેઓનાં અનુભવનો અર્ક આ પુસ્તકના સંકલનમાં જોવા મળે છે. છેલ્લે અમુક લેખો પસંદ કરવામાં શ્રી બી.એન. પરમાર મદદરૂપ બન્યા છે. તેમનો આભાર.

આ પુસ્તક તૈયાર કરવામાં એક વિચાર એવો હતો કે જુદા જુદા વિષયો જેમાં સમાજની વેદનાઓ, બાઈબલ આધારિત વિચારો તેમજ મિલેનિયમ એટલે એક સમયગાળો એટલે સમયની તાસીર છે. તેને ધ્યાનમાં રાખવા નમ્ર પ્રયત્ન કરેલ છે. એમ કરવામાં જે લેખકો વર્ષોથી લેખ લખે છે તેમાંના ઘણાએ પોતાના પુસ્તકો પ્રસિધ્ધ કર્યા છે. તેથી તેમનાં પ્રસિધ્ધ થયેલ લેખોનો સમાવેશ કરેલ નથી. નામી-અનામી એવા લેખકોના પ્રસિધ્ધ થયેલા લેખોનો આ સંપૂટ છે ખૂબ જ ચિવટપૂર્વક સંકલન કરવામાં આવ્યું છે.

આ પુસ્તક ગુજરાતની ખ્રિસ્તી જનતાને ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી તરફથી મિલેનિયમ વર્ષ નિમિત્તે અર્પણ કરવામાં આવે છે. આશા છે કે આપ સૌને ગમશે. આ પુસ્તકનું નામ જાન્યુઆરી ૨૦૦૦ના મનનનું જે શિર્ષક હતું. "મિલેનિયમ નો સ્વામી" તે રાખેલ છે.

આ જવાબદારી ને યોગ્ય અમને ગણ્યા માટે આભાર. આ પુસ્તક દ્વારા ઈશ્વરપિતાને માન મહિમા ને ગૌરવ મળે એજ આશા તથા પ્રાર્થના.

સંપાદકો

*રેવ. ઈમાનુએલ એસ. કાન્ત*

*શ્રી મનુભાઈ કામદાર*

*શ્રી જશવંત જોસેફ ક્રિસ્ટી*

તા :૩૦-૮-૨૦૦૫

અમદાવાદ

# પ્રસ્તાવના

"મિલેનિયમનો સ્વામી" પુસ્તક (સંકલન) ને તમારી આગળ રજૂ કરતા આનંદ અનુભવું છું.

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીની કાર્યવાહક સમિતિએ ખ્રિસ્તીબંધુ અને બાલવાડીના પસંદીત લેખોનો સંગ્રહ બહાર પાડવાનો ઠરાવ કર્યો હતો. આ માટે શ્રી મનુભાઈ કામદાર, શ્રી જશવંતભાઈ ક્રિસ્ટી તથા રેવ. ઈમાનુએલ કાન્તને જવાબદારી સોંપેલ હતી. આ કાર્ય ઉપરોક્ત પ્રભુના સેવકોએ પૂરું કરેલ છે. તેથી આનંદ અનુભવતા આભાર માનું છું.

શ્રી મનુભાઈ કામદાર અને શ્રી જશવંતભાઈ ક્રિસ્ટીએ કરેલ મહત્વની સેવા માટે પ્રભુનો જ આભાર માનીએ છીએ. તેઓ બંનેએ બાલવાડીના તંત્રી તરીકે તથા કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે ઉમદા મહત્વની સેવા આપેલ છે. તે માટે પણ તેઓનો તથા પ્રભુના આભારી છીએ. રેવ. ઈમાનુએલ કાન્ત હાલમાં કાર્યવાહક સમિતિના સભ્ય ઉપરાંત બાલવાડીના તંત્રી તરીકે બેવડી સેવા આપે છે. માટે તેઓના આભારી છીએ.

પ્રભુ લેખોના આ સંગ્રહને ઘણા લોકો માટે આશીષરૂપ બનાવે એ જ પ્રાર્થના તથા શુભેચ્છા છે.

આ પુસ્તકના પ્રકાશન માટે નીચેના દાતાઓ તરફથી ઉદાર દાન મળેલ છે. તેઓનો આભાર માનીએ છીએ.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી સ્ટેન્લીભાઈ એસ. ક્રિશ્ચિયન (યુ.એસ.એ) | રૂા. ૨૦૦૦/- |
| ૨. | શ્રી ઈમાનુએલભાઈ ડી. વ્યાસ (યુ.એસ.એ) | રૂા. ૩૦૦૦/- |
| ૩. | શ્રી શિરિષ એચ. હેરી (યુ.એસ.એ) | રૂા. ૪૫૦૦/- |
| ૪. | શ્રી પ્રતિક વિપુલભાઈ હેરી | રૂા. ૧૦૦૦/- |
| ૫. | શ્રીમતી પ્રીતિલતા નોએલ મરચન્ટ (યુ.એસ.એ) | રૂા. ૨૦૦૦/- |

પ્રેમભાવથી

*રેવ. હેમંતકુમાર જે. પરમાર*

સેક્રેટરી

સાહિત્ય સેવા સદન

એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬

# અનુક્રમણિકા


૧. સંપાદકની કલમે ........................................૩
૨. પ્રસ્તાવના ........................................૪
૩. મિલેનિયમનો સ્વામી ........................................૭
૪. નવી સહસ્ત્રાબ્દિ ........................................૯
૫. બાળકનું ભાવિ તેના ઘર કુટુંબમાં ઘડાઈ રહ્યું છે ........................................૧૨
૬. અર્ચના ........................................૧૪
૭. જીવન ........................................૧૬
૮. "તેણે પોતાનું સર્વ કાંઈ આપ્યું" ........................................૧૮
૯. ઈસુના જન્મ સમયે દૂતોની સેવા ........................................૨૦
૧૦. ખ્રિસ્તીબહેન અને તેનું ઘર ........................................૨૪
૧૧. કારભારીપણું - તાલંતોનું ........................................૨૬
૧૨. તમે પણ અજમાવી જુઓ ........................................૨૮
૧૩. પ્રભુના જીવંત વચનો નાશના ખાડામાંથી બચાવે છે ........................................૩૧
૧૪. "પ્રભુને તેનો ખપ છે" ........................................૩૩
૧૫. વધસ્તંભનો મહિમા ........................................૩૫
૧૬. સદોમ શહેરમાં લોતની નિષ્ફળતા ........................................૩૭
૧૭. 'બદલાણ' ........................................૩૯
૧૮. આપઘાત ........................................૪૩
૧૯. કૃપામય જીવનસંધ્યા ........................................૪૫
૨૦. સંકટ સમયનો સાથી ........................................૪૮
૨૧. અનુરાગ ........................................૫૧
૨૨. માનવજીવન એક ઈશ્વરીય યોજના ........................................૫૫
૨૩. વસંતની તાજપોશી ........................................૫૮
૦૦. ક્યાં સુધી ? ........................................૬૦
૨૬. ડેનીમાં જાગેલો વિશ્વાસ ........................................૬૩
૨૭. ચકલી અને તેનાં બચ્ચાં ........................................૬૫
૨૮. નાની નીનુ ........................................૬૬
૨૯. માનવતાનો માનવી ........................................૬૮
૩૦. રાજવી મહેમાન ........................................૬૯
૩૧. ડમ્પી ........................................૭૧
૩૨. ખરાબને છોડ્યા વિના સારું પામવાનું વ્યર્થ છે ........................................૭૪
૩૩. ચોરી ન કરવી ........................................૭૫
૩૪. મુક્તિ ........................................૭૭
૩૫. જીવંત સાક્ષી ........................................૭૯
૩૬. આડી રાત એની શી કરું વાત? ........................................૮૧
૩૭. સમયનો સદુપયોગ !? ........................................૮૪
૩૮. સાન્તાક્લોઝ ........................................૮૭
૩૯. ધાર્મિક વસ્તુઓનો દુરઉપયોગ ........................................૯૦
૪૦. ફાટી ગયેલી નોટ ........................................૯૩
૪૧. દેહમાં કાંટો... એક ઈશ્વરીય આશીર્વાદ ........................................૯૫
૪૨. ઈસુ ઉઠ્યા છે? ........................................૯૭
૪૩. મેબલ ........................................૯૯

૪૪. અબળ પાત્રોના સબળ કાર્યો ....................૧૦૩
૪૫. મહેનતુ કીડી ....................૧૦૫
૪૬. બદલાણ ....................૧૦૬
૪૭. ઉંદરમામા ....................૧૦૭
૪૮. વાણીનો વિજય ....................૧૦૯
૪૯. મિતુએ માણ્યા દરિયાના રૂપ ....................૧૧૧
૫૦. વિજય સરઘસ ....................૧૧૩
૫૧. મુક્તિ દિન ....................૧૧૫
૫૨. આપણી આસપાસ ....................૧૧૭
૫૩. કબુતરોનો ઘરડો નાયક ....................૧૧૮
૫૪. આનંદી નાતાલ ....................૧૨૧
૫૫. સિંહનો સામનો ....................૧૨૩
૫૬. અર્પણ ....................૧૨૪
૫૭. સર હર્બટ બાર્કર ....................૧૨૭
૫૮. જુલ્યસ સીઝર (કાઈસર)- સામ્રાજ્યનો બાંધનાર ....................૧૨૮
૫૯. મિશનેરી ....................૧૩૧
૬૦. રાજાનો જમણવાર ....................૧૩૩


**કાવ્યો**

૬૧. નાતાલે ....................૧૧
૬૨. બાળકવિ ....................૧૭
૬૩. બાલવાડી ....................૨૩
૬૪. ઈસુ મારો દીવો ....................૨૫
૬૫. ''મેળવવું સ્વર્ગ ક્પ'' ....................૨૭
૬૬. આઝાદી મળી છે ....................૩૦
૬૭. વિશ્વાસ ખોવાઈ ગયો છે! ....................૩૨
૬૮. ભારતનો બાળ ....................૩૪
૬૯. 'અદ્‌ભુત પ્રેમ' ....................૪૨
૭૦. 'મા' ....................૪૭
૭૧. મારું ગામ ....................૬૨
૭૨. બાલવાડી ....................૬૭
૭૩. ઈસુ મારો દીવો ....................૭૩
૭૪. જાણે બની જાઉં હું... ....................૭૬
૭૫. લક્ષે રે'તું નથી...... ....................૮૦
૭૬. ક્યારે આવશો?: ....................૮૬
૭૭. ક્યાં....સુધી? ....................૮૯
૭૮. વરસાદ સમયે ....................૯૨
૭૯. પ્રેમ અને સમર્પણ ....................૯૬
૮૦. બાલુડા ઈસુને વાહાલ ....................૧૦૪
૮૧. ઈસુના ભજન ગાવા દિન રાત ....................૧૧૦
૮૨. કાલવરીના રાહે ....................૧૨૨
૮૩. ત્રિએક પ્રભુ ....................૧૨૫
૮૪. છેલ્લો પસ્તાવો ....................૧૨૭
૮૫. મુક્તિદાતા ઈસુ જેવું ....................૧૩૨
૮૬. દેવને મહિમા હો ....................૧૩૪

# મિલેનિયમનો સ્વામી

- શ્રી ક્લેમેન્ટ ડાયસ

સમય !

સમયની ગહનતા... સમયનો આરંભ?

સમયનો અંત ?

આ પ્રશ્નો માનવ જ્ઞાનની મર્યાદા બહારના હોઈ શકે. ભૌતિક દૃષ્ટિએ સમય સાગરના કિનારા કલ્પવા મુશ્કેલ છે.

પૃથ્વીની આસપાસના અવકાશનો પ્રારંભ તો એની સપાટી પરથી થાય છે પણ અવકાશ તરફ ની દિશાને કે દૃષ્ટિને કોઈ અવરોધ નડવો શક્ય નથી. એ સમગ્ર સૃષ્ટિની એક આશ્ચર્યકારક ઘટના છે.

આ સર્વ રહસ્યથી ભરપૂર અને ગૂઢ બાબતોનો સર્જક ઈશ્વર છે, સમય અનાદિ છે, ઈશ્વર અનાદિકાળથી છે...

માનવીય દૃષ્ટિએ ગણતરીની સુવિધા અર્થે સમયના વિવિધ 'વિભાગો' પડ્યા. યુગ, શતક, વર્ષ, માસ, સપ્તાહ, દિન ઉપરાંત તેમાં કલાકો અને મિનિટો પણ સમાવિષ્ટ છે. આમ સમયની ગણતરી માટે અનુકૂળ માળખાનું આયોજન થયું. ઈતિહાસની દૃષ્ટિએ પણ એ અનિવાર્ય હતું.

વર્તમાન વિશ્વ હાલમાં 'મિલેનિયમ' નીભવ્ય ઉજવણીના આયોજનમાં વ્યસ્ત છે. એક સદીની પૂર્ણાહૂતિ, બીજી સદીનો આરંભ! આ સદીના કાળક્રમ દરમિયાન જગતનું રૂપ બદલી નાખનાર વિરલ વિભૂતિઓએ પોતાની શક્તિઓ, કૌશલ્ય, પ્રતિભા અને પુરુષાર્થ દ્વારા જગતની શકલ બદલાતી જ રહી :

- વિશ્વવિખ્યાત કલાકારો અને તેમની ક્લાસિક ચિત્રકૃતિઓ દ્વારા થયેલી ક્રાંતિ -

-સાહિત્ય ક્ષેત્રે કવિઓ અને લેખકો દ્વારા એક નૂતન અક્ષર જગતનું નિર્માણ...

-માનવીના જીવનવ્યવહારમાં અદ્યતન સુવિધાઓ માટે આધુનિક ટેક્નોલોજી દ્વારા ન્યૂનતમ પ્રસાધનોનું પ્રદાન..

-માનવીઓના આનંદ-પ્રમોદ અને આરામદાયક નિવાસસ્થાનો અને વિહારધામોનું પ્રસ્થાપન -

-જગતના વિવિધ ક્ષેત્રે અવિરત પરિશ્રમ દ્વારા સમૃદ્ધિ પ્રાપ્ત કરવાના પ્રયાસો...

આવી અપૂર્વ અને ભરપૂર સિદ્ધિઓથી ભરેલું જગત આજે ''થર્ડ મિલેનિયમ''ની ઉજવણી કરવા થનગની રહ્યું છે. વીતેલી સદીના સ્મરણીય વર્ષોમાં પ્રસ્થાપિત થયેલા

સિમાચિહ્નનો ઉલ્લેખ આવકાર્ય છે.

અનંત અને અપાર સમયનો આ સૌથી મહત્વનો મહોત્સવ એક યા બીજી રીતે દુનિયાને સ્પર્શી જાય છે.

જૂની સદીનો અસ્ત - નવી સદીનો ઉદય!

એ અવસરે, એ ન ભૂલાય કે આ મિલેનિયમના સૂર્યોદયના ભવ્ય પ્રકાશમાં, પરોક્ષ રીતે પણ, જીવંત ઈશ્વર અને ખ્રિસ્ત ઈસુનું દર્શન પ્રજવલ્લી ઉઠે છે! જીવંત ઈશ્વર અને ઉદ્ધારક ખ્રિસ્ત આ સમગ્ર ઉત્સવમાં કેન્દ્રસ્થાને છે?

-મિનિટો, કલાકો, દિવસો વહી જશે... મહિના, વર્ષો સદીઓ અને મિલેનિયમો પણ અનંતકાળના ઊંડાણમાં સરી જશે.

-માત્ર ઈશ્વરના પવિત્ર વચનો જ શાશ્વત છે, સનાતન છે :

''હું આલ્ફા તથા ઓમેગા, આદિ તથા અંત, પ્રથમ તથા છેલ્લો છું.''

(પ્રકટીકરણ ૨૨:૧૩)

''ઈસુ ખ્રિસ્ત ગઈ કાલે, આજે તથા સદાકાળ, એવા ને એવા જ છે.''

(હિબ્રુ.: ૧૩:૮)

સમયની અનંતતાનો એ જ પ્રત્યુત્તર છે!

-અતીતમાં વિલિન થઈ ગયેલા તેમજ ભાવિમાં ઉદય પામનારાં અનેક મિલેનિયમોનો એ જ સ્વામી છે.

ધન્ય મિલેનિયમ ! ધન્ય ઈસુ!

# નવી સહસ્ત્રાબ્દિ

*- શ્રી આલ્બર્ટ ભાભોર*

નવી સહસ્ત્રાબ્દિનો આરંભ થવાને હવે થોડો સમય બાકી છે. પ્રવર્તમાન સદીની છેલ્લી સંધ્યા થઈ રહી છે અને આવનાર સદીનો પહેલો ઉદય થઈ રહ્યો છે.

૨૦૦૦ની સાલ વૈશ્વિક ક્ષેત્રે ખૂબ મહત્ત્વની બની ગઈ છે, એટલે ૨૦૦૦ની સાલના પ્રથમ દિવસની નવપ્રભાતને વધાવવા આખેઆખું વિશ્વ થનગની રહ્યું છે. આવનાર નવીન વર્ષ વિશ્વના સ્તરે અન્ય ક્ષેત્રો જુદાં જુદાં માધ્યમોથી અવનવી તરાહથી ઊજવશે.

લંડનના જગપ્રસિદ્ધ સાયન્સ મ્યુઝિયમમાં 'વેલકમ વિંગ'માં ૨,૦૦,૦૦૦૦ વસ્તુઓ ગોઠવી છે અને એક કલાકના ડ્રાઈવ પછી ૯૦૦ વર્ષ જૂના ઐતિહાસિક કિલ્લામાં મોંઘીદાટ મિલેનિયમ પાર્ટી યોજાઈ છે.

અમેરિકાના પ્રખ્યાત 'ટાઈમ સ્કવેર' ચોકમા 'જાયન્ટ સ્ક્રીન ઉપર ૨૦ દેશોના ટાઈમ ઝોન બનાવી ત્યાં ચાલતાં મિલેનિયમ સેલિબ્રેશનનું જીવંત પ્રકાશન થવાનું છે.

કેલિફોર્નિયાના 'ડેથ વેલી' તરીકે ઓળખાતા રણમાં ૧૦ લાખ વિશ્વાસીઓ હાથમાં હાથ પરોવી માનવ સાંકળનું વર્તુળ રચશે તો જોર્ડનથી ઊંટયાત્રા (પ્રભુ ઈસુનો જન્મપ્રસંગના અનુસંધાનમાં) કાઢવાના છે. શિકાગોમાં વિશ્વભરના સંગીતની સૂરાવલીઓ રેલાવવા દેશ દીઠ એક મ્યુઝિક બેન્ડને નિમંત્રણ મળ્યું છે.

અમેરિકાના કેટલાક નર્સિંગ હોમમાં ૨૦૦૦ સાલનો પ્રારંભ થાય એ જ દિવસે બાળક (મિલેનિયમ બેબી)ને જન્મ આપનાર માતાઓને કેક ખવડાવીને વધામણી આપશે.

યુરોપ-અમેરિકાની બજારો અવનવા મિલેનિયમ પ્રોડક્ટથી ઊભરાઈ રહ્યા છે.

દલાઈ લામા, પોપ પોલ, ક્લિન્ટન આગવી રીતે મિલેનિયમ નાઈટ ઉજવશે. અને દ.આફ્રિકાના નેલ્સન મંડેલાએ તેમના જીવનના ૨૭ વર્ષ જેલમાં ગાળ્યા હતા તે ટાપુ જેલમાં ૨૦૦૦ની સાલની પ્રભાતને વધાવશે.

ઈટાલીની એરલાઈન્સે ૨૦૦૦ સાલની નવપ્રભાતના દર્શન માટે જમ્બો જેટ વિમાન મિલેનિયમ ફ્લાઈટ માટે ફાળવ્યા છે.

આવતી સદીનું ઘર, કાર અને વૈજ્ઞાનિક શોધ કેવી હશે તેમાં મલ્ટીનેશનલ કંપનીઓ દ્વારા સ્પોન્સર્ડ ચકચકિત પુસ્તકપ્રદર્શનો થવા માંડ્યાં છે.

બે સદીને જોડતું આ ૨૦૦૦ની સાલ આખું વર્ષ સમગ્ર વિશ્વ 'મિલેનિયમ ઈયર' તરીકે ઊજળશે. ૨૦મી સદીનો સમય પણ જગતના ઈતિહાસમાં નોંધપાત્ર રહેશે. આ સદીમાં માનવજીવનમાં મોટા ફેરફાર સાથે ઝડપથી પરિવર્તન આવ્યું છે. સહસ્ત્રાબ્દિની સૌથી મોટી ઘટના એ બની કે માનવીનું ચંદ્ર ઉપર ઉત્તરાયણ થયું અને એમ આ સમયગાળાએ ભેજાબાજ માનવીને સતત વિચારતો કરી મૂક્યો છે, અને તેમાં છેલ્લાં દસ વર્ષોમાં વિકાસનાં

તમામ ક્ષેત્રોમાં તો ત્વરિત ગતિએ પરિવર્તન આવ્યું છે.

આપણે જાણીએ છીએ તેમ આપણા સમાજનું ખૂબ મહત્ત્વ બાંધકામ વિદાય લેતી આ સદીમાં જ થયું. મંડળીઓમાં અને સમાજનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં અન્ય માધ્યમોથી સેવા કરીને અગાઉના સેવકોએ અનન્ય ફાળો આપ્યો છે. તેના પરિણામે સમાજના તમામ ક્ષેત્રોમાં ત્વરિત ગતિએ પરિવર્તન આવ્યું, જેના પરિણામરૂપે આજે આપણે છીએ અને આપણી દષ્ટિમાં આશ્ચર્યજનક સાબિત થયું છે.

આ વીસમી સદીમાં જેઓએ જગતનું વૈવિધ્યસભર ચિત્ર જોયું છે. કશુંક નવું જાણ્યું છે અને તેમના અનુભવો શબ્દબદ્ધ કર્યા છે એવા આપણા લોકપ્રિય સામાયિક ખ્રિસ્તીબંધુના ભૂતપૂર્વ તંત્રીશ્રી રેવ.ડૉ.જે.એમ.બ્લાઉ ખ્રિસ્તીબંધુના ૧૯૩૩થી ૧૯૩૭ સુધી પ્રથમ તંત્રી હતા. રેવ. ડૉ.ડબલ્યુ. ત્રીજુ તંત્રીપદ સંભાળ્યું. રેવ. આર.પી.ક્રિસ્ટી ૧૯૪૪થી ૧૯૪૫થી ૧૯૪૫ સુધી ચોથા તંત્રી હતા. ડૉ.પી.જી.ભગત ૧૯૪૬ થી ૧૯૪૮ સુધી ખ્રિસ્તીબંધુના પાંચમાં તંત્રી હતા. રેવ.હિંમતલાલ આશીર્વાદ ૧૯૪૯થી ૧૯૫૧ સુધી છઠ્ઠા તંત્રી હતા. રેવ.સી.એમ. જસ્ટીન ૧૯૫૨ થી ૧૯૫૪ સુધી તંત્રીપદ સંભાળ્યું. રેવ.જયાનંદ આઈ.ચૌહાન ૧૯૫૫થી ૧૯૫૭ ત્યાર પછી બિશપ રાઈટ રેવ, જે.જી.ક્રિસ્પાલ ૧૯૫૮ થી ૧૯૬૦ સુધી નવમાં તંત્રી હતા. રેવ.એચ.પી.ક્રોમી ૧૯૬૧ થી ૧૯૮૬ સુધી અગિયારમાં પ્રથમ મહિલાતંત્રી તરીકે સેવા આપી હતી.

આ રીતે ખ્રિસ્તીબંધુનું કદ, વૈવિધ્ય, આકર્ષણ અને રસિકતા વધારવામાં અને સાહિત્યક્ષેત્રે આ સેવકોએ અનન્ય ફાળો આપ્યો છે, તે માટે ઈશ્વરપિતાનો આભાર માનીએ છીએ. સાથે સાથે સાહિત્ય ક્ષેત્રની પ્રગતિમાં લેખકમિત્રોએ, ઉદાર દાનવીરોએ અને એજન્ટમિત્રોએ પોતાની શક્તિ, નાણાં અને સમય એટલો મોટો ફાળો આપ્યો છે કે બધાનાં નામ લખવાં અશક્ય છે. છેલ્લાં પંદર વર્ષથી સ્વ. પ્રિન્સિપાલ ભગવતપ્રસાદ ચૌહાણે પણ સાહિત્યક્ષેત્રના વિકાસમાં તન, મન અને ધનથી પોતાનો ફાળો આપ્યો છે. ખ્રિસ્તી સાહિત્યક્ષેત્રે સેવા આપનાર બધાં જ સેવક-સેવિકાઓનો આભાર માનીએ છીએ.

વીસમી સદીનું વિહંગાલોકન કરીએ તો આપણા સમાજમાં ધરમૂળથી ઘણાં ફેરફારો સાથે પ્રગતિ થઈ છે. હવે આપણે ત્રીજી સહસ્ત્રાબ્દીમાં પ્રવેશી રહ્યા છીએ અને જ્યારે વિશ્વ મિલેનિયમ ઊજવી રહ્યું છે ત્યારે આપણા સમાજની પ્રગતિ માટે પૂર્વ તૈયારી કરવા અને આયોજનો કરવા માટે આ ૨૦૦૦નું આખેઆખું વર્ષ આપણી પાસે છે. આગામી ૨૧ સદીમાં ખ્રિસ્તી વ્યક્તિ તરીકે કંઈક કરી બતાવવા માગે છે, તેમને માટે તો ખૂબ નોંધપાત્ર વર્ષ સાબિત થશે. જેઓ પ્રભુ ઈસુ ખ્રિસ્ત ઉપર વિશ્વાસ કરે છે, તેઓને આ ૨૦મી સદીના અંતમાં (પ્રભુ ઈસુ) કહે છે, ‘જે અન્યાય છે, તે હજુ અન્યાય કર્યા કરે; અને જે મલિન છે, તે હજુ મલિન થતો જાય; જે ન્યાયી છે, તે હજુ ન્યાયી કૃત્યો કરે; અને પવિત્ર છે, તે હજુ પવિત્ર

થતો જાય. જુઓ, હું થોડીવારમાં આવું છું; અને દરેક માણસને તેની કરણીઓ પ્રમાણે ભરી આપવાનો બદલો મારી પાસે છે. હું આલ્ફા તથા ઓમેગા, પ્રથમ તથા છેલ્લો, આદિ તથા અંત છું"-પ્રકટીકરણ ૨૨:૧૧-૧૩.

વૈશ્વિકરણને કારણે માણસ માણસની વધુ નજીક આવ્યો છે. સાંસ્કૃતિક આદાનપ્રદાનને કારણે માનવી અને સમાજ ઐક્ય તરફ ઢળતો રહ્યો છે તેમ તેની સમક્ષ નવી સમસ્યાઓ અને વૈશ્વિક પડકારો મોં ફાડીને વિકરાળ સ્વરૂપો ધારણ કરતા જાય છે. આ બધાં નવી સદીનાં એંધાણ પારખીને વિશ્વ સફાળું જાગ્યું હોય તેમ આવનાર પરિસ્થિતિને સામનો કરવા પૂર્વ તૈયારી માટે આયોજન કરી રહ્યું છે. ત્યારે ૨૦મી સદીને ૨૧મી સદીને જોડતું આ ૨૦૦૦નું ખૂબ મહત્વનું વર્ષ ઘણા પડકારો લઈને આપણી આગળ આવ્યું છે, તો હવે ખ્રિસ્તીઓ તરીકે આપણો શું પ્રત્યુત્તર છે?

## નાતાલે

*- શ્રી બેન્જામિન સુવાર્તિક*

રાગ : હે આનંદે (૩) ઉર ઉભરાય
હો નાતાલે (૩) મન મારું ગાય
આ શુભ દિને, ઈસુ જન્મ્યા, આનંદ આનંદ થાય...ટેક

દિવસ મહિના વિતતાં વિતતા, આ શુભ દિવસ આવી પૂગ્યો
નાતાલ દિને નવલે પ્રકાશ, જુઓ કેવો ખિલ્યો પૂર્વે
એ પ્રકાશે ચહેરા ખિલ્યા, વિશ્વ રંગે રંગાય....
આ દિનનો શુભ સંદેશ સુણો, થયા ઈસુ દેહ ધારી
મારે માટે, સૌને માટે, થયા ખ્રિસ્ત વિશ્વધારી
જે કરે વિશ્વાસ ઈસુ પર, પામે જીવન અમર...
પાપો રૂપી વસ્ત્રો ફેંકો, ઉજળાં ઉજળાં વસ્ત્રો પહેરો
મનમાં શાંતિ પ્રેમ રાખો, પ્રભુ દ્વારે દોડી જાઓ
સમર્પિ જીવન ઈસુને હોંશે કરો પોકાર....

## બાળકનું ભાવિ તેના ઘર કુટુંબમાં ઘડાઈ રહ્યું છે

*- શ્રીમતી જોસેફાઈન સ્કોફિલ્ડ કેન્ઝી*

બાળકના શિક્ષણની અને સામાજિક વર્તનની શરૂઆત ઘરમાંથી જ થાય છે. એટલે ઘર એ તો બાળકના સમગ્ર વિકાસ માટે અતિ મહત્ત્વનું પરિબળ છે. સમાજ કે રાષ્ટ્રમાં પણ બાળકોનું અતિ મહત્ત્વનું સ્થાન છે. દેશનું, સમાજનું કે કુટુંબનું ભાવિ તેનાં બાળકોનું ઘડતર કેવી રીતે થાય છે તેના પર અવલંબે છે. 'બાળકોને મારી પાસે આવવા દો ને તેઓને વારો મા, કેમ કે આકાશનું રાજ્ય એવાંઓનું છે' એમ કહીને ઈસુએ પણ બાળકનો અતિ મહત્ત્વના અંગ તરીકે સ્વીકાર કર્યો છે. ફ્રોઈડ, ઓલપોર્ટ તથા એડલર નામના મનોવૈજ્ઞાનિકોએ પણ બાળકની બાલ્યાવસ્થાને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે. તેઓના મતે-બાળકની મહત્ત્વની ઘડતરની ક્રિયા તેના શરૂઆતના પાંચ વર્ષમાં જ થઈ જાય છે. અને આ સમય તો બાળક ઘરમાં જ વિતાવતું હોવાથી બાળકના વ્યક્તિત્વનો વિકાસ તો તેની બાલ્યાવસ્થાને જ આભારી છે. આમ બાળક કે જેના ઉપર સમસ્ત કુટુંબ, સમાજ, દેશ કે વિશ્વનો આધાર છે. તેના વિકાસમાં ઘરનો શો ફાળો છે? તે વિચારવું જ પડશે.

બાળકના ઘડતરની પહેલી ઈંટ ઘરમાં જ મૂકાય છે. આ ઈંટ મૂકવાનું કાર્ય જેને સોંપાયેલું છે તે જ જો બેધ્યાન રહે અને તેથી જો પાયો જ કાચો રહી જાય તો બાળકનું જીવન છિન્નભિન્ન થઈ જાય છે. પરંતુ જે માતાપિતા પોતાનું બાળક કંઈક અનોખું છે એમ સમજીને પોતાના બાળકનો પ્રેમથી સ્વીકાર કરે છે તે બાળક તેના જીવનમાં ડગલે અને પગલે સફળતા મેળવે છે. એમ કહેવાય છે કે બાળકને ઘરમાંથી કેવો અને કેટલો પ્રેમ મળે છે, તેને રોજીંદા વ્યવહાર માટેની કેવી અને કેવા પ્રકારની તાલીમ મળે છે, મા-બાપ તેના તરફ કેવું વલણ રાખે છે અને માતાપિતા બાળક સમક્ષ કેવું નમુનારૂપ વર્તન રજૂ કરે છે તેના ઉપર બાળકના વ્યક્તિત્વના વિકાસનો આધાર રહેલો છે. જો બાળકને ઘરમાંથી પ્રેમ અને હુંફ ન મળે તો તેના વિકાસ ઉપર દૂરગામી અસર થાય છે. ઘરનું વાતાવરણ જો સ્નેહસભર હોય તો બાળકને સંકુચિત સ્વાર્થથી દૂર રહેવાની અજાણપણે જ તાલીમ મળે છે. તે નિખાલસ અને નિઃસ્વાર્થ બને છે. પરંતુ જે બાળકો માતાપિતાનો સ્નેહ સંપાદન કરી શકતાં નથી તેઓ સમાજ, રાષ્ટ્ર અને કેળવણીકારો માટે સમસ્યારૂપ બને છે. આવા બાળકો જ ગુનેગાર બનવા પ્રેરાય છે એમ એક મનોવૈજ્ઞાનિકે પણ કહ્યું છે. બાળક સ્નેહનો ભૂખ્યો હોય છે. બાળકરૂપી છોડને વિકસાવવા માટે માબાપનો સ્નેહ એ જ પાણી કે સૂર્યપ્રકાશ છે. સ્નેહ મેળવતું બાળક હંમેશાં પ્રસન્ન અને પ્રફુલ્લ રહે છે. મુશ્કેલીઓનો સહેલાઈથી સામનો કરવાની ક્ષમતા પ્રાપ્ત કરે છે. જીવનના ઝંઝાવાતોથી જરાય ડરતો નથી. સમાજનું ઉપયોગી અંગ પણ બની શકે છે. પરંતુ જે માતાપિતા પોતાનાં બાળકોનું સ્થાન ઘરમાં સ્વીકારતાં નથી, બાળકને પૂરતો સ્નેહ આપી શકતાં નથી, તેમના ઉછેર પ્રત્યે બેખબર અને બેદરકાર રહે છે તેઓ પોતાના બાળકના

વ્યક્તિત્વને ખૂબ મોટું નુકસાન પહોંચાડે છે. સમાજ તેમજ રાષ્ટ્રને છિન્નભિન્ન કરી નાખવામાં આવાં બાળકોનો મહત્ત્વનો ફાળો હોય છે. કુટુંબ માટે પણ તેઓ ત્રાસરૂપ બની જાય છે.

પિતાનો કડક કે ક્રોધી સ્વભાવ હોવાને લીધે જે ઘરમાં સદા સર્વદા ભયનું જ વાતાવરણ તોળાઈ રહેતું હોય અને બાળક સાથે બધી જ બાબતોમાં આંખો કાઢીને કડક રીતે કામ લેવાતું હોય, અતિ કડક શિસ્તનો આગ્રહ રાખવામાં આવતો હોય, તો બાળકનો કુદરતી વિકાસ રૂંધાઈ જાય છે. આવાં બાળકો કાયર, માયકાંગલાં, ભીરૂ, જવાબદારીની ભાવના વગરનાં તથા નિર્ણય કરવામાં પરાધીન બને છે. સ્નેહવંચિત બાળક વીલુંવીલું થઈને ફરે છે. તેનું સ્વાસ્થ્ય સારું રહેતું નથી. અને અનેક રોગનો ભોગ બને છે.

આમ બાળકના સર્વાંગી વિકાસ માટે ઘરની સૌથી મહત્ત્વની ફરજોમાં એક તો તેને પૂરતો સ્નેહ આપવો જોઈએ. વળી દરેક બાળક ઉપર માતા-પિતાએ સરખો જ પ્રેમ રાખી પોતાનાં જ ભાઈ-બહેનોની ઈર્ષા કરે તેવા પ્રસંગો ઉપસ્થિત કરવા જોઈએ નહિ. જો એક જ બાળક હોય તો પણ તેને અતિલાડકું કે મહામોંઘું બનાવી દેવું જોઈએ નહિ, કેમ કે આવાં બાળકો મનસ્વી બની જાય છે. એટલું જ નહિ પણ અનેક પ્રકારની કુટેવોનો ભોગ બને છે. ઘરની સૌથી મોટી જવાબદારી જ એ છે કે બાળકને કુટેવોથી બચાવવું. કુમળા છોડરૂપી બાળકને વાળીએ તેમ વળે છે. આવી તક જાણે અજાણે પણ જતી ન રહે તેવું માબાપે ધ્યાન રાખવું જોઈએ. નાનપણમાં ચોરી કરનાર એક ચોરને મોટપણમાં પોતાને થયેલી ફાંસીની સજા વખતે પોતાની અંતિમ ઈચ્છા પોતાની માતાનું નાક કરડીને પૂરી કરી. કારણ કે તે સમજી શક્યો હતો કે જો તેની માતાએ તેને બાળપણમાં જ આ કુટેવથી રોક્યો હોત તો આવો પ્રસંગ ન આવત.

બાળકને કુટેવોથી બચાવવા માટે તેનામાં સારી ટેવોનું ઘડતર કરવું જોઈએ સારી ટેવોવાળું બાળક સારું જ બને છે. સારાં બાળકોથી ભરપૂર હોય એવો સમાજ પણ સારો જ હોય. બાળકના વિકાસમાં તેની માતાનો ફાળો સવિશેષ છે. એક સારી માતા સો શિક્ષકોની ગરજ સારે છે એ સર્વાંશે સાચું જ છે. મહાન મનોવૈજ્ઞાનિક ડો. ફ્રોઈડે પણ કહ્યું છે અને સંશોધનોથી સિદ્ધ કર્યું છે કે જે માતા પોતાના બાળકને વિના કારણે ખૂબ વહેલું ધાવણ છોડાવી દે છે (છ માસ પહેલાં) કે સ્નાન શૌચાદિની ક્રિયા માટે અતિ કડક વલણ અપનાવે છે અથવા તેની તાલીમ ખૂબ વહેલી આપે છે તેવાં બાળકો આત્મવિશ્વાસના અભાવવાળાં બને છે તથા સમાજમાં કે બીજે ક્યાંય અનુકૂલન સાધી શકતાં નથી. માતાએ બાળકના ઘડતર માટે આ બાબત પણ ધ્યાનમાં લેવી જોઈએ.

આ રીતે જોઈએ તો જો બાળકના ઘડતરમાં ઘર પોતાનો પાઠ સફળતાપૂર્વક ભજવશે તો જ તેનું ઘડતર સાચા અર્થમાં સંગીન બનશે.

શું આપણા બાળકોનું ભાવિ આપણા ઘરકુટુંબમાં ઘડાઈ રહ્યું છે કે ખંડાઈ રહ્યું છે ?

# અર્ચના

- *શ્રી ભાઈલાલ એમ. સોલંકી,*

મેં બારી ઉઘાડી.....

ખુશનુમા પ્રભાત ધરતી પર ઊતરતું હતું. રાતભરની મીઠી નીંદરમાંથી ફૂલો આંખ ઊઘાડતાં હતાં. ઝાકળનાં મોતી પર્ણો પરથી સરી જતાં હતાં. વૃક્ષો પર પક્ષીઓ ગીત ગાતાં હતાં. ઉપર આભમાં સફેદ વાદળોને સોનેરી કોર બંધાતી જતી હતી. આકાશના પુંજના પ્રથમ પગરણને પૃથ્વી પ્રેમોલ્લાસથી ઝીલતી હતી.

હું જોઈ રહ્યો. ઈશ્વરની સર્જેલી સૃષ્ટિ એનો મહિમા કરતી હતી; એનું ગૌરવ પ્રસિદ્ધ કરતી હતી. દિગંત સુધી એક તાલ બજી રહ્યો હતો. એ તાલના તાલે તાલે પક્ષીઓ સમૂહગાન કરતાં હતાં. વૃક્ષો ડાળીઓ હલાવીને એ લયના ધબકાર ઝીલતાં હતાં. ફૂલો હસીને લોલમાં લોલ પૂરતાં હતાં. અને મસ્ત પવન આ ઉલ્લાસના અબ્ધિની છોળોને ક્ષિતિજના કિનારાઓ સુધી પહોંચાડતો ધીમે ધીમે વહી જતો હતો.

ઈશ્વરસ્તુતિના આ મહાગાને મારા હૃદય કમળની પાંખડીઓને સ્પર્શ કર્યો અને પુષ્પ પુર્ણરૂપે ખીલી ઊઠ્યું. ઈશ્વરના અનુપમ પ્રેમના મધુનો તેની કૃપાથી બક્ષેલા જીવરૂપી પરિમલ સાથે સુભગ સમન્વય થયો. મારો પ્યાલો ઊભરાઈ ગયો. મેં એ અમીરસ ઘૂંટડે ઘૂંટડે પીધો, પણ એ તો જરાય ઓટ આવ્યા વગર એવો ને એવો વહેતો જ રહ્યો ત્યારે મને ભાન થયું કે મારા અંતરતલમાંથી પ્રેમનો ઝરો ફૂટી નીકળ્યો હતો.

મેં હવે મનુષ્યજગત નિહાળ્યું. ચારે દિશામાં જાણે મરુભુમિ ભાસતી હતી. વેરાન રણમાં માર્ગ ભુલેલા મુસાફરોની પેઠે મનુષ્યો આમ તેમ આથડતાં હતાં. જીવનસંઘર્ષમાં ઝઝૂમી હતાશ થઈ ગયેલા માનવ સમૂહોથી વાતાવરણ ખદબદતું હતું. મૃગજળની આશામાં અહીં, તહીં દોડી તેમના પગો શક્તિવિહીન બની ગયા હતા : છતાંયે તૃષા વણછીપી રહી હતી. ગળે શોષ પડ્યો હતો. જીવતરનો બોજ હવે જીરવાતો ન હતો. હિંમત હારી ગયેલાંના મ્લાન વદનો અને નિરાશાના કળણમાં ખૂંપી ગયેલાંના ફળફળતા નિઃસાસા મારા કાળજાને કંપાવી ગયા. હું જોઈ શક્યો નહિ. હું શાંત રહી શક્યો નહિ. મને લાધેલા પ્રેમ-પીયૂષનો તમ માનવજાતને આસ્વાદ કરાવવા હું ચાલી નીકળ્યો.

હું ફરતો ગયો અને અમીરસની લ્હાણી કરતો ગયો. સૂકાઈ ગયેલા કંઠોમાં મેં ઘૂંટડે ઘૂંટડે સીંચ્યું. વેદનાથી ત્રસ્ત મુખોમાં મેં ખોબલે ખોબલે રેડ્યું. ચિંતાગ્રસ્ત વદનોને આ અમીછાંટણાંએ નવી સુરખી બક્ષી. રોગગ્રસ્ત બદનોમાં આ સંજીવનીથી આરોગ્યની નવી આભા પ્રગટી.

દિનભર હું ફરતો જ રહ્યો. ચિત્રવિચિત્ર અનુભવોમાંથી હું પસાર થયો. કેટલાકે મને

દેવદૂત માન્યો. થોડા મારી સામે સાશંક નજરે જોઈ રહ્યા. કોઈ હસ્યા-આવકારમાં; કોઈક હસ્યા-મજાકમાં. આંખ મીચી દઈ મારા આગમને અવગણનાર પણ મને મળ્યા. પોતાને સુજ્ઞ માનતા શુષ્ક જનો સ્મિત રેલાવતા મને ઘસાઈ ને પસાર થઈ ગયા. ઈરાદાપૂર્વક સામેથી દોડતા આવી કેટલાક મને અથડાયા. મને ધક્કે ચડાવવામાં આવ્યો. મારો પ્યાલો ઢોળાયો. કોઈકનો પ્રહાર આવ્યો અને પ્યાલો હાથમાંથી છૂટી ગયો. બીજો પ્રહાર અને મારો દેહ ભોંયભેગો થઈ ગયો.

મને કળ વળી અને મેં આંખો ઉઘાડી ત્યારે સંધ્યાના ઓળા પૃથ્વી પર લંબાતા હતા. મહાપરાણે હું ઊભો થયો. મારું અંગ અંગ કળતું હતું. કાયાના ત્રાસ કરતાં હૈયાનો દાહ વધુ પીડા આપતો હતો. સૂઝી ગયેલી આંખે મેં મારો માર્ગ શોધ્યો અને લથડતા પગે હું પાછો ફર્યો.

મારું અંતર બળીને ખાખ થઈ ગયું હતું. અંદર ભરેલાં અરમાનો રાખ થઈ ગયાં હતાં. પેલો પ્રેમનો પ્રવાહ જાણે ઠીંગરાઈ ગયો હતો. વીતી ગયેલી વાત એક દુઃસ્વપ્નસમ ભાસતી હતી. નિરાશાના અંધકારે મને ઘેરી લીધો. વ્યગ્રતાનાં વમળો મને વીંટળાઈ વળ્યાં. નિષ્ફળતાએ જાણે મને નિર્જીવ બનાવી દીધો. શાંત શૂન્યમનસ્ક હું પડી રહ્યો.

રાત ગહન બનતી ચાલી. દિનચર જંપી ગયાં અને રાત્રિનું સામ્રાજ્ય જામતું ગયું. મેં ઊંચે જોયું. તારલા કંઈક મર્મમાં મારી સામે મરકી રહ્યા હતાં. મારી આંખ મૂંઝાઈને મીંચાવા માંડી ત્યાં તો મેં પ્રકાશ પ્રગટતો જોયો. હું સચેત બન્યો. મેં ધ્યાનથી જોયું. પૂર્વાકાશે ચન્દ્રોદય થતો હતો. ધીરે ધીરે ચન્દ્ર ઉપર આવતો ગયો અને રાત્રિના સામ્રાજ્ય પર તેનો અધિકાર જમાવતો ગયો.

થોડી જ વારમાં મેં અનુભવ્યું કે રાત્રિ એક કાવ્યરૂપ બનતી જતી હતી. નીરવ સંગીતની ધૂનમાં ચન્દ્રના મુખ્ય સૂરની સાથે તારાઓ વૃંદગાન કરતા હતા. પ્રકૃતિના મૂક નર્તનને પવન હળવેથી બિરદાવતો હતો. શાંત સૂરસમાધિમાં સૃષ્ટિ લીન બની હતી.

મારા ઉરને શાતા વળતી હતી. હૃદયના ઘા રૂઝાઈ ગયા. બીડાયેલી પાંખડીઓ ઉઘડતી ગઈ. પવનની લહેરની સાથે એક આછેરો અવાજ મારા કર્ણપટ પર અથડાયો,' દીકરા ! થાકી ગયો કે ? હિંમત રાખ. મારી શાંતિ હું તને આપું છું. મારી સમક્ષતા તારી સાથે રહેશે.'

મૂરઝાઈ ગયેલી જ્યોતિને સળગાવવા આટલી ચિનગારી બસ હતી; હું સ્તુતિમાં નમ્યો. મેં મારું પાત્ર તેની આગળ ધર્યું અને અનંત પ્રેમે તેણે ભરી દીધું. તેના એક જ સ્પર્શે મારા અસ્તિત્વને નવો આકાર આપ્યો. ઉરમાં ઉલ્લાસ ભરી, અંતરમાં નવી આશ ધરી હું વાટ જોતો બેઠો... ક્યારે રાત વીતે, પ્રભાત પ્રગટે ને પ્રેમની ઝોળી લઈ હું નીકળી પડું અને માનવજાતને તેનો સ્વાદ ચખાડું. મારી એ જ ઝંખના છે... મારી એ જ તૃષ્ણા છે મારી એ જ ચાહના છે.

# જીવન

*- શ્રી નટુ સોલંકી*

''જીવન'' જીવન એટલે ચેતના... આત્મા (જીવ)નો સંચાર.. કાર્યરત શરીરકોષો... શ્વાસ અને હૃદયની ગતિશીલતા...

પણ ''જીવન''ની આ વ્યાખ્યા અર્પણ છે. એટલા માત્રથી જીવનની ક્ષિતિજોને આંબી શકતી નથી. જીવન હજીયે કંઈક વિશેષ છે. તેને નીરખવા માટે તો અંતર્ચક્ષુઓની જરૂર પડે, તેને તો દિવ્ય માપદંડ જ માપી શકે.

એવા ''જીવન''નાં છે બે પાસાં... એક જ સિક્કાની બે બાજુઓ.. દૈહિક યા દુન્યવી જીવન અને આત્મિક જીવન.

દેહનું જીવન... દેહ માટે જ જીવન... અને નજર સમક્ષ ઉપસી આવે છે એક ચિત્ર. હાં, એક રાજાનું ચિત્ર. ઈસ્રાએલનો રાજા.... પરાક્રમી યોદ્ધો તથા લડવૈયો, બોલવેચાલવે શાણો તથા ફૂટડો... લાલચોળ ને સુંદર ચહેરો ધરાવતો... જોતાં જ પ્રીતિ ઉપજે એવો એ રાજા, જેની સાથે ઈશ્વર હતો. પણ !!

રાજમહેલના ધાબા પર ફરતાં ફરતાં એક વાર એણે એક સ્ત્રી જોઈ... ફૂટડી એવી સ્ત્રી દેખાઈ ... સ્નાન કરતી સ્ત્રી... અને દેહનું જીવન ઉછળી આવ્યું ઉપસી આવ્યું. એ દૈહિક જીવન દૃષ્ટિથી પાપ કરીને જ માત્ર ન અટકતાં આગળ વધ્યું, ને વ્યભિચારના વંટોળમાં ફસાયું. અને એમાં ટકી રહેવા ધરતીને મનુષ્યવધથી રક્તરંગી કરવા સુધી ધસી ગયું. દેહનું જીવન દેવનું વિરોધી બન્યું અને 'આત્મા'ના વિરોધે જન્માવ્યાં અનૈતિકતા, અપવિત્રતા, પાપાચાર અને નીતિભ્રષ્ટતા–એ તો ઈસ્રાએલના પરાક્રમી ગણાતા રાજા દાઉદનું જીવન હતું.

– અને સિક્કાની બીજી બાજુ... 'આત્મિકજીવન.'

... ત્યારે ઉપસી આવે છે બીજું એક ચિત્ર... એક રાજાનું ચિત્ર... ઈસ્રાએલનો રાજા... પરાક્રમી યોદ્ધો તથા લડવૈયો, જેની સાથે ઈશ્વર હતો. માનવ સહજ નિર્બળતાએ આચરેલ દુરાચારને પશ્ચાતાપનાં વારિમાં ધોઈને શુદ્ધ કરાયેલ એનું જીવન હતું... ઈશ્વરની નજરમાં એ માન્ય જીવન હતું. અને ઈશ્વરનો આશીર્વાદ તે જીવનમાં સતત મળ્યા કરતો હતો. યહોવા દેવનું એને અભયવચન મળ્યું હતું : ''હું તારા પછી તારા સંતાનને ઊભો કરીશ ને તેનું રાજ્ય હું સ્થાપીશ, ને તેનું રાજ્યાસન હું સદાને માટે સ્થાપન કરીશ, હું તેનો બાપ થઈશ, ને તે મારો પુત્ર થશે... તારું કુટુંબ તથા તારું રાજ્ય તારી આગળ સદા અવિચળ થશે. તારું રાજ્યાસન સદાને માટે કાયમ થશે.'

આ તો આત્મિક જીવન હતું, જે દેહનાં કામનું વિરોધી હતું, અને તેમાં ભર્યા હતાં ભારોભાર પ્રેમ, ભલાઈ, આનંદ તથા શાંતિ. એ જીવનમાં તો દેવના પવિત્ર આત્માનો

સંચાર ચાલુ હતો. અને એવું આત્મિક જીવન જીવી જનાર ઈસ્ત્રાએલના રાજા 'દાઉદ'ના વંશમાં જ પ્રભુ ઈસુ ખ્રિસ્તનું આગમન થયું હતું.

શું આ એ જ દાઉદ ન હતો કે જેણે વ્યાભિચારનું પાપ કર્યું હતું ? શું આ એ જ દાઉદ ન હતો કે જેણે એ વ્યભિચારના પાપને છૂપાવવાને એ સ્ત્રી બાથશેબાને પોતાની સ્ત્રી કરી લેવા તેના પતિ ઉરિયાહ હિત્તીને લડાઈમાં મોખરે રાખી મરાવી નંખાવ્યો હતો ? એ પાપના બંધનમાંથી શું એને મુક્તિ મળી હતી ?

હા, પશ્ચાત્તાપનાં આંસુઓએ એના જીવનની દિશા બદલી નાખી હતી, પાપને ધોઈ નાખવામાં એ શક્તિશાળી પૂરવાર થયાં હતાં... હા, પસ્તાવો વિપુલ ઝરણું...!

મિત્રો, આપણા જીવન વિષે શું ? આપણું જીવન કેવું છે ? શું આપણે હજી દેહના જ જીવનમાં છીએ ? તો સાંભળો, યોહાન પ્રેરિત શું કહે છે : 'જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને તે વિશ્વાસુ તથા ન્યાયી છે... તેના પુત્ર ઈસુનું રક્ત આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે.'

પાપમાંથી આપણું તારણ કરવા પ્રભુ ઈસુએ બેથલેહેમની નમ્ર ગભાણમાં જન્મ લીધો, અને વધસ્તંભે બલિદાન બની ગયા. આવો, આપણે પસ્તાવાસહિત નવું જીવન પામી લઈએ.

## બાળકવિ

*કાવ્યકર્તા : શ્રી 'અભિલાષી'*

બાળરવિ સંગ મળી આજ ઉજવીએ,
આજે બધાં બાળો મળી, આવ્યા મંદિરે... ટેક
જુઓ, બાળ ફૂલોની ફોરમ ફેલાએ,
જુઓ, આજે મંદિર જયનાદે ગજાએ;
જુઓ, મંદિર નાના મોટાં બાળોથી શોભાએ,
અરે, કેમ જીવનમાં બાળરવિ ભૂલાએ,
આનંદભર્યો બાળરવિ સંગે ઉજવીએ આજ.
ઓપ્રભુ, આવ્યાં સૌ બાળો તમદ્વારે,
ઓ પ્રભુ, ગાએ છે ગીતો તમારાં,
ઓ પ્રભુ, હરજો સૌ પાપ અમારાં,
ઓ પ્રભુ, દર્શન દેજોને તમારાં,
કર જોડી વંદન કરે બાળ પ્રભુને, આજ.

# "તેણે પોતાનું સર્વ કાંઈ આપ્યું"

*અનુવાદક : શ્રી રશ્મિકાંત સી. માસ્ટર*

અમેરિકા દેશની આ વાત છે. ત્યાં એક ખ્રિસ્તી કુટુંબ રહેતું હતું. આ કુટુંબમાં માતા પિતા અને નાની દીકરી મળી ત્રણ વ્યક્તિઓ હતી. નાની દીકરીનું નામ કેરોલ હતું. કેરોલ અંધ હોવાથી તે કશું જ જોઈ શકતી ન હતી. વળી બીજાં બાળકો સાથે રમી પણ શકતી નહિ તેથી ખૂબ દુઃખી હતી. તેનાં માતાપિતાએ તેને સુંદર કીમતી રમકડાં લાવી આપ્યાં હતાં. આ બધામાં એક નાની ઢીંગલી તેને ખૂબ જ વ્હાલી હતી તે તેની સાથે પ્રેમથી વાતો કરતી, જમવા બેસે કે સૂઈ જાય તો પણ ઢીંગલી તેની સાથે જ હોય જો કોઈ ભૂલેચૂકે તે ઢીંગલીને તેની પાસેથી લઈ લે તો તે ખૂબ જ રડતી. કેરોલ માતા-પિતાની એકની એક દીકરી હોવાથી ખૂબ જ વહાલી હતી. તેમના મનમાં એક જ ઈચ્છા હતી કે પોતાની દીકરી દેખતી થાય તો કેવું સારું તેમણે ઘણા ડોક્ટરોની સલાહ લીધી ઓપરેશન પણ કરી જોયું પણ સઘળું વ્યર્થ. આ બધાં પાછળ ખૂબ જ ખર્ચ થઈ ગયો. આટલું દુઃખ બસ ના હોય એમ પિતા પણ એક અકસ્માતમાં મૃત્યુ પામ્યા તેથી કેરોલ અને તેનાં મા નિરાધાર થઈ ગયાં.

માને હવે કેવળ દીકરીનો જ સથવારો હતો. લાખો નિરાશાઓમાં એક અમર આશા પ્રગટે એમ માતાને કોઈ કે ખબર આપી કે ન્યૂયોર્ક શહેરમાં એક ખૂબ હોંશિયાર ડોક્ટર રહે છે તે કદાચ તમારી દીકરીને દૃષ્ટિમાન કરી શકશે. માતાના મનમાં અનેક તર્કવિતર્ક થવા લાગ્યા. 'શું તે પ્રખ્યાત ડોક્ટર મારી દીકરીને દૃષ્ટિમાન કરી શકશે? અત્યાર સુધી ઘણા બધા ડોક્ટરોના પ્રયત્ન પાણીમાં ગયા છે. કુટુંબની રહીસહી મૂડી પણ ખર્ચાઈ ગઈ છે.' તો પણ કંઈક આશા સાથે ડોક્ટરને મળવા ગયાં, અને બદલામાં પોતાની પાસે તેમને આપવા કાંઈ નથી તે પણ જણાવી દીધું. ભલા ડૉક્ટરે જવાબ આપ્યો, 'તેની, ચિંતા કરશો નહીં પરંતુ તમારી દીકરી જોઈ શકે માટે મારાથી બનતું બધું કરીશ.'

ઓપરેશનનો નક્કી કરેલો દિવસ આવી પહોંચતાં કેરોલને હોસ્પિટલમાં લઈ જવામાં આવી. ઓપરેશનનો સમય થતાં તેને ઓપરેશન થિયેટરમાં લઈ જવામાં આવી. પેલી ઢીંગલી જેના પર તે પુષ્કળ પ્રેમ કરતી હતી તેને છાતી સરસી ચાંપી રહી હતી. તેને ક્લોરોફોર્મ આપવામાં આવ્યું અને થોડી વારમાં તે બેભાન થઈ ગઈ. નર્સ બહેને પેલી ઢીંગલી તેની પાસેથી ધીમે રહીને લઈ લીધી. થોડા કલાકોમાં ઓપરેશન પૂરું કરવામાં આવ્યું તેની આંખે પાટા બાંધવામાં આવ્યા. તે જાગ્રત અવસ્થામાં આવતાં પેલી ઢીંગલી પાછી તેના હાથોમાં સરકાવી દેવામાં આવી.

એ ઢીંગલી અંધ બાળકીનું સર્વસ્વ હતું. પોતાના દુઃખદના દિવસોમાં તે તેના કાનોમાં કંઈક ગણગણતી જાણે પોતાનું દુઃખ તેને કહેતી ન હોય ! તે તેના માટે કેવળ રમવાનું એક

સાધન જ નહીં પરંતુ તેનો અમૂલ્ય ખજાનો હતો.

આખરે એક દિવસ એવો આવી પહોંચ્યો છે કે, કેરોલના ખંડમાં ઉત્તેજના છવાઈ ગઈ હતી. નર્સ બહેન તેની આંખો પરથી એક પછી એક પાટા દૂર કરી રહ્યાં હતાં. કેરોલને એક હાથે પોતાની ઢીંગલી પકડી રાખી હતી. બીજા હાથે પોતાની માતાનો પ્રેમાળ હાથ પકડ્યો હતો, ડોક્ટરે ખૂબ જ શાંતિથી તેને કહ્યું, 'કેરોલ થોડીવારમાં છેલ્લો પાટો દૂર કરવામાં આવશે પણ જ્યારે હું તને કહું કે તારી આંખો ખોલ ત્યારે જ ખોલજે હોં ને!' નાની કેરોલ તો અધીરી થઈ ગઈ હતી. ખંડમાં સર્વત્ર શાંતિ છવાયેલી હતી. ડોક્ટર સાહેબે કહ્યું, 'સારું હવે તું આંખો ખોલ જોઈએ, તને શું દેખાય છે?'

ધીમે રહીને તેણે પોતાની આંખો ખોલી અને તેની દૃષ્ટિ નજીકમાં ઊભેલાંમાના પ્રેમાળ મુખ પર પડી. તેના મુખમાંથી આશ્ચર્ય સાથે શબ્દો સરી પડ્યા 'મા! મા! હું તમને જોઈ શકું છું.'

હર્ષઘેલી બની ગયેલ માતાએ કેરોલને પોતાની બાથમાં પકડી રાખી અને ખૂબ જ મૃદુતાથી તેના કાનમાં કહ્યું, 'દીકરી, આ ખંડમાં મારા કરતાં પણ એક ખૂબ જ મહત્ત્વની વ્યક્તિ ઊભી છે કે જેમણે તને દેખતી કરી એ તો ડોક્ટર સાહેબ છે!'

કેરોલ ડોક્ટરના સ્મિતપૂર્ણ ચહેરા સામે આભારની લાગણી સહીત જોઈ રહી. ઢીંગલીને સખત રીતે પકડી રાખી અને પછી એક પળના પણ વિલંબ વગર તેને ડોક્ટર સાહેબની હાથોમાં મૂકતાં બોલી, 'ડોક્ટર સાહેબ મહેરબાની કરીને આનો સ્વીકાર કરો. આ ઢીંગલી જ મારું સર્વસ્વ છે.'

ડોક્ટર સાહેબે પણ પ્રેમથી તેનો સ્વીકાર કર્યો તેમના મિત્રોને તેમણે આ છોકરી વિષે જણાવતાં કહ્યું, મારા જીવનમાં આ નાની ભેટને હું કદી નહીં ભૂલું. તે તો આ નાની દીકરીની હૃદયપૂર્ણ ભેટ છે. તેણે મને તેનું સર્વસ્વ આપી દીધું હતું.'

વહાલાં બાળકો, આ ડોક્ટર કરતાં પણ એક મહાન ડોક્ટર છે જેમણે આપણને દૃષ્ટિ આપી અને તે તો પ્રભુ ઈસુ ખ્રિસ્ત. આપણો આત્મિક અંધાપો દૂર કરવા પ્રભુ ઈસુએ સર્વસ્વ આપી દીધું. હા, પોતાનું અમૂલ્ય જીવન આપણે માટે આપી દીધું છે. શું આપણે આપણું જીવન પ્રભુ ઈસુને નહિ આપીએ?

## ઈસુના જન્મ સમયે દૂતોની સેવા

- શ્રી સુરેશકુમાર એન. વિનોદી

સ્વર્ગદૂતો સ્વર્ગીય સંદેશવાહક હોય છે. તે માણસો માટે અને વિશ્વાસી લોકો માટે સેવા કરનાર આત્માઓ છે. ઈશ્વરના દૂત જ્ઞાની હોય છે. તે પવિત્ર હોય છે. તેઓ મરતા નથી. તે એક વિશેષ પસંદ કરાયેલા આત્માઓ છે. તેઓ વિશેષ બળવાન અને શક્તિમાન હોય છે. તેમની સંખ્યા, તેમના ગુણલક્ષણ, તેમની કાર્ય કરવાની પદ્ધતિ, તેમનું બળ, તેમની ચપળતા, તેમના કામ, ઉદ્ધારના કાર્યમાં તેમની ઈચ્છાવૃત્તિ અને તેમના શરીર વિશે અજાયબ રહસ્યો બાઈબલમાં જોવા મળે છે.

સ્વર્ગદૂતોના ત્રણ મુખય કામ હોય છે. સેવા કરવી, છોડાવવું અને સામર્થ્ય આપવું. તેઓ રક્ષકના રૂપમાં પણ પોતાનું કાર્ય કરે છે.

હવે આપ જુઓ કે પ્રભુ ઈસુના જન્મ સમયે સ્વર્ગદૂતો કેટલીવાર આ પૃથ્વી પર આવ્યા હતા.

(૧) ઝખાર્યાની પાસે (૨) મરિયમની પાસે (૩) યૂસફની પાસે, (૪) ઘેટાંપાળકો પાસે અને (૫) યૂસફને ફરી બે વાર દર્શન દીધું.

આમ, છ વાર ભિન્ન-ભિન્ન વખતે દૂતોએ પોતાની સેવાઓ આપી છે.

**ઝખાર્યાને દર્શન :**

ઝખાર્યાની ઉંમર થઈ ચૂકી હતી. તે એક ઘરડો પુરુષ હતો. તેની સ્ત્રી એલિસાબેત વાંઝણી હતી. અને તે પણ ઘણાં વરસની થઈ ચૂકી હતી. એક અસંભવ સ્ત્રી અને પુરુષ જેની પાસે કોઈ બાળકની આશા રાખી શકાય નહિ એવા દંપતી દ્વારા યોહાનનો જન્મ થયો. ઝખાર્યા અને એલિસાબેત ધાર્મિક હતા. તેઓ બંને ઈશ્વરનો ભય રાખતા હતા. જ્યારે સમય પૂરો થયો ત્યારે તેમની પ્રાર્થનાઓ સાંભળવામાં આવી. યોહાનના જન્મને પ્રભુ ઈસુ સાથે બહુ ઘેરો સંબંધ છે. લખેલું છે કે, તે પ્રભુની આગળ મોટો થશે. તેના જન્મથી ઘણાં હરખાશે. તે પોતાની માના પેટથી પવિત્ર આત્માએ ભરપૂર થશે. તેણે જ પ્રભુ ઈસુ ખ્રિસ્તને બાપ્તિસ્મા આપ્યું હતું. ઈશ્વરે ગાબ્રિયેલ દૂતને આ પૃથ્વી પર મોકલ્યો. આ મહાન સેવા માટે એક વિશેષ સ્વર્ગદૂતનો પ્રભુએ તેમના કામમાં ઉપયોગ કર્યો.

**મરિયમને દર્શન :**

મરિયમ કુંવારી સ્ત્રી હતી. તેણે કોઈ પણ પુરુષને જાણ્યો ન હતો. તેનું લગ્ન પણ થયેલું ન હતું. યૂસફ સાથે કેવળ તેની સગાઈ થઈ હતી, પરંતુ ઈશ્વરની કૃપા આ સ્ત્રી પર થઈ હતી. જ્યારે દૂતે સંદેશો આપ્યો તો તે ગભરાઈ ગઈ, પરંતુ દૂતે એ વાતને ખૂબ જ સારી રીતે સ્પષ્ટતાથી સમજાવી. દૂતે મરિયમને કહ્યું, ‘પવિત્ર આત્મા તારા પર આવશે ને પરાત્પરનું

પરાક્રમ તારા પર આચ્છાદાન કરશે. માટે જે તારાથી જન્મશે તે પવિત્ર ઈશ્વરનો દીકરો કહેવાશે. જો તને ગર્ભ રહેશે ને દીકરો થશે. ને તેનું નામ ઈસુ પાડશે.' આ પ્રમાણે ઈસુનો જન્મ થયો.

આમ બે અસંભવ સ્ત્રીઓ દ્વારા ઈશ્વરે તેનું કામ કર્યું અને પોતાના જન્મની સૂચના આપવા માટે બીજું કોઈ માધ્યમ નહિ પણ સ્વર્ગદૂતોનો ઉપયોગ કર્યો. જરા વિચારો. જો કોઈ માણસ આ સંદેશ આપત તો શી પરિસ્થિતિ ઉભી થઈ શકી હતો ? કોઈ માણસ એલિસાબેત અને મરિયમને આ સંદેશ આપી શક્યો ન હતો. કેમ કે માણસ પર તરેહ-તરેહના આરોપ લોકો મૂકી શકે. એલિસાબેત અને મરિયમ વ્યર્થમાં બદનામ થઈ જાત. લોકો ગુસપુસ, કાનફૂસિયાં કરતા. જાત-જાતની શંકાઓ ઉભી થાત. પરંતુ આ કામમાં પ્રભુએ કોઈક બીજું જ માધ્યમ અપનાવ્યું. આ માધ્યમ તો સ્વર્ગદૂતોનું હતું. આ વિશેષ કામ કરવા માટે પ્રભુએ સ્વર્ગદૂતોનો ઉપયોગ કર્યો.

**યૂસફને દર્શન :**

મરિયમની સગાઈ યૂસફ જોડે થયેલી હતી. તેમનો અરસપરસ કોઈ મિલાપ થયો નહોતો, પરંતુ મિલાપ થયા અગાઉ પવિત્ર આત્માથી તે ગર્ભવતી થયેલી જણાઈ. બીજી બાજુ મરિયમનો પતિ અર્થાત્ યૂસફ નીતિમાન માણસ હતો. તેણે મરિયમનું ઉઘાડી રીતે અપમાન કરવા ન ચાહતા તેને ગુપ્ત રીતે મૂકી દેવાનું ધાર્યું. આવા વિચારો યૂસફ કરતો હતો તે જ સમયે જ ઈશ્વરના દૂતે યૂસફને દર્શન દીધું. 'ઓ યૂસફ, દાઉદના દીકરા તારી સ્ત્રી મરિયમને તેડી લાવવાને બી મા, કેમ કે તેને જે ગર્ભ રહેલો છે તે પવિત્ર આત્માથી છે. તેને દીકરો થશે. તું તેનું નામ ઈસુ પાડશે. કેમ કે જે પોતાના લોકોને તેઓના પાપથી તારશે તે એ જ છે.'

આ વિશેષ સંદેશ પણ સ્વર્ગદૂત દ્વારા જ યૂસફને પહોંચાડવામાં આવ્યો. કદાચ કોઈ માણસ આવો સંદેશો આપત. તો યૂસફને વિશ્વાસ કરવો કઠણ પડત. યૂસફની ગલત ધારણાઓ અને વિચારોમાં પરિવર્તન લાવવા માટે સ્વર્ગદૂતોની સેવા મોખરે રહી છે. ઈશ્વરની રીત જ અજાયબ હોય છે કે કોઈ માણસ તેના પર સંદેહ ન કરી શકે.

**ઘેટાંપાળકોને દર્શન :**

ઘેટાંપાળકો લગભગ અભણ હોય છે. તેઓ ખેતરના મેદાનમાં પોતાનાં ઘેટાંને સાચવતા હતા. અને આવા જ સમયમાં ઈસુના જન્મનો સંદેશ આપવામાં આવ્યો. ઈસુના જન્મની વધામણીનો સંદેશ પણ કોઈ સાધારણ માણસ દ્વારા આપવામાં ન આવ્યો. કેમ કે ભરવાડોને વિશ્વાસ કરવો મુશ્કેલ થાત. તેઓ પણ તરેહ-તરેહની શંકાઓ કરત. પણ પ્રભુનો દૂત તેઓની પાસે આવીને ઉભો રહ્યો ત્યારે તે તેમને માનવું જ પડ્યું. લખેલું છે કે, 'પ્રભુનો દૂત તેઓની પાસે આવીને ઉભો રહ્યો, ને પ્રભુના ગૌરવનો પ્રકાશ તેઓની આસપાસ દેખાયો ત્યારે તેઓ

ઘણા ભયભીત થયા.' પરંતુ સ્વર્ગદૂતની આ સેવા તેમને માટે બહુ જ આશીર્વાદિત બની. સ્વર્ગદૂતે તેઓને કહ્યું કે, 'બીહો મા, હું મોટા આનંદની સુવાર્તા તમને કહું છું. અને તે સર્વ લોકોને માટે થશે. કેમ કે આજ દાઉદના શહેમાં તમારે સારું એક તારનાર એટલે ખ્રિસ્ત પ્રભુ જન્મ્યો છે.'

આ સમાચારને વધુ સ્પષ્ટ કરવા માટે અને ખાતરી આપવા માટે દૂતે એક નિશાની પણ આપી. 'તમે એક બાળકને લૂગડામાં લપેટેલો જોશો.' અને ત્યાં જ દૂતોનો એક મોટો સમુદાય ઈશ્વરની સ્તુતિ કરવા લાગ્યો. 'પરમ ઉંચામા દેવને મહિમા થાઓ તથા પૃથ્વી પર જે માણસો વિશે તે પ્રસન્ન છે, તેઓને શાંતિ થાઓ.'

ઘેટાંપાળકોને દર્શન આપવાની ઘટના કેટલી રોમાંચક છે. સ્વર્ગદૂતોની કામ કરવાની રીત કેટલી અજાયબ છે, તેમની કામ કરવાની રીત અનોખી છે. સાધારણ લોકો માટે પણ ઈશ્વરનો દૂત પોતાની સેવાઓ આપે છે. ઈશ્વરની દ્રષ્ટિમાં બધા સરખા છે.

**અને અંતમાં... યૂસફને ફરી બે વાર દર્શન :**

માગીઓના ચાલ્યા ગયા પછી પ્રભુના દૂતે યૂસફને દર્શન દીધું કે તે અને તેની પત્ની મરિયમ બાળક ઈસુને લઈ મિસરમાં ચાલ્યા જાય અને જ્યાં સુધી બીજા સમાચાર ન મળે ત્યાં સુધી તે ત્યાંજ રહે. અને આપણે જાણીએ છીએ કે, યૂસફ, મરિયમ અને બાળ ઈસુ ત્યાંથી મિસરમાં જતા રહ્યા હતા.

ફરી હેરોદના મરણ પછી સ્વર્ગદૂતે મિસરમાં યૂસફને દર્શન દીધું હતું, 'ઉઠ, ને બાળક તથા તેની માને લઈને ઈસ્ત્રાએલ દેશમાં જા. કેમ કે, બાળકનો જીવ લેવાની જેઓ શોધ કરતા હતા તેઓ મરી ગયા છે.' આ દર્શન પછી જ યૂસફ, મરિયમ અને બાળક ઈસુને સાથે લઈ ઈસ્ત્રાએલમાં આવ્યો હતો, આ એક આવશ્યક અને વિશેષ સંદેશ પણ કોઈ માસણ દ્વારા પ્રભુએ પહોંચાડ્યો નહિ. આ માટે સ્વર્ગદૂતના માધ્યમનો જ ઉપોગ કરવામાં આવ્યો.

આમ, ઈસુના જન્મ સમયની આસપાસ સ્વર્ગદૂતો વારંવાર આ પૃથ્વી પર આવાગમન કરવા લાગ્યા હતા. આ સર્વ લોકોએ સ્વર્ગદૂતોની વાત પર વિશ્વાસ કર્યો કેમ કે એ સર્વે લોકો માટે સ્વર્ગદૂત એક નવી જ વ્યક્તિ હતી. અને આપણે જોઈએ છીએ કે જે પ્રમાણે સંદેશ હતો એવું જ કાર્ય જોવા મળે છે.

પ્રભુ ઈસુના જન્મના સંદેશને ફેલાવવાનું કામ સ્વર્ગદૂતે કર્યું. આ સંદેશ મરિયમ યૂસફ ભરવાડો અને ભિન્ન-ભિન્ન લોકોને આપવામાં આવ્યો, 'જુઓ હું મોટા આનંદની સુવાર્તા તમને કહું છું અને તે સર્વ લોકો માટે થશે.' આ સમાચાર સર્વ લોકો માટે છે પરંતુ આ સમાચાર બીજાઓ સુધી પ્રગટ કરવાનું કામ હવે પ્રભુએ સ્વર્ગદૂતોને નહિ પણ માણસોને સોંપ્યું છે. જો પ્રભુ ઈચ્છે તો તે તેમના સ્વર્ગદૂતો દ્વારા આખી પૃથ્વીમાં થોડી જ ક્ષણોમાં આ

સમાચાર ફેલાવી શકે છે, પરંતુ હવે પ્રભુએ આ મહા કામ માણસને સોંપ્યું છે. ઈશ્વરે માણસને અધિકૃત બનાવ્યું છે. સુવાર્તા ફેલાવવાનું કામ હવે પ્રભુએ આપણને સોંપ્યું છે, તથા દરેક વિશ્વાસી માણસ આ શુભ સંદેશનો પ્રચાર કરતો આવ્યો છે.

પ્રભુએ પોતે જ કહ્યું છે કે, 'તમે આખા જગતમાં જઈને આખી સૃષ્ટિને સુવાર્તા પ્રગટ કરો.' નાતાલ અર્થાત્ આખી માનવજાતિના આત્મિક ઉદ્ધારનો સંદેશ જે આપણે બીજાઓ સુધી પ્રગટ કરવાનો છે. આ સંદેશ સર્વ લોકો માટે છે. નાતાલ પ્રેમના આત્માનો સંદેશ છે. બીજાઓ સુધી આ સંદેશો પહોંચાડવાથી જે આનંદ આવે છે એવો જ આનંદ પામવાનો આ અવસર બનવો જોઈએ.

શું તમે ઈશ્વરે જે કાર્ય સોંપ્યું છે કે આ સુવાર્તા સર્વ લોકો માટે થશે તેને પહોંચાડવામાં તમારો સહકાર નહિ આપો ? વિચારો અને નાતાલના વાસ્તવિક અર્થને સાર્થક કરો.

## બાલવાડી

*- શ્રીમતી નેન્સી રમેશભાઈ ક્રિસ્ટી*

(રાગ : રેલગાડી આવી)

(૧) પોસ્ટ માસ્તર આવ્યાં બાલવાડી લાવ્યા
ચાલોને નાનાં બાળો સૌ બાલવાડી આવી.
(૨) બાલવાડી આવીને ખજાનો ભરી લાવી
ચાલોને નાનાં બાળો સૌ બાલવાડી આવી.
(૩) બાલવાડી મામાનો પત્ર લાવી
ચાલોને નાનાં બાળો સૌ બાલવાડી આવી.
(૪) બાલવાડી આવી ને મજાની વાર્તા લાવી
ચાલોને નાનાં બાળો સૌ બાલવાડી આવી
(૫) બાલવાડી આવી ને ગીતો નવા લાવી
આવોનેનાનાં બાળો સૌ ભેગા મળી ગાઈએ
(૬) બાલવાડી આવીને વિશ્વની વાતો લાવી
ચાલોને નાનાં બાળો સૌ બાલવાડી આવી
(૭) બાલવાડી આવીને હસવાનુંપણ લાવી
ચાલોને નાનાં બાળો સૌ બાલવાડી આવી
(૮) બાલવાડી આવી ને ઉખાણા પણ લાવી
ચાલોને નાનાં બાળો સૌ બાલવાડી આવી.
(૯) બાલવાડી વાંચીને ખૂબ મજા આવી
ચાલોને નાનાં બાળો સૌ બાલવાડી આવી.

## ખ્રિસ્તીબહેન અને તેનું ઘર

*- શ્રીમતી હેરિયટબહેન એ. જોન*

જે ઘરમાં ખ્રિસ્તી સુવાસ પ્રસરેલી હોય; જે ઘરના ભોજન સમયો પ્રભુપિતાના પ્રેમથી ભર્યા ભર્યા રહેતા હોય; જે ઘરની પ્રત્યેક વ્યક્તિને બીજી વ્યક્તિ માટે લાગણી અને ચિંતા હોય;જે ઘરના શિરપતિ ખ્રિસ્ત હોય; તે ઘર ખ્રિસ્તી બહેનેજ વસાવેલું હોવું જોઈએ.

ખ્રિસ્તી બહેન પોતાના ઘરમાં પ્રેમ, આનંદ અને શાંતિનું વાતાવરણ જમાવશે. તે ઘરની વ્યક્તિઓ માટેની સાચી સલાહકાર, પ્રેમી માતા, વિશ્વાસુ પત્ની અને હરકોઈ પ્રવૃત્તિમાં મન લગાડીને કામ કરનારી હશે.

ખ્રિસ્તી બહેન પોતાના પડોશી પ્રત્યેની જવાબદારી યોગ્ય રીતે અદા કરે છે. પડોશીને માટે તે ઓથારૂપ લાગે છે. પોતાના વલણથી તે આસપાસમાં સલામતી અને વિશ્વાસનું વાતાવરણ જમાવે છે. નિંદા કે કૂથલીમાં સમય બગાડતી નથી, પણ સમાધાન સ્થાપવાના પ્રયત્નો જરૂર કરે છે.

તે ઈશ્વરપિતાની સંગત માણનારી હોય છે,અને સારી બાબતોમાં આધીન રહેનારી,પરંતુ અયોગ્ય બાબતોનો સામનો કરનારી હોય છે.

પોતાના બાળકોની ચાલચલગતની તે બરોબર તપાસ રાખે છે. અને તેઓ પ્રભુના પ્રેમ અને બીકમાં ઉછરે માટે કાળજી રાખે છે. આથી તેનાં છોકરા ઊઠીને તેને ધન્યવાદ દે છે.

તેનાં ઘરમાં પ્રાર્થનાની વેદી સળગતી રહે છે. ઘરના દરેક પ્રશ્નો તે ઈશ્વરપિતાની મદદથી ઉકેલે છે. તે આળસની રોટલી ખાતી નથી, પણ ભવિષ્યકાળની ચિંતાને તે હસી કાઢે છે. આવી ઈશ્વરપ્રેમી માતા અને પત્ની પોતાના ઘરની પ્રત્યેક વ્યક્તિ પ્રભુના અનંતકાળિક જીવનની ભાગીદાર બને તે માટે સતત પ્રાર્થનામાં રહે છે.

જો તમે ખરેખર ખ્રિસ્તી બહેન હો, તો ઉપરની બાબતો તમને સંપૂર્ણપણે લાગુ પડશે. પરંતુ જો તેમાંનું કંઈ જ ના હોય, તો આજે પ્રભુ ઈસુ તમને આમંત્રણ આપે છે - તમારા ઘરના એકાંત ખૂણામાં નમી જાઓ - તમારું હૃદય પાણીની પેઠે રેડો - તમારા સઘળા જીવનની ભૂલો બદલ ક્ષમા પામો, અને તમારા જીવનનો સંપૂર્ણ હવાલો તેમને સોંપો, અને તારણનાં આનંદ-શાંતિ-પ્રેમ અને અનંતકાળિક જીવનનો અનુભવ પામી ધન્યતા અનુભવો.

વહાલાં બહેનો, પ્રભુનું આગમન નજીક છે - તેની કોઈ તારીખ નક્કી કરવામાં આવી નથી, તેથી અવનવા મતોમાં નહિ ભળતાં, ફક્ત એક સરળ વિશ્વાસમાં ધીરજથી પ્રભુની રાહ જુઓ. પ્રભુ કહે છે, “જુઓ હું થોડીવારમાં આવું છું.” શું તમે આગમનના સમયનાં ચિહ્નો જાણવા માંગો છો? તો માણસો કરતાં દેવના વચન પર આધાર રાખીને પ્રભુના આત્માથી સમજો. અને માથ્થી ૨૪:૩ થી ૫૧ ખૂબ મનનપૂર્વક વાંચો, અને વ્યક્તિઓના ખોટા

મતમતાંતરોથી છેતરાઈ ના જશો. માથ્થી ૨૪:૨૩-૨૭ ખૂબ ધ્યાનપૂર્વક વાંચો કે જેથી ખોટા મતમતાંતરોની પાછળ દ્વિધામાં મુકાશો નહિ. કલમ ૪૨ સ્પષ્ટ કહે છે કે, "માટે જાગતા રહો, કેમકે તમે જાણતા નથી કે કયે દિવસે તમારો પ્રભુ આવશે."

આ સમયમાં જૂઠા પ્રબોધકો અને જૂઠા ખ્રિસ્તોની પાછળ ભરમાઈ જશો નહિ. માર્ક ૧૩:૨૧-૨૩. પરંતુ માર્ક ૧૩:૩૭ પ્રમાણે પ્રભુની આજ્ઞા માનીએ અને આત્મામાં જાગ્રત રહીએ.

આ બાબતોમાં એકદમ સ્પષ્ટ થવા માટે માત્થી ૨૪મો અધ્યાય, માર્ક ૧૩મો અધ્યાય અને લૂક ૨૧મો અધ્યાય ખૂબ ધ્યાનપૂર્વક વાંચો, અને જે જે બાબતો વિષે તમે સ્પષ્ટ થવા માગતાં હો, તે તે બાબતો નીચે પેન્સિલથી લીટી દોરો. ધીરજથી રાહ જુઓ. કેમ કે પ્રભુ ઈસુએ કહ્યું છે કે," તમારી ધીરજથી તમે તમારા જીવને બચાવશો." જે ઘડી અને પળ વિષે પ્રભુ ઈસુ જાતે જાણતા નથી તે ઘડી અને પળ મનુષ્ય કદી પણ નક્કી નહિ કરી શકે, તે ખાસ ધ્યાનમાં રાખજો.

આ ધન્ય ઘડીનાં આપણે ભાગીદાર બની શકીએ તે માટે આપણા દીવા સળગેલા અને આપણી કમરો બાંધેલી રાખીને તૈયાર રહીએ.

"હે પ્રભુ ઈસુ, આવ."

## ઈસુ મારો દીવો

*શ્રી આલ્બર્ટ કે. ક્રિશ્ચિયન*

દોહરાની ઢબ (ઈસુ મારો ઘેટાંપાળક) - રાગ

ઈસુ મારા ઘરનો દીવો, નિત્ય ઝગમગતો તે;
પ્રેમ પ્રકાશ પ્રગટાવીને, સુખ શાંતિ તે દે છે
ઈસુ મારા માર્ગનો દીવો, નિત્ય ઝગમગતો તે,
જ્ઞાન પ્રકાશ ફેલાવીને, સત્યપંથે દોરે છે;
ઈસુ મારા ઉરનો દીવો, નિત્ય ઝગમગતો તે,
શુધ્ધાત્માનો પ્રકાશ અર્પી, નવો જન્મતે દે છે
ઈસુ આખા જગનો દીવો, નિત્ય ઝગમગતો તે
જીવન પ્રકાશ બક્ષીને, અનંત જીવન તે દે છે
ઈસુ ત્રિકાળ જીવંત દીવો, સદા જલતો રહે છે;
હોલવાએલા દીવાને, ફરી જલતો કરે છે;

# કારભારીપણું - તાલંતોનું

*- રેવ. પી.એન. ક્રિશ્ચિયન*

માથ્થી ૨૫:૧૪-૩૦માં પ્રભુ ઈસુએ તાલંતોનું દ્રષ્ટાંત આપી આપણે ઈશ્વરે આપેલાં તાલંતોના આપણે કારભારી છીએ એ શિક્ષણ આપ્યું છે.

આ દ્રષ્ટાંતમાં આપણે નીચેની વાતો શીખીએ.

(૧) આપણને મળેલા તાલંતો પ્રભુ તરફથી દાનરૂપે મળેલા છે.

દ્રષ્ટાંતમાં એક માણસે તેના ચાકરોને વહીવટ કરવા તાલંતો આપ્યા છે. તેથી મારી પાસે જે કંઈ છે તે મારું નથી પણ ઈશ્વર તરફથી વહીવટ કરવા માટે જ મને એ પ્રાપ્ત થએલ છે.

પુન. ૮,૧૭,૧૮માં દેવનું વચન કહે છે, "રખેને તું મનમાં એમ ધારે કે મારી પોતાની શક્તિથી ને મારા સામર્થ્યથી મેં આ સર્વ સંપત્તિ મેળવી છે;...કેમ કે સંપત્તિ મેળવવા સારું તને શક્તિ આપનાર તે જ (પ્રભુ) છે"

તે જ પ્રમાણે ૧ ર કોરીં ૧૨:૮-૧૧માં વાંચીએ છીએ; જ્ઞાન, વિદ્યા, વિશ્વાસ, સાજાં કરવાનાં કૃપા દાન, ચમત્કાર કરવાનું દાન, પ્રબોધ કરવાનું દાન, ભિન્નભિન્ન ભાષાઓ, ભાષાંતર કરવાનું દાન વગેરે જુદાં જુદાં દાનો ઈશ્વર તરફથી મળે છે.

તેથી દ્રવ્ય, કીર્તિ, કેળવણી, વૈદકીય કુશળતા, વિજ્ઞાન, કે કૌટુંબિક વારસો એ બધું ઈશ્વર તરફથી આપણને પ્રાપ્ત થયેલું છે. એ યાદ રાખીએ.

(૨) ઈશ્વરે પોતપોતાની શક્તિ પ્રમાણે તાલંતો વહેંચી આપ્યા છે. દ્રષ્ટાંત મુજબ એકને પાંચ, બીજાને બે અને ત્રીજાને એક તાલંત આપ્યો છે. ઈશ્વરની સ્તુતિ કરીએ છીએ કે આપણાંમાંથી ઘણાંને સારાં પ્રમાણમાં તાલંતો-કૃપાદાનો મળેલા છે, ઓછામાં ઓછું ઈશ્વરપિતાએ દરેકને વ્યક્તિત્ત્વરૂપી તાલંત તો આપેલું જ છે.

આપણે ભૂલી ના જઈએ કે આ તાલંતો આપણે આપણી શક્તિથી કે હોંશિયારીથી મેળવ્યા નથી. સંત યાકૂબ આપણને સ્મરણ કરાવે છે કે, "મારા વહાલા ભાઈઓ તમે છેતરાતા નહિ. દરેક ઉત્તમ દાન તથા દરેક સંપૂર્ણ દાન ઉપરથી હોય છે અને પિતા...પાસેથી ઉતરે છે."

(૩) આપણને ઈશ્વરપિતાએ આપેલા તાલંતો સદ્‌ઉપયોગ કરવા આપેલા છે, જેથી તેનો આપણે ઉપયોગ કરી ઈશ્વરના રાજ્યની વૃધ્ધિ માટે વાપરીએ.

દ્રષ્ટાંતમાં જેને પાંચ તાલંત મળ્યાં હતા તેનો તેણે સારા કારભારી તરીકે ઉપયોગ કર્યો. તેમજ જેને બે તાલંત મળ્યા હતાં તેણે પણ વિશ્વાસુપણે ઉપયોગ કર્યો, તાલંતોનો ઉપયોગ કરવાથી જ તે વૃધ્ધિ પામે છે અને તે મારફતે આપણે ઈશ્વરપિતાની વિસ્તૃત સેવા કરી શકીએ છીએ.

(૪) દ્રષ્ટાંતમાં જેને એક તાલંત મળ્યો તેણે તેને દાટી મૂક્યો. તેને કહેવામાં આવ્યું, "અરે આળસુ ચાકર...તને બહારના અંધકારમાં કાઢી મૂકો, ત્યાં રડવું ને દાંત પીસવું થશે."

ઘણાં ભાઈબહેનો આજે પોતાને મળેલા તાલંતો વાપરતા નથી અને દાટી મૂકે છે. આજે ઘણી મંડળીઓમાં સારા પ્રમાણમાં નાણાં હોય છે તેને ફીક્સ ડીપોઝીટોમાં દાટી મૂકવામાં આવે છે અને બેંક બેલેન્સ વધારવામાં આવે છે. આપણી મંડળીઓના બજેટમાં મંડળીના ગરીબ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપી શકાય. મંડળીમાં જેઓ ગરીબ છે અને વિધવાઓ છે અથવા દરિદ્રતામાં જીવન ગુજારે છે તેમને પેન્શન આપી શકાય. કેટલાક બેકારો છે તેમને ખાસ અભ્યાસક્રમમાં દાખલ કરાવી નોકરીમાં ચઢાવી શકાય.

અમદાવાદની શાલોમ મંડળીએ સુવાર્તાપ્રચાર માટે મંડળીમાંથી સારી રકમનો ઉપયોગ કરી બહાર મિશનેરીઓ મોકલી સુવાર્તા-પ્રચારનો સુંદર નમૂનો પૂરો પાડયો છે. ઈશ્વરના રાજ્યની વૃધ્ધિ માટે આપણે સુવાર્તાના કામમાં આપણા નાણાંનો ઉપયોગ કરી ઘણાંઓને પાપના અંધકારમાંથી પ્રભુના રાજ્યના પ્રકાશમાં દોરી લાવી શકીએ.

દીવો કરીને ઢાંકી મૂકવાથી શો લાભ? તેને દીવી પર મૂકીએ કે તેનો પ્રકાશ ચારે ગમ ફેલાય. ખ્રિસ્તનું નામ ફક્ત આપણી મંડળીમાં જ રાખી ન મૂકીએ પણ દૂર સુધી પહોંચાડીએ.

(૫) દ્રષ્ટાંત મુજબ જેઓ તાલંતોનો સદુપયોગ કરે છે તેમને ઉત્તમ પ્રતિફળ મળે છે.

જેઓએ તાલંતોનો ઉપયોગ કર્યો તેમને કહેવામાં આવ્યું કે, "શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર...તું પ્રભુના આનંદમાં પેસ"

ઈશ્વરપિતાની સહાયથી આપણે પ્રત્યેક અને આપણી મંડળી પ્રભુએ આપેલાં તાલંતોનો એવો સદુપયોગ કરીએ કે તેના સ્વર્ગીય આનંદના ભાગીદાર થવા આપણે લાયક ગણાઈએ. અને બીજા ઘણાંઓને પ્રભુના આનંદમાં પ્રવેશ પમાડીએ.

## "મેળવવું સ્વર્ગ કપ"

*- શ્રી જોસેફ જે. ટેલર*

ફાસ્ટ નાખે કે ગુગલી, ટીમ હારતી નથી,
જેનીપીચ પર પરમેશ્વર, ટીમ હારતી નથી,
સામે આવતા બોલ માટે, અંકુશ કરી શકો,
છૂટ્યા પછી વિચારો, જે પળ ફરી આવતી નથી,
શેતાની ઓવરમાં, હું ક્લીન ન થઈ જાવ,
પ્રભુ તમારા વિના, જીંદગી ગણાતી નથી,
બાઈબલ પ્રથમ પછી બેટને ધરૂ,
કોઈની પણ બોલિંગ, મારતી નથી,

આ સંસારના મેદાનમાં, મને જ્યાં મુક્યો,
રમતતમે રમાડો, મારાથી રમાતી નથી,
લાંબુ કે ટૂંકુ જીવન, સદા પ્રભુમાં જીવો,
પ્રભુ ટેસ્ટ કે વન ડે આપે, પહેલેથી પાવતી નથી,
ત્રીજા અમ્પાયરની જ્યાં નથી જરૂર,
તમારી કલમ જે ફરાતી નથી,
મેળવવું "સ્વર્ગ કપ" તો પ્રભુ પ્રથમ સ્થાને,
એવગર મેચ, કોઈથી જીતાતી નથી,

# તમે પણ અજમાવી જુઓ

- શ્રી સેમ્યુલ કે. ત્રાજકર

સામાન્ય રીતે દરેક માણસને લાંબુ જીવવાની ઈચ્છા હોય છે. વહેલા મરવાનું કોઈ ગમતું નથી. દીર્ઘાયુ સૌને પસંદ હોય છે. તેથી આરોગ્યના નિયમો પાળીને, સાદું જીવન ગાળીને, પૌષ્ટિક ખોરાક ખાઈને કે ઘડપણમાં જાત જાતનાં વસાણાં કે ટોનિક લઈને માણસો લાંબુ આયુષ્ય મેળવવા પ્રયાસ કરે છે. તેમ છતાં કેટલીક વાર એવું પણ બને છે, કે એવા સર્વ બાહ્ય ઉપાયો કરવા છતાં માણસ યુવાન વયે કે આધેડ વયે બહું ટૂંકી માંદગીથી એકાએક મૃત્યું પામે છે. ક્યારેક જાત જાતના અકસ્માતથી પણ મૃત્યું વહેલું આવી જાય છે. કહેવાય છે, કે જગતના પ્રસિધ્ધ પહેલવાનો પુષ્કળ શરીર બળ હોવા છતાંલાંબુ જીવતા નથી, ને ૫૦ કે ૬૦ વર્ષની વયે પહોંચતા સુધીમાં અશક્ત ને નિર્બળ થઈને મરણને શરણ થઈ જાય છે. રામમૂર્તિ, જેમ્સ,એલન, ગામા ને ઝીબિસ્કો જેવા જગપ્રસિધ્ધ પહેલવાનોના દાખલા પરથી તે જોઈ શકાય છે. એથી ઉલ્ટું ક્યારેક એવું પણ જોવા મળે છે, કે કેટલાક સામાન્ય માણસો ૮૦ થી ૯૦ વર્ષ સહેલાઈથી ખેંચી કાઢે છે. કોઈ કોઈ સો વર્ષ સુધી પણ પહોંચે છે.

ત્યારે એ ઉપરથી એમ લાગે છે, કે કેવળ આરોગ્યના નિયમો પાળવાથી, સાદું જીવન જીવવાથી કે પૌષ્ટિક ખોરાક ખાવાથી જ માણસ દીર્ઘાયું પામી શકતો નથી. પરંતુ એ ઉપરાંત પણ એવી કોઈ ગૂઢ શક્તિ છે, કે જેની કૃપાથી જ માણસ લાંબુ જીવન જીવી શકે છે. એ શક્તિ તે તો પ્રભુની કૃપા અને માણસના જીવનમાં કામ કરતું પ્રભુનું પરાક્રમ છે.

ગીતશાસ્ત્ર ૯૦:૧૦માં જણાવ્યા અનુસાર "અમારી વયના દિવસો સિત્તેર વર્ષ જેટલા છે, અથવા બળના કારણથી તેઓ એંસી વર્ષ થાય." એટલે પવિત્ર શાસ્ત્ર પ્રમાણે સામાન્ય રીતે મનુષ્યની આવરદા સિત્તેર વર્ષ જેટલી ગણાય. તો પણ પ્રભુની કૃપાથી કેટલાક માણસો એંસી, નેવું કે સો વર્ષ સુધી પણ જીવી શકે છે. આમાં સિત્તેર વર્ષ કરતાં વધારે મળેલાં વર્ષો બોનસનાં વર્ષો કહી શકાય. પણ આ બોનસ કાંઈ બધાને મળતું નથી, કારણકે તે તો પ્રભુની કૃપા અને પ્રભુની ઈચ્છાને આધીન છે. પ્રભુ પોતાના બાળકોને આ બોનસ નીચેની રીતે આપે છે.

(૧) "કશાની ચિંતા ન કરો." (માથ્થી ૬:૨૫-૩૪) એ વચનો ઉપર વિશ્વાસ રાખવાથી ને તેનું પાલન કરવાથી પ્રભુના સેવકો તંદુરસ્તીને દીર્ઘાયું પ્રાપ્ત કરે છે. ચિંતાથી માણસનું શરીર ઘસાય છે, ને તેથી તેની આવરદા ઘટે છે, પરંતુ ગમે તેવા વિકટ સંજોગોમાં પણ પ્રભુ બાળકો પ્રભુ પર ભરોસો રાખે છે, ને કશાની ચિં તા કરતાં નથી.

(૨) "પ્રભુમાં સદા આનંદ કરો" (ફિલિ. ૪:૪) એ આજ્ઞા પ્રમાણે સંતો પ્રભુમાં સદા આનંદ કરે છે. અલબત્ત જીવનમાં દુ:ખના ને મુશ્કેલીઓના પ્રસંગો તો આવે છે, પરંતુ

તેવા વિપરીત સમયે પણ પ્રભુના સેવકો પ્રભુમાં આનંદ કરે છે. તેથી તેમનું સ્વાસ્થ્ય ટકી રહે છે, ને તેઓ તંદુરસ્તી તથા દીર્ઘાયુ પ્રાપ્ત કરે છે.

(૩) તે જ પ્રમાણે "આનંદી હૃદય એ ઉત્તમ ઔષધ છે" (નીતિ. ૧૭:૨૨) એ વચનનો ભાવાર્થ સમજીને સંતો હંમેશા હૃદય આનંદી રાખે છે, કદાચ માંદગી આવે, તો પણ આનંદી હૃદય રાખવાથી પચાસ ટકા માંદગી તો આ દવાથી જ દૂર થઈ જાય છે. કુશળ દાક્તરો ને હસમુખી નર્સો દર્દીને આનંદીને હસતો રાખીને તેનું અડધું દુઃખ મટાડી દે છે. જ્યારે આવા સેવકોને મળીએ છીએ, ત્યારે તેઓ આનંદીને હસતા દેખાય છે. રોગ ને દુઃખ મટાડવાની આ એક અક્સીર દવા છે. આનંદી હૃદયવાળો માણસ ભાગ્યે જ માંદો પડે છે.

(૪) "માણસ એકલી રોટલી નહિ, પણ હરેક શબ્દ જે દેવના મોંમાથી નીકળે છે તેથી જીવશે." (માથ્થી ૪:૪) લાંબુ જીવવા માટે આ એક અક્સીર ટોનિક છે. ઘણીવાર માણસો દૈહિક ખોરાકની બહું ફિકર કરે છે, ને તે મેળવવા વલખાં મારે છે, પરંતુ દેવનાં વચનો વિષે બેદરકાર રહે છે. તેથી કેવળ રોટલી પર આધાર રાખવાથી તે દીર્ઘાયુ બની શકતો નથી. માટે સારા ખોરાકની સાથે સાથે દરરોજ પ્રભુનાં વચનો વાંચવા જોઈએ, તેનું મનન કરવું જોઈએ, તે ખાવાં જોઈએ, પીવાં જોઈએ, પચાવવાં જોઈએ, ને તેનું પાલન કરવું જોઈએ. પ્રભુનાં વચનો તન ને મનને મજબૂત કરે છે.

(૫) "જો કંઈ કામ તારા હાથ લાગે છે, તે મન લગાડીને કર." (સભા. ૯-૧૦) તંદુરસ્તી અને દીર્ઘ જીવન માટે શ્રમની પણ આવશ્યકતા છે. બેઠાડુ ને આળસુ જીવનથી તન ને મન બંને બગડે છે, પણ શ્રમજીવી જીવનથી શરીર નિરોગી રહે છે. સામાન્ય રીતે માણસો જુવાનીમાં મહેનતકશ બને છે, પરંતુ વૃધ્ધાવસ્થામાં આળસુ ને આરામપ્રિય બની જાય છે. પ્રભુના સેવકો તો ઘડપણમાં પણ કંઈને કંઈ હળવું કાર્ય કરતા રહે છે. છેવટે પોતાના બગીચામાં છોડને પાણી પાવાનું; ઘાસ કાઢવાનું કે રોપાઓને ગોડ કરવાનું કાર્ય પણ કરે છે.

(૬) "તારા બાપનું તથા તારી માનું સન્માન કર, એ સારું કે તારું કલ્યાણ થાય, અને પૃથ્વી પર તારું આયુષ્ય લાંબુ થાય." (એફેસી. ૬:૨-૩) લાંબા આયુષ્યની પ્રાપ્તિ માટે આ હુકમનું પાલન કરવું જોઈએ. જે માબાપે દુઃખો ને મુશ્કેલીઓ વેઠીને પ્રેમપૂર્વક તમારું લાલનપાલન કર્યું. તે માબાપની વૃધ્ધાવસ્થામાં તેમની સંભાળ રાખવી, ને તેમનું સન્માન કરવું, એ સંતાનોની જવાબદારી છે. આપણા કલ્યાણ અને દીર્ઘાયુ માટે પ્રભુએ આ એક મોટી ખાતરી આપી છે, તે આપણે માટે કેટલું સરસ આશ્વાસન છે! માતપિતાની અવજ્ઞા ને અવગણના કરનાર પ્રભુનો આશીર્વાદ ગુમાવી દે છે.

(૭) "જે જીવાડે છે, તે આત્મા છે." (યોહાન ૬:૬૩) હું મારા બાહુબળથી અને બુધ્ધિબળથી જીવું છું, ને જીવીશ, એવું અભિમાન કરનાર ભયંકર જોખમ ખેડે છે. પ્રભુ કહે

છે, કે જે જીવાડે છે, તે તો પ્રભુનો પવિત્ર આત્મા છે. પ્રભુની કૃપા ને પ્રભુની ઈચ્છા વગર કોઈ જીવી શકતું નથી. આરોગ્યના નિયમનોને કરણી ખરાં, પરંતુ પ્રભુની કૃપા વિના તે સર્વ અધૂરાં છે. પ્રભુમય જીવન એ જ દીર્ઘ જીવનની ચાવી છે.

(૮) "તેઓને જીવન મળે, અને તે પુષ્કળ મળે, માટે હું આવ્યો છું." (યોહાન ૧૦:૧૦) આતો પ્રભુ ઈસુએ આપણને આપેલું વરદાન છે. આપણને જીવન આપવા પ્રભુ ઈસુ આવ્યા. માત્ર જીવન જ નહિ પણ પુષ્કળ જીવન, ભરપૂર જીવન. તેથી આપણો પ્રભુ આપણને દીર્ઘાયુ આપશે, એવો વિશ્વાસ રાખો. એવી આશા રાખો.

શું તમે દીર્ઘાયું ઈચ્છો છો? શું તમે આશીર્વાદિત જીવનની અપેક્ષા રાખો છો? તો પ્રભુના ઉપરોક્ત વચનોનો અખતરો તમારા જીવનમાં કરી જુઓ. આપણી અગાઉ પ્રભુના હજારો સંતો જીવનનો જે નમૂનો મૂકતા ગયા છે, તેને સમજણપૂર્વક અનુસરો.

"જો જીવીએ છીએ, તો પ્રભુની ખાતર જીવીએ છીએ; જો મરીએ છીએ, તો પ્રભુની ખાતર મરીએ છીએ. તે માટે ગમે તો જીવીએ કે મરીએ, તો પણ આપણે પ્રભુના જ છીએ." (રોમનોને પત્ર ૧૪:૮)

## આઝાદી મળી છે

*કર્તા : શ્રી જોસફ જે. ટેલર*

હટીગુલામી હવે આઝાદી મળી છે,
અમને અમારી, હવે ભૂમિ મળી છે,
માગી ને મળી ગઈ, એમ નથી બન્યું,
કંઈ કેટલુંય રક્ત વહ્યાંથી, આઝાદી મળી છે,
સાચવો દેશને ભારતીયો, સંપથી રહીને,
કંઈ કિંમત ચૂકવ્યાબાદ, સ્વતંત્રતા મળી છે,
ભારતનાં ભાગલા નાપાડો, સીમાડા સાચવો વીરો
લૂંટી ન જાય કોઈ ચેતો, સોનાની ખાણ મળી છે,
છેદે છે કોણ દેશને? પડકારો વિના સંકોચે,
અમારી મિલ્કત સાચવવાની હવે તક મળી છે,
હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, ઝંડો પકડો સૌ હાથો,
અમને પ્રેમથી રહેવાની,હવે તાકાત મળી છે.

## પ્રભુના જીવંત વચનો નાશના ખાડામાંથી બચાવે છે

- ડૉ. સીરીલ કે. પ્રવાસી

પ્રભુનાં વચનો કેટલાં બધાં જીવંત છે, તેનો જેણે અનુભવ કર્યો હોય તેને જ ખબર પડે છે.

બીજા વિશ્વયુધ્ધ વખતે બ્રિટિશ સૈનિકોની એક ટુકડી જાપાનનાં જંગલોમાં ખોવાઈ ગઈ, જંગલ ઘણું જ ગાઢ હતું. રસ્તો શોધવો અશક્ય હતો. દિવસો જતાં ખાવાનો તેમજ લડવાનો પૂરવઠો ખલાસ થઈ ગયો હતો. બચાવની કોઈ શક્યતા ન હતી. ગમે તે ક્ષણે જાપાની લશ્કર તેમને પકડી પાડે અથવા આખી ટુકડીનો બોંબમારાથી નાશ કરે તેવી પરિસ્થિતિ હતી. મુખ્ય મથકોનો સંપર્ક સાધી શકાય તેમ ન હતું. એવાં સમયે ટુકડીનાં કપ્તાને બધાજ સૈનિકો એકઠા કર્યા બધા જ ચિંતાતુર હતા. અને સમજતા હતા કે મોત ઘણું જ નજદીક છે, અને હવે બચવાની કોઈ જ આશા નથી.

ટુકડીનો કપ્તાન પ્રભુને સોંપાયેલો હતો તે પ્રભુનાં અજાયબ વચનો ઉપર પ્રેમ અને વિશ્વાસ કરતો હતો. તેણે પોતાના બાઈબલમાંથી ગીતશાસ્ત્રનો ૯૧મો અધ્યાય કાઢ્યો, અને બધાંની આગળ વિશ્વાસથી વાંચ્યો. અધ્યાયનું વાંચન પૂરું થતાં બધાને અજાયબ જેવું આશ્વાસન મળ્યું અને દરેક સૈનિકે ઈશ્વરની અદ્રશ્ય હાજરીનો અનુભવ કર્યો. પછી તો બધાને નવી હિંમત મળી અને નવું જોમ આવ્યું. અને બધાંજ સૈનિકોએ કપ્તાન સાથે આખુ ૯૧મું ગીત મોઢે કરી નાખ્યું અને રોજ તેનું રટણ કરવા લાગ્યા. આમ કરવાથી ગીતનો એક એક શબ્દ તેમના અંતઃકરણમાં સોંસરો ઉતરી ગયો. ને દરેકને આ વચનો પર એટલો બધો વિશ્વાસ અને પ્રેમ થઈ ગયો કે તેમાંના કોઈ ને કશાની બીક લાગતી ન હતી.

આ રીતે આ ટુકડીએ જંગલમાં પૂરાં પાંચ વર્ષ કાઢ્યાં એ સમય દરમિયાન તેમને કશાની ખોટ નડી નહી. અથવા તો તેમાંનો એક પણ સૈનિક ઓછો થયો ન હતો. જ્યારે તેઓ પોતાના મુખ્ય મથકે પહોંચ્યા ત્યારે સાજા અને તંદુરસ્ત હતા. તેમના મુખ્ય મથકે તો આ ટુકડીનો નાશ જ થયો છે તેમ માની લીધુ હતું. પરંતુ જ્યારે તેઓને પ્રત્યેક જણને સાજા અને તંદુરસ્ત આવેલા જોયા ત્યારે લશ્કરના સેનાપતિ ઘણાંજ અચંબામાં પડી ગયા અને આ કેવી રીતે બન્યું તેની પુછપરછ કરી.

ટુકડીના પ્રત્યેક સૈનિકે અને કપ્તાને પોતાની સાક્ષી આપી અને ગીતશાસ્ત્રના ૯૧માં અધ્યાયે તેમને કેવી રીતે બચાવ્યા તે કહી સંભળાવ્યું. આ પંચ વર્ષ દરમિયાન પ્રભુની અદ્રશ્ય હાજરીએ જ તેમનું જતન અને રક્ષણ કર્યું હતું ને તેમની બધી જ જરૂરિયાતો પુરી પાડી હતી. તે વચનો તો વહાલાઓ આ જ હતાં :

"તે મને અરજ કરશે, એટલે હું તેને ઉત્તર દઈશ, હું સંકટ સમયે તેની સાથે થઈશ, હું તેને છોડાવીને માન આપીશ, લાંબા આયુષ્યથી હું તને તૃપ્ત કરીશ, અને તેને મારું તારણ

દેખાડીશ" ગીત. ૯૧:૧૫-૧૬

શું આપણે પ્રભુનાં વચનો વાંચીએ છીએ તેના ઉપર પ્રેમ રાખીએ છીએ? શું અવારનવાર તેને મોઢે કરીને આપણાં અંતઃકરણોમાં ઉતારીએ છીએ? જો તેમ કરતા હોઈશું તો પ્રભુ અદ્રશ્ય રીતે આપણો હાજરાહજુર મદદગાર બનશે.

## વિશ્વાસ ખોવાઈ ગયો છે!

*શ્રી. વિશ્વાસ ખ્રિસ્તમુક્તિ*

સફરમાં જિંદગીની પથિક ગભરાઈ ગયો છે,
સંભાળ પ્રભુ બાળકને, આતમ વિલાઈ ગયો છે.
સેવાનાં કાર્યો છોડ્યાં, છોડી આધિનતા પણ
સંસ્થા, સમિતિ, ગ્રુપમાં સેવક ખોવાઈ ગયો છે.
તૂટી છે પ્રાર્થ-વેદી, તૂટી છે સંગતો પણ,
વિરોધની પ્રવૃત્તિમાં ખ્રિસ્તી તણાઈ ગયો છે.
ખોયાં આત્માનાં હથિયાર, પીછેહઠ થઈ ચૂકી,
શેતાની સૈન્ય સામે સૈનિક મરાઈ ગયો છે.
બંડખોર અને ફિતૂરી, કપટમાં રાચનારાં,
સ્વચ્છંદી ટોળાં માંહે, દોરનાર હણાઈ ગયો છે.
ભૂલ્યા છે ભ્રાતૃભાવને, છોડ્યો પ્રથમનો પ્રેમ,
વિશ્વાસીઓની વચ્ચે વિશ્વાસ ખોવાઈ ગયો છે.
મૂકી છે આંધળી દોટ આધુનિકતાની એવી,
દુનિયાઈ વાનાં પાછળ યુવાન ઘસડાઈ ગયો છે.
ઝઘડા ગ્રુપોમાં, ઘરમાં, રાજ્યોમાં, દેશભરમાં,
શાંતિના વર્ષમાં પણ માનવ ચિડાઈ ગયો છે.
સુબુદ્ધિ તું સૌને દેજે, હૃદયોમાં વાસ કરજે,
બચાવ પ્રભુ, હવે તો જીવ પણ ધરાઈ ગયો છે.

# "પ્રભુને તેનો ખપ છે"

*રેવ. જ્યોર્જ એસ. ક્રિશ્ચિયન*

"કેમ મમ્મી આજે તને શું થયું છે?" ગધેડીના નાના બચ્ચાંએ પોતાની કાલીઘેલી ભાષામાં કહ્યું.

"ના બેટા ના મને કંઈ થયું નથી પણ આજનો દિવસ કંઈક જુદા જ પ્રકારનો હોય તેમ લાગે છે."

આજે ગધેડી માટે રજાનો દિવસ હતો. ગપુ ગધેડાને તો મજા પડી ગઈ. મમ્મી સાથે લાડ કરવાની તથા વાતો કરવાની તક મળવાથી મઝા પડી ગઈ. આમતેમ કૂદાકૂદ કરતો, અટપટા પ્રશ્નો પૂછતો માતાને મૂંઝવી નાખતો હતો. છતાં માતા પુત્રને સંતોષકારક જવાબ આપતી હતી.

"મમ્મી, આજનો દિવસ જુદા પ્રકારનો લાગે છે, એટલે શું?"

"ગપુ, પ્રભુ આપણને તેનાં ઉપયોગી પાત્ર બનાવવા માટે આમંત્રણ આપી રહ્યો હોય તેમ આજે મને લાગે છે."

થોડીવાર પછી બે સદગૃહસ્થો આવીને ગપુ વછેરાને તથા ગધેડી ને છોડવા લાગ્યા.

"કોણ છો તમે શા માટે અમારાં ગધેડાંને છોડો છો?" માલિકે પૂછયું.

"પ્રભુને તમારા ગધેડાનો ખપ છે."

"સારું સારું લઈ જાવ, જો પ્રભુને તેનો ખપ છે તો ખુશીથી લઈ જાવ" માલિકની મંજૂરી મળતાં જ તે લોકો ગધેડીને તથા વછેરાને લઈને ચાલતાં થયા.

"જો હું નહોતી કે'તી કે પ્રભુને આપણો ખપ છે? પ્રભુ આપણા ઉપર સવારી કરવા માંગે છે, તેણે તેનાં ઉપયોગી પાત્ર બનવાને આપણને આમંત્રણ આપ્યું છે. "મનોમન પ્રભુનો આભાર માનતી ગધેડી પ્રભુના દર્શ કરવાને જલ્દી ને જલ્દી ચાલતી હતી. દૂરથી પ્રભુને નિહાળી તેની આંખોમાં હર્ષનાં આસુ આવી ગયા. તે મનોમન વિચારતી હતી કે, પ્રભુએ અમ જેવાં મૂર્ખ(પ્રાણીને) જેની જિંદગી ફક્ત વૈતરું અને માર ખાવા સિવાય કોઈ આરો નથી, તેવાંને પસંદ કર્યા અને ઉપયોગી પાત્ર બનાવ્યાં!

જ્યારે પ્રભુ વછેરા પર સવાર થયા ત્યારે ગધેડી ખુશીથી ચાલતી હતી. ગપુ વછેરો પણ કાન ઊંચા રાખી વટથી પ્રભુની સવારી માણી રહ્યો હતો. બંને માતા પુત્ર પ્રભુમાં અભિમાન કરતાં યરૂશાલેમ તરફ આગળ વધી રહ્યાં હતાં અને મનોમન પ્રભુને માન મહિમા ને ગૈરવ આપતાં હતાં.

આજે પ્રથમ વાર જ વછેરા પર લોકોએ વસ્ત્રો નાંખ્યા હતાં. પ્રભુ ઈસુ પોતાની પીઠ પર સવાર થયા હતા તેથી એ વછેરાનો આનંદ મા'તો ન હતો. તેના પગ ધૂળ પર નહિ. પણ

રસ્તામાં પાથરેલા લૂંગડા પર પડતા હતા. લોકોનો મોટો સમુદાય ઈસુને ગૌરવ આપતાં ખૂબ આનંદથી પોકારો કરતો હતો. વછેરો આ બધું જોઈ મનમાં વિચાર કરતો હતો, કે આ શું હશે? ગમે તેમ પ્રભુ ઈસુને મહિમાવંત કરવામાં એ વછેરાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

પ્રભુ ઈસુનું આગમન નજદીક છે. ત્યારે પ્રિય વાચક મિત્ર, પ્રભુ ઈસુને મહિમાવંત કરવા મારી અને તમારી અગત્ય છે. આપણને સોંપેલી સેવા દ્વારા "રાજાઓના રાજા" પ્રભુ ઈસુને મહિમાવંત કરવા શું આપણે પ્રયત્નશીલ નહિ બનીએ?

મિત્રો, જો આપણે પ્રભુને સવારી કરવા દેવા તૈયાર છીએ તો હાલ જ આપણાં પાપ તેની આગળ કબૂલ કરી તેની માફી માંગવી જોઈએ.

"પ્રભુ ઈસુ ન્યાયીઓને નહિ પણ પાપીઓને તારવાને આવ્યા છે."

## ભારતનો બાળ

***શ્રી આલ્બર્ટ કે ક્રિશ્ચિયન***

ભારતનો હું બનુંબાળ, સદા સાચું સંતાન;
સર્વત્ર ને સર્વ કાળ, વધારું ભારતની શાન.

દેશદ્રોહી બનું ના કદી, ના કરું ભારતને નુકસાન;
કરું હું સદા સર્વત્ર, મારા ભારતનું સન્માન,

સત્ય, અહિંસા, નમ્ર મન, રાખી જીવું જીવનવાટ;
સાદું જીવન સદા જીવીને, દોરું અન્યને પ્રભુવાટ.

સ્વતંત્રતા માણું ઉરથી, સદા કરું સૌનું સન્માન;
સ્વછંદી, સ્વાર્થી ના બનું, કરી કોઈનું અપમાન;

છીનવું નાકોઈની આઝાદી મેળવી ધન, બળ ને જ્ઞાન;
પણ બનું ભારતનો સદા, સાચો બાળ મહાન,

માગું પ્રભુ પાસે સદા, દો પ્રભુ આશિષ બળવાન;
અજર-અમર રહે ત્રિરંગો, વિશ્વમાં વધે સદા શાન,

સ્વતંત્રતા છે ઈશ્વરની દેન, અમૂલ્ય છે પ્રભુ કૃપાદાન;
આશિષ દો ઈશ્વરપિતા, આઝાદ રહે ભારત મહાન.

# વધસ્તંભનો મહિમા

*શ્રીમતી મરિયમ ડાભી*

સામાન્ય રીતે જોઈએ તો ભિન્ન બિન્ન ધર્મોને તેમની આગવી માન્યતાઓ છે તો જુદી જુદી રીત રસમો અને ક્રિયાઓ છે, ક્યાંક ચોક્કસ સિધ્ધાંતો છે તો ક્યાંક આગવા પ્રતીકો છે. ખ્રિસ્તીધર્મ પણ આ રીતે પોતાની આગવી ક્રિયાઓ, ચોક્કસ સિધ્ધાંતો અને નીતિરીતિઓને વરેલો છે. પરંતુ પ્રતીકની બાબતમાં દિશામાં ખ્રિસ્તી ધર્મ જુદો પડતો દેખાય છે. અને એ જ ખ્રિસ્તીધર્મનું આગવું આધ્યાત્મિક-આત્મિક સ્વરૂપ છે. માટે જ પવિત્ર શાસ્ત્ર કહે છે કે 'તમે જગતના છો છતાં જગતથી જુદા કરાયેલા છો.'

ટીલ્લાં-ટપકાં, જનોઈનો દોરો, કીરપાણ ઈત્યાદિ જુદા જુદા ધર્મોના પ્રતીકો છે, ત્યારે વધસ્તંભ શું ખ્રિસ્તી ધર્મનું પ્રતીક છે? 'પ્રતીક' શબ્દ વસ્તુનો નિર્દેશ કરે છે. વસ્તુ પ્રાપ્ત કરવી ધારણ કરવી એ શ્રેષ્ઠ બાબત છે તેથી 'પ્રતીક' છાયારૂપ હોવાથી વસ્તુની શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી શકે નહિ. આ રીતે વિચારીએ તો વધસ્તંભ પ્રભુ ઈસુ ખ્રિસ્તના પ્રતીક સમાન બની ખ્રિસ્તીજીવનમાં વણાઈ ગયો છે. તેથી જ ગળાની ચેઈનમાં કે હાથની અંગુઠી પર વધસ્તંભની આકૃતિ નિહાળીએ છીએ. ઘરની દિવાલ પર કે ટેબલ પર સુંદર કલાત્મક વધસ્તંભ ગોઠવવા પાછળ આ જ ભાવના કામ કરતી દેખાય છે. સ્કુટર ગાડી કે અન્ય વાહન પર, મકાનના મિનારા પર કે પુસ્તકના ઉઘડતા પૃષ્ઠ પર શોભતાં વધસ્તંભનું ચિત્ર પ્રભુ ઈસુનું મહાત્મય દર્શાવવાની એક સાદી છતાં આગવી રીત છે જે સારી ગણી શકાય. પરંતુ ખ્રિસ્તીધર્મમાં વધસ્તંભના પ્રતીક કરતાં પ્રભુ ઈસુનું મહાત્મય અગત્યનું છે. વધસ્તંભ કેવળ પ્રતીક નહિ એક નિશાન છે; નિશાન એટલે એંધાણીના સંકુચિત અર્થમાં ન સમજતાં નિશાન એટલે દિશા-મંજીલ-ધ્યેય-સ્થૂળ નહિ, સુક્ષ્મ દ્રષ્ટિથી જોનાર કવિઓએ અને લેખકોએ વધસ્તંભના મહિમામાં ઈસુનો મહિમા જોયો છે-વર્ણવ્યો છે અને મુક્ત કંઠે ગાયો છે.

"વધસ્તંભની વાટે" એ પુસ્તકના વિદ્વાન અને આધ્યાત્મિક લેખકની કલમ કાલવરીની ટેકરીનો ઉલ્લેખ ભલે કરી જતી હોય. પણ આત્મિક તાણાવાણાથી વણાયેલું એ પુસ્તક લાકડાંના થંભ કરતાં ઈસુ ખ્રિસ્ત તરફ નિર્દેશ કરે છે. ઈસુ ખ્રિસ્ત કહે છે કે "રસ્તો, સત્ય તથા જીવન હું છું" એ જ રસ્તો-એ જ માર્ગ- એજ વાટ આ પુસ્તકમાં વાંકીચૂંકી બની છેક સ્વર્ગના દ્વાર સુધી પહોંચી જાય છે, ધારીને નિહાળીએ તો કાલવારીની ટેકરીની પેલે પાર સુધી "વધસ્તંભની વાટ" વિસ્તરતી રહે છે.

"વધસ્તંભ પાસ આવું છું" એ ગીતના શબ્દો ક્યાંય સુધી પહોંચી જાય છે. લાકડાના વધસ્તંભ પાસે જવાની વાતનો અહીં કોઈ અણસાર નથી કાષ્ટના ઊભા લાકડાની સમીપતા શુ પ્રદાન કરી શકે? એ લાકડાની આકૃતિ-ચિત્રનો કયો મહિમા!!! આડા ઊભાં લાકડા પર ટીંગાયેલો ઉદ્ધારક ઈસુ જો નજરમાં ન સમાય, જો નજરે ન ચઢે તો વધસ્તંભનો મહિમા

ગાવાની રીતથી કોઈ સિધ્ધિ પ્રાપ્ત થઈ શકે નહિ- ગીતકર્તાને વધસ્તંભ નહિ પણ નિતરતા લોહીની ધારાઓ ભીંજવે છે ટપકતા રક્તનાં બૂંદ સ્પર્શ કરી જાય છે. એ વીધાયેલ શરીર શરીરનાં જખમો આશાનાં કિરણો પ્રગટાવી જાય છે. ત્યાં ગીતકર્તાને સાંત્વન મળે છે. શાંતિ મળે છે. અન્ય ક્યાંય નહિ. દુનિયાના કોઈ આરે કે કિનારે નહિ, કોઈ મિનારે નહિ, કોઈ દેશે કે દર્શને નહિ. પણ વધસ્તંભ પાસે દોરી જાય છે. પ્રભુ પાસે પહોંચી જાય છે. એ ચરણોમાં ઢળી પડે છે. અને હૃદય ગાવા માડે છે-

"ધરતીનો છેડો ઘર" કહીને ભલે સાહિત્યકારોએ ઘરનો મહિમા ગાયો હોય, પણ જ્યારે Hapy Home પણ માણસનો આશરો ન આપે ક્યાંય સુખ કે આશા ન દેખાય બધેથી નિરાશ અને હતાશ થઈ પાછો ફરે, ત્યારે મનમાં એ હૃદયમાં જીવનમાં ક્યાં દ્રષ્ટિ જાય? તે ક્યાં વિરામ શોધે ત્યારે ગીતકર્તા ગાઈ ઊઠે છે "વધસ્તંભ પાસ રાખ મને" પાછો પ્રશ્ન થાય છે. લાકડાના વધસ્તંભને પર જવાની ભાવના છે અહીં? જન્મથી મૃત્યુ સુધી વધસ્તંભને વળગીને બેસી રહીએ જીવન પૂરું કરી નાંખીએ તો શું તેનાથી લાભ? અહિં પણ ગીતકર્તા આડા ઊભા લાકડા પર નહિ પણ એ થંભ પર શાપિત મૃત્યુને વરેલા ઈસુના દર્શન કરે છે. ત્યાં દ્રષ્ટિ સમક્ષથી બધું જ સરી જાય છે. ભુલાઈ જાય છે. અને ગીતકર્તા માત્ર સ્થિર નયને નિહાળે છે રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુ ઈસુને. થંભે જડાયેલા, વીંધાયેલા ઈસુ બધું જ આપી શકે છે. એ જ શાંતિ આપે છે. આ જગતનાં દુઃખોમાં આધિવ્યાધિમાં નિરાશા હતાશામાં પણ અને કબરને પેલે પાર અનંતજીવનની ખાતરી પણ એ ઈસુ જ આપે છે. માટે ગીતકર્તાને વધસ્તંભ પર જડાયેલા ઈસુ પાસે જ રહેવું છે. એની સંગતમાં સાન્નિધ્યમાં સમક્ષતામાં.

યશાયા પ્રબોધક કહે છે. આવનાર મસીહ વિષે નિર્દેશ કરે છે તેનામાં લાવણ્ય નહોતું. રૂપ નહોતું છતાંએ ગીતકર્તા ગાય છે "વહાલો વધસ્તંભ વ્યોમે મનહર મધુરો લાગે" આ ધરતી પર આ ધરતીને ટેકે ઊભેલો વધસ્તંભ વ્યોમે અધ્ધર કઈ રીતે પહોંચી ગયા ત્યાં અટકી ગયો? ત્યાં ટકી ગયો? એ કાષ્ટના વધસ્તંભનો આધાર લઈ ગીતકર્તાએ પ્રભુ ઈસુનો નિર્દેશ કર્યો છે. પ્રભુ ઈસુ સંબંધી ઉલ્લેખ કર્યો છે. ઈસુને પ્રગટ કર્યો છે. યશાયા પ્રબોધકના વચન પ્રમાણે ઈસુમાં રૂપ નહોતું લાવણ્ય ન હતું તો ગીતકર્તાને મનહર મધુરો લાગ્યો ક્યાંથી? એ રૂપમાં કોઈ કામણ ન હતાં. તો એ દેહમાં મનોહરતા નયનરમ્યતા આવ્યાં કયાંથી? એ દેહનાં બલિદાન આહૂતિનું રૂપ-લાવણ્ય ગીતકર્તાએ અનુભવ્યું છે. ભાવવિભોર બની એ સુક્ષ્મ રૂપને ગીતકર્તા વ્યાપક અને ઊંચા આસમાનની ખુલ્લી ક્ષિતિજમાં બલ્કે ખુલ્લાં ફલકમાં નિહાળે છે. આ જગતમાં જ નહિ; પૃથ્વી પર જ નહિ પણ દૂર દૂર ધરતીના છેડે જ્યાં સુંદર સ્વર્ગ છે ત્યાં સુધી ગીતકર્તાનો દ્રષ્ટિ પહોંચી જાય છે. અને લહેરાતા થંભે ઈસુને જુએ છે એનો જયજયકાર ગાય છે. અને એ છે વધસ્તંભનો મહિમા-ઈસુનો મહિમા.

# સદોમ શહેરમાં લોતની નિષ્ફળતા

- પ્રો. રવિકાન્ત કાન્ત

પ્રાચીન કાળમાં ઈબ્રાહિમ અને લોતના સમયમાં સદોમ શહેર ઘણું આગળ પડતું અને ખ્યાતનામ હતું. ફળદ્રુપ પ્રદેશોમાં તે આવેલું હતું તેથી કુદરતી સંપત્તિથી ભરપૂર હતું. પૈસો કમાવો પ્રમાણમાં સહેલું હતું, અને તેથી મનોરંજન, મોજશોખ અને ઈશ્વરવિહોણા જીવનમાં લોકો મોજમઝા માણતા હતા. "ઓ જીવ, આરામ લે, ખા, પી, આનંદ કર" (લૂક ૧૨:૧૯) એ ફિલસુફીમાં લોકો રાચતા હતા.

આવા શહેરમાં લોત પોતાના કુટુંબ સાથે વસવા માટે જાય છે. બહું જલ્દીથી તે ત્યાં સ્થિર થઈ જાય છે. તેની પાસે પુષ્કળ સંપત્તિ હતી તેથી તે શહેરના વેપાર ધંધામાં ઝંપલાવવામાં તેને ખાસ મુશ્કેલી પડી નહીં હોય.

ઈશ્વર વિહોણા જીવનને કારણે લોકમાં ભ્રષ્ટતા અને ભૂંડાઈવધતા જતા હતા. આવા ભૂંડાઈથી ભરેલા વાતાવરણમાં લોતનો જીવ ગુંગળાતો હતો.

જીવંત ઈશ્વરનું દર્શન પામેલ અને ઈશ્વર સાથે અતિ નિકટનો મિત્ર જેવો જીવંત સંબંધ ધરાવનાર તેના કાકા ઈબ્રાહિમ સાથે ઘણા વર્ષોની સંગતમાં લોત ઉછર્યો હતો. તેથી ઉત્પન્ન કર્તા ઈશ્વરની અંગત ઓળખ તેને હતી. ઈશ્વરના ભયમાં લોત જીવ્યો હતો. સદોમ શહેરમાં લોત વસતો હતો. તે સમય માટે પવિત્ર બાઈબલ સાક્ષી આપે છે કે "તે ન્યાયી માણસ તેઓની સાથે રહેતો હતો. ત્યારે તેઓના દુષ્ટ કૃત્યો જોઈને તથા સાંભળીને તે પોતાના ન્યાયી આત્મામાં નિત્ય ખિન્ન થતો હતો." (૨ પિતર ૨:૮)

લોતના સદોમ શહેરમાં વસવા દ્વારા એ શહેરના અતિ દુષ્ટ પાપી લોકો સમક્ષ ઈશ્વર માટેની સાક્ષી રજૂ કરવામાં આવી. લોત એ શહેરના લોકોના પાપી જીવનમાં ભાગીદાર થતો નથી. ઊલટું તે ખિન્ન થતો હતો. તેને ત્યાં ઈશ્વરમય જીવન જીવવું ઘણું કઠણ લાગતું હશે.

આપણે જેઓ શહેરમાં વસી છીએ, આપણા શહેરો પ્રત્યે આપણી મોટી જવાબદારી છે. ઈશ્વર આપણી પાસેથી અપેક્ષા રાખે છે કે આપણે આપણા જીવન દ્વારા અને શબ્દો દ્વારા શહેરમાં વસતા લોકો સમક્ષ ઈશ્વર માટે અસરકારક સાક્ષી રજૂ કરી. તેઓનાં પાપોમાં સૂર ન પુરાવીએ કે કોઈપણ રીતે તેમાં ભાગીદાર ન થઈએ. પછી ભલે તે માટે ગમે તેટલું સહન કરવું પડે. વળી ઈશ્વર જે કાંઈ તક આપણી સમક્ષ પૂરી પાડે તેનો પૂરો ઉપયોગ કરી પ્રભુ ઈસુના લોહીમાં પાપોની માફી છે, આત્માનો ઉધ્ધાર છે, એ વાત રજૂ કર્યા કરી. આપણાં દિવસોમાં ખ્રિસ્તની વાત પ્રગટ કરવી તે લોતના સમય કરતાં ઘણું સરળ છે. શહેરોમાં સાક્ષર વર્ગ મોટા પ્રમાણમાં છે. આધુનિક છાપખાનાની મદદથી સુવાર્તાનું સાહિત્ય વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે, જે બહું સહેલાઈથી આપણે લોકોના હાથોમાં મૂકી શકીએ છીએ. ઈશ્વરે તેઓ સમક્ષ સાક્ષીરૂપ થવા તથા ખ્રિસ્તની સુવાર્તા પ્રગટ કરવા અર્થે જ આપણને શહેરમાં વસાવ્યા છે.

લોત પોતે ન્યાયી જીવન જીવ્યો, તેમ છતાં સદોમ શહેરના ઉદ્ધાર માટે તે ઉપયોગી બની શક્યો નહીં. ઈબ્રાહિમની પ્રાર્થનાના જવાબમાં જો માત્ર દશ ન્યાયી વ્યક્તિઓ સદોમ શહેરમાં મળી આવે તો પણ ઈશ્વરપિતા તે શહેરના નાગરિકો પર કોપ રેડાતો અટકાવી દેત. લોતના અંગત જીવનમાં પાપને સ્થાન નહોતું. લોકોના પાપ જોઈ તે આત્મામાં દુઃખી થતો હતો. છતાં ઈશ્વરને માટે આત્માઓ જીતવામાં તે નિષ્ફળ ગયો. અન્યને તે ઈશ્વરી દ્રષ્ટિમાં સદોમ શહરેના લોકોના ઉધ્ધાર માટે 'સ્વામીને ઉપયોગી પાત્ર' તે બની શક્યો નહિ. તે માત્ર "બળતામાંથી ખેંચી કાઢેલા ખોયણા જેવો" બનીને રહ્યો (આમોસ ૪:૧૧)

લોત શ્રીમંત હતો. શહેરમાં તે આગેવાન વ્યક્તિ હશે કારણ કે ઉત્પ. ૧૯માં લોતને સદોમ શહેરનાં મુખ્ય પ્રવેશદ્વાર આગળ બિરાજમાન જોઈએ છીએ. પરોણાગતમાં તેને ઉત્સાહી જોઈએ છીએ. છતાં શું લોતે સુવાર્તા કાર્ય માટે પોતાના નાણાં અને પોતાની જાતને સંપૂર્ણ સમર્પિત કર્યા નહિ હોય? વિશ્વાસી હોવા છતાં દશાંશથી વિશેષ આપવાને બદલે દશાંશથી પણ ઓછું આપીને ઠાલો સંતોષ માની લીધો હશે? લોકોની સાથે અંગત વાતચીતમાં આત્માના ઉધ્ધારની વાત કહેવામાં સંકોચ અનુભવતો હશે? પ્રેકૃ. ૩:૧૫,૧૬માં જણાવ્યા પ્રમાણે "હૂંફાળું" જીવન જીવતો હશે?

વિનાશકાળ નજદીક આવી પહોંચ્યો, અને બચાવની કોઈ આશા નહોતી ત્યારે તેના થોડા કલાક અગાઉ તે દોડે છે, ખબર આપવા કે વિનાશ પાસે છે બચી જાવ. પણ કોઈ તેનું સાંભળતું નથી, તેના જમાઈ થનાર જુવાનો પણ તેનું સાંભળતાં નથી. એક પણ આત્મા તે બચાવી શક્યો નહીં! તેની પત્ની પણ ઈશ્વરની આધીનતામાં જીવવા પૂરી રીતે કેળવાયેલી નહિ હોય તે છેલ્લો બચાવ થયો પણ આખરે નાશમાં સરી ગઈ!

આત્માઓને ખ્રિસ્તને ખાતર જીતવા માટે શું આપણે ગંભીર છીએ? આપણે પોતે શું ન્યાયી જીવન જીવીએ છીએ? "જે માણસ દુષ્ટોની સલાહ પ્રમાણે ચાલતો નથી, જે પાપીઓના માર્ગમાં ઊભો રહેતો નથી, અને જે નિંદાખોરોની સાથે બેસતો નથી, તેને ધન્ય છે" (ગી.શા. ૧:૧)! શત્રુ શેતાન સામાન્ય રીતે વિશ્વાસીઓ ઉપર શારીરિક નુકસાન કરતા કે નાણાંકીય નુકસાન કરતા હુમલાઓ નથી કરાવતો, પણ "હૂંફાળા" જીવનમાં લઈ જવા માટે ચાલાકી ભર્યા પ્રલોભનો લાવે છે, સલાહસૂચનો અને મિત્રતા લાવે છે. આ સમયે પ્રભુ ઈસુ ખ્રિસ્તનું લોહી આપણને રક્ષણ આપે છે; અને દરરોજ પ્રભુ ઈસુના ચરણોમાં એકાંતમાં ગાળેલો સમય આપણને વિશ્વાસની લડાઈમાં મંદ પડતો અટકાવે છે, અને પ્રભુની ઈચ્છાના કેન્દ્રમાં રાખે છે. ત્યાતે તો "ઉત્તમ કાર્યને માટે પવિત્ર કરેલું; સ્વામીને ઉપયોગી તથા સર્વ સારાં કામને માટે તૈયાર કરેલું પાત્ર" (૨ તિમો. ૨:૨) ઠરીએ છીએ ત્યારેજ આપણામાં અને આપણા દ્વારા ઈશ્વરની ઈચ્છા પૂર્ણ થાય છે કે, "કોઈનો નાશ ન થાય પણ સઘળાં પશ્ચાતાપ કરે" (૨ પિતર ૩:૯) અને એમ અનંતકાળિક શિક્ષામાંથી બચી જાય. વિશ્વાસુ તથા બુધ્ધિમાન ચાકર કોણ છે? જે ચાકરને તેનો ધણી આવીને એમ કરતો (ઈશ્વરની ઈચ્છા પૂર્ણ કરતો) તેણે તેને ધન્ય છે (માથ્થી ૨૪:૪૫,૪૬)

# 'બદલાણ'

*- મિનલ લિંકન ક્રિશ્ચિયન*

સુદેશના હ્રદય પર જાણે વ્રજઘાત થયો. મસ્તક પર હજારો હથોડાનો એક સાથે પ્રહાર થતો હોય તેમ તે અનુભવી રહ્યો. ખુશીના વાતાવરણમાંથી જાણે ઉદાસીના વાદળ હેઠળ આવી ગયો. સામે પડેલાં તેના પ્રિય સમોસા પર દ્રષ્ટિ પણ તે ફેરવી ન શક્યો એટલો તો તે વિચારોમાં ખોવાયેલો હતો.

"હલ્લો સુદેશ! હાઈ! શું ચાલે છે યાર? આજે તો સરસ કાર્યક્રમ બનાવ્યો છે. અહીંથી અંગ્રેજી ફિલ્મ જોવા જઈશું અને ફિલ્મ જોયા પછી ખાણી-પાણી તો ખરી જ, ચાલ તૈયાર થઈ જા" વાતાવરણમાં ફેલાયેલી શાંતિનો સંહાર કરતો હોય તેમ અચાનક જ સુજિત આવ્યો અને વાદળની જેમ ગર્જી પડ્યો.

'ઓહ નો!આજે નહિ. ફરી કોઈ વખત. આજે તમે લોકો જઈ આવો મારી તબિયત ઠીક નથી' સુદેસે કંઈક અણગમાથી કહ્યું.

'અરે યાર! તારા વગરતો કાંઈ મઝા આવતી હોય! ચાલ જલ્દી કર.'

'સુજિત, મહેરબાની કરીને મને હેરાન ના કર. તમે લોકો જઈ આવો' કંઈક અંશે નમ્રતા અને અણગમાના સ્વરમાં સુદેશ બોલ્યો.

'અચ્છા, બાય. કાલે મળીશું. માલાના ઘરે માલાની બર્થે ડે તો યાદ છે? આવજે ત્યારે' સુજિતે વિદાય થતાં કહ્યું. સુજિતને લાગ્યુ કે સુદેશની તબિયત ખરેખર ઠીક નથી લાગતી. નહિ તો અંગ્રેજી ફિલ્મનું નામ પડતાં જ બધી વાત બાજુ પર મૂકીને તૈયાર થઈ જાય.

બીજા દિવસે માલાની "બર્થ ડે પાર્ટી "માં સુદેશની ગેરહાજરી બધાનું ધ્યાન ખેંચતી હતી. પાનના ગલ્લા પર પણ સુદેશ વગર પાનાવાળા ભૈયા ને સુનું સુનું લાગતું હતું. ગલ્લા પર ભેગા થયેલા જુવાનોને સુદેશની હલકી કક્ષાની મજાક સાંભળ્યા વગર પાન ચાવવાની મઝા નહોતી આવતી.

હોસ્ટેલના દાદા ગણાતા સુદેશને આ શું થઈ ગયું? આ એ જ સુદેશ છે કે જે 'રેગીંગ' કરવામાં 'નંબર વન' ગણાય છે. અરે, હોસ્ટેલના ગૃહપતિ સુધ્ધાં તેની સામે આંખ માંડીને વાત નથી કરી શકતાં. તે સુદેશ હવે રૂમમાંથી નીચું મોં રાખી કોલેજ જાય છે. અને કોલેજથી સીધો હોસ્ટેલ પર આવી જાય છે. છાયા, માલા, માલતીને પણ મળતો નથી. બે દિવસથી કોઈએ તેના હાથમાં સિગારેટનું ઠુંઠુ સુધ્ધાં નથી જોયું. જમવા માટે પણ તે નીચે નથી આવતો. થાળી ઉપર મંગાવી લે છે. રાત્રે જમ્યા બાદ હસી, મજાક, ગપ્પા મારવા માટે પ્રસિધ્ધ થયેલો સુદેશ ભૂલમાં પણ તેના મોં પર હાસ્ય ફરકવા નથી દેતો.

આનું કારણ તો ફક્ત સુદેશ જ જાણે છે. ગયા વર્ષના તેના 'રૂમ પાર્ટનર' જીમીને તેને જરૂર વર્તાતી હતી. બિચારો જીમ! પાંચ નંબરના રૂમમાં તે સિનિયર હતો પરંતુ સુદેશના આગમને તેની સિનિયોરીટી છીનવી લીધી. જીમ ખ્રિસ્તને ઓળખનાર હતો. ખ્રિસ્તી માતાપિતાનું એકમાત્ર સંતાન હતો. માતાપિતાએ નાનપણથી જ જીમને ખ્રિસ્તના ભયમાં ઉછેર્યો હતો. જ્યારે તેને છાત્રાલયમાં રહેવા જવાનું થયું ત્યારે સામાન તૈયાર કરતી વખતે પહેલા તેણે પવિત્રશાસ્ત્ર અને ભજનસંગ્રહ પેટીમાં મૂક્યાં હતાં. આવો યુવાન હોસ્ટેલમાં પણ પ્રભુને ભૂલ્યો નહિ. બધાં શું કહેશે, શું ધારશે તેવું વિચારવાને બદલે તે સવારે નહાઈ ને તૈયાર થયા બાદ પ્રભુની સંગત માણતો અને ત્યાર પછી જ ચ્હા-નાસ્તો કરતો.

પરંતુ સુદેશના આવ્યા બાદ તેના શાંત મનનના સમયમાં રૂમમાં ઘોઘાંટ, અવાજ થલો શરૂ થઈ ગયો હતો. કોઈને કોઈ રીતે સુદેશ જીમને હેરાન કરવાની તક શોધતો રહેતો. જીમ બહાર ઝાડ નીચે બાઈબલ વાંચવા જતો, તો સુદેશ ત્યાં પણ તેને છોડતો નહિ. પરંતુ, જીમ કોનું નામ લે? તે તો સહનશીલતા, પ્રેમની મૂર્તિ સમાન હતો. સુદેશને ધમકાવવાને બદલે તે તેને પ્રભુનાં વચનો સંભળાવવા પ્રયત્ન કરતો.

એક દિવસની વાત. એ દિવસે રવિવાર હતો. જીમે કંઈક ઉત્સાહથી સુદેશને પ્રભુમંદિરમાં આવવાનું આમંત્રણ આપ્યું તું. પરંતુ, જીમને અણધારી આફતનો સામનો કરવો પડ્યો.

તું શું સમજે છે તારા મનમાં? શું હું બુઠ્ઠો થઈ ગયો છું કે તારી સાથે પ્રભુમંદિરમાં આવું? મારી ઉંમર ભજન કરવા જેવી લાગે છે તને? ચાલ, અહીં બેસી જા તું, તારે કઈ નથી જવાનું! એમ કહીને સુદેશ રૂમને બહારથી તાળું મારી બહાર ચાલ્યો ગયો હતો. છતાં જીમે રૂમમાં બેસીને બાઈબલ વાંચન તથા સુદેશને માટે પ્રાર્થના કરી હતી.

આખરે જીમનો અભ્યાસ પૂરો થઈ ગયો અને છાત્રાલય છોડીને જવાની ઘડી પણ આવી ગઈ. છાત્રાલય છોડીને જતી વખતે સુદેશને ભેટી જીમ રડી પડ્યો. વિદાયની વસમી પળને બદલે પોતે સુદેશને પ્રભુની ગમ લાવવામાં નિષ્ફળ નીવડ્યો, એના એ આસું હતા. વિદાયની ભેટ તરીકે જીમે સુદેશને પોતાનું બાઈબલ આપ્યું. બાઈબલ લેવાની બિલકુલ ઈચ્છા ન હતી પરંતુ જીમનું મન રાખવા અને યાદગીરી અર્થે તેણે એ સ્વીકારી લીધી.

એપ્રિલ મહિનાની એ સાંજે સુદેશ નદીકિનારે મિત્રો સાથે ઊભો હતો. એ દિવસે કોલેજે જવાનું માંડી વાળીને સુદેશની મિત્રમંડળીએ 'પીકનીક' નો કાર્યક્રમ ગોઠવ્યો હતો. સહુ મિત્રો નદીના નીર માં મઝા માણતા હતા. ત્યાં અચાનક જ એક મિત્રની મદદ માંગતી બૂમો સંભળાઈ અને સહુ એ તરફ જાય એ પહેલા નદીના ઘૂમરી વાળા પાણીમાં તે જાણે ખોવાઈ ગયો. મિત્રના મૃત્યુના એ પ્રસંગને સુદેશ ભૂલી ન શકયો. આમ સાવ અચાનક બનેલા આ મૃત્યુના પ્રસંગે સુદેશને કંઈક બેચેન બનાવી મૂક્યો. મિત્રની અંતિમવિધીમાં

ભાગ લીધા પછી હોસ્ટેલ આવીને તે પથારીમાં પડ્યો. છત ભણી જોતાં તે કંઈક વિચારી રહ્યો. વિચારોને ભૂલવા તેણે કોઈ નવલકથા શોધવા જ્યારે તેણે છાજલી પર નજર ફેરવી ત્યારે ખૂણામાં એક બાજુ પર પડી રહેતું ધૂળ ખાતું બાઈબલ તેની નજરે પડ્યું. જીમની એ વિદાયભેટ વાપરવાનું તેણે વિચાર્યું. બાઈબલ લઈને સુદેશ આમતેમ પાના ફેરવતો હતો તે દરમ્યાન અચાનક જ તેની નજર માથ્થીના ત્રીજા અધ્યાય પર પડી. અને તેની દશમી તથા બારમી કલમે તેનું વિશેષ ધ્યાન ખેંચ્યું.

'અને હમણાં જ ઝાડોની જડ પર કૂહાડો મુકાયો છે; માટે દરેક જાડ જે સારું ફળ નથી આપતું તે કપાય છે, અને અગ્નિમાં નંખાય છે.' માથ્થી ૩:૧૦

'તેનું સૂપડું તેનાં હાથમાં છે, ને તે પોતાની ખળીને પૂરેપૂરી સાફ કરશે, ને પોતાના ઘઉં ભંડારમાં ભરશે, પણ ભુંસુ ન હોલવનાર અગ્નિમાં તે બાળી નાંખશે.' માથ્થી ૩:૧૨

'ઓહ, આ વાત સત્ય હશે તો મારું શું થશે. મારું જીવન એક લુંટારા કરતાં પણ સારું નથી. અરે, ખૂની પણ મારા કરતાં સારું વર્તન દાખવતો હશે. હવે મારું શું થશે? શું મારે ઘઉંમાંના ભૂંસાની જેમ અગ્નિમાં નંખાવુ પડશે. શું હું નકામા ઝાડને, બદલે સારા ફળ આપતું ઝાડ ન બની શકું?' સુદેશના મનમાં એક સાથે આટલા બધા વિચારો ને પ્રશ્નો ઉદ્ભવ્યા.

અને તેના મગજમાં બેન્કીને મળવા જવાનો વિચાર સ્ફુરી આવ્યો. આખી હોસ્ટેલમાં બેન્કી જ તો હવે એક માત્ર ખ્રિસ્તી છોકરો હતો. બેન્કીને મળવા સુદેશ તેની રૂમ પર ગયો. મિત્રો સાથે બેસીને ગપાટા મારી રહેલો બેન્કી સુદેશને જોતાંવેંત જ બોલતો બંધ થઈ ગયો. 'ગોડફાધર' જેવા સુદેશને સામેથી મળવા આવેલો જોઈ કંઈક મૂંઝવણ તેણે અનુભવી. સુદેશે પોતે ખ્રિસ્ત વિષે વધું જાણવા માગે છે. તેમ જણાવ્યું. પરંતુ બેન્કી ખ્રિસ્તી હોવા છતાં ખ્રિસ્તી વિષે કાંઈ જાણતો ન હતો. તેણે જણાવ્યું કે તે ફક્ત ખ્રિસ્તી માબાપનું સંતાન હતો એટલેજ ખ્રિસ્તી છે. બાકી બાઈબલ તો તે વાંચતો જ નથી. નાનપણમાં મા-બાપના ભયથી સાબ્બાથ શાળામાં જતો હતો એટલું જ પરંતુ પછી તો પ્રભુમંદિરમાં જવાને બદલે સામે આવેલા પાનના ગલ્લા પર તે ઊભો રહેતો હતો.

સુદેશ નિરાશ ન થયો. હોસ્ટેલની નજીક આવેલું પ્રભુમંદિર કે જ્યાં જીમ પ્રાર્થના કરવા જતો ત્યાં સુદેશ આજે એકલો નીકળી પડ્યો. ત્યાંના પાળક સાહેબે સુદેશને ખ્રિસ્ત સંબંધી વાતો કર્યા બાદ સુદેશે બાપ્તિસ્મા લેવાનો નિર્ણય કર્યો.

બાપ્તિસ્માના બે દિવસ પહેલા સુદેશને જીમ સાંભરી આવ્યો. આ બધું જીમની એ અણમોલ ભેટ 'બાઈબલ'ના લીધે જ તો બન્યું હતું. ડાયરીમાંથી જીમનું સરનામું શોધી તે જીમના ઘરે જવા નીકળ્યો. કારણ આ પ્રસંગે જીમ ખાસ હાજર રહે તેવી તેની ઈચ્છા હતી.

જીમના ઘરે પહોંચ્યા બાદ સુદેશે 'ડોરબેલ' વગાડી. પા મિનિટમાં લગભગ પંચાવન વર્ષની વયના આધેડ માણસે દરવાજો કોલ્યો.

'હલ્લો અંકલ! હું સુદેશ! જીમનો મિત્ર.' સુદેશે હસીને કહ્યું.

'આવ બેટા, બેસ ' જીમનું નામ પડતાંની સાથે આધેડ વયનો માણસ કે જે જીમના પિતા હતા તેમની આંખોના ખૂણે અશ્રુ ડોકાઈ આવ્યાં. પરંતુ તેમણે મન પર કાબુ મેળવી લીધો.

પાણી પીધા બાદ સુદેશે જીમ વિષે પૃચ્છા કરી. જીમના પિતા લગભગ રડી પડ્યા.

'બેટા જીમ તો ચાલ્યો ગયો. તે તો તેના સદાકાળના વિશ્રામે તેના સ્વર્ગીય પિતાની ગોદમાં ચાલ્યો ગયો. આપણાથી દૂર...દૂર જતો રહ્યો' જીમના પિતાથી એક ડૂસકું નીકળી ગયું અને પછી તે પોતાના હૃદય, મન પર કાબુ રાખી ન શક્યા.

'સુદેશ બેટા, અંત સુધી તે તારા માટે ખ્રિસ્ત પાસે પ્રાર્થના કર્યા કરતો હતો. આપણને મૂકીને તે ચાલ્યો ગયો.'

સુદેશ શું કરવું શું ન કરવું તેની મૂંઝવણમાં મૂકાઈ ગયો. જીમના પિતાને તે કેવી રીતે આશ્વાસન આપે જ્યાં તે જ પોતે ભાંગી પડ્યો હતો. પોતાના બાપ્તિસ્માની વિધી જીમ નિહાળશે તો તેના હૃદયને કેટલો બધો આનંદ થશે એમ વિચારી તે અહીં આવ્યો હતો્ ને ત્યાં આવા સમાચાર જાણવા મળ્યા.

'બેટા સુદેશ તું દુઃખી ન થા. જીમ ભલે આ દુનિયામાં નથી રહ્યો. તે પ્રભુની પાસે ગયો છે અને ત્યાંથી બેઠો બેઠો તે તારી બાપ્તિસ્મા વિધિમાં ભાગ લેશે. આપણે બધાં એક દિવસે તો જરૂર મળીશું જ ને!' ભાંગી પડેલા સુદેશને આશ્વાસન આપતાં પોતાના દિલ પર કાબુ મેળવી લેતા જીમના વૃધ્ધ પિતા બોલ્યાં અને સુદેશ તથા તે એકબીજાને ભેટી પડી મન મૂકીને રડી રહ્યા. જીમની તસ્વીર જાણે મંદ મંદ હસી રહી.

## 'અદ્‌ભુત પ્રેમ'

*- શ્રી ક્લેમેન્ટ છોટાલાલ ક્રિશ્ચિયન*

જેવો છું તેવો આવું, ધો મને કે ઉજળો થાઉં
તુજ ગમ પ્રેમથી હું આવું , પ્રીતિનાં ગીતો ગાઉં. ૧

*ટેક : તું છે જગતનો સૃજનાર, પાપીનો છે તારણહાર,*
*દીન દુઃખી અને લાચાર, સૌને આપે તું આધાર*

અગણિત છે ઉપકારો, પાડ ન માન્યો મેં તારો,
સુણી પ્રભુ તારી વાત, મુજ પર પાડ તારો પ્રકાશ. ૨
ભટકેલો છું હું પાપી, તારી આજ્ઞા ઉથાપી,
અપરાધી હું છું તારો, ઉદ્ધાર કર પ્રભુ મારો. ૩
ધન્ય હો મારા ખ્રિસ્તને, બચાવ્યો છે તેં મને,
દોરો જ્યાં ત્યાં હું આવું, તુજ પગલે પગ હું માડું. ૪

# આપઘાત

*- રેવ. ચંદ્રકાન્ત ડી. પથિક*

આપઘાત એ આઘાત લગાડે એવો શબ્દ છે અને હૃદયને ઘાત પહોંચાડે એવો બનાવ છે. જીવનને કવેળા, તાત્કાલિક અને આકસ્મિક રીતે સંકેલી લેવાનું એ ગોઝારૂં કૃત્ય છે. ઈશ્વરની યોજના સામેનું એ બંડખોર કૃત્ય છે. અને માનવ સમાજ સામેનું એ અઘોર કૃત્ય છે. જો કે ભારતીય ફોજદારી ધારામાં આ એક જ ગુનો એવો છે જે પૂર્ણ થાય તો તે અંગે કોઈ સજા નથી, પણ અપૂર્ણ રહે તો સજાની જોગવાઈ છે.

આપઘાતને ઓવારે આવેલ વ્યક્તિ એવી લાગણી સેવે છે કે એના તમામ પ્રયત્નો નાકામયાબ ગયા છે. એના માટે હવે જીવન જીવવાનો કોઈ હેતુ નથી. જીવનનું કોઈ મૂલ્ય પણ નથી. આવા સંજોગોમાં ભવિષ્યની આશા તો હોય જ ક્યાંથી ? આપઘાતને કિનારે ઉભેલો માનવી એમ જ માને છે કે હવે પરિસ્થિતિ કાબૂ બહાર જતી રહી છે, કોઈ સુધારા માટે અવકાશ છે જ નહિ. જો એ પ્રમાણે હોય તો જીવનને દુઃખ, નિરાશા, હતાશાની પરાકાષ્ઠા સુધી પહોંચાડવાની જરૂર શી ? હવે તેને માટે જીવન ભારરૂપ બને છે અને આપમેળે તેને આટોપી લીધા સિવાય બજો કોઈ વિકલ્પ દેખાતો નથી.

આપઘાત તરફ આગળ ધપતો માનવી નિરાશાનો ભોગ બને છે, અને લાગણીઓનો શિકાર બને છે. આ અને આવી કેટલીયે બાબતોને તેના પર સવાર થઈ જાય છે. અને છેવટે તેને આપઘાતના અંધારા કૂવામાં ધકેલી મૂકે છે. ભભૂકતો ક્રોધ, કોરી ખાતી અદેખાઈ, ગભરાટ, ગુનાહિત માનસ, સ્વદયા, લઘુતાગ્રંથિ, જાતિય આવેગ, માદક પીણાની ગુલામી, પ્રેમ પરીક્ષા ને નોકરી મેળવવામાં મળેલ સરિયામ નિષ્ફળતા વગેરે કેટલાય પરિબળો આત્મહત્યાના ભીતરમાં છુપાયેલા જોવા મળે છે. ખરેખર તો આ અપકૃત્ય કરવાની શરૂઆત તો ક્યારનીયે થઈ ગઈ હોય છે. કેટલાક કિસ્સાઓમાં તો તે બાલ્યાવસ્થા માંથી જ પાંગરી હોય છે. વર્ષો પછી આ વાત પરિપકવ બની 'આપઘાત'ના વાસ્તવિક કૃત્યમાં પરિણમે છે.

જગતના લોકો અને ખ્રિસ્તી સમાજ પાસે પણ અનેકવિધ પ્રશ્નો છે અને સમસ્યાઓ છે. જો એનો યથા સમય ઉકેલ શોધવામાં ન આવે તો સમાજ રાષ્ટ્ર અને ઈશ્વરની સામે પડેલ પરિબળો જેવા કે આપઘાત, અત્યાચાર, ખૂન, લૂંટફાટ, બળાત્કાર વગેરે પૂરજોશમાં વધતા જાય.

દરેક વર્ગના સમુહો માટે પ્રશ્નો છે. યુવાનીના ઉંબરે ઉભેલાો અનેક સમસ્યાઓથી ઘેરાયેલા છે. અભ્યાસ, પરીક્ષા, ભાવિ કારકિર્દી, નોકરી, લગ્ન અંગેની પસંદગી વગેરે બાબતોમાં તેમને માર્ગદર્શનની જરૂર પડે છે. પરણીત યુગલો માટેના પ્રશ્નો પણ નાનાસૂના તો નથી જ. જો યોગ્ય રીતે એમના પ્રશ્નોનું નિરાકરણ ન થાય તો પતિ-પત્ની વચ્ચે મનમેળ તૂટે, મતભેદ વધતો જાય અને લગ્નજીવનના સુવર્ણ સ્વપ્નો સેવતા યુગલો, 'લગ્ન-વિચ્છેદ' માટે અદાલતના દરવાજા ખખડાવે. ક્યારેક એવું પણ બને કે બેમાંની એક વ્યક્તિ અથવા બન્ને અદાલતનો નિર્ણય લઈ લે અને સદાને માટે અલગ બની જાય.

માત-પિતા તરફથી સેવાતી નિષ્કાળજી બાળકોને નિરાધાર પરિસ્થિતિમાં મૂકી દે છે.

પ્રેમ અને કાળજી વિહોણાં બાળકો ખોટા દબાણ, બીક અને તિરસ્કૃત, વલણોને લીધે માનસિક વિકૃતિ ધારણ કરે છે અને જાણે-અજાણે આત્મહત્યાથી જીવનનો અંત લાવે છે. નિવૃત્તિ આપત્તિરૂપ બની જાય છે. વળી કૌટુંબિક પ્રેમના અભાવે ક્યારે તેણે પોતે બાંધેલ મકાનમાં તે 'ઘરડાના ઘર'માં રહેતો હોય તેવી અવસ્થામાં સમય પસાર કરે છે. શારીરિક માંદગી, એકલતા, પ્રવૃત્તિ વિહોણું જીવન અને તેના પ્રત્યે સેવાતી નિષ્કાળજી ક્યારેક વ્યક્તિને આત્મહત્યા સુધી ખેંચી જાય છે. ૧૯૮૮ના વર્ષમાં લેખકે એવી કેટલીક વ્યક્તિઓની દફન ક્રિયામાં હાજરી આપી કે જેમણે અધૂરાં અરમાનો સાથે જીવનોને સંકેલી લીધાં.

માનવજીવનમાં ઈશ્વરની ગેરહાજરી તેને માટે માનવ-સમુદાય ને સુખ-સગવડભર્યા જીવન મધ્યે પણ નર્યો શૂન્યાવકાશ સર્જે છે, અને આ સંજોગોમાં વ્યક્તિ એકાંતનો ગેરલાભ ઉઠાવી 'આપઘાત' દ્વારા આ અવનિ પરથી અકાળે 'અલવિદા' લઈ લે છે.

આપઘાતના કિસ્સાઓને અટકાવવા પ્રભુ ઈસુ ખ્રિસ્તની સુવાર્તા એ એક જ સાચો માર્ગ છે. ઈસુ ખ્રિસ્ત દ્વારા પ્રાપ્ત થતું શાશ્વત જીવન, પાપની ક્ષમા, શાંતિ અને આનંદ એ સુવાર્તાનું હાર્દ છે. સુવાર્તા એ ''શાંતિનો માર્ગ'', ''જીવનનો માર્ગ', ''રાજાનો માર્ગ'', અને ''સલામતીનો માર્ગ'' છે. પ્રભુ ઈસુના અંગત અનુભવ દ્વારા નવા સંબંધની શરૂઆત થાય છે. આ નવું જીવન વ્યક્તિને પાપોની માફી આપે છે, ગુનાહિત વલણમાંથી મુક્તિ બક્ષે છે, એટલું જ નહિ પણ વ્યક્તિને સારૂ જીવન જીવવાની આશા તરફ દોરી જાય છે.

આપઘાત અને સમાજના અનેકવિધ અત્યાચારોના રાક્ષસને ડામવાનું કાર્ય ઈશ્વરે ખ્રિસ્તી વ્યક્તિ અને મંડળીને સોંપેલું છે. સમસ્યા અને વિકટ પ્રશ્નોથી ભરપૂર એવા જગત સમક્ષ 'જીવંત ખ્રિસ્ત' અને 'જીવંત વચન'દ્વારા તે ક્રાંતિકારી પરિવર્તન લાવી શકે છે.

મંડળી આ દિશામાં ચોક્કસ આયોજન પણ કરી શકે એમ છે. સારા શિક્ષણ-પ્રયોગો, ચર્ચા-વિચારણા, મુલાકાત , માર્ગદર્શન અન સાહિત્ય દ્વારા તે નાશમાં જતા આત્માઓને ઉગારી શકે છે. પ્રભુનાં જીવંત વચનની કોઈ એક કલમ રેલપાટા પર, ધોરીમાર્ગ પર કે બંધ ઓરડીમાં આત્મહત્યાની તૈયારી કરનાર અશાંત, અભાગી, નાસીપાસ અને નિષ્ફળ બનેલ માનવીને અટકાવે છે, અને ઈસુ ખ્રિસ્ત દ્વારા મળતી શાંતિ, આશા, આનંદના કિરણો રેલાવે છે. આપઘાત માટે પંકાયેલા સ્થળો જેવા કે જળાશય નદી કિનારા, રેલ્વે ફાટક, ધોરી માર્ગ વગેરે જોખમી જગ્યાઓ આગળ બાઈબલની કલમો માનવજીવનમાં આશાનો સંચાર કરે છે અને આપઘાતના અપકૃત્ય સામે લાલબત્તી ધરે છે.

મંડળી કે સુવાર્તિક જુથો શહેર મધ્યે ટેલિફોન વ્યવસ્થા કરીને સતત કાઉન્સેલીંગના કાર્યમાં જોડાઈ શકે. જીવનથી કંટાળેલ અને અનેક પ્રશ્નોમાં ગૂંચવાયેલ વ્યક્તિ આપઘાતને ઓવારે આવીને ઊભો હોય ત્યારે આવી ટેલીફોન વ્યવસ્થા તેને માટે આશ્વાસન, આશિષ અને મદદનું કારણ બની શકે.

ચાલો, આપણે સૌ સાથે મળી 'આપઘાત'નાં આ અધમ કૃત્યને વખોડી કાઢીએ, ''આત્મહત્યાના'' રાક્ષસને ડામી દઈએ અને અશાંત, અસલામત અને પ્રેમની ઝંખના કરતા માનવને શાંતિ, સલામતિ અને દૈવી પ્રેમનો સંદેશ પાઠવીએ.

# કૃપામય જીવનસંધ્યા

*- શ્રીમતી જયવંતીબહેન. જે. ચૌહાન*

એક વિચારકે માનવી જીવનની ઘડિયાળનાં વર્ષો અને સમય આ પ્રમાણે વહેંચ્યાં છે. જીવનનાં પ્રથમ ૧૫ વર્ષ એટલે સવારના ૧૦:૧૫ થયા ગણાય. ૨૫ વર્ષ એટલે બપોરના ૧૨:૪૨, ૩૫ વર્ષ સાંજના ૩, ૪૫ વર્ષ સાંજના ૫:૧૬, ૫૫ વર્ષ ૭:૩૮, ૬૫ વર્ષ એટલે રાતના ૯:૫૫, અને ૭૦ વર્ષ એટલે રાત્રિના ૧૧:૦૦ ઘડિયાળના કાંટા જેવો પ્રત્યે દિવસ આગળ વધે છે, ને વર્ષો વીતતાં જાય છે. માનવી જીવન બાલ્યાવસ્થાથી શરૂ થઈ જુવાનીમાં અને તે પછી જીવનની ઢળતી સંધ્યામાં સરી પડે છે. ઈશ્વરપિતાને અર્પિત જીવનના બધા તબક્કાઓમાં આશીર્વાદોથી છલકાતું રહે છે.

માનવીના જીવનના જુદા જુદા તબક્કા માટે બાઈબલમાં ઘણાં માર્ગદર્શનરૂપ વચનો આપવામાં આવ્યાં છે. જેમ કે બાળકોને માટે ''બાળકોને મારી પાસે આવવા દો, તેઓને વારો નહિ. કેમકે ઈશ્વરનું રાજ્ય એવાંઓનું છે.''(૧) જુવાન તિમોથીને લખતાં સંત પાઉલ કહે છે કે, ''તને જુવાન જાણીને કોઈ તારો તુચ્છકાર ન કરે, પણ વચનમાં, વર્તનમાં, પ્રીતિમાં, વિશ્વાસમાં અને પવિત્રતામાં તું વિશ્વાસીઓને નમૂનારૂપ થજે.''(૨) વૃદ્ધાવસ્થા માટે પણ ''હે યાકોબનાં સંતાનો..... ગર્ભસ્થાનથી માંડીને મેં તમને ઊંચકીને ફેરવ્યા છે, તમારા ઘડપણ સુધી હું તે જ છું. પળિયાં આવતાં સુધી હું તમને ઉપાડી લઈશ.''(૩) ઈશ્વરપિતા આપેલા આ વચનો વૃદ્ધજનો માટે પ્રેરણાત્મક છે ! આવાં તો અનેક વચનો આપણને બાઈબલમાંથી મળી આવે છે.

વ્યવસાયી વ્યક્તિના કાર્યરત જીવનમાં નિવૃત્તિ લેવાનો પણ એક દિવસ આવે છે. કાર્યમાં મળેલી સિદ્ધિઓનાં આનંદ અને સંતોષની લાગણી સાથે વ્યક્તિ હવે નવા પ્રકારનું જીવન શરૂ કરે છે. હવે પછી વ્યક્તિ મનપસંદ રીતે જીવતાં ઈશ્વરપિતાના મહિમાર્થે કેવી મોકળાશથી સમય આપી શકે ? જેમ કે માંદાં, દુઃખી, વૃદ્ધ અશક્ત ભાઈ-બહેનોની મુલાકાત કરવી ને પ્રાર્થના દ્વારા તેમને ઉત્તેજન આપવું, આત્માઓ જીતવા સાહિત્ય વિતરણ સેવા કરવી અથવા અંગત મુલાકાત અને વાર્તાલાપ કરવાં. બીજાઓનાં હક્કમાં પ્રાર્થના કરવી, કોઈને ઉત્તેજનના બે શબ્દો કહેવા વગેરે. આવી પ્રવૃત્તિઓ નિવૃત્ત જીવનમાં આનંદ ભરે છે, અને જીવન જીવવા જેવું અને આશીર્વાદિત બનાવે છે. અન્યને આનંદિત કરનાર પોતે પણ કેવાં આનંદિત બને છે !

જિંદગીના સૌ આશીર્વાદો જીવનના આખરી દિવસોમાં સંભારી ઈશ્વરપિતાનો આભાર માનવો. અમારા કુટુંબ પ્રત્યે ઈશ્વરપિતાની કૃપા અને વિશ્વાસુપણું અનુભવતાં અમે હૃદયપૂર્વક ઈશ્વરપિતાનો આભાર માનીએ છીએ. વૃદ્ધાવસ્થાના આશીર્વાદો પામેલા અનેક ભક્તોના અનુભવો આપણા કેમ ન બનાવીએ ?

ઈશ્વરભક્ત મોશે લખે છે : ''તું અમને અમારા દિવસ એવી રીતે ગણવાને શીખવ કે અમને જ્ઞાનવાળુ હૃદય પ્રાપ્ત થાય.''(૪) ભક્ત દાવિદની વિનંતી યાદ કરો. તે કહે છે કે, ''વૃદ્ધાવસ્થાને સમયે મને તજી ન દે. મારી શક્તિ ખૂટે ત્યારે મારો ત્યાગ ન કર.''(૫) દાવિદ ભક્તિની સાક્ષી સાંભળો. ''હું જુવાન હતો, અને હવે ઘરડો થયો છું, પણ ન્યાયીને તજેલો કે તેનાં સંતાનને ભીખ માગતાં મેં જોયાં નથી.''(૬) સ્વર્ગીય ઘરની અભિલાષા રાખતાં રાખતાં સંત પાઉલે લખેલાં વચનોને આપણો અનુભવ કેમ ન બનાવીએ? એ લખે છે : ''એ કારણથી અમે ના હિંમત થતા નથી, પણ જો કે અમારું બાહ્ય મનુષ્યત્વ ક્ષય પામે છે તો પણ અમારું આંતરિક મનુષ્યત્વ રોજ રોજ નવું થતું જાય છે.''(૭)

ઉત્તરાવસ્થામાં ઈશ્વરપિતા તરફથી પ્રાપ્ત થતા સુખદ અને દુઃખદ પ્રસંગોનો આનંદથી સ્વીકાર કરી લેવો જોઈએ. અન્ય સૌ પ્રત્યે પ્રેમભર્યું હૃદય કેળવવાનાં આ ખાસ સમય છે. આમ કરીએ તો જિંદગીનાં બાકીનાં વર્ષો વધારે અર્થપૂર્ણ બની રહેશે. પ્રભુ ઈસુનું પુનરાગમન થાય, કે પછી ઈશ્વરપિતા આપણને તેડાવે, પણ સૌપ્રત્યે પ્રેમભર્યા હૃદયે આપણે પૃથ્વી પરથી વિદાય લઈએ તે કેવું સારું!

ભૂતકાળની ભૂલો સંભાર્યા કરી સમય વેડફી નાખશો નહિ. પ્રભુની સહાયથી આપણે વર્તમાન સમયનો શ્રેષ્ઠ ઉપયોગ કેમ ન કરી લઈએ? એક ધાર્મિક બહેન લખે છે. ''ભૂતકાળની નિરાશાઓ પર કચવાટ કરીને વર્તમાન સમય બગાડ્યા સિવાય પ્રત્યેક દિવસની પ્રત્યેક પળ જીવવા પ્રયત્નશીલ બનો.'' સંત પાઉલ કંઈક એવું જ કહે છે ને! ''જે પછવાડે છે તેને વિસરીને.... નિશાનની ભણી આગળ ધશું છું.''(૮)

વૃદ્ધાવસ્થાને પણ તેનું સૌંદર્ય હોય છે. ઉંમર સાથે વધતી શારીરિક, નિર્બળતા સંબંધી આપણે ખાસ કાંઈ કરી શતા નથી. પણ મનને આનંદિત તો રાખી શકીએ ને! ડૉ. સ્ટીવનસને જોન વેસ્લી વિષે કહ્યું હતું કે, ''આવો સુંદર ગૃહસ્થ મેં પહેલાં કદી જોયો નથી.''

જૈફ વયે શરીરનાં યંત્રો ઘસાઈ ચૂક્યાં હોય છે. હાથ દુઃખતો મટે તો પગ દુઃખે, આંખે ઝાંખ વળે, કાન બહેરા થઈ જવાથી હેં..... હેં..... કરવું પડે. જીવનર આ યંત્રોએ આપણી પાસે જઈ કહેવા લાગ્યા ''સાહેબ, મારા વૃદ્ધ બાપુજીના ગળામાં અ... અ.... અવાજ થયા કરે છે!'' ડૉકટર સાહેબ હસતાં હસતાં કહેવા લાગ્યા : ''ભાઈ, મારી મોટરનું મોડેલ જુનું થઈ જવાથી એમાં પણ અવાજ થયા કરે છે!''

બાઈબલનાં અનેક વચનો આપણને શીખવે છે કે, દીર્ઘાયુષ્ય ઈશ્વરપિતાનો આશીર્વાદ છે. પાંચમી આજ્ઞા શીખવે છે : ''તારા બાપનું તથા તારી માનું તું સન્માન રાખ કે, તારો પ્રભુ પરમેશ્વર જે દેશ તને આપે છે, તેમાં તારું આયુષ્ય દીર્ઘ થાય.''(૯) મંડળી વૃદ્ધ વ્યક્તિઓ માટે કાળજી લે, તે અગત્યનું છે. શારીરિક મર્યાદાઓને લીધે મંડળીની સંગત માણી ન શકનાર કે પથારીવશ વ્યક્તિઓની મુલાકાત લેવાથી કેવું આત્મિક ઉત્તેજન આપી શકાય!

ઘણી મંડળીઓમાં વૃદ્ધ સન્માનના કાર્યક્રમ દ્વારા તેમના વ્યક્તિત્વને સન્માની તેમને આનંદિત કરવાનો પ્રયત્ન પ્રશંસાપાત્ર છે.

ઘણી વાર ખ્રિસ્તી વૃદ્ધ વ્યક્તિઓને અખ્રિસ્તી વૃદ્ધાશ્રમનો આશરો લેવો પડે છે. એકાદ પણ ખ્રિસ્તી વૃદ્ધાશ્રમ શરૂ કરવામાં આવે તો સારું, એવું નથી લાગતું શું ? વૃદ્ધોને અન્ય વૃદ્ધ વ્યક્તિઓની સંગત દ્વારા આનંદ અને ઉત્તેજન મળે તે જરૂરનું છે. શારીરિક કાળજીની સાથે તેઓની આત્મિક કાળજી પણ લઈ શકાય.

જીવનનાં ૮૪ વર્ષો વટાવી ગયેલા એક વૃદ્ધ પિતા તેમની વર્ષગાંઠના દિવસે રડતાં રડતાં કહેવા લાગ્યા. ''બહુ મોડું થઈ ગયું !'' પુત્રે રડવાનું કારણ પૂછતાં તે કહેવા લાગ્યા : ''બેટા, મારી જુવાનીમાં ઈશ્વર મહિમાર્થે કાંઈ સેવા કરી શક્યો નથી. હવે તો બહુ મોડું થઈ ગયું છે !''

જુવાન મિત્રો, ઈશ્વરપિતાએ તેમને આપેલી જુવાનીનો શ્રેષ્ઠ સમય તમે કેવી રીતે પસાર કરો છો? શ્રેષ્ઠ કાર્યો કરવામાં આ સમય વાપરો. જેથી વૃદ્ધત્ત્વ આવતાં પસ્તાવું ન પડે કે ''હવે બહુ મોડું થઈ ગયું છે !'' જીવનનાં વર્ષોનું મહત્ત્વ વર્ની સંખ્યાની ગણતરીમાં નથી, એ વર્ષો કેવી રીતે ગાળ્યાં તે જ મહત્વનું છે.

શાસ્ત્રસંદર્ભ : (૧)લૂક ૧૮:૧૬, (૨)૧ તિમોથી ૪:૧૨, (૩) યશા. ૪૬:૩૪, (૪) ગી.શા. ૯૦:૧૨, (૫) ગી.શા. ૭૧:૯, (૬) ગી.શા. ૩૭:૨૫, (૭) ૨ કોરીં. ૪:૧૬, (૮) ફિલીપી. ૩:૧૩, ૧૪ (૯) નિર્ગ. ૨૦:૧૨.

## 'મા'

*- શ્રી જયંતી કે. પરમાર*

ટુંકુ ટચૂકડું, વહાલું વહાલું લાગે મને,
એક જ નામ તારું મા...મા...ઓ...મા.
સૃષ્ટિનિયંતાએ આ જગને વધાર્યું,
સગાઈમાં સગું માનું નજીકનું બનાવ્યું,
બાળક પ્રથમ જ પોકારે મા...ઓ...મા.
માની મમતા ભારે ભૂખ્યા ના સુવાડે,
એંઠાને મેલાં ધોઈ રાખે ચોખ્ખું ઘર,
જગે મરશો નહીં કોઈની મા, કોઈની મા
જગના છેડા ઘરમાં ભલે, ઘણા હોય નર,
છતાં પાલવડે માનો સૌને મળે ઘણેરું બળ,
એ મા તે મા, બીજા વગડાના વા...

# સંકટ સમયનો સાથી

*- રેવ. ડી. બી. ચૌહાણ*

પ્રભાતના પહોરમાં સૂર્યનાં કિરણો ધીરે ધીરે ધરતીને જગાડતાં આગળ વધે છે, એ કિરણોનો પ્રકાશ ગરમીના મિશ્રણથી માનવી જીવનમાં કોઈ નવિન આશા સાથે અજવાળું ફેલાવે છે. રાત ડૂબી ગઈ છે સુંદર પ્રભાત ખીલી ઊઠ્યું છે. પંખીઓના સુંદર કલરવ માનવી મનને પ્રફુલ્લિત કરે છે. આનંદ સાથે પ્રભુનો આભાર માનતાં માનવ પોતાના દૈનિક કાર્યમાં વ્યસ્ત બને છે. આખા દિવસના પરિશ્રમ પછી માનવી શોધે છે. નિરાંતનો શ્વાસ, અને ફરી એજ ઘટમાળ. સંધ્યા ઢળી રહી છે, આકાશમાંથી અંધારું વરસી રહ્યું છે. માણસની આંખમાં નિંદ્રા ઘેરાતી જાય છે અને એજ રીતે જીવનનાં પાનાં ઉથલાવતો માનવી દૈનિક પ્રક્રિયામાં અટવાઈ જાય છે. કાલે શું થશે એ માનવી જાણતો નથી તો પ્રભુનો સેવક સંત યાકૂબ જણાવે છ કે, ''તમારી જીંદગી શાના જેવી છે ?'' એ અલ્પ જીવનમાં પ્રભુને યાદ કરી છીએ. એ જીવન બડાઈ અને ગર્વથી ભરપૂર છે, પરંતુ એ સઘળી બડાઈ વ્યર્થ છે. માનવી ભૂલી જાય છે કે, ''સ્ત્રી જન્ય મનુષ્ય અલ્પાયુ અને સંકટથી ભરપૂર છે, તે ફૂલની પેઠે ખીલે છે અને તેને કાપી નાખવામાં આવે છે.'' છતાં માનવી આવનાર સંકટો અને પરીક્ષણોને સમજી શકતો નથી. તો પ્રશ્ન એ છે કે, આવા સંકટથી જીવનમાં પરીક્ષણોનો સામનો કેવી રીતે કરવો ? વ્યક્તિ પંદર વર્ષની હોય કે પંચોતેર વર્ષની, સુખી જીવન જીવતી હોય અગર જીંદગીના બે છેડા પરાણે ભેગા થતા હોય. નિયમિત પ્રભુમંદિરમાં જતી હોય અગર પ્રભુમંદિરમાં કદી પગ મૂકતી ન હોય, છતાં જીવનના સંકટો અને પરીક્ષણો સામે ઝઝૂમવું પડે છે. અને એથી જ સંકટો સામે ટક્કર ઝીલવા માનસિક અને આત્મિક તૈયારીની જરૂર છે.

ઘણા સંકટો અને પરીક્ષણોમાં જ જકડાઈ ગયા હશે અને ઘણા બહુ જ ઓછા સંકટોનો અનુભવ કરતા હશે. કોઈ આઘાતની લાગણીમાં જીવતું હશે અને ઘણાં બહું જ ઓછા સંકટોનો સામનો કરતા હશે. કોઈને નાનું દુઃખ તો કોઈને આભ સમાન દુઃખના અનુભવમાંથી પસાર થવું પડે છે. કોઈને પોતાની યોજનાનો ભાંગીને ભૂકો થતો દેખાતો હશે તો કોઈને જીવનની આશા કરમાતી લાગતી હશે. જીવનમાં મિત્રો અથવા વૈરી તરફથી નાની અગર મોટી મુશ્કેલી, સંકટ કે પરીક્ષણ આવશે જ. તો શું ગભરાઈ જઈ શું ? ઘણીવાર આવા સંજોગો માટે તૈયાર હોતા નથી તો શું કરવું ? પ્રભુનો સેવક કહે છે આવા સંકટોનો સામનો કરતાં પ્રેમથી સ્વીકારો અને ''જ્યારે તમને તરેહ તરેહનાં પરીક્ષણો થાય છે ત્યારે તેમાં પૂરો આનંદ માનો. ''પરિપક્વ તથા સંપૂર્ણ થાઓ'' કદાચને એ તમારી સહનશીલતાની કસોટીરૂપ ન હોય !

કસોટીને મિત્ર બનાવી પ્રભુના કાર્યમાં વેગ આપવો એ માનવી જીવનો લ્હાવો છે.

સૌ પ્રથમ સંકટો અને પરીક્ષણોનો સામનો કરવાનો સાચો માર્ગ, તે પોતાને તપાસો,

તમે કોણ છો ? તમારી અગત્યતા કઈ છે ? સંકટોનો સામનો કરવા તમારી તૈયારી કેવી છે ? ગરીબો પ્રત્યેની લાગણી કેવા પ્રકારની છે. કદી ન ભૂલીએ, આર્થિક રીતે ગરીબ દેવની કૃપામાં ધનવાન છે. સંત યાકૂબ શીખવવા માંગે છે કે, ખ્રિસ્ત પરના વિશ્વાસમાં કેવી શક્તિ છે. વિશ્વાસ એ કોઈ સ્વપ્ન નથી પરંતુ વિશ્વાસ માનવી જીવનને સાજાપણું આપે છે. ખ્રિસ્તના મરણ અને ઉત્થાનમાં માફી અને સાજાપણું સમાએલું છે. જગતનાં સંકટો અને પરીક્ષણોનો સામનો કરવા વિશ્વાસની જરૂર છે, તો સંતાવાની કે ઢોંગ કરવાની જરૂર નથી. જેવા છી તેવાજ પ્રભુ સ્વિકારવા તૈયાર છે. જગતનો વૈભવ, લાલસા અને આનંદ સંકટો દૂર કરી શકશે નહિ, પણ ઈસુ ખ્રિસ્તની કૃપાજ સર્વ સંકટોમાંથી મુક્તિ અપાવે છે.

જે માણસ ધીરજથી આવતાં પરીક્ષણો અને સંકટોને સહન કરે છે તેજ સૌથી સુખી વ્યક્તિ છે. જ્યારે તેમાંથી તે પાર ઉતરશે ત્યારે ખ્રિસ્તે આપેલા વચન પ્રમાણે જીવનનો મુગટ પ્રાપ્ત કરશે. સંકટો અને પરીક્ષણો દેવ તરફથીં નથી હોતા પણ તેમાટે માણસ પોતે જ જવાબદાર છે. તેને નવા જીવનની જરૂર છે. બીજાના જીવન તરફ નહિ. પણ પોતાના જીવન તરફ દષ્ટિ કરી ખ્રિસ્તના વધસ્તંભમાં સંતાવાની જરૂર છે તો જ સંકટોનો સામનો કરી શકશો. માણસની પ્રકૃતિ એવા પ્રકારની છે કે બીજાની ભૂલો જોવામાં હંમેશાં તત્પર રહીએ છીએ અને જીવનની પ્રત્યેક પળમાં એજ આનંદ માણીએ છીએ. અને જો કોઈ તોફાન કે મુશ્કેલી આવે તો દાંત કચકચાવીએ છીએ. શા માટે ? કારણ કે આપણો વિશ્વાસ અને પ્રેમ ઢોંગી છે. સહન કરવાની શક્તિ નથી, પણ એ કદી ન ભૂલીએ કે, મુશ્કેલી, પરીક્ષણ કે સંકટ માનવી યોજનામાં બહુ જ સહેલાઈથી પ્રવેશ કરી લે છે. માણસ શું પ્રાપ્ત કરવાનું છે તે તે જાણે છે. ધ્યેય સ્પષ્ટ છે, માર્ગ સરળ લાગે છે પણ ઓચિંતી મુશ્કેલી અને પ્રશ્નો વચ્ચે આવી ખડા થાય છે. માણસની યોજનામાં અટકાવ, તોફાની પવન અને ભય સમાએલો છે. પ્રશ્ન થશે શા માટે ? કારણ છે માણસની દુર્વાસના અને લલચામણો સ્વભાવ. ક્ષણિક આનંદ માટે પોતાની યોજનામાં અધિક વિશ્વાસ. અને આ પરીક્ષણો અને સંકટોમાં હાર પામવાનો માર્ગ ઘણા આવા સમયે મૂઠ્ઠીઓ વાળીને દેવને દોષ દે છે. અને આદમની માફક પોકાર કરી દેવને અપરાધી ઠરાવે છે. (ઉત્પતિ ૩:૧૨)

થોભીએ અને વિચારીએ. દેવને દોષ ન દઈએ પણ સર્વ મલિનતા તથા દુષ્ટતાની અધિક્તા નાખી દઈ દેવનું જે વચન આત્માને તારવા શક્તિમાન છે તેને નમ્રતાથી ગ્રહણ કરીએ. તો જ પરીક્ષણમાંથી પાર ઉતરીશું અને સંકટોનો સામનો કરી શકીશું. કોઈ કે કહ્યું છે કે, જો પાપમાં પડીએ છીએ તો આપણે આપણી કબર ખોદીએ છીએ. માટે દુષ્ટતાથી, સંકટથી કે પરીક્ષણથી ન છેતરાતાં દેવને ખાતર ફળ ઉપજાવના બનીએ. પણ ઘણીવાર અયુબની સ્ત્રીની શિખામણ માની આનંદ કરીએ છીએ. (અયુબ ૨:૯) જ્યાં પ્રભુ છે ત્યાં હંમેશાં આશા છે. જ્યાં પ્રભુ સંભાળે છે ત્યાં આનંદ અને ઉત્સાહ છે, જ્યારે પ્રભુ તરફથી પીઠ ફેરવી લઈએ છીએ ત્યારે સંકટ અને મુશ્કેલીઓ વળગી પડે છે. શેતાનનો માર્ગ ખુલ્લો થઈ જાય છે

અને અજગરની જેમ વીંટળાઈ જઈ માણસને નાશના માર્ગમાં ધકેલી દે છે. માણસ પ્રભુને તજી દે છે પણ પ્રભુ હંમેશાં ઉડાઉ દીકરાની રાહ જોનાર બાપની જેમ રાહ જુે છે, કારણ કે તે માટે જ તેણે પોતાના એકના એક પુત્રને માણસોના ઉદ્ધાર માટે મોકલ્યો. (યોહાન ૩:૧૬) આજે એ પ્રભુ આમંત્રણ આપે છે. કહે છે ''જગતમાં તમને સંકટ છે પણ હિંમત રાખો જગતને મેં જીત્યું છે.(યોહાન ૧૬:૩૩) ખ્રિસ્તમાં વિશ્વાસ રાખવાથી તેના કુટુંબના સભ્ય બનીએ છીએ. અને પાપ કે સંકટ ઉપર જીત પામવાનું ઉત્તમ સાધન ખ્રિસ્ત સાથે સહન કરવાથી, તેના દુઃખના ભાગીદાર બનવાથી બાપ જે આનંદ આપે છે તેનો અનુભવ કરી શકાય છે. સંકટ અને દુઃખને મિત્ર બનાવી વિશ્વાસથી જે જીતે છે તેમને ધન્ય છે. ખ્રિસ્ત પરનો વિશ્વાસ દુષ્ટ નહિ પણ સત્યના માર્ગમાં દોરે છે, પત્થર નહિ પણ જીવનની રોટલી પીરસે છે ને શિક્ષાને બદલે ક્ષમાની ભેટ આપે છે અને નિરાશામાં નહિ પણ વિજયમાં દોરી લઈ જાય છે. એવા પ્રભુમાં કદી શંકા હોઈ શકે નહિ. એ પ્રભુ, સંકટો અને પરીક્ષણો ઉપર વિજય અપાવે છે. આપણે પ્રભુના માર્ગ સમજી શકતા નથી. યહોવાહ કહે છે. 'જેમ આકાશો પૃથ્વીથી ઊંચા છે, તેમ મારા માર્ગો તમારા માર્ગોથી, અને મારા વિચારો તમારા વિચારોથી ઊંચા છે. (યશા. ૫૫:૯).

સમય બદલાય, જીવનધોરણ બદલાય, માણસોના માર્ગો બદલાય પણ પ્રભુ એવો ને એવો જ છે. તેણે ઈસુ ખ્રિસ્તમાં સુંદર ભેટ આપી છે, જગત કે ભૂમંડળમાં ભમે કે ઈલેક્ટ્રોનિક ચમત્કાર કરે પણ એથી કોઈ ફાયદો નથી. સંકટ સમયનો પ્રભુ હાજરા હજુર મદદગાર છે, એવા મહાન પ્રભુને તમારી જરૂર છે. પ્રભુમાં પરિપકવ અને નિરોગી દીકરા દીકરીની જરૂર છે. જેણે જીવનનો મુગટ રાખી મૂકેલ છે એવા ઈશ્વરને તમારી જરૂર છે પણ સંકટો ઉપર વિજયવાન સ્વામી હૃદયના દ્વાર આગળ ઉભા રહીને હાંક મારે છે. દરવાજો ખોલીશું ? જીવનની ઝંઝાવાટમાં જગતી લાલસા તજી જીવનના ખ્રિસ્તને સ્વીકારી સર્વ પરીક્ષણ, મુશ્કેલી અને સંકટમાંથી મુક્તિ પ્રાપ્ત કરવાનો સમય હવે આવી ગયો છે, મોડા પડીશું તો દરવાજો બંધ થઈ જશે અને પ્રભુ કહેશે, 'હું તમને ઓળખતો નથી' એ સમય પહેલા ચેતીએ અને ખ્રિસ્તમાં વફાદારી પ્રાપ્ત કરીએ તો જ આનંદનો અનુભવ થશે. તો આવો સમય પાકી ગયો છે, રાહ ન જોઈએ.

# અનુરાગ

- શ્રી કાન્તિ જે. કોન્ટ્રાક્ટર

રાત્રે જમી પરવારીને જયરાજ તથા તેમની પત્નિ શિલ્પા ટીવી ચાલુ કરી બેઠાં હતાં ત્યારે તેમનો દીકરો મેહુલ તેમની સામે આવી બેઠો; એટલે એની માતાએ કહ્યું;

"તું મેઘા પાસે દવાખાનામાં થોડીવાર વધુ રોકાયો હોત તો સારું. તું જલદી ચાલી ગયો ત્યારે એની આંખોમાં ભારોભાર વેદના ઉભરી આવી હતી."

"પણ મમ્મી, મને એના પેટ પરનો દાઝેલો ભાગ જોઈને ચીતરી ચઢતી હતી." મેહુલે જરા દબાતા અવાજે જવાબ આપ્યો.

"ઉનાળાની રજામાં એની સાથે તારાં લગ્ન લેવાનાં છે. બન્ને પરિવાર તરફથી તમને લીલીઝંડી મળી ગઈ છે. વળી તું તો કહેતો હતો કે તું મેઘાને ખૂબ જ ચાહે છે, તો પછી !"

"પણ એના પેટ પર કાયમના માટે સાગરનાં મોજા જેવો કરચલીઓ વાળો મોટો ડાઘ રહી જવાનો અને એવી હાલતમાં...." મેહુલ વાક્ય અધૂરું મૂકી અને મમ્મી સામે તાકી રહ્યો.

જયરાજે ઊઠીને ટીવીનો અવાજ ઝીણો કરી દીધો.

"પેટ પરનો ડાઘ તો સાડીના પાલવથી ઢંકાઈ જવાનો. વળી ડ્રેસ પહેરવાથી તો તે દેખાવાનો જ નથી. જો આવું લગ્ન પછી બન્યું હોત તો !" અથવા તો તું કેમીકલ એન્જીનીયર છે અને ફેક્ટરીમાં તારા ચહેરા પર કોઈ રસાયણ કે એસીડ પડ્યો હોત તો ! જ્યાં પ્રેમ હોય ત્યાં ખોડખાંપણ કશી વિસાતમાં નથી."

"આમ થયું હોત તો ! કે તેમ થયું હોત તો ! એ તો પછી વાત થઈ. હું તો વર્તમાનમાં રાચવાવાળો઼ું. આ બાબતમાં નવેસરથી કાંઈ વિચારી ન શકાય !"

શિલ્પાના મુખ પર અણગમો સ્પષ્ટ તરી આવતાં એ બોલી,

"તમે બેઉ સમાજમાં સાથે હર્યાફર્યા છો એટલે હવે સમાજ શું કહેશે ! જાત જાતની વાતો થતાં બિચારી મેઘાનું શું થશે !"

મેહુલ કાંઈ બોલ્યો નહિ એટલે વળી શિલ્પાએ કહ્યું;

"જો દીકરા ! તારા શરીરમાં તારા પિતાનું આદર્શ લોહી વહે છે, અને તારી માની કુખમાં તારું જતન થયું છે, એ લજવાય તેવું કોઈ અવિચારી પગલું ભરતો નહિ."

મેહુલે સહેજ અકળાતાં બોલી નાખ્યું;

"તમારા લોકોના લોહીમાં અને કુખમાં એવી તે કઈ વિશિષ્ટતા છે કે...."

"શટ અપ !" જયરાજ જે અત્યાર લગી શાંત બેસી રહ્યા હતા તે લગભગ તાડૂકી જ ઊઠ્યો અને ઊંચા સ્વરે ઉમેર્યું;

"તારે અમારું લોહી અને કુંખની મમતાનો નમૂનો જોવો છે ?"

"નહિ રાજ.... પ્લીઝ."

"રાજ ! આપણાં આદર્શ નવા પ્રેમની વિશિષ્ટતા એના ગળે નહિ ઊતરે. તમે નાહકના

અકળાશો નહિ." શિલ્પા આંખમાં આંસુ સાથે બોલી.

"એ પુરૂષ વયનો છે વળી ખૂબ જ ભણેલો છે છતાં એ ભલે ના સમજે પણ આજે મોકો મળ્યો છે તો આપણી કથની પણ ભલે સાંભળી લે."

મેહુલ સ્તબ્ધ થઈ ગયો હતો.

"જો સાંભળ" જયરાજે વાત માંડી.

"તારી માને સ્તનકેન્સર હતું. લગ્ન પહેલાં હતું. અમે એકમેકને ખૂબ ચાહતાં હતાં એટલે અમારાં માતપિતાએ લગ્નની સંમતિ પણ આપી દીધી હતી. અમે આનંદમાં ગરકાવ હતાં. હું અઠવાડિયામાં બે ત્રણવાર એના ઘરે જતો. એકાદ માસ પછી હું ઑફિસના કામકાજ માટે દિલ્હી ગયેલો, ત્યાંથી આવી હું એના ઘેર ગયો તો ત્યાં તાળું હતું. તપાસ કરી પણ આ લોકો ક્યાં ગયાં છે તેની કશી ખબર પડી નહિ. લગભગ દોઢેક માસ એના ઘર તરફ આંટો મારતો એક સાંજે હું ગયો ત્યારે એનું ઘર ખુલ્લું હતું. એની માતાએ આવકાર આપતાં બૂમ પાડી;

"શિલ્પા દિકરી ! જો જયરાજ આવ્યા છે !"

"હું શિલ્પાના બેડરૂમ તરફ જતો હતો ત્યાં તો એણે દરવાજો બંધ કરી દીધો. મેં ઘણી બૂમો પાડી પણ એણે બારણું ખોલ્યું જ નહિ એટલે એની માતાએ ભીના અવાજે કહ્યું;

"જયરાજ ! માનસિક રીતે સાવ ભાંગી પડી છે. ચિડિયલ તથા જીદ્દી પણ થઈ ગઈ છે. મને લાગે છે કે એ અત્યારે બારણું નહિ જ ખોલે."

"હું ક્ષોભ અનુભવતો જતો રહ્યો. રાત્રે મને ઊંઘ આવી નહિ. જાતજાતની શંકાકુશંકાઓમાં જ આખી રાત વીતી ગઈ."

"બીજે દિવસે મોડી સાંજે હું એના ઘેર ગયો ત્યારે એ બધાં જમતાં હતાં. મને જોતાં જ શિલ્પા ઊઠી હાથ ધોવા વોશ બેસીન તરફ ગઈ પણ હું એના બેડરૂમના બારણા પાસે જઈ ઊભો."

એ મારા તરફ નજર નાંખ્યા વિના જ બોલી,

"મારા માર્ગમાંથી હટી જાવ."

હું ખસ્યો નહિ એટલે અવાજ ઊંચો કરી બોલી,

"સંભળાતું નથી ! I say get lost"

"તમને મારા બેડરૂમ આગળ ઊભા રહેતાં શરમ નથી લાગતી !" એમ બોલી એ મને ધક્કો મારવા જતી હતી ત્યાં જ મેં એના ગાલ પર તમાચો ચોઢી દીધો."

"એ ઘૂંઘવાઈ તો ગઈ પણ બીજી જ ક્ષણે એ મને જોરથી બાઝી પડી અને ડૂસકાં ભરવાં લાગી. એને એજ હાલતમાં દોરી પલંગ પર બેસાડી. કેટલીકવાર પછી એ ઊઠી મોં ધોઈ આવી મારી પાસે બેઠી. મેં પૂછ્યું; શું થયું છે ? મને નહિ કહે !"

કેટલીકવાર પછી કંઠ સાફ કરી એ બોલી;

"તમે દિલ્હી ગયા તે જ દિવસે મને અચાનક છાતીમાં જમણી બાજુ ખૂબ જ દુઃખાવા

ઉપડ્યો આમ તો પહેલાં પણ મને ક્યારેક દુ:ખાવો થતો પણ હું ગણકારતી નહોતી. પણ આ વખતે દુ:ખાવો વધુ પડતો હોવાથી અમે દવાખાને ગયાં ડોક્ટરે મને ઝીણવટથી તપાસી અને જાતજાતનાં રિપોર્ટ મંગાવ્યા. બીજે દિવસે અમે ફરી દવાખાને ગયાં ત્યારે મને બહાર બેસાડી ડોક્ટરે મારી મા સાથે વાતો કરી. ઘેર જતાં મેં ઘણી જ પૂછપરછ કરી પણ એણે મગનું નામ મરી પાડ્યું નહિ. મારી માના ચહેરા પર ચિંતા અને વેદના છવાઈ ગઈ હતી. ત્રીજે દિવસે અમે મુંબઈ જવા રવાનાં થયાં. મુંબઈ જવાનું કારણ પણ મને જણાવ્યું નહિ. અમારી ટેક્સી કેન્સર હોસ્પીટલમાં દાખલ થઈ ત્યારે જ મને આછો ખ્યાલ આવી ગયો. ડોક્ટરે અમને કેન્સર હોસ્પિટલના ડોક્ટર પર પત્ર લખી આપ્યો હતો એટલે અમને ખાસ વિલંબ વિના એપોઈન્ટમેન્ટ મળી. ડોક્ટરે તપાસીને તથા બધા જ રિપોર્ટ જોઈ કહ્યું :

"બ્રેસ્ટ કેન્સર છે અને એવા સ્ટેજ ઉપર છે કે ઓપરેશન સિવાય કોઈ આરો નથી."

મારા પિતાએ ઓપરેશનના પ્રકાર વિષે પૂછતાં ડોક્ટર બોલ્યા;

"આખી બ્રેસ્ટ સંપૂર્ણપણે કાઢી નાંખવી પડશે."

હું આમ તો સાવ શૂન્યમનસ્ક થઈ ગઈ હતી છતાં મેં પૂછી નાંખ્યું;

"ઓપરેશન ન કરાવું તો શું થવાનું હતું !"

"ઈશ્વરે આપેલા જીવનને જાણીબુઝીને વેડફી નાંખવાની જરૂર ખરી ?" ડોક્ટરે મોઘમમાં જવાબ આપ્યો.

"પણ ડોક્ટર ! સ્ત્રીના મહામૂલા આભૂષણ સમા અંગ વિના મારાથી કેમ કરી જીરવાશે !"

"જો બહેન, અંગ કરતાં જીવન વધારે મૂલ્યવાન છે. વળી પેડવાળી બ્રા પહેરવાથી તારો બાહ્ય દેખાવમાં ખાસ કશો ફેર પડશે નહિ. પ્લાસ્ટીક સર્જરી પણ થઈ શકે છે."

"અને મારું ઓપરેશન થઈ ગયું. શિલ્પાએ એક લાંબુ ડૂસકું ભર્યું અને ઉમેર્યું.

"મેં નિર્ણય કરી લીધો કે હવે મારે પરણવું નથી અને એટલે મેં પ્લાસ્ટીક સર્જરી પણ કરાવી નહિ. જયરાજ ! તમે કોઈ સારું પાત્ર શોધી લો મને મારા હાલ પર છોડી દો. તમે મારા તથા મારી દેહલતાનું ભારોભાર વખાણ કરતાં હતા એ મારો દેહ ખંડીત થઈ ગયો છે. હું તમારા લાયક રહી નથી. કિંમતી સંગેમરમરના પત્થરમાંથી શિલ્પકાર માનુનીનું શિલ્પ કંડારતો હોય અને અચાનક છીણી હથોડીથી શિલ્પનું કોઈ અંગ વિકૃત કે ખંડિત થઈ જતાં શિલ્પકાર આખા ખંડિત અંગને બાજુ પર ફેંકી દે તેમ મને કરો. આપણા જીવનમાં મને મારી લઘુતાગ્રંથિ હંમેશા કોરી ખાતી રહેશે. જીવનભરનો અજંપો, ઉચાટ મને જંપવા નહિ દે. હું તમારી સામે કદીયે આંખ નહિ મિલાવી શકું. મને માફ કરી દો."

"એણે મારા ખોળામાં પડતું મૂકી રડ્યા કર્યું."

કેટલીકવાર પછી મેં એને શાંત કરી કહ્યું ;

જો એક વાત સમજી લે. મેં માત્ર શિલ્પાને પ્રેમ કર્યો છે. આપણા લગ્ન ઉનાળામાં થશે જ. ખોડખાંપણ, ખામીઓ તથા ખૂબીઓ બધું જ મારું છે. આપણે હવે બે મટી એક દેહ થઈશું.

અને અમારાં લગ્ન થઈ ગયાં. બે વર્ષ બાદ તારો જન્મ થયો. ડૉક્ટરે અમને સાફ

મના કરી કે તમારે ક્યારેય માતાપિતા થવાની કોશિશ કરવી નહિ. એમ કરવાથી કેન્સર ફરીથી થવાની શક્યતા વધી જાય છે. છતાં મારી જાણ બહાર તારી માતાએ જોખમ ઉઠાવી ગર્ભધારણ કર્યો. દુઃખી મન છતાં એ અવિચાર રહી અને મને તારી ભેટ આપી અને બોલી;

"આ મારો નાનો જયરાજ તમારાથીય સવાયો થશે."

"ટીવી પ્રોગ્રામ ક્યારનો સમાપ્ત થઈ ગયો હતો. જયરાજે ઊઠી ટીવી બંધ કર્યું એટલે શિલ્પાએ કહ્યું;

"મેહુલ ! તારા પિતા આ ઘા હસતે મુખે લઈ પ્રેમનું પ્રમાણ આપ્યું જ્યારે તું એક માત્ર ડાઘથી ડરી ગયો ! અને પછી ઉમેર્યું,

દીકરા ! પ્રીતિ સહનશીલ તથા પરોપકારી છે તે અયોગ્ય રીતે વર્તતી નથી, પોતાનું જ હિત જોતી નથી. પ્રેમમાં ભય નથી પણ પૂરો પ્રેમ ભયને દૂર કરે છે. નારી બુદ્ધિને કસવાનું રહેવા દે. તારા મનને ઢંઢોળ અને એને બોલવા દે. જા દીકરા સૂઈ જા. દેવની શાંતિ જે સર્વ સમજશક્તિની બહાર છે તે ખ્રિસ્ત ઈસુમાં તારા હૃદયની તથા મનની સંભાળ રાખશે."

બીજે દિવસે રવિવારે શિલ્પા રસોઈ બનાવતી હતી ત્યારે મેહુલ રસોડામાં આવ્યો એટલે એની માએ કહ્યું,

"દીકરા ! ચર્ચ પછી ક્યાં જતો રહ્યો હતો ? અમે તો ચર્ચ પછી દવાખાને મેઘા પાસે ખાસ્સો સમય બેઠાં હતાં પણ તું દેખાયો જ નહિ ! મેઘાની આંખો રૂમના બારણે જ ચોંટી રહી હતી. બિચારીના હૃદય પર શું વીત્યું હશે !"

મેહુલ બોલ્યા વિના બીજા રૂમમાં જઈ મહેંકતા ફૂલોનો ગુંચ્છ લઈ આવ્યો એટલે એની માતાએ ઉત્સુકતાથી પૂછ્યું;

"મેઘા માટે !"

"નહિ" એમ ભારપૂર્વક બોલી મેહુલે શિલ્પાને ખભેથી ખેંચી એના ગાલ પર પોતાનો ગાલ ચાંપ્યો અને બોલ્યો;

"મેઘા માટે નહિ, તારી વહુ માટે."

મેહુલ ચોર પગલે દવાખાનામાં મેઘાના રૂમમાં ગયો ત્યારે એ આંખો મીંચી પડી રહી હતી. મેહુલે ફુલોનો ગુચ્છ એના મુખ પર ફેરવ્યો. મેઘાએ આંખો ખોલી એટલે એણે ફૂલો એની ગોદમાં મૂકી દીધાં. કેટલીક ક્ષણો સુધી કોઈ બોલ્યું નહિ. મેઘાએ મેહુલના હાથ પર હાથ ફેરવતાં પૂછ્યું;

"કેમ કાંઈ બોલતા નથી ! તમે નારાજ થશો તો હું તારાજ થઈ જઈશ."

"હું કાંઈ નારાજ કરવા કે તારાજ થવા આવ્યો નથી. હું તો મારી માનો એક સંદેશો આપવા આવ્યો છું. મારી માએ કહેવડાવ્યું છે કે મેઘાને કહેજે કે, મેઘાને નહિ. મારી વહુરાણીને કહેજે કે જલદીથી સાજીમાજી થઈ જાય.... મારાથી હવે ઘરકામના ઢસરડા થતા નથી."

અને પોતાના ગાલ પર ફૂટેલી લાલ લાલ ટશરો ઢાંકવા મેઘાએ ફૂલોમાં મુખ છુપાવી લીધું.

# માનવજીવન એક ઈશ્વરીય યોજના

- શ્રી આર્નોન એસ. પેલમોર

જેમ દરેક માનવીય યોજનાઓમાં કોઈ ને કોઈ હેતુ કે પ્રયોજન હોય છે, તેવી જ રીતે માનવીનું જીવન પણ એક અમૂલ્ય ઈશ્વરીય યોજના છે. જેનો હેતુ કોઈપણ આત્માનો નાશ ન થાય પણ દરેક વ્યક્તિ અનંતજીવન પામે તે છે. બાઈબલના જુદા જુદા સમય દરમ્યાન આ યોજના જુદીજુદી રીતે પૂર્ણ થતી જોવા મળે છે. જેમકે આજના કૃપાના સમયમાં આપણે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરી તેની આજ્ઞાઓ પાળી અનંતજીવનના વારસદાર બની શકીએ છીએ. જૂના કરારના સંદર્ભમાં આ વિચારીએ તો તે સમયમાં લોકો યહોવાનો ભય રાખી જીવન જીવતા.

હવે આ બંને સમય તરફ જો ધ્યાનપૂર્વક જોવામાં આવે તો માનવજીવન એ ઈશ્વરની Dynamic (માણસના ઈશ્વર સાથેના સંબંધ અનુસાર બદલાતી રહેતી) યોજના છે. તેનો મુખ્ય આધાર માણસને ઈશ્વર તરફથી અમૂલ્ય દાન સમાન મળેલ મુક્તેચ્છા પર રહેલો છે. માણસને ઈશ્વરે પોતાની પ્રતિમા પ્રમાણે બનાવ્યો છે. જે પોતાની રીતે વિચારી શકે, અને પોતાના નિર્ણયો લઈ શકે. હવે નિર્ણયો બે પ્રકારના હોઈ શકે, ઈશ્વરની ઈચ્છા અનુસારને શેતાનની ઈચ્છા અનુસાર.

આપણે જાણીએ છીએ કે યહોવા બાપે આદમ અને હવાને એદનવાડીમાં મૂક્યાં પણ આજ્ઞા આપી કે તમારે ભલુંભૂંડું જાણવાનું વૃક્ષનું ફળ ખાવું નહિ (ઉત્પત્તિ ૨:૧૬,૧૭). શેતાને હવાને ભરમાવી, તેણે ઈશ્વરે આપેલ મુક્તેચ્છાનો ઉપયોગ શેતાનના ઈરાદાઓ અનુસાર કર્યો. તેણે ફળ પોતાના પતિને પણ આપ્યું. પરિણામ, તેમનો ઈશ્વર સાથેનો સંબંધ તૂટ્યો, તેમનાં શારીરિક દુઃખ વધ્યાં અને મરણે તેમના જીવનમાં પ્રવેશ કર્યો. (ઉત્પત્તિ ૩:૧૬-૧૯)અનેઆ મરણ માનવજાતને આજ દિન સુધી પરેશાન કરે છે.

ઈબ્રાહિમના જીવનમાં આપણે જોઈએ છીએ કે ઈશ્વર તેને છ વખત તેના વંશજ માટે જુદી જુદી રીતે વચન આપેલ છે. (ઉત્પત્તિ ૧૨:૧, ૧૩:૧૬, ૧૪:૪-૬, ૧૭:૧-૬, ૧૭:૧૬, ૧૮:૧૦) છતાં ઈબ્રાહિમ તેની પત્ની સારાના કહેવામાં આવીને પોતાની મુક્તેચ્છાનો ઉપયોગ ઈશ્વરના વચન વિરુધ્ધ કરે છે.

(ઉત્પત્તિ ૧૭:૧૭) જોતાં જણાય છે કે ઈબ્રાહિમના મનમાં પણ થોડી શંકા તો હતી જ. જો કે ઈશ્વરે તો તેને જણાવેલું જ કે દીકરો તને સારા દ્વારા થશે. છતાં ઈબ્રાહિમ સારાહ દાસી હાગાર પાસે જાય છે અને તે ગર્ભવતી થાય છે (ઉત્પત્તિ ૧૬:૩-૪). આમ ઈબ્રાહિમની મુક્તેચ્છા ઈશ્વરના વચન વિરુધ્ધ વપરાય છે. જેનું પરિણામ આપની આંખ આગળ છે. કે ઈસ્ત્રાએલીઓ અને ઈશ્માએલીઓ આજે પણ ઝઘડે છે.

જ્યારે ઈસ્ત્રાએલીઓ મિસરમાંથી નીકળ્યા ત્યારે ઈશ્વરે તેમને ટૂંકે માર્ગે ચાલવાને બદલે લાંબે માર્ગે ચલાવ્યા (નિર્ગમન ૧૩:૧૪,૧૮) કારણકે ઈશ્વર તેમની કાળજી રાખવા

માગતો હતો, તેમના પર પ્રેમ કરતો હતો. (ઉત્પત્તિ ૩:૭-૧૦) પણ તેઓએ પોતાની મુક્તેચ્છાનો ઉપયોગ શેતાનની આધીનતામાં કર્યો. જેમકે ઈશ્વરનાં પરાક્રમ પર અવિશ્વાસ કર્યો (નિર્ગમન ૧૪:૧૧). દૈહિક જરૂરિયાતો માટે કચ કચ કરી (નિર્ગમન ૧૫:૨૪,૧૬,:૨,૩). મૂર્તિપુજા કરી (નિર્ગમન ૩૨:૭,૮) આમ અમૂલ્ય મુક્તેચ્છાના દાનનો ઈસ્ત્રાએલી પુત્રોએ દેવના મહિમા વિરૂધ્ધ ઉપયોગ કર્યો. પરિણામે એક આખી પેઢી નાશ પામી અને તેઓ વચનનો દેશ જોઈ શક્યા નહિ.

જો દાઉદ રાજાના જીવન તરફ જોઈશું તો તેણે પણ પોતાની મુક્તેચ્છાનો જીવનના કોઈ એક સમયે ઈશ્વરના નીતિનિયમ વિરૂધ્ધ ઉપયોગ કરલો છે. તેણે રાજમહેલનાં ધાબા ઉપરથી ઉરિયાહ હિત્તીની સ્ત્રીને સ્નાન કરતાં જોઈ. હવે તે ત્યાથી ખસી શક્યો હોત પણ તેણે પોતાની મુક્તેચ્છા શેતાનનાં પક્ષમાં વાપરી અને પાપ કર્યું. (૨ શમૂએલ ૧૧:૪). પરિણામે આ નિર્ણય તેને ખોટી યુક્તિ કુયુક્તિઓ દ્વારા ખૂન કરવાના પાપ સુધી લઈ ગયો. (શમૂએલ ૧:૧૫). આ કાર્ય યહોવાની નજરમાં ખોટું કર્યું (શમૂએલ ૧૧:૨૭) અને ઈશ્વર દયાળું અને ન્યાયી છે, તેણે તેની શિક્ષા જે મરણ હતી (શમૂએલ ૧૩:૧૪). ખુદ દાઉદને તેના દીકરાના ભયથી નાસવું પડ્યું ( ૨ શમૂએલ ૧૫:૧૪).

આપણે જોયું કે જે મુક્તેચ્છા આપણને આપવામાં આવી છે, તે કેવળ અમૂલ્ય છે. આપણે આપણા તેમજ આપણા સાથી મિત્રોના જીવનો માટે જવાબદાર છીએ. આપણે કેવા નિર્ણયો લઈએ છીએ, કેવું વર્તન કરીએ છીએ, કેવા વિચારો કરીએ છીએ? કારણકે શેતાનની આધીનતામાં કે ભૂલાવવામાં આવીને કરેલી એક નાની ભૂલ દુ:ખદાયક બાબતોનું સર્જન કરી શકે છે. આજ બાબત પ્રભુ ઈસુ ખ્રિસ્ત યોહાન ૫:૧૪માં બેથેસ્દાના કુંડ પાસેના માંદા માણસને કરે છે. પ્રભુ તેને સાજો તો કરે છે. પણ સાથે સાથે ચેતવણી આપતા જણાવે છે કે હવે પાપ ન કર. બીજા શ્બ્દોમાં કહીએ તો તેને જે મુક્તેચ્છા આપવામાં આવી છે તે દ્વારા ઈશ્વરના પક્ષમાં નિર્ણય લે અને પાપથી દૂર રહે, રખેને, તારા પર વિશેષ આપત્તિ આવી પડે. માટે નવાકરારના સમયમાં પણ પણ આ વાત એટલી જ સાચી છે. ફક્ત પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરવો અને પોતાની મુક્તેચ્છાનો ઉપયોગ ઈશ્વરને ન ગમતી બાબતો માટે કરી આપણે જ મુશ્કેલીઓ ને આમંત્રણ આપીએ છીએ. પરંતુ જો આપણે આપણા પાપ અને હ્રદયના વિચારો પ્રભુ આગળ પૂરા અંત:કરણથી કબૂલ કરીએ તો આપણો મધ્યસ્થ અને તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણને માફ કરવા તૈયાર છે. પરંતુ જો ત્યાર બાદ એજ જીવન અને એ જ પાપી વલણ આપણે જાણવા છતાં ચાલું રાખીએ તો (હેબ્રી ૧૦:૨૬,૨૭) પ્રમાણે જાણી જોઈને કરેલાં પાપ માટે હવે કોઈ જ બલિદાન રહેતું નથી પણ ઈન્સાફની ભયંકર અપેક્ષા અને વૈરીઓને ખાઈ જનાર અગ્નિ જ રહ્યો છે.

યૂસફના જીવન તરફ જોઈએ તો તેની આજ્ઞાધીનતા, તેનામાં રહેલો ઈશ્વરનો ભય તેના જીવનમાં કેવાં પરિણામો લાવે છે. તેના ભાઈઓએ તેને મારી નાખવાની કોશિશ કરી

(ઉત્પત્તિ ૩૭ :૧૮-૨૦) તેમાંથી ઈશ્વરે તેને બચાવ્યો (ઉત્પત્તિ ૩૭:૨૨) તેઓએ તેને વેચી દીધો (ઉત્પત્તિ ૩૭:૨૮) તેમ છતાં ઈશ્વરે તેની મદદ કરી અને તેના માલિકની નજરમાં તેને કૃપા પમાડી (ઉત્પત્તિ ૩૮:૪) તે જ પ્રમાણે યૂસફે પણ પોતાની મુક્તેચ્છાનો ઉપયોગ ઈશ્વરના પક્ષમાં કર્યો અને પોતાના માલિકની સ્ત્રી સાથે કુકર્મ કરતાં પોતાની જાતને રોકી (ઉત્પત્તિ ૩૯:૯) જો કે તેના લીધે તેને જેલમાં જવું પડ્યું ત્યા પણ ઈશ્વરે તેની મદદ કરી (ઉત્પત્તિ ૩૯:૨૧) હવે મુખ્ય પાત્રવાહક કે જેનું સ્વપ્ન સાચું પડતાં ફારૂન રાજાએ તેને ફરીથી તેનો હોદ્દો પાછો અપાવ્યો હતો તે પણ તેને ભુલી ગયો, તેમ છતાં યૂસફને જ્યારે ફારૂન રાજા પાસે તેના સ્વપ્નનો અર્થ બતાવવા લઈજવામાં આવે છે, ત્યારે તે યહોવા બાપને માન આપવાનું ચૂકતો નથી (ઉત્પત્તિ ૪૧:૧૬) તેનો બદલો ઈશ્વરે તેને ફારૂનના રાજયમાં સહુથી વધારે અધિકાર અપાવી આપ્યો. આમ ભલે ઈશ્વર ને જીવનમાં માન આપતાં યૂસફને સહન કરવું પડ્યું, પરંતુ તેનું દુઃખ ઈશ્વરે તેની યોજના દ્વારા તેના ભલામાં બદલ્યું (ઉત્પત્તિ ૫૦:૨૦).

આપણએ જોયું કે જે મુક્તેચ્છા આપણએ આપવામાં આવી છે, તે કેવી અમૂલ્ય છે. આપણે જ આપણા સાથી મિત્રોના જીવનો માટે જવાબદાર છીએ. આપણે કેવાં નિર્ણયો લઈએ છીએ, કેવું વર્તન કરીએ છીએ કેવાં વિચારો કરી છીએ? કારણકે શેતાનની આધીનતામાં કે ભૂલાવામાં આવી ને કરેલી એક નાની ભુલ દુઃખદાયક બાબતોનું સર્જન કરી શકે છે. આજ બાબત પ્રભુ ઈસુ ખ્રિસ્ત યોહાન ૫:૧૪માં બેથેસ્દાના કુંડ પાસે માંદા માણસને કરે છે. પ્રભુ તેને સાજો તો કરે છે પણ સાથે સાથે ચેતવણી આપતા જણાવે છે કે હવે પાપ ન કર. બીજા શબ્દોમાં કહીએ તો તને મુક્તેચ્છા આપવામાં આવી છે તે દ્વારા ઈશ્વરના પક્ષમાં નિર્ણય લે અને પાપથી દૂર રહે, રખેને તારા પર વિશેષ આપત્તિ આવી પડે. માટે નવા કરારનાં સમયમાં પણ આ વાત એટલીજ સાચી છે. ફક્ત પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરવો અને પોતાની મુક્તેચ્છાનો ઉપયોગ ઈશ્વરને ન ગમતી બાબતો માટે કરી આપણે જ મુશકેલીઓને આમંત્રણ આપીએ છીએ. પરંતુ જો આપણે આપણાં પાપ અને હૃદયના વિચારો પ્રભુ આગળ પૂરાં અંતઃકરણથી કબૂલ કરી તો આપણો મધ્યસ્થ અને તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણા માફ કરવા તૈયાર છે. પરંતુ જો ત્યારબાદ એ જ જીવન અને એજ પાપી વલણ આપણે જાણવા છતાં ચાલું રાખીએ તો (હેબ્રી ૧૦:૨૬,૨૭) પ્રમાણે જાણી જોઈને કરેલા પાપ માટે હવે કોઈ જ બલિદાન રહેતું નથી, પણ ઈન્સાફની ભયંકર અપેક્ષા અને વૈરીઓને ખાઈ જનાર અગ્નિ જ રહ્યો છે.

માટે આજે જ આપણા વિચારો તપાસીએ, કારણકે મુક્તેચ્છા આપણા વિચારોમાંથી જ પરિપક્વ થઈને જન્મ લે છે.

# વસંતની તાજપોશી

*- પ્રિ. ભગવતપ્રસાદ ચૌહાણ*

પુષ્પોના આ મહાપર્વને દિવસે દરેકે દરેક પુષ્પ મુખ ઉપર કોઈ મહાકવિના શબ્દોમાં પણ ન વર્ણવી શકાય તેવો શબ્દાતીત આનંદ હતો. રૂપ, રંગ, સુગંધ, શિલ્પ અને વિશેષે તો સ્નેહના જાણે મહાસાગરો છલકાતા હતા. ક્યાં ક્યાથી એકઠાં થયા હતાં. મિલનની મહેંક મસ્તીમાં ઝૂમતાં પુષ્પો! અહીં આખી દુનિયાના પર્વતોના સૌંદર્યને અનોખી નઝાકતમાં રજૂ કરતાં પુષ્પો હતાં. સાગરો ને સરોવરો સરિતાઓના કિનારાઓને અવનવી રોનક બક્ષતાં પુષ્પો હતાં. તો જંગલોમાંથી જાણે સંખ્યામાં આકાશના તારાઓની પણ સ્પર્ધામાં ઉતરે તેવાં- વૃક્ષોનાં છોડવાઓનાં વેલોનાં અરે ઘાસના પણ નાનાંમોટાં - પુષ્પો હતાં. એક બાજુએ સૌંદર્યપ્રેમી મનુષ્યોએ પોતાના બગીચાઓમાં કે ઉપવનોમાં ઉગાડેલા પુષ્પો પણ પોતાની નિરાળી છતાં નયનરમ્ય છટાં લઈને આવ્યાં હતા. તો એક અલિપ્ત ખૂણામાં નિઃસીમ રણોનું પ્રતિનિધિત્વ કરતાં મોટા ભાગના નાનકડાં પુષ્પો પણ લોહી જેવાં રાતાચોળ રંગો પરિધાન કરીને ઊભા હતાં. થોડાંક સફેદ પીળાં ને ગુલાબી પણ હતાં.

બધાં જ પુષ્પોની આંખોની તીરકસ દ્રષ્ટિ એક રાજસિંહાસન પર બિરાજેલ મહારાણી શી શોભતી વસંત ઉપર મંડાયેલી હતી. આકાશના સરોવરમાં જાણે હમણાંજ સ્નાન કરીને આવી હોય તેમ તેના અંગેઅંગમાંથી નિખરતી હતી સુંદરતાની ખુશ્બૂ. હજુ સૂર્ય ઊગ્યો ન હતો. ને પરોઢિયાના તારાઓ હોઠો પર મંદ મંદ ગીતો ને ગાલો પર હળુહળુ સ્મિત સાથે જોતા હતા. આ સૌંદર્યમૂર્તિને કોઈ મહાન શિલ્પીએ શમણાંના ટાંકણાથી ઘડેલ સુગંધના આ સ્નેહ શિલ્પને.

ત્યાં જ સર્વસંમતિથી પ્રમુખસ્થાને બેઠેલા ગુલાબે, પોતાની પાંખડીઓને પાંખોની જેમ ફુલાવીને, જાહેરાત કરી કે, “ફોરમની દુનિયાના દોસ્તો, માણસ ભલે પોતાને સૃષ્ટિનો શિરમોર માને, પણ આપણી નાનકડી દુનિયામાં તો આપણું જ રાજ છે. અને તે પણ લોહી રેડ્યા વગનું વળી, અહીં તો આપણા જ ઉત્સવો છે. આપણો જ આનંદ છે. આજે આપણે એકઠા થયાં છીએ આપણી લાડકી (પરી) વસંત દેવીની તાજપોશી માટે. આમ તો એ પુષ્પોથી જ ધબકે છે. સુગંધ પહેરીને જ વિચરે છે. એ આપણામાં જ જીવે છે. ને એમના રૂપાળા હોઠો ઉપર હોય છે આપણા જ રંગરૂપ સુગંધભર્યાં ગીતો; છતાં ય આજે એમની તાજપોશીના ધન્ય દિવસે આપણામાંના જ કોઈ એકની પસંદગી કરવા આપણે એકઠાં મળ્યાં છીએ. આપણા જ નિર્ણાયક તરીકે ફરજ બાજવનાર છે. મહારાજા સૂર્ય ને જ હોય ને! તો ચાલો, શરૂ કરી દઈએ. આપણી સ્પર્ધા . કારણ પોતાના પ્રકાશરથમાં બેસીને પ્રાચીના સ્નેહદ્વારથી એ બહાર પધારી રહ્યાં છે.”

બધાં પુષ્પો ડોક ને આંખો સૂર્યાભિમુખ બની. બધાની આંખોમાં થોડોક ઉશ્કેરાટ, થોડીક મૂંઝવણ થોડીક રમણીય બેચેની ને વિશેષે તે મધુર આનંદ હતો. કારણ પસંદગી તો આપણામાંથી જ એકની થવાની છે ને! પણ સૂર્યને કોને વધુ ગુણ આપશે! જાણે મૂળિયામાંથી ને પર્ણોમાંથી એ જ પ્રશ્ન પડઘાતો હતો : શું રંગોને? રૂપને? આકૃતિસૌષ્ઠવને? નજાકતને? ફુલોના પ્રમાણને? તરબતર કરતી સુગંધને? આપણા ખીલવાના ને ટકી રહેવાના સમયને? કોણ વિજેતા બનશે- પહાડનાં સરોવરના નદીના કે બગીચાના ફૂલો? જાતે ધરતીમાંથી પ્રગટ થતાં ફૂલો કે કોઈએ ઉગાડેલા ફૂલો?

આવી દિલ ધડક કરી મૂકે તેવી મૂંઝવણમાં ફૂલો પડ્યાં હતાં ત્યાં જ સાગરે મોકલેલ વાદળને આંખમાં આંજીને સૂર્યે પોતાનું કામ આરંભ્યું. સૂર્યની પિતા શી અમીદ્રષ્ટિ સનેહનો છંટકાવ કરતી કરતી બધાં ફૂલો ઉપર. ધીમે ધીમે ફરી રહી ને હ્રદયમાં કશુંક ગોઠવતી ગઈ. પછી તેમણે ગુલાબ પાસે જઈને તેના કાનમાં થોડીક રંગીન કુફતેગો કરી. ગુલાબ ઝૂમી ઉઠ્યું.

પછી તો ગુલાબ ધીમેથી ઊભું થયું. મોરના પીંછા શી પોતાની સુગંધ પાવડીમાં બેસી એ પેલા અંધારખૂણામાં શાંત ઊભેલા કેકટસ પાસે ગયું. કેકટસ શહીદોનાં લોહી જેવા લાલચોળ ફૂલોમાંથી ખૂબ અદબ સાથે એણે એક ફૂલ ચૂંટ્યું. ને પછી સાગરમિલનથી રોમાંચિત ગંગાના અનેક પ્રવાહો શા ફરફરતા વસંતના લાંબા કેશમાં ગૂંથ્યું. તાજપોષી થઈ ગઈ બધાં પુષ્પોએ પાંદડીઓ હલાવી વસંતનું ને પેલા નાનકડા ફૂલનું અભિવાદન કર્યું.

ત્યાંજ પ્રકાશની લહરરૂપે વહી આવ્યાં સૂર્યના કલરવતા શબ્દો : “દોસ્તો, આમ તો તમે ય બધાંય મારાં છો. હું ને તમે ભલે શરીરથી જુદાં છીએ, છતાં હું તમારામાં શ્વસુ છું ને તમે ધબકો છો મારામાં. આજનો નિર્ણય મારા માટે ખૂબ મુશ્કેલ હતો. એક પિતાને પોતાના જિગરના ટુકડાં જેવાં બાળકો વચ્ચે પસંદગી કરવામાં કેટલી મુશ્કેલી પડે? છતાં મેં આજે એજ મુદ્દા પર વિશેષ ભાર મૂક્યો છે. તમે જેને પ્રકાશ કહો છો તે તો હકીકતમાં મારું સળગતું શરીર ને લોહી જ છે. હું અંદરથી સળગું છું. તેથી જ પ્રકાશરૂપે છલકું છું. તેથી જે મારો બળબળતા કિરણોનો તાપ વેઠે છે ને વાદળકે પાણીની ઘણી ઓછી સહાય હોવા છતાં રણની સળગતી રેતની બાણશય્યા પર પણ મ્હોરી પોતાનો સુગંધ પરિચય આપે છે. તેના ઉપર મેં પસંદગી ઉતારી છે.”

રાજરાણી વસંત સાથે બધાં પુષ્પોએ પણ મસ્તકો ઝુકાવીને સુગંધ રંગ રેલાવીને સૂરજનો નિર્ણય માથે ચઢાવ્યો.

# ક્યાં સુધી ?

*- રિપલ એલ. મેક્લોન*

આજે સવારથી જ તમારા ચહેરા ઉપર કોઈક પ્રકારની મૂંઝવણ અને ખચકાટ તરી આવતો હતો મંથન. તમારા ખાસ મિત્ર મનન મૃત્યું પામ્યે આજે ત્રીસ વર્ષ પૂરાં થયાં હતાં. મનન સાથે વિતાવેલો સમય, તેનો મૃત્યુ પ્રસંગ અને મુત્યુંની અંતિમ પળોમાં તમારા મિત્રએ ઉચ્ચારેલું વાક્ય "ઘણાં બધા લોકો મરવા માટે જીવતા હોય છે. અને કેટલાક લોકો જીવવા માટે મરતા હોય છે." સતત તમારા આંતરિક મનમાં ઘૂમરાયા કરતું હતું. તમારા જીવનના પસાર થયેલાં પચાસ વર્ષો અને મનનનાં મરણ સમયની એ પચાસ કરતાં પણ ઓછી પળોને યાદ કરી આજે તમે વિશેષ મંથન અનુભવી રહ્યાં હતાં.

એક થી બાર ધોરણ સાથે અભ્યાસ કર્યા બાદ તમે સાથે જ કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવ્યો ને કોલેજના પ્રથમ દિવસે જ મંથન તમે મનનને ક્હ્યું હતું ."જીવન જીવવાની ખરી મઝા તો હવે આવશે. જુવાનીનો જે ખરો આનંદ છે તે હવે આપણે છૂટથી મેળવી શકીશું." મનન પણ તેમાં સંમતિનો સૂર પૂરાવ્યો હતો અને તમારા જીવનોમાં જાણે કે ત્રણ વર્ષના "સૂવર્ણકાળ"ની શરૂઆત થઈ હતી.

કોલેજ અભ્યાસના એ અગત્યનાં વર્ષો મિત્રો, ફિલ્મો, વ્યસનો અને 'અન્ય' મોજશોખમાં પસાર થવા લાગ્યા. જેની અસર તમારા અભ્યાસ પર થતી હતી. તમે પરીક્ષામાં ચોરી કરી માંડ માંડ કોલેજના બીજા વર્ષમાં અને ત્યારબાદ ત્રીજા વર્ષમાં પ્રવેશ્યા. કોલેજનું અંતિમ વર્ષ તમારા બંનેના ભવિષ્ય માટે ખૂબ મહત્વનું હતું છતાં તમે બંને જુવાનીના મોજશોખ અને આનંદમાં જ ચાલુ રહ્યા.

આજ વર્ષે દિવાળીની રજાઓમાં મંડળી તરફથી જુવાન ભાઈ-બહેનોના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. તમારે આ દિવસોમાં રજા હોવાથી અને વિશેષ મંડળીમાંથી 'બધા' જાય છે. માટે મજા આવશે. એમ વિચારી તમે બંન્નેએ પણ કેમ્પમાં જવાનું નક્કી કર્યું.

કેમ્પમાં પ્રથમ જ વાર તમને ઈશ્વરના પ્રેમ, બલિદાન અને કૃપા વિશે ઊંડાણથી જાણવા મળ્યું. અને તમે જોતાં હતા કે આની અસર પહેલેથી જ મનન પર થવાં લાગી હતી અને આખરે કેમ્પના છેલ્લાં દિવસે મનને પ્રભુમાં પોતાનો વિશ્વાસ અને અને નિર્ણય જાહેર કર્યો. તમને પણ એ દિવસો દરમ્યાન ઘણી આવી તકો પ્રાપ્ત થઈ મંથન. પણ તમે એ પ્રત્યે બેદરકાર રહ્યા.

કેમ્પ પછીનું મનનનું જીવન તદ્દન બદલાઈ ગયેલું તમે જોયું. તેણે દરેક ખોટી મિત્રતા અને મોજશોખ બંધ કર્યા અને અભ્યાસમાં પોતાનું ધ્યાન પરોવ્યું. જોકે તમારી સાથેની મિત્રતા અમુક મર્યાદાઓમાં ચાલું રહી પણ તમે તો તમારા જૂના જીવનમાં ચાલું રહ્યા અને જ્યારે જ્યારે મનન તમને પ્રભુને જીવન સોંપવા સંબંધી સમજાવતો ત્યારે તમે કહેતા હતા

"હું મારા જીવનને કોઈપણ પ્રકારના બંધનમાં લાવવા માંગતો નથી કે મારા જીવનને આત્મિક બાબતો પૂરતી મર્યાદિત બનાવી દેવા ઈચ્છતો નથી. મારે જીવનના દરેક મોજશોખ અને આનંદ ભોગવવા છે. હું એ દરેક કામ કરવા માંગુ છું કે જેના દ્વારા હું જીવનના દરેક સુખ પ્રાપ્ત કરી શકું. જે હું તારી રીતે મેળવી શકું તેમ નથી. મનન તમારી દ્રષ્ટિએ કદાચ હું ખોટો હોઈશું પણ મારા મતે આનું નામ જ જીવન છે." અને ધીરે ધીરે મનને તમને સમજાવવાનું બંધ કરી દીધું હતું.

તે દિવસોમાં તમારું મળવાનું લગભગ બંધ થઈ ગયું હતું. કારણકે પરીક્ષા ખૂબ નજીક હતી અને મનન સંપૂર્ણપણે અભ્યાસમાં ધ્યાન આપતો હતો. એ દિવસે જ્યારે તમે સાંજે ઘરે આવ્યા અને તમને જાણ થઈ કે મનનને જીવલેણ અકસ્માત નડ્યો છે. અને તેને ખૂબજ ગંભીર હાલતમાં દવાખાને લઈ જવામાં આવ્યો છે. તમે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના દવાખાને પહોંચ્યા, જ્યાં તમારો ખાસ મિત્ર મનન છેલ્લી ક્ષણો ગણી રહ્યો હતો. તમે આજુ બાજુ વળેલી ભીડને પસાર કરી મનન પાસે પહોંચ્યા, જ્યાં મનનની હાલત જોઈ તમે લગભગ રડી પડ્યા. પરંતુ તમારા અને આજુબાજુના ઊભેલા આશ્ચર્ય વચ્ચે મનનના ચહેરા પર એક ન કળી શકાય તેવી ખુશી અને આનંદ પથરાયેલા હતા. મંથન અને મનને તમને લથડતાં સ્વરે કહ્યું હતું, "તું શા માટે રડી રહ્યો છે? આજે તો મારા માટે સૌથી મોટા આનંદનો દિવસ છે. હું જોઈ રહ્યો છું કે, ઈસુ ખ્રિસ્ત સ્વર્ગમાં મારો આવકાર કરવા ઊભા રહ્યા છે." તમારાથી ન રહેવાતા ઈશ્વર પ્રત્યે તમે તમારો આક્રોશ પ્રગટ કરતાં કહ્યું હતું "મંથન જેને તેં જીવન સોંપ્યું તેણે જ આજે તને મૃત્યું પાસે લાવીને મૂકી દીધો છે. હજુ પણ તું તેને છોડતો નથી અને હવે થોડાં સમય પછી તો કદાચ તું...."અને તમે અટકી ગયા હતા ત્યા જ મનન બોલ્યો, "હા, ચોક્કસ થોડાં સમય બાદ હું મરણ પામીશ પણ મને તેનો પૂરેપૂરો આનંદ છે. હું ભલે મરીશ પણ એક નવા જીવનને માટે એક એવું જીવન જેને મરણ નામનો અંત નહિ હોય. અંત એવું જીવન કે જેમાં હું અનંતકાળ આનંદ કરીશ." અને ત્યારબાદ મનને કહ્યું હતું કે, "દુનિયામાં ઘણાં બધાં એવાં લોકો હોય છે કે જેઓ ફક્ત મરવા માટે જીવતા હોય છે. અને કેટલાક લોકો એવાં હોય છે કે જેઓ જીવવા માટે મરતા હોય છે."

તમારા મિત્રના મૃત્યુને આજે ત્રીસ વર્ષ વીતી ચૂકયાં છે અને હજુ સુધી તમે દુનિયાના એ ઘણા બધા લોકોના જૂથમાં જીવતા આવ્યા જે જીવનના મૃત્યુ પછીની શરૂઆત પણ મૃત્યુજ છે. તમે તમારા જીવનમાં દરેક સુખ પ્રાપ્ત કરવા માંગતા હતા. કે પ્રાપ્ત કરવા તમે શું કર્યું? જૂઠ્ઠુ બોલ્યા, અપ્રમાણિક બન્યા, ખોટી રીતે પૈસા મેળવ્યા. જે પાપોનું પરિણામ ચોક્કસપણે નાશ જ છે એ વાત જાણતા હોવા છતાં પણ તમે ઈશ્વરના આમંત્રણને નકારતા આવ્યા છો મંથન.

આજે આટલાં વર્ષો પછી પણ તમારે હજી 'કંઈક' મેળવી લેવું છે. 'કંઈક' કરી લેવું છે. આ 'કંઈક' મેળવી લેવામાં અને 'કંઈક' કરી લેવામાં તમે એટલા વ્યસ્ત થઈ ગયા છો કે તમને એ વિચારવાનો સમય પણ નથી મળતો મંથન કે તેની પાછળ તમારા જીવનનાં કેટલાય વર્ષો ખર્ચાઈ ગયા છે છતાં તમે હજુ સુધી એ પ્રાપ્ત કરી શક્યા નથી. કારણ કે હજુ આજે પણ તમે 'કંઈક' કરી લેવામાં અને 'કંઈક' મેળવી લેવામાં જ વ્યસ્ત છો. તો પછી તમારા આટલા વર્ષો તમારી જુવાની, તમારો સમય, તમારી શક્તિ, તમારું અડધું જીવન આ બધું મેળવવામાં વ્યર્થ ગયું હોય એણ નથી લાગતું? શું તમારા જીવનની આ ઉઘાડી વાસ્તવિકતા નથી? હજુ ક્યાં સુધીતમે સઘળું મેળવ્યાનો ઠાલો સંતોષ પામી પોતાની જાતને જ છેતરતા રહેશો? અને આજે જ્યારે ફરી એકવાર ઈશ્વર તમારા વીતી ગયેલા લગભગ વ્યર્થ જીવનદ્વારા અને વિશેષ મનનના મરણ દ્વારા તમારી સાથે સ્પષ્ટ વાત કરી રહ્યા છે ત્યારે હજુ પણ તમે ઈશ્વરની વાત સ્વીકારવા ખચકાટ અનુભવી રહ્યાં છો મંથન. ક્યાં સુધી તમે આ અનિશ્ચિત નાશવંત જીવનમાં રચ્યાપચ્યા રહેશો? હજુ ક્યાં સધીતમે ઈશ્વરને પ્રેમની અને તેના આમંત્રણને નકારતા રહેશો? હા, ક્યાં સુધી?.....

## મારું ગામ

*શ્રી વસંત કામદાર*

સૂના સૂના આકાશમાં મારું ગામ
ભૂરા વાદળાનાં
મેઘ ઈંધણથી
રચ્યાં મેં ચમકાર
તારલિયામાં દિવા પ્રગટે
દૂર થાયે અંધકાર
મારાં ઘરની રોશનીની તારું નામ. સૂના...

રસ્તા રહેમનાં;
પ્રેમનાં પગલાં
સેવા નામની શેરી
સાથે છે એકતા,
કેડીઓ કર્મ કેરી
ચાલું ચાલું મારે કાજ ના વિરામ સુના...

# ડેનીમાં જાગેલો વિશ્વાસ

*-રાઈટ રેવ. બિશપ જે. જે. ક્રિસ્પાલ*

રવિકુમાર અને બિએટ્રીસ સાધારણ સ્થિતિમાં રહેતા હતા. કરકસર અને સાદાઈથી જીવન જીવતા હતા. ઈશ્વરે તેમને એક પુત્રનું દાન આપીને તેમની જીવનઝોળીને અઢળક આનંદથી છલકાવી દીધી હતી. આ પુત્ર ઈશ્વર પર વિશ્વાસ રાખીને જીવન જીવે, પ્રાર્થના પરાયણ બને એવી આશાએ તેમણે તેનું નામ ડેનિયેલ પાડ્યું. તેને લાડમાં ડેની કહેવા લાગ્યા.

આ નાના કુટુંબમાં રવિના વિધવા મા રેચલબહેન તેમની સાથે રહેતા હતા. તેઓ પ્રભુ પર તથા પ્રાર્થનાના પરાક્રમની અસર ઉપર શ્રદ્ધા રાખતા હતા. ઘર-કુટુંબમાં તેમની હાજરી બધાને માટે આશીર્વાદરૂપ હતી. જીવન-વ્યવહારની ઘણી બાબતોમાં તેમનો લાંબો અનુભવ, ડહાપણ, ધીરજ અને ઠરેલપણું કુટુંબને ઉપયોગી થતું હતું.

રવિ પ્રાથમિક શાળામાં શિક્ષક હતો. તે ઉદ્યમી, પ્રમાણિક અને પોતાની ફરજ પ્રત્યે જાગૃત અને વફાદાર હતો. શિક્ષક-મંડળમાં ખ્રિસ્તી તરીકે તેની શાખ સારી હતી. ઉપરી અધિકારી પ્રત્યે તેનું વર્તન વિવેકી અને વિનયી હતું. તેથી શાળાના આચાર્ય તેની પ્રત્યે ભાવ રાખતા અને તેનું માન જાળવતા. ઘણી બાબતોમાં તેઓ રવિની સલાહ લેતા. રવિ માનતો હતો કે ,પ્રેમ અને પ્રમાણિકપણું સાથે સાથે જાય છે. પ્રેમ વિનાનું પ્રમાણિકપણું હૃદયને જડ અને કઠણ બનાવે છે અને પ્રમાણિકપણા વિનાનો પ્રેમ હૃદયનું પોચાપણું અને અશિસ્ત જન્માવે છે. આવા પોચાપણાથી હાનિ ઉપજે છે. આવા ડહાપણની પાછળ રવિનો ખ્રિસ્તી વિશ્વાસ અને ઈશ્વરનો આદરયુક્ત ભય અને જીવન-પરિવર્તનનો અંગત અનુભવ હતો.

બિએટ્રીસ ધર્મપરાયણ સ્ત્રી હતી. ઘરકામમાં, ઘરની સફાઈ કરી સુઘડ રાખવામાં તે કોઈ જાતની આળસ કરતી નહિ. રસોઈમાં તેને રસ હતો. સામાન્ય સામગ્રીથી સ્વાદિષ્ટ વાનગીઓ બનાવતી. સ્થાનિક મહિલા સંઘની મારફતે ઓર્ડરો લઈને તે ઘેર પાપડ, ફરસાણ વગેરે બનાવતી અને દર માસે ઠીક-ઠીક આવક કરતી. તેથી ઘરખર્ચમાં તથા ડેનીને માટે પુસ્તકો ખરીદવામાં તે સારો ફાળો આપતી હતી.

રવિ, બિએટ્રીસ અને રેચેલ દાદીએ ડેનીને ધાર્મિક જીવનમાં સારી દોરવણી આપી હતી અને તેને પ્રભુના ભયમાં ઉછેર્યો હતો. તેમ છતાં કેટલીકવાર ખાવાની બાબતમાં તે અરૂચિ બતાવતો અને ખાવાની ના પાડતો, ત્યારે તેની મા તેને પ્રેમથી સમજાવતી અને ડેની જમી લેતો.

ડેની પાંચેક વર્ષનો થયો ત્યારે તેને શાળામાં મૂક્યો. પાંચમું ધોરણ પાસ થયો, ત્યારે તેના મા-બાપે તેને શહેરની શ્રેષ્ઠ ગણાતી શાળાઓમાંની એકમાં મૂકવાનો નિર્ણય લીધો. જો કે, આવી શાળામાં રવિ કે બિએટ્રીસ કોઈ જઈ શક્યું નહોતું. કેળવણી ખર્ચાળ હોવા છતાં તેમણે ડેનીને ઉચ્ચ કક્ષાની શાળામાં મૂક્યો.

ડેની નાનો હતો, છતાં તે ઘણું સમજતો હતો. તે મા-બાપની સાદાઈ અને કરકસરથી માહિતગાર હતો. તે આજ્ઞાંકિત હતો માટે મા-બાપ કહે તેમ કરતો. પિતાની પાસે બેસીને

ધ્યાનથી અભ્યાસ કરતો. શાળામાં શિક્ષક જે કહે તે સાંભળતો અને જે કંઈ શીખવે તે એકાગ્ર ચિત્ત રાખીને શીખતો. ઘેર આવીને ચીવટથી ઘરકામ કરતો અને આપેલા પાઠ વાંચતો. આ રીતે વાર્ષિક પરીક્ષામાં સારા માર્કે પ્રથમ નંબરે પાસ થતો. દરેક વિષયમાં પ્રથમ ઈનામ જીતી જતો.

દિન-પ્રતિદિન ડેની શિક્ષણક્ષેત્રે પ્રગતિ કરવા લાગ્યો. નવમાં ધોરણમાં તો તેણે બધા જ વિષયોમાં ૮૫ ટકાથી ૯૦ ટકા સુધીના માર્ક મેળવ્યા.

દશમા ધોરણમાં આવ્યો ત્યારે જેમ કોઈ પર્વતના શિખરે જઈ પહોંચેલો કિશોર નીચે દ્રષ્ટિ કરે અને પોતે કેટલો બધો ઉંચે પહોંચી ગયો છે એમ વિચારી ગૌરવમાં રાચે તેમ ડેની વિચારવા લાગ્યો. તેને પોતાની બુદ્ધિશક્ત, સ્મરણશક્તિ અને આવડતનું અભિમાન થયું. બીજા વિદ્યાર્થીઓ કરતા પોતે કેટલો બધો ચઢિયાતો છે તેના ભાન સાથે તેને થયું કે હું તો વર્ગમાં ધ્યાન આપું તો પણ મારો ગ્રેડ સાચવી શકીશ અને પરીક્ષામાં સારા માર્ક મેળવી શકીશ. આવા અહ્મને લીધે તે અભ્યાસ કરવામાં મંદ અને આળસુ બનવા લાગ્યો.

ધીમે-ધીમે ડેની પોતાના ઉચ્ચ કક્ષાના ધ્યેયથી કેટલો નીચે જઈ રહ્યો છે તેનું તેને ભાન રહ્યું નહિ.

છ માસિક પરીક્ષા આવી. તેનું પરિણામ બહાર પડ્યું ત્યારે તેને ખબર પડી કે મોટા ભાગના વિષયોમાં તેને ૫૫ ટકા માર્ક મળ્યા છે. એક કે બે વિષયમાં જ તે ૬૦ ટકા મેળવી શક્યો છે. આ જોઈને શિક્ષકો નિરાશ થયા. તેના મા-બાપને તો આઘાતજનક દુઃખ લાગ્યું.

આમ કેમ થયું તેનો ડેની વિચાર કરવા લાગ્યો. તેને સમજાયું કે, અભિમાન કરવાથી ઈશ્વર પરની શ્રદ્ધા ઘટે છે અને બેદરકારી વધે છે. બુદ્ધિશક્તિમાં અને સ્મરણશક્તિ પર કાપ મૂકાય છે. પણ હવે કરવું શું?

દાદી રેચલ અને ડેનીના મા-બાપ તેને માટે પ્રાર્થના કરતા હતા. પ્રભુપિતા તેને દોરવણી આપે તેવી વિનંતી કરતા હતા.

એક સવારે ડેની બાઈબલ વાંચી રહ્યો હતો, ત્યારે માથ્થી ૨૬:૧૯માંના વચને તેનું ધ્યાન દોર્યું. 'દેવને સર્વ શક્ય છે.' તે વિચાર કરવા લાગ્યો. હા, ભૂતકાળમાં ઈશ્વરે મને સહાય કરી છે. મારા મા-બાપ અને દાદી મારા પર ભરોસો રાખે છે. તેઓએ મને ઉત્તેજન આપ્યું છે. તેનામાં ઈશ્વર પરનો વિશ્વાસ જાગૃત થયો. તેની શંકાઓ દૂર થઈ. તેનામાં આત્મવિશ્વાસ જન્મ્યો. જો, હું ઈશ્વર સહાયથી શિક્ષણમાં પ્રગતિ સાધી શક્યો તો હજુ પણ તેની સહાયથી તેમ કરી શકીશ.

આ અનુભવ પછી ડેની ખંતથી અભ્યાસ કરવા મંડ્યો. જેમ જેમ વર્ગમાં અભ્યાસક્રમ આગળ ચાલતો તેમ તેમ તે ઘેર પણ તેનું પુનરાવર્તન કરતો. આમ તેણે પ્રથમની જેમ ગ્રેડની સિદ્ધિ પ્રાપ્ત કરી. માસિક ટેસ્ટમાં તે ૮૦ ટકાથી ૮૫ ટકા માર્ક મેળવવા લાગ્યો.

ઈશ્વર પરની શ્રદ્ધા દ્વારા જ અજાયબ જેવી શક્તિ અને અભ્યાસ કરવામાં ચિત્તની એકાગ્રતા જન્મે છે.

# ચકલી અને તેનાં બચ્ચાં

- શ્રી સુરેન્દ્ર આસ્થાવાદી

એક ચકલી હતી. તે માળામાં રહેતી હતી. તેની સાથે તેનાં બચ્ચાં પણ રહેતાં હતા. દરરોજ તે પોતાના બચ્ચાં માટે દાણા લાવે અને તેમને ખવડાવે. એમ કરતાં કરતાં બચ્ચાં થોડાક મોટા થયા.

હવે બચ્ચાં તેમની માની માફક ઉડવા માટે તલપાપડ થઈ ગયા. પણ હજી તેમનાથી બરાબર ઉડી શકાતું ન હતું. તેઓ પાંખો ફફડાવવા લાગ્યા. થોડુંક ઉડે અને પડી જાય. પછી વધારે ઉડે અને પાછા પડી જાય. પડે, વાગે તોય પાછા ઉડવા જ લાગે. તેમને તો હવે બસ ઉડવાનું જ ગમે. ચકલી તેમને મદદ કરે.

આખરે બચ્ચાં સરસ રીતે ઉડતાં થઈ ગયા.

પણ પછી એવું થયું કે હવે એમની માતા-ચકલીનું ઉડવાનું બંધ થઈ ગયું. કેમ કે, તે વૃદ્ધ થઈ ગઈ હતી અને તેને નબળાઈ આવી ગઈ હતી. તેને ચણવા જવાની ઈચ્છા થતી હતી, પણ તેની પાંચો ઢીલી પડી ગઈ હતી. તેથી હવે તેનાથી ઉડી શકાય તેમ ન હતું.

અગાઉ જ્યારે બચ્ચાં નાના હતા ત્યારે ચકલીએ તેમના માટે બહુ કર્યું હતું. એણે દાણા લાવીને તેમની ચાંચમાં મૂક્યા હતા. હૂંફાળા માળામાં પાંખો નીચે ઢાંકીને તેમને સાચવ્યા હતા. ઠંડી વખતે તેમને પાંખોમાં ગરમાવો આપ્યો હતો અને વરસાદની ઝડીઓમાં પાંખો પહોળી કરીને તેની નીચે બચ્ચાંને પલળવા દીધા ન હતા.

હવે એવો વારો બચ્ચાંનો આવ્યો છે કે તેઓ મોટા થયા છે એટલે ઉડીઉડીને બહાર જાય છે. દાણા લાવે છે. ચકલીમાને ખવડાવે અને એની સારસંભાળ રાખે છે.

ચકલીને તો હવે કશી જ ચિંતા રહી નથી. એ તો પોતાના બચ્ચાંની આવી સેવા પામીને અડધી-અડધી થઈ જાય છે અને આવા સંસ્કારી અને સેવાભાવી બચ્ચાં રૂપી કૃપાદાનને લીધે પ્રભુબાપનો આભાર માન્યા કરે છે. જરાય દુઃખી થતી નથી અને આનંદથી પોતાનું જીવન સંતોષપૂર્વક કરે છે.

ચકલીનાં આ મોટાં થયેલા બચ્ચાં કોઈ કોઈ વખત ફર...ર...ર કરતાં ઉડીને માણસોના ઘરમાં આવે છે અને ચક.. ચક અવાજ કરીને કશું કહ્યાં કરે છે. પછી પાછા ચક..ચક.. અને ચીં... ચી... કરીને ઉડી જાય છે. પણ ઘરમાં રહેનારા બાળકો અને એમની માતાઓ પેલા બચ્ચાંની વાત સમજી શકતા નથી. એમની વાત સાંભળવા જેવી છે. એ બચ્ચાં એવું કહે છે કે, અમારી માએ અમને સારી રીતે ઉછેર્યાં છે. હવે અમે અમારી માને સંભાળીએ છીએ. તમેય બધાં આવું કરતા રહેજો.

બાળમિત્રો ! આ બચ્ચાં શું કહે છે તે સમજી ગયાં ને ? હવે તો મોટાં થશો ત્યારે તમારો વારો આવશે. ત્યારે તમે પણ તમારા ઘરડાં મા-બાપની સેવા કરજો.

# નાની નીનુ

- શ્રીમતી સરોજબહેન સી. જૈયેશ

એક નાનકડી બાળા નીનુની આ વાત છે. તે નાનકડી ઢીંગલી જેવી જ દેખાતી. જાતજાતની રમતો રમતી. ગીતો ગાતી, વાતો કરતી અને હંમેશા પ્રભુને પસંદ પડે એવી જ રમતો રમતી. તે પ્રાર્થના કરતી. કોઈ વાર પાદરીસાહેબ બનતી. કોઈ વાર ડૉક્ટર બનતી, કોઈ વાર બગલથેલો ભરાવી સુવાર્તાની ચોપડીઓ આજુબાજુનાં ઘરોમાં પહોંચાડતી.

તેને પોતાના નામ કરતાંયે લાડીલું નામ 'નીનુ' ખૂબ જ ગમતું. કોઈ નીનુ કહે એટલે તે હસતી-કૂદતી દોડી જઈ ધીરેથી ઠાવકાઈથી કહેતી : શું છે ? અને સૌ તેની પર વારી વારી જાતાં.

આ નાનકડી નીનુને એક વાર તેના મમ્મી-પપ્પાએ રાતની કૌટુંબિક પ્રાર્થના વખતે દશ આજ્ઞાઓ શીખવી. નીનુને તો મઝા પડી ગઈ. તેણે કાગળમાં દશ આજ્ઞાઓ લખી નાખી અને સવારે તેના જેવડાં થોડાં બાળકોને રમવા નોતર્યાં. ભીત પર કાગળ ચોંટાડ્યો. નાની સોટી લીધી અને આજ્ઞાઓ વંચાવવા લાગી. બધાં બાળકો હોંશથી બોલતાં હતાં. ત્યાં તો ચીકી નામની બાળકી બોલી ઉઠી : 'બીજી આજ્ઞા મૂર્તિને પગે લાગવું નહિ.' આ આજ્ઞા કેવી ? હું તો દરરોજ કૃષ્ણ ભગવાનની મૂર્તિને પગે લાગું છું. મારી મમ્મી મને બેબીસીટરને ત્યાં મૂકી જાય છે અને બેબીસીટર 'માસી' મને દરરોજ મૂર્તિને પગે લગાડે છે. ચાંલ્લો કરી આપે છે અને આરતી પણ આપે છે. પ્રસાદ ખવડાવે છે. હું મારી મમ્મીને દરરોજ કહું છું કે મમ્મી, આપણા ત્યાં તો મૂર્તિયે નથી અને આરતીયે નથી અને આપણે તો ચાંલ્લોય કરતા નથી. પણ માસી તો આ બધું જ મને કરાવે છે. મમ્મી બિચારી શું કરે ? એ તો કહેતી કે મારે નોકરી કરવાની, ટ્યુશનો કરવાના એટલે આખો દિવસ તને કોણ સંભાળે ? તેથી માસી કહે તેમ કરવાનું પણ પછી ચાંલ્લો ભૂંસી નાંખવાનો. મારી મમ્મીને તો બસ પૈસા જ પૈસા. બીજી વાત જ નહિ. ચીકીની વાત સાંભળી નીનુને ખૂબ જ દુઃખ થયું. તે બોલી ઉઠી જો ચીકી, 'મૂર્તિને પગે લાગવું નહિ' એટલે કોઈ પણ જગ્યાએ, કોઈ પણ સમયે મૂર્તિને પગે લાગવું જોઈએ નહિ. પ્રભુ ઈસુ આપણા ઉપર પ્રેમ કરે છે. તે આપણા મિત્ર બનવા માંગે છે. પ્રભુ ઈસુએ જ આપણને બનાવ્યાં છે. પ્રભુ ઈસુએ જ આપણને આ બધું આપ્યું છે. આપણે પ્રભુ ઈસુના મિત્ર બનવું હોય તો તેમની આપેલી આજ્ઞાઓ પાળવી જોઈએ. આ વાત અમે સાબ્બાથશાળામાં શીખ્યા. અને મારા મમ્મી-પપ્પાએ મને દશ આજ્ઞા મોઢે કરાવી. તું પણ હવે સાબ્બાથશાળામાં આવજે.

ચીકી તો નીનુની વાત સાંભળીને ધ્રુસ્કે ને ધ્રુસ્કે રડવા લાગી. તે પહેલા ધોરણમાં ભણતી હતી અને તેને સવારની સ્કૂલ હતી. બપોરના તે બેબીસીટરના ત્યાં જતી હતી. પ્રભુ ઈસુને મિત્ર બનાવવા તે લાચાર હતી, પણ નીનુએ તેને કહ્યું, ચીકી તું ગભરાઈશ નહિ. તું

દરરોજ બપોરે મારે ઘેર આવજે. આપણે જમીશું, આરામ કરીશું, હોમવર્ક કરીશું અને પછી રમીશું. સાંજે તારા મમ્મી મારા ઘરેથી તને લઈ જશે. તારા મમ્મીના બેબીસીટરને આપવાના પૈસા બચી જશે અને તારે મૂર્તિને પગે લાગવું નહિ પડે અને ઈસુબાપ તારા મિત્ર બનશે.

બાળકો, પ્રભુ ઈસુ તમારી પર પ્રેમ કરે છે. તમને મિત્ર બનાવવા ઈચ્છે છે. પ્રભુ ઈસુને તમારા મિત્ર બનાવો.

માતા-પિતાઓ તમે કોઈ વાર બાળકોની રમતોમાં અને વાતોમાં રસ લેશો તો નાના-નાના બાળકો જેઓને બાઈબલનું શિક્ષણ મળે છે, તેમના મોંમાં પ્રભુ ઈસુ કેવા અદ્ભુત વચનો મૂકે છે તે જાણવાનું મળશે.

## બાલવાડી

**મેરિયન આર. ક્રિસ્ટી**

હરી ભરી આ બાલવાડી મહીં
ખીલ્યાં ફૂલો પ્યારાં પ્યારાં!

મહેંકી રહેતી આ આંગણવાડી
કલ કલ વહેતી પ્રેમની ધારા

લખે છે કાંઈક નાનકડું ફુલ
નાનીશી વારતા, વારતા કે ગીત...

તો કોઈ નાનકડું પુષ્પ પ્રસારતું
કાલાઘેલા શુભ સંદેશે પ્રીત..

લખે છે કાંઈક નાનકડું 'દોસ્ત'
'ચાલો હસીએ'કે જરા હસો હળવે

આંગણવાડીનાં નાનશાં ફુલડાં
સૌને ગમતાં પ્યારાં પ્યારાં!

'આંગણવાડી'ની ક્યારીમાં સીંચતા
ફુલોનાં 'મામા'ફોરમનો રસ!

પ્રેમની ઝારીએ વિહરતાં ફુલ ફુલ
માળીની જેમ લેતાં મીઠી સંભાળ!

'આંગણવાડી'ની અંતર ક્યારીાં
સ્નેહરોપે બાળમિત્ર 'અભિલાષી'

દેવે દીધેલ જ્ઞાનનો દીવો પ્રજવાળે છે
વહાલુડાં ફુલડાંના પ્રિય 'રોબર્ટ કાકા'

'બાલવાડી'માં સ્થાન છે સૌ કોઈને
મોટેરાં હોય કે, હોયે નાનકડાં

એવી આ 'બાલવાડી'માં આવો
બની રહીએસૌ પ્રભુનાં ફુલડાં!

# માનવતાનો માનવી

*- શ્રી કનુભાઈ જે. મસીહી*

બે મિત્રો હતા. એક જ લત્તામાં અને એક જ શાળામાં ભણતા વિદ્યાર્થીઓ સાથે આવે, અને સાથે જાય. એક દિવસ બંને વચ્ચે ખોરાક વિશે વાતો ચાલી. તેં શું ખાધું ? ના પ્રશ્નોની ચર્ચામાં મારો ખોરાક સારો, મારો ખોરાક સારોની રકઝક થઈ. રકઝકથી તડાતડી થઈ, તડાતડીથી બોલાચાલી, બોલાબોલીથી મારામારી સુધી વાત આવી ગઈ. મિત્રો લડી પડ્યા. જેમાં એક હાર્યો, એક જીત્યો.

જીતનારને હારેલાએ મ્હેણું માર્યું, મને પણ તારી માફક સ્વાદિષ્ટ ભરપૂર ભોજન મળ્યું હોત તો તને કદી જીતવા ન દેત. જીતનારને મ્હેણું બરાબર લાગી આવ્યું. ભલે તે જીત્યો, પણ મનથી હારી ગયો. શું ફક્ત ખોરાક ખાવાથી જ જીતી શકાય ? ખોરાક વગર જીતવાની કોઈ રીત ખરી ? મૂંઝવણ પેદા થઈ.

મૂંઝવણ દૂર કરવા તૈયારી કરી, વિચારો કર્યા. અમલમાં મૂકવા પ્રયત્ન શરૂ થયા. મન મૂકીને ભણતરમાં ધ્યાન પરોવ્યું અને ભણીને ડૉક્ટર બન્યા ને ધીકતી કમાણી શરૂ કરી. ખોરાકનું ધ્યાન ઓછું થયું. ટંક પર જે મળ્યું તે પ્રભુને આભાર માની ખાધું ને કાર્ય શરૂ કર્યું. ધન ભેગું થવા લાગ્યું. મકાન બનાવ્યું. સગવડ વધારી પણ પેલું મ્હેણું યાદ આવે છે, 'મને પણ તારી માફક સ્વાદિષ્ટ ભોજન મળ્યું હોત તો તને કદી જીતવા ન દેત.'

એક દિવસ વિચારોથી થાકીને મા-બાપને કહ્યું. ટૂંક સમયમાં નોકરી છોડું છું. શા માટે ? કોઈ મુશ્કેલી છે ? બાપે પૂછ્યું. ના, મુશ્કેલી તો કાંઈ જ નથી પણ ખરી કમાણી કરવા જવા વિચાર છે. તો શું, આ ખોટી કમાણી છે ? બીજો પ્રશ્ન આવ્યો. ખોટી તો કેમ કહેવાય, પણ મન માનતું નથી. કમાણીથી સંતોષ નથી. કાંઈક ઓછું લાગે છે. ભાઈ, કાંઈ ઓછું નથી. આટલી કમાણી શરૂઆતમાં બસ છે. ધીમે-ધીમે આગળ વધાશે. નોકર-ચાકર, વાડી-વજીફા આવશે. કોઠારો નાના પડશે તેમ તેમ મોટા કરાવીશું. તું તારે શાંતિથી નોકરી કરી બીજે જવાની વાત છોડી દે.

પિતાજી, વધારે ઓછાનો સવાલ નથી. આ જે છે તે જ મારે બસ છે. ફક્ત મારે તો પૈસા નહિ, લોકોના મન જીતવા છે. લોકોની સેવા કરવી છે. જે અહીં થઈ શકે તેમ નથી. જે સેવાથી મારું મન રાજી થાય, મનને શાંતિ વળે, આનંદ મળે, ભલે પૈસા ઓછા મળે તેની ચિંતા નથી.

સગા-સંબંધીઓએ ડૉક્ટરને સમજાવ્યા : ભાઈ સેવા તો અહીં પણ થઈ શકે છે. દરરોજ એક બે કેસને મફત દવા આપજે. જરૂર પ્રમાણે ગરીબને ઘેર વગર ફીએ વિઝીટે જજે. પણ અહીં રહી તે સેવા કર.

મારું મન માનતું નથી. હવે તો મને અહી મૂંઝવણ થાય છે. જાણે મને કોઈ સાદ પાડીને બોલાવી રહ્યું છે.

# રાજવી મહેમાન

*- શ્રીમતી ઉષાબહેન હેરી*

એક જુવાન છોકરો હતો, તેનું નામ રમેશ. તે એક નાના ઝૂંપડામાં રહેતો હતો. તેના મા-બાપ ગુજરી ગયા હતા. તેને બીજા કોઈ ભાઈ-બહેન કે સગા-સંબંધીઓ ન હતા. તેનું ઝૂંપડું પણ એક અંધારી જેલની કોટડી જેવું હતું. તેનું ઘર તદ્દન જર્જરિત થઈ ગયું હતું. ભોંયતળિયે તેના મા-બાપ હતા ત્યારે છાણ-માટીથી લીપ્યું હશે, તે બધું ઉખડી ગયું હતું. તેનું છાપરું ખવાઈ ગયું હતું ને કાણાં પડી ગયા હતા. જેમાંથી સૂર્યના છુપા કિરણો ડોકિયા કરતાં ને વરસાદ ઘરમાં ટપકતો. તેની દીવાલો ખરબચડી ને મેલી  થઈ ગઈ હતી. તેના ઝૂંપડામાં છૂટાછવાયા ચીંથરા આમ-તેમ પડ્યા હતા. તેનો સરસામાન ભાંગ્યો-તૂટ્યો, ઘરમાં વેરવિખેર પડ્યો હતો. એક ખૂણામાં તૂટેલી ખખડધજ પેટીમાં ફૂગાયેલા સૂકા રોટલાના કેટલાક કકડા પડ્યા હતા. એ સિવાય તેના ઘરમાં એક પણ વાસણ કે કોઈ પણ સારી ચીજવસ્તુ ન હતી.

એવામાં એક દિવસ એક માણસે આવીને રમેશને ખબર આપી કે, એક મોટો રાજા આ રસ્તેથી તેની શાહી સવારી લઈ પસાર થઈ રહ્યો છે. તે તેને મળવા માગે છે. રમેશ તે રાજાને તારા ઘેર આવીને રહેવું છે. વળી, રાજાની એવી ઈચ્છા છે કે, તું આ રાજા ને તેના માણસોની મહેમાન તરીકે સરભરા કરે. બિચારો રમેશ, તો આ સાંભળીને ગભરાઈ ગયો. તેને ખૂબ બીક લાગવા માડી. કારણ કે તે તો ભિખારી જેવી હાલતમાં રહેતો હતો ને રાજાની સરભરા કેવી રીતે કરી શકે ? તેની તો ચિંતા વધી ગઈ પણ રાજાનો સંદેશ હતો તેથી તેણે વિચાર્યું કે મારે તો કંઈક કરવું પડશે.

પહેલા તો તેણે પોતાનું ઝૂંપડું સરખું કરવાનો તથા સાફસૂફ કરવાનો વિચાર કર્યો. પાણીથી તેનું ભોંયતળિયું ધોવા લાગ્યો પણ તેથી તો વધારે કાદવ થયો ને ઉભું પણ ન રહેવાય તેવી સ્થિતિ થઈ ગઈ. દીવાલોનું ગંદુ પડ ઉખેડી નાખી સાફ કરવાનો પ્રયત્ન કર્યો તો તેથી તો ઉલટા વધારે ખાડા ને ગાબડા ભીંતમાં પડ્યા અને તેનું ઝૂંપડું વધારે ખરાબ ને ગંદુ દેખાવા લાગ્યું. તેની પાસે જે તૂટેલો-ફૂટેલો સામાન ને વાસણ હતા. તેમાં તો તે કોઈ પણ ફેરફાર કરી શક્યો નહિ. વળી તે પોતે એટલો ગરીબ ને કંગાલ હતો કે નવું કાંઈજ તે ખરીદી શકે તેમ ન હતો. બિચારો રમેશ મનોમન ખૂબ શરમ અનુભવવા લાગ્યો. તેણે નિશ્ચય કર્યો કે, હવે એક જ રસ્તો છે કે રાજા આવશે ત્યારે હું એક ખૂણામાં સંતાઈ રહીશ. કારણ કે, રાજાની પરોણાગત કરવા માટે મારી પાસે કંઈ જ નથી.

ઘણો વખત પસાર થઈ ગયો ને રાજાને આવવાનો સમય થયો એટલે રમેશ તો ઝૂંપડાનું બારણું અંદરથી બંધ કરીને એક ખૂણામાં સંતાઈને બેસી ગયો. થોડીવારમાં કોઈના પગલાનો અવાજ તેના ઝૂંપડા પાસે સંભળાયો ને કોઈએ તેના ઝૂંપડાનું બારણું ઠોકવા માંડ્યું. રમેશને હતું કે, હું દરવાજો નહિ ખોલું એટલે ઝૂંપડામાં કોઈ નથી એમ સમજી રાજા જતા

રહેશે. પરંતુ પહેલાના કરતાં પણ જોરથી બારણું ઠોકવાનો અવાજ આવવા લાગ્યો. વળી કોઈ સતત હાંક મારતું હતું કે, 'રાજાને સારું દરવાજો ઉઘાડ.'

રમેશને થયું કે, હવે હું સંતાઈ રહી શકવાનો નથી. તેથી તેણે બીતા-બીતા કહ્યું, 'હું દરવાજો ખોલી શકતો નથી. કારણ કે રાજાને માટે મારું આ ઝૂંપડું યોય નથી.' પરંતુ દરવાજો ખખડાવવાનું ચાલુ જ રહ્યું ને ફરી અવાજ આવ્યો કે, 'રમેશ તારું ઘર કેવું છે તે હું નથી જોવા માંગતો. હું તો કેવળ તારી સાથે રહેવા માગુ છું.' ફરી રમેશે કહ્યું, 'રાજા સાહેબ પણ તમારી આગળ ધરવા માટે મારી પાસે કંઈ જ ખોરાક નથી.' એકદમ બહારથી જવાબ આવ્યો, 'મને તારો ખોરાક પણ જોઈતો નથી. તું રાજીખુશીથી મારો આવકાર કરે તે જ મારે જોઈએ છે. ખોરાક તો હું મારી સાથે પુષ્કળ લઈને આવ્યો છું.' રમેશે જવાબમાં કહ્યું કે, 'પણ રાજા સાહેબ મારું ઝૂંપડું તો સાવ તૂટેલું-ફૂટેલું નાનું, સાંકડું ને અંધારાવાળું છે.' રાજા કહે, 'મને ખબર છે તારું ઝૂંપડું કેવું છે ને તેથી જ તેને ભવ્ય ને પ્રકાશિત અને સુંદર બનાવવા માટે જ હું આવ્યો છું.' રમેશ આ બધું સાંભળ્યા છતાં કહેવા લાગ્યો, 'રાજા સાહેબ પણ તમે મારા છાપરા તળે આવો એવો લાયક હું નથી.' રાજા કહે, 'રમેશ, હું લાયકાત શોધવા માટે નહિ પણ તને સુખી ને આબાદ બનાવવા માટે તને નવું જીવન આપવા માટે આવ્યો છું.' ફરી પાછો રમેશ કહે, 'પણ માલિક, હું તો સાવ ચીંથરેહાલ છું. આવા ચીંથરા જેવા કપડાં પહેરીને તમારી સામે કેવી રીતે ઉભો રહી શકું. રાજા કહે, 'રમેશ, ચિંતા ના કર. રાજકુમારને શોભે એવા સુંદર વસ્ત્રો હું તારા માટે લઈને આવ્યો છું. તું બારણું ઉઘાડ.' રમેશ તો ખચકાતા ખચકાતા, પણ.. પણ.. એમ કહેતા તેની જીભ અટકી ગઈ. રાજા કહે હું તારા પર પ્રેમ કરું છું. તે પ્રેમ હું દર્શાવવા માગુ છું ત્યારે શું તું પણ.. પણ.. એમ કહ્યા કરીશ.

છેવટે બીતા-બીતા ધ્રુજતે પગે રમેશે દરવાજો ઉઘાડ્યો ને રાજા રમેશના ઝૂંપડામાં પ્રવેશ્યા. જેવા રાજા ઝૂંપડામાં આવ્યા કે તરત તેની રોનક બદલાઈ ગઈ. તે એક સુંદર નાના રાજમહેલમાં ફેરવાઈ ગયો. તેમાં ચારેબાજુ પ્રકાશ ફેલાઈ ગયો. વળી તેણે કદી જોઈ ના હોય તેવી મિષ્ટાન વાનગીઓ સુંદર ટેબલ પર પીરસેલી જોવામાં આવી. બધી સંકડાશ અને ગરીબાઈ અદ્રશ્ય થઈ ગયા. એક નવું જ સુંદર ઘર તેને મળ્યું. તેનો પહેરવેશ પણ બદલાઈ ગયો ને તે રાજાની સાથે ટેબલ પર જમવા બેઠો. વળી રાજાના સેવકો તેમની સેવા કરવા માટે તેમની આસપાસ ઉભેલા હતા.

વહાલા બાળકો, શું તમે તમારા જીવનોના દરવાજા આજે રાજાઓના રાજા પ્રભુ ઈસુ માટે ઉઘાડવા તૈયાર છો ? તે સતત તમારા હ્રદયદ્વારા આગળ ઉભા રહી ઠોકી રહ્યા છે ? વાંચો પ્રકટીકરણ ૩:૧૨.

'જુઓ, હું બારણા આગળ ઉભો રહીને ઠોકું છું. જો કોઈ ઉઘાડશે, તેની સાથે હું જમીશ, ને તે મારી સાથે જમશે.'

# ડમ્પી

- *શ્રી માઈકલભાઈ ક્રિશ્ચિયન*

કાળાં ચટાપટાવાળી બિલાડીના બચ્ચાંને જોઈને મીકી તો ખૂબ આનંદમાં આવી ગયો. થોડીવાર તો તેમને ધ્યાનપૂર્વક જોતો જ રહ્યો. તેને થયું, કાળા રંગના રૂ ના પોચા-પોચા પોલમાં ઈશ્વરે જીવનનો શ્વાસ ફૂંકી દીધો છે. બે પગ ઉંચા રાખીને અને બે પગવાળીને ઉભડક બેઠેલા બચ્ચા એવા સુંદર લાગતા હતા કે મીકીને તો પાસે જઈને અડકી લેવાનું મન થયું. અને એમ કરવામાં તેને મના કરનાર પણ કોણ હતું ? પપ્પા-મમ્મી તો નોકરી ગયા હતા. તે તો ધીમે રહીને બચ્ચાની પાસે ગયો અને બંને હાથ વડે બેઉ બચ્ચાં પર હાથ ફેરવવા લાગ્યો. બચ્ચાં પણ તેનાથી ડરીને ભાગ્યા નહિ. જાણે તેને ઓળખતા હોય તેમ તેની સાથે રમત કરવા લાગ્યા.

મિયાંઉ.. મિયાંઉ... મીકી પણ જાણે બિલાડીનું બચ્ચું બની ગયો હતો. હવે તેને બહાર જવાની જરૂર રહી ન હતી. સમય પસાર થતો હતો ત્યાં જ ઘડિયાળમાં ડંકા સંભળાયા. ટન.. ટન.. મીકી એકદમ ચમક્યો. અરે, આ તો મમ્મીને નોકરી પરથી છૂટવાનો સમય છે. ત્યારે જ તેને યાદ આવ્યું કે હજી તો તેણે ખાધું પણ નથી. તેને થયું આ બચ્ચાં ભૂખ્યાં તો થયાં જ હશે ને ? તે તો ઝડપથી ઉભો થયો. મમ્મીએ તેને માટે રોટલી મૂકી હતી તે ડબ્બો તથા શાકનો વાટકો લઈને ખાવા બેઠો પણ એકલો નહિ હોં ! તેણે રોટલીના થોડા ટુકડા પ્રાર્થના કરીને પેલા બચ્ચાં પાસે મૂક્યા. મીકી તો મઝાથી રોટલી અને શાક ખાઈ રહ્યો હતો, પણ બચ્ચાં રોટલી ખાતાં ન હતા. તે ઘણાં નાના હોવાથી રોટલી ખાઈ શક્તા ન હતા. મીકીને એવું કોણ સમજાવે ? તેણે તો આરામથી ખાઈને રોટલી તથા શાકનો વાટકો તેમના ઠેકાણે મૂકી દીધાં. પેલાં બચ્ચાં તો રોટલીના ટુકડાના ટુકડા કરી રહ્યા હતા અને થોડી થોડી વારે મિયાંઉ.. મિયાંઉ કરી લેતા હતા.

અચાનક મીકીના મગજમાં બત્તી થઈ ! આ બચ્ચાંને દૂધ પીવડાવ્યું હોય તો ? તેને ખબર હતી કે તેના મમ્મી-પપ્પા ફ્રીઝમાં તેને માટે દૂધ રાખે છે. મીકી તો સડાક કરતો ઉભો થયો. વાસણના ઘોડામાંથી નાની રકાબી લીધી. તેમાં તેણે દૂધ રેડ્યું અને બચ્ચાં પાસે મૂક્યું. બચ્ચાં પણ દુકાળમાંથી આવ્યા હોય તેમ દૂધ પીવા લાગ્યા. દૂધ પીતા બચ્ચા જોવાની મીકીને મઝા આવી ગઈ. કેમ કે બચ્ચાં થોડીવાર દૂધ પીએ અને પછી મોં પર ચોંટેલા દૂધને રકાબીની કિનારી પર સાફ કરે. તેમની આ ક્રિયા જોવામાં મીકીને આનંદ આવતો હતો. દૂધ પીધા પછી ફરીથી તે બચ્ચાં સાથે રમવામાં મશગુલ થઈ ગયો.

મમ્મી ઘેર આવી ત્યારે તેણે લાડથી મમ્મીને બચ્ચાં ઘરમાં રાખવા માટે સમજાવી લીધી અને પપ્પા આગળ પણ મમ્મીને વકીલ બનાવીને ઘરમાં રાખવાની મંજૂરી મેળવી

લીધી. બસ પછી જોઈએ જ શું ? મીકી જ્યાં જાય ત્યાં બચ્ચાંને સાથે લઈ જાય અને આખો દિવસ તે બચ્ચાંની સાથે રમતો અને તેમની સરભરા કરતો દેખાય. હવે મીકી માટે વેકેશન કંટાળારૂપ ન હતું.

મીકી ખાવા બેસે તો બિલાડીના બચ્ચાં પણ તેની આસપાસ ફરતાં રહે. કોઈ વાર બાથરૂમમાં મીકી જોડે નહાવા ઘૂસી જાય હોં ! રાત્રે સૂતી વખતે પણ બચ્ચાં મીકીની પથારીમાં આરામથી ઉંઘે. જેમ બચ્ચા સાથે મીકી વધારે રમતો ગયો તેમ તેની ખાસિયતો પણ તે જાણતો થયો. બંને બચ્ચામાં એક બચ્ચું જરા વધારે રમતિયાળ હતું અને વધારે દોડાદોડી કરતું હતું. તેથી તેનું નામ મીકીએ રમ્પી પાડ્યું અને બીજુ બચ્ચું માયકાંગલું હતું. તેથી તેને બેસી રહેવાનું વધારે ગમતું હતુ, તેથી તેનું નામ ડમ્પી પાડ્યું.

મીકીના બિલાડીનાં બચ્ચાં માટેની કાળજી અને મમતાને જોતાં તેના ઘણાં સાથીઓ તેને 'રમ્પી-ડમ્પીનો પપ્પો' કહેતા તો પણ મીકીને કશું ખોટું લાગતું નહિ. કોઈ એવું કહેતું ત્યારે તે તો ચૂપચાપ બચ્ચાંને પંપાળ્યા કરતો હતો. મીકી બચ્ચાં આગળ લખોટી રગડાવતો ત્યારે તેને પકડવા માટે બચ્ચાં વાઘની જેમ તરાપ મારતા. તે જોવાની તેને ખૂબ મઝા આવતી. તેના પડોશીમિત્રોને ઘણીવાર મીકીની ઈર્ષા પણ થતી હતી. રમ્પી-ડમ્પી સાથે તો મીકી જાણીતો થઈ ગયો હતો. એક દિવસની વાત છે.

સમય વહેલી સવારનો હતો. મીકી હંમેશની જેમ બંને બચ્ચાંની સાથે મીઠી ઉંઘ માણી રહ્યો હતો. ઠંડા પવનની લહેરખી તેની ઉંઘને વધુ ઘેરી બનાવી રહી હતી. પણ રમ્પી-ડમ્પી તો ઉઠી ગયા હતા. તેમને ભૂખ લાગી હતી. તેથી તેમણે તો મિયાંઉં...મિયાંઉં..નું ગીત શરૂ કરી દીધું હતું. મીકીની મમ્મી રસોડામાં કામ કરી રહી હતી. તેણે તેમની રકાબીમાં થોડું દૂધ નાંખી દીધું બંને બચ્ચાં લપલપ કરતાં દૂધ ચાટી ગયા અને પછી ફરવા નીકળ્યા. ડમ્પી તો જાણે કે પેટ ભરાવાને કારણે મીકીની બાજુમાં જઈને સૂઈ ગયું પણ રમ્પીને તો ફરવા જવું હતું.

અચાનક...

એક મોટો કાળો બિલાડો ક્યાંકથી આવી લાગ્યો. ગ...ર...ર..ર.. કરીને તેણે અવાજ કાઢયો. તેનું વિકરાળ રૂપ જોઈને રમ્પી ભાગવા ગઈ પણ ત્યારે તો મોડું થઈ ગયું હતું. પેલા બિલાડાએ જોરદાર કૂદકો મારીને રમ્પીની ગળચી પકડી લીધી. રમ્પી શું કરે ? તેના મોંમાંથી જરાપણ અવાજ નીકળી શક્યો નહિ. મીકી અચાનક જાગી ગયો અને તેણે રમ્પીને મોટા બિલાડાના મોંમાં જોઈ. તે તરત જ ઉભો થઈને દોડ્યો. પેલો બિલાડો તો વીજળીવેગે રમ્પીને લઈને નાસવા લાગ્યો. મીકીએ તરત જ તેનો પીછો પકડ્યો અને બૂમ પાડી. પણ પરિણામ તો શૂન્ય જ આવ્યું. બિલાડો કોટ કૂદીને નાસી ગયો. મીકીથી કોટ કૂદી શકાય તેમ ન હતું. પોતાની વહાલી રમ્પીનું અપહરણ થતું તે પરવશ થઈને જોઈ રહ્યો.

મીકીને તે દિવસે ખાવાનું ભાવ્યું નહિ. વારે વારે તેને રમ્પી યાદ આવતી હતી. ડમ્પી તેની પાસે જ હતી પણ રમ્પી ? જેમણે રમ્પીની વાત જાણી તેમણે મીકીને દુઃખી થતો જોઈ દિલાસો આપ્યો.

એક દિવસ સન્ડેસ્કૂલના આન્ટીએ કહ્યું, 'બાળકો, તમને મીકીની રમ્પીની વાત ખબર છે ને ? રમ્પી મીકીની પાસેથી ફરવા નીકળી અને મોટો બિલાડો તેને ઉઠાવી ગયો. એ જ પ્રમાણે ઘણાં બેદરકાર બાળકોને ખબર નથી પણ આપણો શત્રુ શેતાન પણ જે કોઈ મળે તેને ગળી જવાને માટે શોધતો ફરે છે. તમારા બાઈબલમાં જોજો. ૨ પીતર ૫:૮ વાંચજો.' જે બાળકો પ્રભુના માર્ગમાંથી દૂર જવા ચાહે છે. કુટેવો, આજ્ઞાઓ પાળતો નથી, ખરાબ મિત્રોની સંગત તથા ગંદી ફેશનોના માર્ગોમાં ચાલતા રહે છે. મા-બાપની સલાહ તથા પ્રભુના વચનને હલકું ગણે છે તેવાં બાળકોને શેતાન શોધી રહ્યો છે. તેમને તે પાપમાં ફસાવે છે અને નાશના અગ્નિમાં ખેંચી જાય છે. તેની પકડ મોતની પકડ છે. તેમાંથી છૂટવું સરળ નથી. તે આપણા કરતાં વધુ જોરવાળો બળવાન છે, મીકી તો કોટ કૂદીને રમ્પીને બચાવી ન શક્યો પણ સર્વશક્તિમાન પ્રભુ ઈસુ સ્વર્ગથી આપણે માટે પૃથ્વી પર આપણને પાપથી, શેતાનની પકડમાંથી છોડાવવા માટે આવ્યો. તેણે વધસ્તંભ પર આપણા માટે પોતાનું બલિદાન આપ્યું છે. રક્ત વહેવડાવ્યું છે. હવે જે કોઈ તેના નામ પર વિશ્વાસ કરે છે તેને તે બચાવે છે. નવું જીવન, અનંત જીવન આપે છે.

## ઈસુ મારો દીવો

*- શ્રી આલ્બર્ટ કે. ક્રિશ્ચિયન*

(રાગ) દોહરાની ઢબ (ઈસુ મારો ઘેટાં પાળક)

ઈસુ મારા ઘરનો દીવો, નિત્ય ઝગમગતો તે;<br>
પ્રેમ પ્રકાશ પ્રગટાવીને, સુખ શાંતિ દે છે<br>
ઈસુ મારા માર્ગનો દીવો, નિત્ય ઝગમગતો તે,<br>
જ્ઞાન પ્રકાશ ફેલાવીને, સત્યપંથે દોરે છે;<br>
ઈસુ મરા ઉરનો દીવો, નિત્ય ઝગમગતો તે,<br>
શુધ્ધાત્માનો પ્રકાશ અર્પી, નવો જન્મ તે દે છે<br>
ઈસુ આખા જગનો દીવો, નિત્ય ઝગમગતો તે,<br>
જીવન પ્રકાશ બક્ષીને, અનેત જીવન તે દે છે;<br>
ઈસુ ત્રિકાળ જીવંત દીવો, સદા જલતો રહે છે;<br>
હોલવાએલા દીવાને, ફરી જલતો કરે છે;

# ખરાબને છોડ્યા વિના સારું પામવાનું વ્યર્થ છે

*- અબીગાએલ રજનીકાંત દેસાઈ*

એક નગર હતું. તેમાં એક શેઠ રહે. શેઠ ભારે મખ્ખીચૂસ. લોકો સાથે બેઈમાની કરે. લોકોના અજ્ઞાનનો લાભ લે. છેતરપિંડી કરે, પરંતુ ભોળા લોકોને સાચી વાત સમજાય નહિ.

એક દિવસ આ નગરમાં એક સંત પધાર્યા. લોકો સંતના દર્શન કરી ખુશ થતા અને સંતનો ઉપદેશ સાંભળી સહુ સુખ અનુભવવા લાગ્યા. શેઠને પણ થયું કે જો સંત મારે ઘેર પધારે તો લોકો મારે ત્યાં આવતા થાય અને મારી નામના વધે ને એ રીતે સહુને છેતરવાની તક મળે. શેઠે તો એ વિચારને અમલમાં મૂકવા તરત દોડ્યા સંત પાસે. સંતના ચરણોમાં વંદન કરીને એ બોલ્યા.

સંતજી આપના આગમનથી અમારું નગર પવિત્ર બન્યું છે. હવે જો કૃપા કરીને આપ મારે ઘેર પધારો તો મારું ઘર પણ પવિત્ર બને. વળી, આપની ઉપદેશવાણી સાંભળવાની મારી ઈચ્છા છે. સંત પેલા શેઠની ચાલાકી સમજી ગયા. એમણે જવાબ આપ્યો કે ભલે કાલે સવારે તમારા ઘેર આવીશ.

બીજે દિવસે સંત શેઠના ઘેર ગયા. શેઠે સરસ મજાની રસોઈ તૈયાર કરાવી. શેઠ તો સંતની રાહ જોતા ઉભા હતા. સંત પધાર્યા અને પોતાનું પાત્ર નીચે મૂક્યું. પાત્રમાં રેત હતી. શેઠ રસોઈના તપેલા લાવ્યા. શેઠ બોલ્યા કે સંતજી આમાં તો રેત છે. રસોઈ શી રીતે મૂકું. કેમ ? એમાં શો વાંધો છે. સંતે કહ્યું. શેઠે કહ્યું કે રેત અને રસોઈ ભેગા થાય તો ગમે તેવી સ્વાદિષ્ટ રસોઈ પણ નકામી થઈ જાય. સંત મર્મભર્યું હસીને બોલ્યા તો પછી તમે મારી પાસેથી ઉપદેશ સાંભળવાની ઈચ્છા રાખો છો તેનું શું ? તમારા મનમાં પણ સ્વાર્થની રેતી ભરેલી છે. પ્રપંચનો કાદવ પડેલો છે. એવા મનરૂપી પાત્રમાં હું ગમે તેવો સદુપદેશ આપીશ તો ય તે વ્યર્થ જ જશે ને ? શેઠ સંતની વાતનો મર્મ સમજી ગયા.

આપણે જો સારી બાબત, સારા વિચારને સ્વીકારવા હોય તો ખરાબ અને ખોટી બાબતોને મનમાંથી દૂર કરવી જ જોઈએ. ખરાબને છોડ્યા વિના સારું પામવાનું વ્યર્થ છે.

પ્રામાણિક માણસો પોતાની નેકીથી બચી જશે. પણ કપટ કરનારાઓ તેમની પોતાની જ યોજનામાં સપડાઈ જશે.

મારી નેકીને હું મજબૂત પકડી રાખીશ અને તેને કદી છોડીશ નહિ.

# ચોરી ન કરવી

*- શ્રી કાંતિલાલ એમ. પરમાર*

એક દશ વર્ષની છોકરી હતી. તેનું નામ રીચી હતું. તે સુંદર અને સોહામણી હતી. ભણવામાં ખૂબ હોંશિયાર હતી. તેણીની યાદદાસ્ત તેજીલી હતી. ચાલાક, ચબરાક અને હસમુખ હતી. સાથે સાથે માયાળુ અને નમ્ર સ્વભાવની હતી. તેના પિતા સરકારી નોકરીમાં પ્રથમ વર્ગના કર્મચારી હતા. એકની એક અને લાડકવાયી હતી. વર્ગમાં અને શાળામાં સૌથી પ્રિયપાત્ર હતી. દર વર્ષે વર્ગમાં પ્રથમ નંબરે પાસ થઈ ઈનામ મેળવતી.

ખાસ કામ અંગે તેના પિતાની બદલી થવાથી તેને પણ સ્કૂલ બદલવી પડી. નવી શાળામાં શાળાનું તથા વર્ગનું વાતાવરણ ફાવી ગયું. તેજસ્વી બાળા હોવાથી વર્ગમાં અને શાળામાં બધાથી પ્રિયપાત્ર થઈ ગઈ. તેના વર્ગમાં એક જીમી નામની છોકરી હતી. આ જીમીને ચોરી કરવાની ટેવ પડી હતી. રીસેષ પડે ત્યારે છાનીમાની વર્ગમાં આવી બીજી છોકરીઓના દફતરમાંથી રબર, સંચા, પેન્સિલ તથા પૈસા પણ ચોરી લેતી. વર્ગની છોકરીઓ જાણતી હતી કે, જીમી ચોરી કરે છે પણ તેની સાથે ઝઘડો કરવાનું ગમતું નહિ. ચોરીની વાત બહાર આવે ત્યારે બોલતી "આ તો મારા પપ્પાએ આપી છે. મારા પિતા તો માલદાર છે. હું શા માટે ચોરી કરું" એમ કહી ઝઘડતી હતી. અવારનવાર ઝઘડાથી છોકરીઓ કંટાળી ગઈ હતી. જીમી ચોરી કરે છે, જૂઠું બોલે છે અને ઝઘડે છે એ રીચી જાણતી હતી.

એક દિવસ જીમીએ રીચીને કહ્યું, 'જો મારી પાસે કેટલા સંચા, રબર, ફૂટપટ્ટી અને પેન્સિલો છે. શું તારે તે જોઈએ છે ? હું તને કહું તે પ્રમાણે તું કર અને મારી બેનપણી થા.' સમય જતાં રીચી, જીમીની બહેનપણી થઈ. જીમીએ રીચીને ચોરી કરતાં શીખવ્યું. એક દિવસ તેણે પણ સંચો ચોર્યો અને ઘેર લઈ ગઈ. બે-ત્રણ દિવસ દફતરમાં સંચો સંતાડી રાખ્યો. તેને ખબર પડી, મમ્મી સંચા વિશે પૂછશે તો શો જવાબ આપીશ ! પોતે ચોરી કરી છે, ભૂલ કરી છે તેની સમજ આવી ગઈ. તેને શાળામાં જતા ડર લાગ્યો. બીજી છોકરીઓ જાણશે રીચી ચોર છે ત્યારે માતા-પિતાની આબરૂનું શું થશે ?

રીચી મનોમન ડરતી હતી. ખૂબ દુઃખી રહેતી હતી. ખાવાનું ભાવતું નહોતું. થયેલી ભૂલથી, કરેલી ચોરીથી પસ્તાવો કરવા લાગી. તેને ખૂબ તાવ ચઢી ગયો. ત્રણ-ચાર દિવસ શાળામાં ગઈ નહિ. મમ્મી આરામ કરતા હતા. ત્યાં ધ્રુસકે ધ્રુસકે રડતી-રડતી ગઈ અને પોતે સ્કૂલમાંથી સંચો ચોરી લાવી છે તેની કબૂલાત કરી. તેની મમ્મીએ બાથમાં લઈ આશ્વાસન આપી ચૂમીઓ કરી. તેં ભૂલ કરી છે તેથી પસ્તાય છે એ જ મોટું પ્રાયશ્ચિત છે. હવે પછી યાદ રાખ કદી ચોરી કરવી નહિ, અને જૂઠું બોલવું નહિ. ચોરીથી અને જૂઠથી ઈશ્વરપિતા કદી રાજી થતા નથી. ચોરી એ સરકારી ગુનો છે અને તે માટે ભારે શિક્ષા થાય છે અને આપણા

પર કોઈ વિશ્વાસ રાખતું નથી.

તેની મમ્મીએ કહ્યું, તને તાવ નથી માટે આવતીકાલે શાળામાં જા. ત્યાં તારા વર્ગ શિક્ષકની તથા વર્ગની છોકરીઓની બે હાથ જોડી માફી માંગ. જે છોકરીનો સંચો ચોર્યો છે તેને પાછો આપી દે. તને ચોરી કરતાં જીમ્મીએ શીખવ્યું છે તે જાહેર કરજે. તારા ડાબા હાથથી જમણો હાથ શિક્ષકના ટેબલ પર મૂકી જાડી ફૂટપટ્ટીથી સાત ઘા કરજે. ઈશ્વરપિતા તારી ભૂલની માફી આપશે. દીકરી એટલું સદા યાદ રાખજે. નાનપણમાં પડેલી ખોટી ટેવો જો અટકાવવામાં ના આવે તો ભવિષ્યમાં તેનું પરિણામ ખૂબ જ ખરાબ આવે છે. ચોરી કરનાર પર કદી કોઈ વિશ્વાસ કરતું નથી. મમ્મીએ રીચીને ભૂલ કબૂલ કરવા બદલ અભિનંદન આપ્યા. રીચી મને આજે ખૂબ આનંદ થાય છે. તે તારા પપ્પાની આબરૂ સાચવી છે અને બીજાને સુંદર નમૂનો પૂરો પાડ્યો છે.

''હા પસ્તાવો, એ વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈ પુણ્યશાળી બને છે.''

ચોરી કરવી એ મોટું પાપ છે અને ઈશ્વરપિતા પાપને સહન કરી શકતા નથી.

બાલદોસ્તો, દશ આજ્ઞામાં કઈ આજ્ઞા છે ? ચોરી કરવી નહિ.

## જાણે બની જાઉં હું...

- શ્રી બાબુ પારકર

જાણે બની જાઉં હું એક નાનો શો તારલો!
બાળ ઈસુ જન્મની વધામણીનો તારલો...
સારી સૃષ્ટિના સૌ ખૂણે ખૂણામાં
પહોંચાડું સુવાર્તા હું સૌના હૈયામાં
જાણે બની જાઉં હું નાનકડું મેષબાળ...
બાળઈસુ ચરણોમાં, આળોટતું, કરતું વ્હાલ
બાળરાજાના સ્પર્શે નમ્ર બની જાઉં...
મારા પ્રભુને ચૂમીને ધન્ય બની જાઉં
જાણે બની જાઉં હું, ગભાણ રાંકડી!
મુજ પ્રભુ અવતરવા, ભલે જગ્યા છે સાંકડી
સૌના હૈયાને દઉં મારું સ્વરૂપ
ઈસુજી જન્મ લે જયા ખચીત

# મુક્તિ

*- શ્રી નરોત્તમ તૃષિત*

મુક્તિનો અર્થ જ થાય છે છૂટકારો, બચાવ, સ્વતંત્રતા, તારણ બંધન કોઈને સ્વીકાર્ય નથી. જગતની સમગ્ર સજીવ સૃષ્ટિને સ્વતંત્રતાની અદમ્ય ઝંખના હોય છે. સર્વ મુક્તિ ઝંખે છે બંદીખાનાનાં બંદીવાનો મુક્તિની આશામાં દિવસો પસાર કરે છે. શાળા છૂટતી વેળાએ વિદ્યાર્થીઓના ચહેરા પર મુક્તિનો ઉજાશ સ્પષ્ટ વર્તાય છે. ઘેર જતા 'હાશ' અનુભવે છે. મનુષ્ય વિવિધ બોજાઓથી પણ લદાયેલો રહે છે. માયાના બંધનોમાં વિંટળાયેલો છે. જ્યારે તે બોજમૂક્ત થાય છે ત્યારે શાંતિ અનુભવે છે. પ્રાણી સંગ્રહાલયના પ્રાણીઓ તોતિંગ પીંજરામાં મુક્તિની ઝંખના માટે આર્તનાદ કરે છે. પાળેલાં પશુપંખી પણ મુક્ત રીતે વિહરવા ક્યારેક ધમપછાડા કરે છે.

ગામ, શહેર, રાજ્ય કે દેશ કોઈનાય બંધનમાં રહેવાનું પસંદ કરતા નથી. આપણો દેશ પણ એકાવન વર્ષો પૂર્વ પરદેશી શાસનની બેડીઓના બંધનમાં હતો. પ્રજા મુક્તિ માટે વલખાં મારી રહી હતી. એ સમયે આશાનાં કિરણ સમો મુઠીભર હાડકાંનો દેહ ધરાવતો પોરબંદરનો એક પનોતો પુત્ર આ દેશને મળ્યો જેણે પ્રેમ, સત્ય અને અહિંસાના શસ્ત્રોથી આ દેશની ગુલામીને ખતમ કરી સ્વતંત્રતા બક્ષી. દેશના નાગરિકોને સ્વતંત્રતાનો પ્રકાશ મળ્યો.

વિવિધ બંધનોમાંથી માનવી મુક્તિ મેળવે ત્યારે તેને આનંદ, શાંતિ, સંતોષ, સુખ, પ્રાપ્ત થાય છે. આધિ, વ્યાધિ, ઉપાધિ, રોગ, વ્યસન, કુટેવ, પાપના બંદીખાનામાંથી મુક્ત થવા માનવી વિવિધ રીતો અજમાવે છે.

રોગ મુક્તિ માટે રોગની દવા, સારવાર, દાક્તરનો અભિપ્રાય વગેરે મદદરૂપ બને છે. નાણાં મદદરૂપ બને છે. યોગ્ય આહાર વિહારની રીતો સહાય કરે છે. ઓપરેશનો કે પ્લાસ્ટિક સર્જરીથી રોગમુક્ત બની શકાય છે. પ્રાર્થના પણ અગત્યનો ભાગ ભજવે છે.

સમાજદ્રોહી, રાષ્ટ્રદ્રોહી, ગુનાહિત પ્રવૃત્તિ આચરનારાઓ, ગુન્હેગારો બંદીખાનામાં નંખાય છે. આ બંદીવાનો કોર્ટ કચેરી, વકીલ, ન્યાયાધીશના સહારે મુક્ત થવા ઝંખે છે. કોઈ તોતિંગ દિવાલ કુદીને કે તોડીને મુક્ત બને છે. કોઈ ભૂગર્ભ માર્ગ દ્વારા મુક્ત બને છે. બંદીવાનો યેનકેન પ્રકારે પણ મુક્ત થઈ જાય છે. માનવીના જીવનોમાં વ્યસનોની વેલ પણ પાંગરે છે. વ્યસનો પણ અનેક પ્રકારનાં હોય છે. કરવા જેવાં અને ન કરવા જેવાં વ્યસનોની નાગચુડ માનવીને ખત્મ કરી દે છે. તેના જીવનનો પાયો બરબાદીની રેતી ઉપર નંખાય છે.સંપૂર્ણ રીતે વિનાશ નોતરી રહેલો વ્યસન કેદી માનવી વ્યસનમાંથી મુક્ત થવા હવાતિયાં

મારે છે. કોઈક નૂતનવર્ષ જેવા શુભ પ્રસંગે દઢ મનોબળની સંકલ્પના સહારે વ્યસન મુક્ત થાય છે. કોઈ દવા, સારવાર, સલાહથી પણ મુક્ત થાય છે. 'ક્રાય' મિનિસ્ટ્રી વ્યસન મુક્તિ માટે સહાય કરી રહી છે. આ વ્યસનીઓ જ્યારે સંપૂર્ણ વ્યસન મુક્ત થાય છે ત્યારે તે અને તેનો પરિવાર આનંદ, સુખના સમુદ્રમાં હિલોળા લે છે.

તમામ અનિચ્છનીય વ્યસનો, કુટેવોની પાંગરતી વેલ પર પાપનાં પુષ્પો પાંગરે છે. માનવીના જીવનમાં પાપ પ્રવેશે છે. પાપનો કીડો તેને ચેન પડવા દેતો નથી. મનની શાંતિ હણે છે. સઘળાં પાપી છે સઘળાંએ પાપ કર્યું છે અને સઘળાં દેવના મહિમાથી અધૂરાં છે. (રોમનોને પત્ર ૩:૨૩)પરિણામે સઘળા પાપમુક્તિની ઝંખના રાખે છે. આશા રાખે છે.પાપ મુક્તિ માટે ઈશ્વરે અજાયબ યોજના કરી છે. ઈશ્વરનો પ્રેમ એ જ પાપમુક્તિની યોજના છે. ઈશ્વરપુત્રનું પૃથ્વી પર આગમન, જીવન સંદેશ, બલિદાન, વધસ્તંભ પરથી વહેતું લોહી, પાપ મુક્તિની અસરકારક યોજનાઓ છે. આકાશ તળે બીજું એવું કોઈ નામ નથી કે તમારું તારણ થાય. ઈશ્વરનો સ્વીકાર, ઈસુ ખ્રિસ્તના અંગીકાર, પાપનો પસ્તાવો, પાપનો એકરાર માનવીને પાપમુક્ત કરે છે.

ઈશ્વરપુત્ર ઈસુખ્રિસ્તે પણ દુનિયામાં આવીને અનેક મુક્તિઓ કરી આંધળાને અંધત્વમાંથી મુક્ત કર્યો. લૂલા-લંગડાઓને વિકલાંગપણામાંથી મુક્તિ કરી અશક્તોની અશક્તિ મુક્ત કરી પક્ષઘાતીને રોગ મુક્ત કર્યો. સુબેદારના ચાકરને સાજો કર્યો. લાજરસને મરણમાંથી મુક્ત કર્યો. પોતે પણ શેતાન પરીક્ષણ દ્વારા આવનાર લોભ લાલચથી મુક્ત બની બાપની ઈચ્છાને વશ થયો. મરણ પર વિજય મેળવી પુનરુત્થાન પામ્યો.

અનેક બંદીવાનોની બેડીઓ તોડી મુક્ત કર્યા, સિલાસ અનેપાઉલના પગોની બેડીઓ તોડીને તોતિંગ જેલની દીવાલોના બારણાં ઉઘાડ્યાં. પોતાના સેવકોને મુક્ત કર્યાં. સાથે સાથે દરોગાને પણ તારણ મળ્યું.

શેતાન તેની યોજના દ્વારા વિવિધ બંદીખાના તૈયાર કરે છે પરંતુ ઈશ્વર સર્વ બંદીખાનામાંથી મુક્તિ આપે છે. વ્યભિચાર, વિષયભોગ, મદ્યપાન, મોજશોખ, ધિક્કાર પાત્ર મૂર્તિપૂજા, કુટેવો, દ્રવ્યલોભમાંથી પણ ઈશ્વર મુક્તિ આપે છે. ઈશ્વર મુક્તિ આપવામાં વિલંબ કરતો નથી. પાછો પડતો નથી. સર્વ પ્રકારની મુક્તિ પછી માનવી સ્વતંત્ર બને છે. સ્વતંત્રતા મળ્યા પછી જીવન સ્વછંદતાના આરે ન પહોંચે માટે સંત પિતર પણ ચેતવે છે 'સ્વતંત્ર હોવા છતાં દુષ્ટતાને છાવરવાને માટે તમારી સ્વતંત્રતાનો ઉપયોગ ન કરો. પણ દેવના સેવકોને શોભે તેમ વર્તો'

(પિતરનો પહેલો પત્ર ૨:૧૬)

•

# જીવંત સાક્ષી

*રેવ. યાકૂબ એલ. મેકવાન*

આજે બપોરની રિસેષના સમય દરમિયાન તમે તમારા ટેબલ પર ખૂબ ધ્યાનથી કામ કરી રહ્યા હતા. તમારે જે રિપોર્ટ તૈયાર કરીને ડાયરેક્ટર સાહેબને આપવાનો હતો, તે તમે ઑફિસવર્ક દરમિયાન કરી શક્યા નથી માટે તમે અત્યારે રિસેષના સમયે રિપોર્ટ તૈયાર કરીને આજે ઑફિસેથી છૂટતાં પહેલાં એ રિપોર્ટ તમે ડાયરેક્ટર સાહેબને આપવા માંગતા હતા. રિસેષમાં બધાં જ પોતપોતાની રીતે બેઠાં હતાં. તમારી બાજુના ટેબલનાં ક્લાર્ક તમને ચા પીવા માટે ખૂબ આગ્રહ કર્યો પણ તમે જઈ શક્યા નથી. રિસેષનો સમય પૂરો થયો. ધીમે ધીમે દરેક પોતપોતાની જગ્યા પર આવી ગયાં. જગ્યા લીધા પછી ટેબલ પરનાં બહેને રિસેષમાંથી આવીને તરત જ ટેલિફોન કરીને પોતાનાં બાળકોની પૂછપરછ કરી લીધી. તમે તો મનથી એવું જ માનતા હતા કે, હું ખ્રિસ્તી છું માટે મારી સાક્ષી મારી ઑફિસમાં હોવી જ જોઈએ. ઘણી બધી વખતે અંદરખાને વિરોધ હોવા છતાં તમે તમારા મિત્રોને ઑફિસમાં સુવાર્તા પણ આપતા હતા. તમારી મુલાકાતે આવનાર તમારા ખ્રિસ્તી મિત્રોને તમારા ટેબલના ખાનામાં મૂકેલું બાઈબલ પણ બતાવતાં હતા અને આ રીતે તમે તમારી ઑફિસમાં પ્રભુ ઈસુ માટે સાક્ષીરૂપ બનો છો તેનો સંતોષ પણ તમને થતો.

ઑફિસથી છૂટતાં પહેલાં તમે તમારો રિપોર્ટ તૈયાર કરીને ડાયરેક્ટર સાહેબને બતાવવા માટે ગયા. રજા લઈને કેબીનમાં તમે પ્રવેશ કર્યો. તમે જે જોયું તેનાથી તમને ખૂબ જ આશ્ચર્ય થયું અને આનંદ પણ થયો. તમે શું જોયું? – ઑફિસમાં તમારા ડાયરેક્ટર સાહેબ બાઈબલનાં પાનાં ફેરવતા હતા – તમે પ્રશ્ન કર્યો, સાહેબ આ બાઈબલ તમને કોણે ભેટ આપ્યું? તમારા સાહેબે તમને જણાવ્યું, આ બાઈબલ મને કોઈએ ભેટ નથી આપ્યું. પણ આજે રિસેષના સમયે આ બાઈબલ હું વેચાતું લાવ્યો છું. અને તમે તરત જ તક ઝડપી લીધી અને કહ્યું, સાહેબ તમે શા માટે બાઈબલ વેચાતુ લાવ્યા? જો તમે મને જણાવ્યું હોત તો હું તમને મારા તરફથી બાઈબલ ભેટ આપી શક્યો હોત. તમે ખૂબ જ ધીમા અવાજે સાહેબને પ્રશ્ન કર્યો, 'સાહેબ હું જાણવા માગું છું કે તમને આ બાઈબલ વાંચવાની પ્રેરણા ક્યાંથી મળી.' – તમારા પ્રશ્નના જવાબમાં તમે એવું સાંભળવા માંગતા હતા, કે મિ.જેકબ તમે દરરોજ પ્રભુ ઈસુની પ્રાર્થના કરો છો અને ઘણીબધી વખતે તમે સુવાર્તા આપો છો. ઘણીબધી વખતે તમે મને કહ્યું હતું કે, સાહેબ તમારા માટે હું પ્રાર્થના કરું છું. આ માટે મને પ્રેરણા થઈ. પણ....–સાહેબનો જવાબ તમે જુદો જ સાંભળ્યો.

મિ.જેકબ આ મારો નવો પટાવાળો જ્યારથી મારી ઑફિસમાં આવ્યો છે ત્યારથી મારી ઑફિસમાં પટાવાળાની કોઈ ફરિયાદ કે પ્રશ્ન આવ્યો નથી. તપાસ કરતાં મને જાણવા

મળ્યું કે,પટાવાળાના કોઈપણ કામ અંગે પ્રશ્ન થાય ત્યારે આ નવો પટાવાળો વધારે કામ કરીને પ્રશ્નને થાળે પાડે છે. મેં જોયું કે, આજ્ઞાપાલનની બાબતમાં બીજા બધાં કરતાં તે ઉમદા છે. ખૂબ જ નમ્ર સ્વભાવનો છે. પહેલાં તો મારી ઑફિસમાંથી નાની નાની વસ્તુઓ ચોરાઈ જતી પણ હવે તેના આવ્યા પછી મારી ઑફિસમાંથી એકપણ વસ્તુ ચોરાઈ નથી. આ ઉપરાંત રિસેષના સમયે એક જગ્યાએ બેસીને તે બાઈબલ વાંચતો હોય છે. જેથી મને પ્રશ્ન થયો કે આ બાઈબલમાં એવું શું છે? કે જે વાંચીને મારો પટાવાળો આવું સારી રીતે વર્તી શકે છે. અને એ જાણવા માટે જ તથા શીખવા માટે આ બાઈબલ હું વેચાતું લાવ્યો છું. તમે તેમનો જવાબ સાંભળીને કેબીનની બહાર નીકળ્યા ત્યાં જ પેલો જુવાન પટાવાળો સામે મળ્યો. તમે તેને અભિનંદન આપ્યા અને કહ્યું. "ખરેખર માઈકલ તમે માથ્થી. ૫:૧૬ ડાયરેક્ટર સાહેબની આગળ પૂરવાર કરી બતાવી છે."(તમે તમારું અજવાળું લોકોની આગળ એવું પ્રકાશવા દો કે તેઓ તમારી રૂડી કરણીઓ જોઈને આકાશમાંના તમારા બાપની સ્તુતિ કરે.)

## લક્ષે રે'તું નથી......

*શ્રી જયંતકુમાર એસ. ક્રિશ્ચિયન*

હૃદયનો તારા એ પ્રથમ ખીલો હું છું,
લાંબો નજરથીય ગુનાહોનો ચીલો હું છું,
ખિલાફ છે શાનની મારી, વફાનાં દસ્તૂરો,
જુઓ મસ્તક પર મુગુટ હઠીલો હું છું.
લક્ષે રે'તું નથી મંઝિલ તાણું મારા જ પગલાને
કરી કેં એમ દે છે જિંદગી બેધ્યાન શ્રધ્ધાને
હવે ભીતોય ટેવાઈ ગઈ છે. એવાં દ્રશ્યોથી
જન્મે તું રોજ, ને રોજે જડું તારી પ્રતિષ્ઠાને
મળ્યા સંદેશ મંઝિલના કમ, ને ભટક્યાનાં ઝાઝા
રહ્યો છું હુંય દોરી એ જ માર્ગે મારી અવસ્થાને
અને ત્યારથી ઊડી ગયો રસ મને ખુદમાંથી-કે
જરા અમથો જ જોયો હતો મેંતો ઘરમાં અરીસાને
નજરમાં છે બધે મારી અંધારું અને લાગે છે
રહ્યા છે ચાંદ-તારાઓ રૂંધી ગગનની શોભાને
અહીં તો છે નક્કી અંત કરુણ તમામ કથાઓનો
ભલે તે છે લખી જિંદગીની ભવ્ય પ્રસ્તાવનાને
હવે મુશ્કેલ છે અમલ, મસિહા તારા ચલણનો-કે
સજર્યું તે, પણ જમાનાની છે દિલના નકશાને.

## આડી રાત એની શી કરું વાત?

*રેવ. ડૉ. આર. એમ. રાઠોડ*

"આવતી કાલ વિષે ફુલાશ ન માર કેમ કે એક દિવસમાં શું થઈ જશે તે તું જાણતો નથી." –નીતિવચન ૨૭:૧.

"હવે ચાલો, તમે કહો છો કે, આજે અથવા કાલે અમે અમુક શહેરમાં જઈને ત્યાં એક વર્ષભર રહીશું અનેવેપાર કરીને કમાણી કરીશું; તો પણ કાલે શું થશે તેની તમને ખબર નથી." યાકૂબનો પત્ર ૪:૧૩-૧૪.

આજ અને કાલ એ વચ્ચે એક રાત રહેલી છે. એક રાતમાં શું થાય તે કોણ કહી શકે? તેથી ઉપરની કહેવત મેં આ મનનમાં વિષય તરીકે બાંધી છે.

ઈસ્રાએલ પ્રજા તેના ઇતિહાસની એ રાત કદી જ ના ભૂલી શકે. એ રાત કે પાસ્ખા પર્વની સ્થાપના કરવામાં આવી. એ રાત કે જે રાત્રે મિસરની ગુલામીમાંથી તેમને છોડાવ્યા એ રાત પછી તે સ્વતંત્ર પ્રજા બની. હવે તેમને દોરનાર તેમનો સર્વ સમર્થ યહોવા દેવ હતો. કેટલો આનંદ! કેવો મહાન ઉદ્ધાર ! કેવો મહાન ચમત્કાર! એ પ્રજા આજે પણ છે. કારણ "દેવની પસંદ કરેલી પ્રજા" છે.

આ તો એક પ્રજાના ઇતિહાસમાં બન્યું. પરંતુ દુનિયાના ઇતિહાસમાં કેવું બન્યું? બેથલેહેમની એ રાત દુનિયા કેવી રીતે ભૂલી શકે? રેવ.જોસફ મોરે બરફ વરસતી રાત્રે કેવું મધુર ગાયન રચ્યું ગાયું!

કેવી શાંત ! નિર્મળ રાત નિદ્રાધીન માનવ જાત
મરિયમ છે કુંવારી માત પોઢ્યું છે શિશુ નવજાત
દિવ્ય શાંતિમાં.

માનવજાત જ્યારે નિંદ્રાધીન હતી. તેજ રાત્રે દુનિયાનો ત્રાતા-પ્રભુ ઈસુ ખ્રિસ્ત જન્મ લે છે! એક રાતમાં દુનિયાનો ઇતિહાસ બદલાઈ ગયો. દરેક તારીખમાં પ્રભુ ઈસુ કેન્દ્ર સ્થાને છે. B.C. A.D. "History is His Story"

આવું જ એસ્તરના પુસ્તકના ઇતિહાસમાં બન્યું. યહૂદી પ્રજાનો નાશ કરવાનું ષડયંત્ર હામાને ગોઠવ્યું હતું. (એસ્તર૫:૯-૧૪ વાંચો.)

રાજાએ કાળવૃતાંતોની નોંધનું પુસ્તક લાવવાની આજ્ઞા કરી. રાજાની આગળ તે વાંચવામાં આવ્યું... તેમાં રાજાનું ખૂન કરવાનું કાવતરું હતું જે મોર્દખાયે પકડી પાડ્યું હતું. રાજા બચી ગયો કેમ? આજ વાંચન તે રાત્રે વાંચવા માટે મળી આવ્યું? પછી રાજાએ પૂછ્યું. આ માટે મોર્દખાયને શું માન તથા મોભો આપવામાં આવ્યો છે? ત્યારે રાજાને કહેવામાં આવ્યું કે તેને માટે કંઈ જ કરવામાં આવ્યું નથી. (છઠ્ઠો અધ્યાય વાંચો.) "મોર્દખાય રાજાના દરવાજાની આગળ પાછો આવ્યો પણ હામાન શોક કરતો હતો. પોતાનું માથું ઢાંકીને ઘેર જલદી જતો રહ્યો. મોર્દખાયને ફાંસીએ લટકાવવાની જેઓએ સલાહ આપી હતી, તેઓ હવે

હામાનને શું કહે છે?

"મોર્દખાય કે, જેની આગળ તારી પડતી થવા લાગી છે તે જો યહૂદીઓના વંશનો હોય, તો તેની વિરુદ્ધ તારું કંઈ ચાલવાનું નથી, પણ તેની આગળ તારી નિશ્ચે પડતી થશે"- (એસ્તર ૬:૧૩.) "એમ જે ફાંસી (હામાને મોર્દખાયને સારૂ તૈયાર કરી હતી, તેના ઉપર તેઓએ હામાનને જ ફાંસી દીધી" (એસ્તર ૭:૧૦) હા, - આડી રાત - તેની શી કરું વાત? જેણે ખાડો ખોદયો હતો તે જ ખાડામાં તે પોતે પડ્યો. પ્રભુના લોકોનો મહા છૂટકારો થયો. કત્લેઆમમાંથી આખી પ્રજા બચી ગઈ.

આજે પણ યહૂદીઓ આ દિવસને "પૂરીમ"નામના મોટા પર્વ તરીકે ઉજવે છે. મહા છૂટકારાનું પર્વ.

દાનિયેલને સિંહોના બીલમાં નાખવામાં આવ્યો કેમકે તે પ્રભુને વિશ્વાસુ રહ્યો. જે વિરોધીઓ દાનિયેલનું-દાનિયેલના દેવનું નામો નિશાન મિટાવી દેવા માગતા હતા તેમણે રાજાને દબાણ કર્યું તેથી રાજાએ પોતાના હૂકમનું પાલન કર્યું. વિરોધીઓ દાનિયેલ-તેની પ્રજા-તેનાદેવનો નાશ થાય, કોઈ દાનિયેલના દેવનું ભજન ના કરે. દાનિયેલનો "કાંટો" પણ કાઢી નાખી પોતે ઉચ્ચ હોદ્દા ઉપર જવાની યોજના પાર પાડવા એક પગે થઈ રહ્યા હતા. પરંતુ એક રાતમાં શું બન્યું? દાનિયેલને સિંહોના બિલમાંનાખ્યો. પરંતુ રાજા શું કહે છે? તે સાંભળો, વાંચો, "રાજાએ દાનિયેલને કહ્યું કે, તારો દેવ જેની તું હંમેશા ઉપાસના કરે છે તે તને છોડાવશે"-(દાનિયેલ ૬:૧૬)

દાનિયેલને સિંહોના બિલમાં નાંખ્યો પછી મોટો પથ્થર તેના ઉપર મૂકવામાં આવ્યો અને રાજાએ તેના ઉપર પોતાની મુદ્રિકાથી તથા પોતાના અમીરોની મુદ્રિકાથી સિક્કો માર્યો જેથી દાનિયેલની બાબતમાં કંઈ પણ ફેરબદલ થાય નહિં"- દાનિયેલ ૬:૧૬-૧૭. પ્રભુ ઈસુની કબર ઉપર કરવામાં આવ્યું હતું તે જ પ્રમાણે.

"પછી રાજા પોતાને મહેલે ગયો ને તે રાત્રે તેણે કંઈ પણ ખાધું નહિ. વાજિંત્રો પણ તેની આગળ લાવવામાં આવ્યા નહિ; અને તેની ઉંઘ જતી રહી તે રાત્રે રાજાને પણ ઊંઘ ન આવી." - (દાનિયેલ ૬:૧૮.)

પછી રાજા મોટે પરોઢિયે ઊઠીને ઉતાવળે સિંહોના બિલ પાસે ગયો.. રાજાએ રડતે સાદે દાનિયેલને હાંક મારી... હે દાનિયેલ જીવતા દેવના સેવક, શું તારો દેવ જેની તું નિરંતર ઉપાસના કરે છે તે તને સિંહોથી બચાવી શક્યો છે?

ત્યારે દાનિયેલે રાજાને કહ્યું કે, હે રાજા સદા જીવતા રહો. હા, મારા દેવે પોતાના દૂતને મોકલીને સિંહોના મોં બંધ કરાવ્યા છે. તેઓએ મને કંઈ પણ ઈજા કરી નથી કેમકે હું તેની નજરમાં નિર્દોષ માલૂમ પડ્યો, વળી હે રાજા, મેં આપનો પણ કંઈ અપરાધ કર્યો નથી.

આડી રાત એની શી કરું વાત? તે જ રાત્રે પ્રભુએ તેના ભક્ત દાનિયેલને બચાવવા સિંહોના બિલમાં પોતાના દૂતને મોકલી સિંહોના મોં બંધ કરાવ્યા. તેને કંઈ પણ ઈજા કરી ન હતી.

યહોવાના ભક્તોની આસપાસ તેનો દૂત છાવણી કરે છે અને તેમને છોડાવે છે. અનુભવ કરો અને જુઓ કે યહોવા ઉત્તમ. જે માણસ તેના ઉપર ભરોસો રાખે છે તેને ધન્ય છે.

-(ગી.શા.૩૪:૭-૮.)

''હોય જોધ્ધા ઘણાં જોરમાં પૂર તોય પાછા પડે સંતથી દૂર એલિયા સામણે રૂઠિયો રાય, જીવથી મારવા ફોજ ત્યાં ધાય. દેવનો આશરો એલિયા પાસ; રાયના સૈનિકો પામિયા નાશ. એ વિના દામણ શાસ્ત્રમાં વાંચ; આગથી સિંહથી ના થઈ આંચ.''(ભજનસંગ્રહમાં ગીત નં.૫૨)

શું પરિણામ આવ્યું? જેઓએ દાનિયેલ તથા દાનિયલના દેવ વિરુદ્ધ આ ક્રૂર કાવતરું ઘડ્યું હતું તેમને જ તેમનાં કુટુંબો સાથે નાંખવામાં આવ્યા અને આંખના પલકારામાં સિંહોએ તેમનો ભક્ષ કર્યો. પરંતુ આટલેથી જ અંત આવ્યો? ના, વાંચો રાજાનું ફરમાનઃ

રાજાનું ફરમાન, ''હું એવો હુકમ કરું છું કે, મારા આખા રાજ્યમાં લોકોએ દાનિયેલના દેવથી કાંપવું તથા બીવું કેમકે તે જ જીવતો તથા સદા અચળ દેવ છે. તેનું રાજ્ય અવિનાશી છે ને તેની સત્તા છેક અનંતકાળ સુધી રહેશે. (દાનિયેલ ૬:૨૬)

આડી રાત એની શીં કરું વાત? એક રાતમાં ઈતિહાસ બદલાઈ ગયો.

દાનિયેલ વિશ્વાસુ હતો. જ્યારે રાજાએ ફરમાન ઉપર સહી કરી ને જાણ્યું ત્યારે તે પોતાના ઘરે ગયો... અને તે અગાઉ કરતો હતો તેમ દિવસમાં ત્રણવાર ઘૂંટણીએ પડીને તેણે પ્રાર્થના કરી ને પોતાના દેવની આરાધના કરી.

પોતે મોટું સાહસ ખેડ્યું. સિંહોના બિલમાં ગયો પરંતુ પ્રભુએ તેને છોડાવ્યો.

મારા ઉપર એક સામાયિક આવે છે તેમાં સામ્યવાદી દેશમાં ખૂબ દુઃખ ભોગવેલું એવાં એક બહેન લખે છે કે હવે ભારતમાં મંડળીની સતાવણી શરૂ થઈ છે અને તેથી હું માનું છું કે હવે ભારતની મંડળી પોતાના ઘૂંટણો ઉપર રહેશે. કેટલો મોટો પડકાર આ બહેને પ્રાર્થનાનો અનુભવ કર્યા બાદ આપણી સામે ફેંક્યો છે તેનો ગંભીરપણે વિચાર કરીએ. ''આડી રાત એની શી કરું વાત''? પ્રભુ એક રાતમાં દુનિયાનો ઈતિહાસ બદલી નાખવા સર્વશક્તિમાન છે.

ચેતવણી : સ્વાર્થી પ્રભુની બીક નહિ રાખનાર માટે વાંચો : શ્રીમંત ખેડૂતનું દૃષ્ટાંત :

''હું મારા જીવને કહીશ કે ઓ જીવ ઘણાં વરસને માટે ઘણી માલમિલ્કત તારે માટે રાખી મૂકેલી છે. આરામ લે, ખા, પી, આનંદ કર. પણ દેવે તેને કહ્યું કે ઓ મૂર્ખ, આજ રાત્રે તારો જીવ તારી પાસેથી માગી લેવામાં આવશે ત્યારે જે વસ્તુઓ તેં સિદ્ધ કરી છે તે કોની થશે.''

હા આડી રાત એની શી કરું વાત? (લૂક ૧૨:૧૫-૨૧.)

''આવતી કાલ વિષે ફુલાશ ન માર, કેમકે એક દિવસમાં (રાતમાં) શું થઈ જશે તે તું જાણતો નથી.'' મોહ-હા એકજ રાતમાં પ્રેમાળ પિતા-પરમેશ્વર પરિસ્થિતિ બદલી શકે છે. તેના નામને ધન્ય હો : આમેન અને આમેન.

## સમયનો સદુપયોગ !?

*- રેવ. નેરીઅસ ધોળકિયા*

સમય કેવો ઝડપથી પસાર થઈ જાય છે! એક દિવસ પછી બીજો દિવસ અને એક મહિના પછી બીજો મહિનો... સમયનું ચક્ર અવિરત ચાલ્યા જ કરે છે. આપણે દિવસો, મહિનાઓ અને વર્ષો પસાર કરીએ છીએ એમ નહિ પરંતુ આપણી પ્રત્યેક મિનિટ, દિવસ અને મહિનો... વર્ષ આપણા જીવનનું ઘડતર કરે છે અને આપણે જે રીતે સમયનો ઉપયોગ કરીએ છીએ તે આપણા અનંતકાળને ઓપ આપે છે. આપણે દિન પ્રતિદિન અનંતકાળ તરફ આગળને આગળ પ્રયાણ કરીએ છીએ.

ઈટાલીના મિલાન શહેરના એક ભવ્ય પ્રભુ મંદિરના મુખ્ય પ્રવેશદ્વારમાં ત્રણ દરવાજા છે. આ દરવાજાઓની ટોચ ઉપર સુંદર સુવિચારો સાથે અદભૂત કોતરણી કરેલી છે. તેવા એક દરવાજા ઉપર લખ્યું છે, ''જે કંઈ આનંદદાયક છે તે ક્ષણભર છે'' (અને સુંદર ગુલાબનાં ફૂલોની રીગની કોતરણી કરેલી છે)બીજા દરવાજા ઉપર લખ્યું છે, ''જે કંઈ દુઃખકારક છે, તે ક્ષણભર છે'' (અને વધસ્તંભની કોતરણી કરવામાં આવી છે.)વચ્ચેના મોટા દરવાજા ઉપર સૌથી મહત્વનો વિચાર કંડાર્યો છે. ''જેકંઈ અનંતકાળ માટે છે તે સૌથી મહત્વનું છે.''

તેમ છતાં સમયનો સદુપયોગ કરવાની અગત્યતા શા માટે? તેના ત્રણ કારણોમાંનું પ્રથમ આ છે! આપણે સમયનો સદુપયોગ કરીએ કારણ કે સમય ઈશ્વરે આપેલો આશીર્વાદ છે. ઈશ્વરની કૃપા છે. ઈશ્વરપિતાએ ગત વર્ષમાં અને અત્યાર સુધી સંભાળ્યાં, આપણું રક્ષણ કર્યું આપણને જીવતા રાખ્યા, આપણી સર્વ જરૂરિઆતો પૂર્ણ કરી અને આપણને નવીન વર્ષમાં પ્રવેશ કરાવ્યો. તે કેવળ ઈશ્વરની કૃપા જ છે. કોઈ વર્ષ એવું નથી કે જેમાં વિઘ્નો અને મુશ્કેલીઓ ન હોય! કોઈ જીવન એવું નથી કે જેમાં સંકટ ન હોય! છતાં દરેક પરિસ્થિતિમાંથી પ્રભુ આપણને સલામત દોરી લાવ્યા છે.

પ્રભુએ માંદગીમાંથી સાજાપણું આપ્યું છે. શહેરના રસ્તાઓ ઉપર ભયંકર વાહન વ્યવહાર હોવા છતાં ઈશ્વરે આપણા જીવનને બચાવ્યું છે. નિષ્ફળતા-નિરાશાઓમાંથી ઈશ્વરે આપણને ઉઠાડ્યા છે. આપણી તંગીમાં મદદ પૂરી પાડી છે. પ્રભુને જીવન આપવાનો-લેવાનો અધિકાર છે. છતાં તેની કૃપાથી આપણને ટકાવી રાખ્યા છે. આપણા પાપ પ્રમાણે આપણી સાથે વ્યવહાર કર્યો નથી. આપણા જીવનો પર તેમની કૃપા દૃષ્ટિનો સમય હજુ પણ રાખ્યો છે. આ તો કેવળ ઈશ્વરની નિતરતી કૃપા જ છે! તો પછી આ વર્ષનો ઉપયોગ આપણે કેવી રીતે કરીશું?

ઈશ્વર આપણા જીવનમાં નવીન વર્ષ ઉમેરે છે, એ માટે કે આપણે તેમની ઓળખમાં વૃદ્ધિ પામીએ અને તેમને સંપૂર્ણ સમર્પિત બનીએ ( વાંચો ૧ પિતર ૩:૩-૪, ૮-૧૦ )

પસંદગીની તક પાસે છે.

સમયના સદુપયોગનું બીજું કારણ આ છે. આપણે સમયનો સદુપયોગ કરીએ કારણ કે સમય મર્યાદિત છે અને ગુમાવેલી તક કદી પાછી આવતી નથી. ગીતકર્તાએ પોતાના શબ્દોમાં કહ્યું. ''રે યહોવા, મારો અંત (ક્યારે છે), તથા મારા આયુષ્યનું માપ કેટલું છે, તે મને જણાવ : હું કેવો ક્ષણભંગુર છું તે મને સમજાવ. તે મારા દિવસ મૂઠીભર કર્યા છે, મારું આયુષ્ય તારી આગળ શૂન્ય જેવું છે; ખરેખર, ઉચ્ચ સ્થિતિનું માણસ પણ વ્યર્થ છે.'' (ગીતશાસ્ત્ર૩૯:૪-૫)

સાચે જ સમયને કોઈપણ બાંધી શકતું નથી, તેને પકડીને પોતાના બંધનમાં રાખી શકતું નથી. પાછલું વર્ષ હવે કદી જ પાછું આવી શકતું નથી. વૃદ્ધ થયા પછી યુવાની પાછી આવતી નથી. તેથી જ પાઉલ કહે છે સમયનો સદુપયોગ કરો.

ઈશ્વર કોઈપણ વ્યક્તિને આશીર્વાદ વિહોણા રાખતા નથી-તક વિહોણા રાખતા નથી. પ્રત્યેક વ્યક્તિ ઈશ્વરની વ્યક્તિગત ઓળખ મેળવે તે માટે ઈશ્વર સમય તક આપે છે. ''આજે નહિ, પણ આવતીકાલે તારનાર તરીકે પ્રભુનો હું સ્વીકાર કરીશ.''એમ જણાવીને તારણ પામવાના નિર્ણયને આવતીકાલ ઉપર મુલતવી રાખી શકાતો નથી. કારણ કે આવતીકાલ કદી જ આવતી નથી. બાઈબલમાં દર્શાવેલા દસ કુમારિકાઓના દૃષ્ટાંતમાં આપણને જોવા મળે છે કે તે સમયે તેલની તંગી નહોતી પરંતુ મૂર્ખ કુમારિકાઓએ પોતાને પ્રાપ્ત થયેલા સમય-તકનો ઉપયોગ કર્યો ન હતો. અંતે તેઓને શિક્ષા કરવામાં આવી. તેઓ પ્રત્યે ઈશ્વરે કોઈ જ પક્ષપાત કર્યો ન હતો. તો પછી આ નવીન વર્ષમાં ઈશ્વરે આપણને આપેલા સમય, તક-આશીર્વાદોનો પ્રભુના મહિમાર્થે આપણે કેવો ઉપયોગ કરીશું?

સમયના સદુપયોગનું ત્રીજું કારણ છે : આપણે સમયનો સદુપયોગ કરીએ કારણ કે આપણે સમયના કારભાઈઓ છીએ. સંત પાઉલ જણાવે છે (એફેસી ૫:૧૫) ''કાળજીપૂર્વક સંભાળ રાખો કે તમને નિર્બુદ્ધની જેમ નહિં, પણ ડાહ્યા માણસની જેમ ચાલો.'' ''ચાલો'' (WALK) ક્રિયાપદ વર્તમાન કાળમાં છે એટલે આ ક્રિયા એક દિવસની નહિ પરંતુ દરરોજની, દિન પ્રતિદિનની, સમગ્ર વર્ષની છે. ઈશ્વરે તેમની કથામાં આપણને સમય આપ્યો છે ત્યારે એક દિવસ આવશે કે ત્યારે તે આપણા સમયનો હિસાબ માગશે. તે દિવસે આપણા સમયના ઉપયોગ વિશે આપણે ઈશ્વરને કેવો હિસાબ આપીશું?

સમયનો સદુપયોગ કરવા માટે આપણને જ્ઞાનની જરૂર છે અને તે જ્ઞાન આપણને આપવામાં આવ્યું છે. જ્યારે કોઈપણ વ્યક્તિ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરે છે - તેમને પોતાના તારનાર તરીકે જીવનમાં સ્થાન આપે છે ત્યારે તે જ્ઞાન તેને પ્રાપ્ત થાય છે. બાઈબલ કહે છે. ''ઈસુ ખ્રિસ્ત ઈશ્વર તરફથી આપણે માટે જ્ઞાન થયો છે.'' (૧ કરિંથી ૧:૩૦માં) ''તેનામાં

જ્ઞાન તથા બુદ્ધિનો સર્વ સંગ્રહ ગુપ્ત રહેલો છે." (કોલોસી ૨:૩) તેથી "તમે તેનામાં સંપૂર્ણ થયા છો." (કોલોસી ૨:૧૦)

આ જ્ઞાનનો એક વખત અનુભવ કર્યા પછી તેમાં વૃદ્ધિ પામવી અતિ આવશ્યક છે. આપણે ઈશ્વર પ્રત્યે જવાબદાર છીએ તેથી જ્ઞાનમાં (ઈસુ ખ્રિસ્તમાં) વૃદ્ધિ પામવી તે મહત્વનું છે. ઈશ્વરે આપણા જીવનમાં એક વર્ષ વધારી આપ્યું છે. આપણે ઈશ્વર પ્રત્યેની સમજણમાં વૃદ્ધિ પામીએ અને તો જ આપણે પોતાના સમયનો સદુપયોગ કરવામાં વિશ્વાસુ કારભારી સાબિત થઈ શકીએ છીએ. ઈશ્વરની આરાધના કરવી, ઈશ્વરની સમક્ષતામાં, પ્રાર્થનામાં સમય વ્યતિત કરવો, ઈશ્વરની દોરવણી મેળવવી અને તેમના વચનનો પ્રતિદિન અભ્યાસ કરવો. તે આપણને જ્ઞાનમાં વૃદ્ધિ પામવા સહાયરૂપ થઈ શકે છે.

અહી દુનિયાના અધિકારીઓ સમય મુજબ કામનો હિસાબ માગે છે તો પછી આપણો પ્રભુ તો સર્વાધિકાર સંપન્ન છે, સૌથી મહાન અને ન્યાયી છે. એક દિવસ ઈશ્વર આપણા દરેક દિવસમાં, મહિનામાં, વર્ષમાં કરેલ કાર્યનો હિસાબ માંગશે. ત્યારે આપણે તેમના મુખમાંથી કેવા વચન સાંભળવાની તૈયારી રાખીશું? "શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર, તું થોડામાં વિશ્વાસુ માલૂમ પડ્યો છે.

## ક્યારે આવશો?:

*શ્રીમતી શર્મિષ્ઠાબહેન વી. કામદાર*

આવીશ કહીને ન આવ્યા પ્રભુ તમે!
રાહ જોવાની ક્યાં સુધી હવે?
નિશદિન નિહાળું છબી તમારી,
આંખો લાગે પ્યારી પ્યારી.
મુખ તમારું મધુર મલકે,
નિરંતર તમારો પ્રેમ છલકે.
તમારા વિના મારું કોઈ ન સાથી,
જગવાનાં મને જાય ના નાથી.
"શમા" જલતી બુઝવા આવી,
તમારી રાહમાં દઉં જીવન વિતાવી.
આવીશ કરીને ન આવ્યા પ્રભુ તમે?
રાહ જોવાની ક્યાં સુધી હવે?

# સાન્તાક્લોઝ

રેવ. ઈમાનુએલ એસ. કાન્ત

પાળક સાહેબ વિચારવા લાગ્યા. આ વખતે સાન્તાક્લોઝ કોને બનાવવો. દર વર્ષે તો પગીને બનાવીએ છીએ. આમ તો સાન્તાક્લોઝ બનવા કોઈ તૈયાર થતું નથી. જાડો લાલ ડગલો ને તેજ કાપડનો પાયજામો, સફેદ દાઢી ચીપકાવવાની, સાન્તાક્લોઝનું મહોરું પહેરવાનું કશું બોલવાનું નહિ, ને મૂક રહેવાનું જાતભાતનો અભિનય કરવાનો આવો ત્રાસ કોણ વેઠે? તે મનોમન વિચારવા લાગ્યા. આ વખતે પગીને તો સાન્તાક્લોઝ બનાવવો જ નથી. કોઈ નવા છોકરાને બનાવવો. ઘણાં ચહેરા તેમની આંખો આગળથી પસાર થઈ ગયા. માર્ટીન, યાકૂબ, મોજીસ, નિખીલ એમ ઘણાંને વિષે તેમણે વિચાર્યું, અંતે નક્કી કર્યું કે કવાયરમાં ગિટાર વગાડતો યાકૂબ ચાલશે તે બેઠી દડીનો, જાડો ને હસમુખો હતો. લોકોને આનંદ આવશે અને યાકૂબ સાન્તાક્લોઝ બની ગયો.

ચર્ચમાં કેરલ્સની પ્રેક્ટીસ ચાલી રહી હતી. બધા નિયમિત આવતા હતા. ગિટાર વગાડનાર યાકૂબ આવતો ન હતો. તેના બદલે સુશીલ ગિટાર વગાડતો હતો. કેરલ્સના છોકરાઓએ ઘણી તપાસ કરી કે યાકૂબ કેમ આવતો નથી? પણ કોઈને કશું જાણવા મળ્યું નહિ. એમ કરતાં મંડળીમાં કેરલ્સ માટે ફરવાનો દિવસ આવી ગયો. બધાં ફરવા લાગ્યા. પ્રથમ દિવસથી જ યાકૂબ સાન્તાક્લોઝ બની ગયો. તેણે સરસ રીતે સાન્તાક્લોઝનો ડ્રેસ પહેર્યો હતો. તેણે અરીસામાં જોયું તો પોતાને જ ઓળખી ન શક્યો, સફેદ દાઢી, મૂછ, ભ્રમર, ત્રિકોણ લાંબી ઊંચી શંકુ આકારની ટોપી, ને ટોપીને છેડે ફૂમતું. લાલ ડગલો, કમરે પટ્ટો ને છેડે નાની નાની ઘંટડીઓ અસલ સાન્તાક્લોઝ લાગી રહ્યો હતો. તે હસ્યો પણ તેનુંહાસ્ય સાન્તાક્લોઝના મહોરા પાછળ છૂપાઈ ગયું. તેણે ખભે લાલ થેલો ભરાયો જે ચોકલેટોથી ભરેલો હતો. પ્રથમ દિવસથી જ તે નાચતો, નખરા કરતો ઘંટડી વગાડતો, જાતજાતનાં વિચિત્ર અવાજો કાઢતો. થેલામાંથી ચોકલેટો છૂટા હાથથી વહેંચતો. તેની પાછળ નાના નાના બાળકો ફરતા રહેતાં. ઘણી વાર તેને ગૂંગળામણ થતી, બધું અજીબ અજીબ લાગતું.

મનોમન તે મુસ્કુરાતો તેને કોઈ ઓળખી શક્યું નહોતું કે યાકૂબ સાન્તાક્લોઝ બન્યો છે. આ વાત ફક્ત પાળક સાહેબ જાણતા હતા. મંડળીના લોકોને વિચાર આવતો, યાકૂબ કેમ ગિટાર વગાડતો નથી? તેતો સરસ ગિટાર વગાડતો કોઈ લાંબુ વિચારતું નહિં. દિવસે દિવસે યાકૂબ સાન્તાક્લોઝ તરીકે જામતો ગયો. જ્યાં જાય ત્યાં તેના વખાણ થતાં. તેના મિત્રો સાન્તાક્લોઝનાં વખાણ કરતાં. મંડળીમાં પણ ઘરે ઘરે સાન્તાક્લોઝની વાતો થતી. તે સાંભળતો તે આ પાત્રામા આબાદ ફીટ થઈ ગયો હતો. તેને કોઈ ઓળખી શકતા ન હોતા. તે આ

ભૂમિકામાં જામી રહ્યો હતો, તેને આ ભૂમિકા સદી ગઈ હતી. આ રૂપમાં તે વધારે જીવંત ને આનંદી લાગતો.

પાળક સાહેબ મનોમન હરખાતા મેં યોગ્ય વ્યક્તિને પસંદ કરી છે. કોઈ ઓળખી શકતું નથી કે સાન્તાક્લોઝ કોણ છે? તેઓ ખુશ થતા ને વિચારતા, નાતાલનાં દિવસે જ લોકોની આગળ રહસ્ય ખોલવું કે આ વર્ષે સાન્તાક્લોઝ કોણ હતું. તે એકલા જ જાણતા હતા, પગી આ વખતે સાન્તાક્લોઝ નથી બન્યો. આ વાત આખી મંડળી જાણતી હતી. છતાં સાન્તાક્લોઝ કોણ બન્યું છે. તે કોઈ કહી શકે તેમ નહોતું.

આ બાજુ પાસ્ટોરેટ સમિતિને ચિંતા થતી અને છૂપી અકળામણ થતી કે સાન્તાક્લોઝ ભલે ગમે તે હોય. લોકોને મઝા આવતી હોય, પણ પાળક સાહેબે કોઈ પ્રોફેશનલ માણસને રાખીને મંડળીને નુકસાન કરાવ્યું છે, તેને મોટી રકમ આપવી પડશે. પગી તો બિચારો જે આપતા તે લઈ લેતો. કેરલ્સમાં ફરતા સમય મળ્યે, સમિતિમાં સભ્યો અંદરોઅંદર વાતો કરી લેતા કે આ મુદ્દે પાસ્ટોરેટમાં કોણે શું બોલવું અને આ વાતે કેવી રીતે પાળક સાહેબને ભીંસમાં લેવા. તેમ છતાં કોઈ પાળક સાહેબને એ પૂછવાની હિંમત ન કરતા કે, સાન્તાક્લોઝ કોણ છે?

બીજી તરફ યાકૂબ તો જાણે ખરેખર સાન્તાક્લોઝ હોય તે રીતે કેરલ્સમાં છૂટથી વર્તતો, ચોકલેટો વહેંચતો. રડતા બાળકને ઊંચકી લેતો, તેને ચોકલેટ આપીને ખુશ કરી દેતો. કેટલાંક બાળકો ડરતા પણ ખરા. તેની અદાઓને કારણે ઘણાં પેટ પકડીને હસતા તે લોકોને હસાવતો ખૂશ રાખતો, સંપૂર્ણ રીતે તે આ પાત્રમાં તલ્લીન થઈ ગયો હતો. તેના કાને પાસ્ટરેટની વાતો આવી હતી. તેતો તેનામાં ખોવાઈ ગયો અને આવી બધી વાતોને ક્ષુલ્લક ગણી. આખી મંડળી તેને વખાણતી, તેના ધ્યાન બહાર નહોતું કે એક નજર તેને રોષથી જોતી, તેની પ્રત્યે તિરસ્કાર બતાવતી, ને તેની અદાની કે વખાણથી તેના ઉપર કોઈ અસર થતી નહોતી. એતો મહોરા પાછળથી બધી ગતિવિધિઓ જોયા કરતો.

આખરે નાતાલનો દિવસ આવી ગયો, આજે ભજનસેવામાં રહસ્ય ખૂલવાનું હતું કે સાન્તાક્લોઝ કોણ હતું. બધા સરસ મઝાનાં નવા કપડાં, સૂટ, બૂટ પહેરીને આવ્યા હતા. ઘણાં તો ખાસ આજે જ દેવળમાં આવ્યા હતા. તેમને વિશેષ ઈંતેજારી હતી કે સાન્તાક્લોઝ કોણ હતું? પાસ્ટરેટ સમિતિએ ઘણી ઉગ્ર ચર્ચાને અંતે નક્કી કર્યું હતું કે, ફક્ત પંદરસો રૂપિયા જ સાન્તાક્લોઝ બનનારને આપવા. યાકૂબ ખૂબ ખુશ હતો. ભેટની રકમ કેવી રીતે વાપરવી તેની જોગવાઈ મનમાં ને મનમાં કરવા લાગ્યો.

પાળક સાહેબે ભજન સેવામાં પૂછ્યું કે સાન્તાક્લોઝમાં પાત્રમાં કોણ હતું? જે કોઈ સાચો જવાબ આપશે તેને ખાસ ઈનામ આપવામાં આવશે... આખી સભામાંથી કોઈ જ જવાબ આપી શક્યું નહિ. આ સમયે દરવાજાને છેવાડે બેઠેલો પગી મનોમન અકળાતો

ધૂંધવાતો અને ચારેકોર ખુન્નસભરી દૃષ્ટિ ફેરવતો, તે જાણવા ઉત્સુક હતો કે આ વખતે સાન્તા ક્લોઝ કોણ બન્યું હતું? યાકૂબનીનજર પગી તરફ જ હતી. તેના ચહેરાનાં હાવભાવ નિહાળી રહ્યો હતો. કોઈ જવાબ ન આપી શકતા. પાળક સાહેબે યાકૂબનું નામ જાહેર કર્યું ને તેને આગળ બોલાવ્યો, લોકોએ તાળીઓના ગડગડાટથી તેનું સ્વાગત કર્યું. પાળક સાહેબે પંદરસો રૂપિયાનું કવર તેને આપ્યું. યાકૂબે પાળક સાહેબને વિનંતી કરી બે મિનિટ માંગી.

તેણે સાહેબનો પાસ્ટરેટ સમિતિનો, મંડળીના લોકોનો આભાર માન્યો અને જાહેર કર્યું કે હું અત્યારે સાન્તાક્લોઝના પોશાકમાં નથી, કેરલ્સમાં દરરોજ તે પોશાક પહેર્યો છે અને સાન્તાક્લોઝ તે કદી કોઈનું લઈ લેતા નથી.બલ્કે આપે છે, ને ખુશીથી આપે છે.તેથી આ મારી ભેટ તે હું આપણા મંડળીના પગીને આપું છું. લોકોએ જોયું કે પગીની આંખમાંથી હર્ષનાં આંસુઓ વહેતા હતા. આજે લોકોએ જીવંત સાન્તાક્લોઝનાં દર્શન કર્યાં.

## ક્યાં....સુધી?

*શ્રી ક્રિસ્ટોફર એચ. રાઠોડ*

માર્ગ, સત્ય ને જીવન છે તું અમારો હે પ્રભુ !
એમ કે'તા ભ્રષ્ટ ગલીઓમાં ઘૂમીશું ક્યાં-સુધી? -૧

શ્વાસની વણઝાર ક્યાં અટકી જશે કોને ખબર,
ખાઈ, પીને એશ કર જીવ, એમ કહીશું ક્યાં સુધી?-૨

નીર જીવનનું મળ્યું જે નારને સમરૂનની,
તેના હિસ્સેદારો આપણે તરસ્યા રહીશું ક્યાં સુધી?-૩

કાલ્વરીના ક્રૂસથી પડદો પડ્યો જેના ઉપર,
એ જ એદનબાગનું નાટક ભજવશું ક્યાં સુધી?-૪

હાલ નહીં પણ કાલ કરતાં વર્ષો વિત્યાં કેટલાં,
ઈસુને ઘર-બહાર ઊભો રાખીશું હજી ક્યાં સુધી?-૫

# ધાર્મિક વસ્તુઓનો દુરઉપયોગ

*રેવ. બી. એસ. પરમાર*

ન્યાયાધીશ શમૂએલના સમયમાં ઈસ્રાએલીઓ અને પલીસ્તીઓ વચ્ચે અવારનવાર યુદ્ધો થતાં હતાં. આવી એક લડાઈમાં ઈસ્રાએલીઓ પલીસ્તીઓને હાથે હાર્યા અને ઈસ્રાએલના ૪૦૦૦ માણસો માર્યા ગયા. (૧ શમુ ૪:૨)

ઈસ્રાએલના વડીલો ભેગા થયા અને લડાઈમાં હારી જવાનાં કારણો સંબંધી વિચારવા લાગ્યા. વિચારના અંતે એવું નક્કી થયું કે દેવનો કરાર કોષ આપણી સાથે ન હતો માટે આપણે હારી ગયા, માટે હવે દેવનો કરારકોષ છાવણીમાં લાવવામાં આવેજેથી આપણે જીત પામી શકીએ. ''શીલોહમાંથી યહોવાના કરારનો કોષ આપણે પોતાની પાસે લાવીએ કે તે આપણી મધ્યે આવીને આપણા શત્રુઓના હાથમાંથી આપણને બચાવે.'' (૧ શમુ ૪:૩)

કરારકોષ લાવવામાં આવ્યો અને પછી લડાઈમાં પરિણામ એ આવ્યું કે ઈસ્રાએલના ૩૦,૦૦૦ માણસો માર્યા ગયા અને દેવનો કરારકોષ શત્રુઓના હાથમાં ગયો (૧ શમુ ૪:૧૦, ૧૧) ઈસ્રાએલી વડીલો મૂંઝવણમાં પડી ગયા હશે. દેવનો કરારકોષ આપણી મધ્યે હોવા છતાં કેમ હાર થઈ? પાછળના અનુભવ પરથી તેઓ શીખ્યા નહિ કે ઈશ્વરના આશીર્વાદો પ્રાપ્ત કરવા માટે અને સફળતા મેળવવા માટે કરારકોષ એ કોઈ મંત્રેલું તાવીજ નથી કે તેની માત્ર હાજરી દ્વારા દરેક વખતે જીત પામી શકાય. દેવના આશીર્વાદો પામવા અને સફળતા મેળવવા માટે તો આધીનતા, આજ્ઞાંકિતપણું અને વિશ્વાસપણું જોઈએ. (નિર્ગમન ૨૩:૨૦-૩૩). જો એ ના હોય તો દેવનો કરારકોષ પણ બચાવી શકે નહિં. કરારકોષ એ કોઈ ચમત્કારિક તાવીજ કે માદળિયું નથી જે પહેરવાથી બધું આપણી ઈચ્છા પ્રમાણે થાય કરારકોષ એ દેવની હાજરીનું પ્રતીક ગણાય પણ બચાવ માટે તેનો દૂર ઉપયોગ થઈ શકે નહિં. દેવના કરારકોષ વિશે ઈસ્રાએલીઓની સમજણ અને માન્યતા ભૂલભરેલી હતી. ઈશ્વરે કદી એવી ગેરંટી આપી નહોતી કે કરારકોષ પાસે રાખવાથી તમે હંમેશા લડાઈમાં જીત પામશો. ના, જો તમારે સફળતા મેળવવી હોય તો આધિનતા અને આજ્ઞાંકિતપણું જરૂરી છે.

કેટલી બધી વખત આપણે ધાર્મિક વસ્તુઓનો આ રીતે દૂર ઉપયોગ કરીએ છીએ. ખોટી સમજણ અને માન્યતાઓને કારણે જાણે-અજાણે આપણે દૂર ઉપયોગ કરીએ છીએ.

''ખ્રિસ્તી'' શબ્દ કે નામ ગૌરવ અપાવનાર છે. 'શિષ્યો પ્રથમ અંત્યોખમાં ખ્રિસ્તી કહેવાયા''. (પ્રે.કૃ.૧૧:૨૬) આ નામ માટે દેવની આભારસ્તુતિ કરવી જોઈએ (૧ પિતર ૪:૧૬): આ નામ આશીર્વાદિત છે. માનસચૂક છે, ગૌરવવંતુ છે. આ નામનો મૂળ અર્થ અને મહત્વ વિસરી ગયા છીએ. આજે ઘણાં લોકો પોતાના અંગત સ્વાર્થ માટે અને લાભ મેળવવા માટે તેનો ઉપયોગ કરે છે. હું ખ્રિસ્તી છું માટે મને ખ્રિસ્તી સંસ્થામાં નોકરી મળવી જોઈએ. હું ખ્રિસ્તી છું માટે મારાં બાળકોને એડમીશન મળવું જોઈએ. સ્કોલરશીપ મળવી

જોઈએ, શું 'ખ્રિસ્તી' નામ એ માત્ર લાભ મેળવવા માટે જ છે? શું આ નામ કોઈ મંત્રેલું માદળિયું છે જેનો ઉપયોગ કરવાથી લાભ થાય કે એથી કંઈ વિશેષ છે!

બાઈબલ એ પવિત્ર અને દેવનું જીવંત વચન છે. આપણા માર્ગોને સારું અજવાળારૂપ અને દીવારૂપ છે, એમાં તારણની યોજના છે, એનું અધ્યયન, મનન, ચિંતન અને પાલન આપણને સીધે માર્ગે દોરી જાય છે. આમ છતાં કેટલાક લોકો બાઈબલનો પણ દુરઉપયોગ કરે છે. બાઈબલ જાણે કોઈ જડીબુટ્ટી હોય એ રીતે એનો ઉપયોગ કરવામાં આવે છે. દા.ત.રાત્રે ખરાબ સ્વપ્નો ના આવે અને બીક ના લાગે માટે કેટલાક જણ બાઈબલને રાત્રે તકિયા નીચે મૂકીને સુઈ જાય છે. કેટલાક પોતાના નવા ઘરના ઉદ્ઘાટન વખતે બધા જોઈ શકે તેવી રીતે બાઈબલને વચ્ચોવચ્ચ મૂકે છે. જેથી ઘરમાં સુખ-શાંતિ રહે. શું બાઈબલને એવું ચમત્કારિક તાવીજ કે મંત્રેલું માદળિયું સમજો છો કે જેની માત્ર હાજરીથી બધું બરાબર થઈ જાય!

બીજો જેનો આજે ખૂબ દુરઉપયોગ થઈ રહ્યો છે એ છે ચમત્કારિક સાજાપણું અને પ્રાર્થના. ચમત્કારનો મુખ્ય ઉદ્દેશ જો દુઃખો અને રોગો દુર કરવાનો જ હોત તો પ્રભુ ઈસુએ બધા જ રોગીઓને અને માંદાઓને સાજા કરી દીધા હોત. પ્રભુ ઈસુ પાસે એ શક્તિ અને સામર્થ્ય છે, દરેક સાચો ખ્રિસ્તી માને છે કે પ્રાર્થનામાં પરાક્રમ છે, પણ એનો અર્થ એવો નથી કે પ્રાર્થના એ જાદુ છે અને માંદા માણસ ઉપર અજમાવવાથી એ આપોઆપ સાજો થઈ જશે.યાકૂબ એના પત્રમાં લખે છે કે 'વિશ્વાસથી કરેલી પ્રાર્થના માંદાને સાજો કરે છે. પ્રભુ તેને સાજો કરશે અને જો તે માણસે પાપ કર્યા હશે તો દેવ તેને માફ કરશે.'' માણસને સાજો કરનાર પ્રાર્થના નહિ પણ દેવ પોતે છે અને પાપની કબૂલાત માફી માટે અનિવાર્ય છે. આમ પ્રાર્થના સાથે વિશ્વાસ અને પાપની કબૂલાત જો ના હોય તો એકલી પ્રાર્થનાના શબ્દો અર્થ વગરના બની જાય છે. પ્રાર્થના એ કોઈ જાદુ કે મંત્રેલું તાવીજ નથી. વળી પ્રભુ ઈસુએ પોતે જ કહ્યું છે કે, ''માંદાઓને વૈદની અગત્ય છે.'' એનો અર્થ એ થાય કે માંદગી હોય તો દવાઓ લેવી પણ જરૂરી છે. ૨ તીમોથી ૪:૨૦માં પ્રેરિત પાઉલ લખે છે કે, ''ત્રોફીમસને માંદો પડ્યાને લીધે મેં મીલેતસમાં રહેવા દીધો.'' શા માટે? કેમ પાઉલે પ્રાર્થના દ્વારા એને સાથે ના કરી દીધો? અને વૈદકીય સારવાર માટે તેને મીલેતસમાં રહેવા દીધો! શારીરિક ક્ષેત્રે હોય કે આત્મિક ક્ષેત્રો હોય, પણ ઈશ્વરના જે નિયમો છે તેને કોઈ બદલી શકતું નથી. જૂના કરારમાં મરિયમને જ્યારે પાપના પરિણામ સ્વરૂપે કોઢ થયો ત્યારે તેના બંને ભાઈઓ, મુસા અને હારૂનની પ્રાર્થનાઓ ઈશ્વરના નિયમને બદલી શકી નહિ, અને મરિયમને સાત દિવસ સુધી છાવણી બહાર રહેવું પડ્યું. (ગણના ૧૨) પ્રભુ આપણી પ્રાર્થનાઓનો સ્વીકાર કરે એ માટે કેટલાક નિયમો આપવામાં આવ્યા છે. જો એ નિયમો પાળવામાં ના આવે, તો પ્રાર્થના એ જાદુ કે તાવીજ કે મંત્રેલું પાણી બની શકતું નથી. (જુઓ-નીતિવચન ૨૮:૯, યોહાન ૯:૩૧, ૧ યોહાન ૩:૨૨)

માંદગી આવે, મુશ્કેલી આવે, પરીક્ષા આવે ત્યારે જ ૫:૧૪ વગેરે પ્રાર્થનાનું તાવીજ બાંધી લેવાથી બધું સીધું થઈ જશે એમ માનવું ભૂલભરેલું છે.

જેમ પ્રભુ ઈસુના સમયમાં યરુશાલેમના મંદિરનો દુરઉપયોગ થતો હતો એમ આજે પણ મંદિરનો દુરઉપયોગ થઈ રહ્યો છે. પ્રભુમંદિર એ ભજન-ભક્તિ માટે અલગ કરાયેલું સ્થળ છે, અને 'યહોવાહ પોતાના પવિત્ર મંદિરમાં છે.' કેટલીક મંડળીઓમાં પાસ્ટરેટ કમિટીઓ, કોન્ફરન્સો અને અન્ય વહીવટીય કમિટીઓ પ્રભુમંદીરમાં મળે છે, ત્યારે ત્યાં જે વાતાવરણ સર્જાય છે એ પ્રભુમંદિરના ગૌરવ અનેગરિમાને હાનિ પહોંચાડનારું હોય છે. આવી કમિટીઓમાં પ્રભુ મંદિરમાં બેસીને જો એકબીજાના ટાંટિયા ખેંચવાની રમત ચાલતી હોય, આક્ષેપબાજીઓ થતી હોય, કાદવ ઉછાળવામાં આવતો હોય અને અભદ્ર વાત અને વ્યવહાર થતો હોય તો શું આપણે પ્રભુમંદિરનો દુરઉપયોગ નથી કરતા? (યશા ૫૬:૭)

કેટલાક બોધકો દ્વારા પુલ્પિટનો પણ દૂર ઉપયોગ થતો હોય છે. પુલ્પિટ એ કોઈની અંગત માન્યતાઓ પ્રગટ કરવાનુંકે શ્રોતાજનો-ભજનિકોની ટીકાઓ કરવાનું પ્લેટફોર્મ નથી.

## વરસાદ સમયે

*- શ્રીમતી સુજ્ઞાબેન ડી. ચૌહાણ*

"વાહ! મારા પ્રભુજી
કૃપા તારી વહેતી કરી"...ટેક.

આપી અનરાધાર વરસાદ અમોને
ધરતીનો ઠારી તેં ઘણી
કૃપા તારી વહેતી કરી,

માનવને કાજ તેં તો કેવું કેવું કીધું કામ
આપ્યા દિવસ ને રાત
કૃપા તારી વહેતી કેવી

કુદરત તેનાસૌ કાર્યો કર્યા કરે.
નિયમથી બાંધ્યા તેં સૌને
કૃપા તારી વહેતી કેવી?

આકાશો ગૌરવ પ્રગટ કરે છે.
સમુદ્રને આપી તેં હદ
કૃપા તારી વહેતી કેવી?

આખી સૃષ્ટિને અંકુશમાં રાખી
કાળજી અનેક જીવની કરી
કૃપા તારી વહેતી કેવી?

આભાર માનું મારા પ્યારા પ્રભુજી
આશિષો તારી ભૂલું ન કદી.
કૃપા તારી વહેતી કેવી?

# ફાટી ગયેલી નોટ

*ક્રિશ્ચિયન માત્થીઅસ એન.*

મારી પાસે આપણા ઘણા પાળક સાહેબો અમલદારો ફાટી ગયેલ અને ધોવાઈ ગયેલ નોટ બદલાવવાને માટે આવે છે અને કહે છે કે ધર્મદાનમાં આ નોટ આવી છે. અમૂક નોટ તો એટલી બધી ખરાબ હોય છે કે જે કચરામાં ફેંકી દેવી પડે, પણ પ્રભુની ખાતર અને આપણા ધર્મગુરુ છે તેથી તે નોટ લેવી પડે. તે સમયે મને વિચાર આવે છે કે શું આ રીતે નાંખવા ખાતર ધર્માદાનની કોથળીમાં આવા પૈસા નંખાય? કદી નહિ પ્રભુને આપણે છેતરવાનો પ્રયત્ન કરાય.

માલાખી ૧:૮માં લખે છે કે તે પ્રમાણે "વળી તમે આંધળા જાનવરનું બલિદાન આપો છો ને વળી કહો છો કે એમાં કાંઈ ખોટું નથી! તમે લંગડા તથા રોગિષ્ટ જાનવરનું બલિદાન આપો છો ને વળી કહો છો એમાં કઈ ખોટું નથી! ત્યારે વારુ, તારા સુબાને એ જાવનરની ભેટ કર; એથી તારા પર પ્રસન્ન થશે? અથવા શું તે તારો સત્કાર કરશે? એમ સૈન્યનો દેવ યહોવા કહે છે."જૂના કરારના સમયમાં લોકો એવા પશુઓના બલિદાન આપતા હશે તેથી જ માલાખી પ્રબોધક તે પ્રમાણે કહે છે. ધર્મદાનની ગણતરીમાં તેવા ફાટેલા પૈસા ગણવા અને મંડળીના તેમજ પાળક સાહેબના ઉપયોગમાં તે પૈસા ન આવે તેવાં નાણાંની પ્રભુને જરૂર કદી ન જ ન હોય.

આપણને ઈશ્વરે જે જીવન આપ્યું છે અને તે જીવન ટકાવી રાખવાને માટે તેમના તરફથી નોકરી ધંધો રોજગાર અને પૈસા મળે છે અને તે પ્રભુની કૃપાથી તેના ભરપૂરીપણામાંથી મળે છે. આપણે પોતે પોતાના નથી તો પછી નાણાં ક્યાંથી આપણાં હોય? તે નાણાં આપણે આપણી પોતાની જાતથી કમાતા નથી. પણ પ્રભુ તરફથી છે. ઘણી વખતે લોકો વિધવાની દમડી વિષે દાખલો આપીને પાંચ રૂપિયા કે દસ રૂપિયા ધર્મદાનમાં આપતા હોય છે. પણ પ્રભુ આપણા માટે હજારો રૂપિયા આપે છે. અને તેમાંથી સંતોષ ખાતર થોડાં જ નાણાં આપી સંતોષ અનુભવીએ છીએ. વિધવા સ્ત્રીની પાસે જે દમડી હતી તે તેના પોતાના ગુજરાન માટે જ હતી. કદાચ તેની કૂપીમાં તેલ પણ નહિ હોય. અનાજ પણ નહિ હોય અને તે દિવસની કમાણી પોતે ભૂખી રહીને પ્રભુના પ્રેમની ખાતર ધર્મદાનમાં આપી દીધી. આપણે જો વિચારીએ તો શું આપણે એક દિવસનું મહેનતાણું, એક માસનો પગાર અથવા આખા વર્ષ ભરનો પગાર અથવા સઘળા આયુષ્યની કમાણી તેમાં આપણી પોતાની મિલ્કત જે હોય તે તમામ પ્રભુ ઈસુને ચરણે અર્પી દઈએ છીએ? કે હે પ્રભુ આ સઘળું તારા તરફથી છે અને તને અર્પણ કરીએ છીએ કે બીજા જેમની પાસે કાંઈ નથી, તેઓના ઉપયોગમાં આવે જો એ પ્રમાણે કરીએ તો કદાચ વિધવાની દમડી અને આપણી મિલ્કત બરાબર ગણાય.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણું જીવન માંગે છે તે યજ્ઞથી અને નાણાંથી રીઝતો નથી. પણ

પ્રભુના પ્રેમની ખાતર આપણે નાણાં ધર્મદાન મારફતે આપીએ છીએ. પાઉલ પ્રેરિત પણ ધર્મદાન ઉઘરાવી રાખવાને માટે કહે છે કે, નાણાંથી બીજાની ગરજ પૂરી પડે છે. પણ ઉપયોગમાં ન આવે તેવાં ધોવાઈ કે ફાટી ગયેલ નાણાં નહિ લે. નાણાં કદાચ ધર્મદાન લેનારને ખબર નહિ હોય પણ આપણો અંતર્યામી દેવ અદૃશ્ય પ્રકાશનો પિતા જાણે છે અને આપણે જાણીએ છીએ કે ધર્મદાનની કોથળીમાં કેવાં નાણાં નાંખ્યા છે.

યશાયાહ પ્રબોધક કહે છે "યહોવા કહે છે મારી આગળ તમે પુષ્કળ યજ્ઞો કરો છો તે શા કામના? હું ઘેટના દહનાર્પણથી તથા માતેલા જાનવરોના મેદથી ધરાઈ ગયો છું; અને ગોધા હલવાન તથા બકરાનું રક્ત મને ભાવતું નથી." (યશા ૧:૧૧) આપણો પ્રભુ આપણાં અંતઃકરણો મારફતે શુદ્ધ હૃદય માંગે છે. જેમ પાઉલ પ્રેરિત કહે છે તેમ તમે તમારા શરીરોનું જીવતું પવિત્ર તથા દેવને પ્રસન્ન પડે એવું અર્પણ કરો. અતઃકરણની સાથે ઈશ્વરને સોંપાઈ જવું અગત્યનું છે.

પાઉલ પ્રેરિત કરિંથીની મંડળીને લખતાં જણાવે છે કેમ કે જો ઈચ્છા હોય તો તે કોઈની પાસે જે નથી તે પ્રમાણે નહિ, પણ જે છે તે પ્રમાણે તે માન્ય છે. આપણી પોતાની યથાશક્તિ પ્રમાણે આપણને ધર્મદાન આપવાનું કહે છે. અરે યથાશક્તિ ઉપરાંત પણ કરિંથીઓની મંડળીએ દાન આપેલાં હતાં અને હાલ આપણે પણ તે જ પ્રમાણે દાન આપવાની જરૂર છે પણ જે પૈસા કોઈ ઉપયોગમાં ન આવે તેવા નહિં. કરિંથીઓના બીજા પત્રના ૮ થી પૂરા અધ્યાયમાં નાણાં વિષે આપ્યું છે તે પ્રમાણે આપીએ જેથી પ્રભુને તે પસંદ પડે.

જ્યારે આપણે જગતમાં છીએ ત્યારે જગતના વહેવાર પ્રમાણે જો કોઈનો દીકરો અથવા દીકરી શરીરે અપંગ હોય અથવા વધુ અભ્યાસ નોકરી ન હોય તો તેવી વ્યક્તિને લગ્ન માટે કોઈ પસંદ કરતું નથી. જો કોઈ સરકારી નોકરીમાં કે કોઈ નામાંકિત કંપનીમાં નોકરી મેળવવી હોય તો પ્રથમ શરીરના અવયવોની ચકાસણી કરે છે અને જો સહેજ પણ ખામી હોય તો તેવી વ્યક્તિને નોકરી મળવી અસંભવ છે. જો પૃથ્વી ઉપરના લોકો પોતે પોતાની પસંદગી પ્રમાણે વર્તતા હોય અને જે પસંદ ન હોય તેની સાથે વહેવાર કરતા નથી તો પછી આપણો તો સ્વર્ગીય પિતા છે. રાજાઓના રાજા પ્રભુઓનો પ્રભુ છે. તો શું આપણી ફાટી ગયેલ કે ધોવાઈ ગયેલ નોટ સ્વિકારે/ કદી નહિં. આપણે આપણાં નાણાં આપણે પાળકને કે સેવકને આપતા નથી. આપણે પ્રભુને આપીએ છીએ. સેવકો તો ઈશ્વર તરફથી નિમાયેલા છે. તેનો વહીવટ તેમને કરવાનો છે અને આપણા સેવકો મારફતે આપણે પ્રભુને દાન આપીએ છીએ તો પ્રભુને પસંદ પડતાં અને પવિત્ર શાસ્ત્ર કહે છે, તે પ્રમાણે "વળી ઉપકાર કરવાનું તથા દાન વહેંચી આપવાનું તમે ભૂલો મા. કેમ કે એવા યજ્ઞોથી દેવ બહુ સંતુષ્ટ થાય છે". (હેબ્રી ૧૩:૧૬) પ્રભુ ઉત્તમ દાનો આપવાને માટે આપણને પ્રેરણા અને શક્તિ આપે, એ જ પ્રાર્થનાં.

# દેહમાં કાંટો... એક ઈશ્વરીય આશીર્વાદ

- *શ્રી ગાયસભાઈ કે. પરમાર*

કુદરતની અદ્દ્ભૂત કરામત!

સુંદરમાં સુંદર અને આકર્ષક ફૂલો કાંટાં વિનાનાં હોતાં નથી, જેમ કુદરતમાં તેમ માનવી અનુભવમાં પણ. આપણે રક્તવર્ણા ગુલાબનાં ફૂલો માટે ઈશ્વરનો આભાર માનીએ છીએ, તેમને જોઈને આનંદથી નાચી ઊઠીએ છીએ, કિન્તુ કદી વાંકડીયા તીક્ષ્ણ કાંટા સમાન જીવનમાં આવતાં દુઃખદર્દો અને સંકટો માટે આભારની લાગણી પ્રદર્શિત કરી છે?!!

આ વિષયના સંદર્ભમાં ઈંગ્લેન્ડનાં સુપ્રસિદ્ધ કવયિત્રી મિસ એડીલેઈડ (Adelaid Procter) પ્રોક્ટર એક સુંદર મજાનું ભાવનાશીલ ભજન (hymn) રચ્યું છે, અરે! ગાયું પણ છે:

**'I thankThee more that all our joy Is touched with pain;**

**Is thouched with pain;**

**That shadows fall on brightest hours,**

**That thorns remain;**

**So that earth's bliss may be our guide,**

**And not our chain.'**

ભાવાર્થ : 'હે પ્રભુ! હું આભારી છું કેમકે અમારા બધા આનંદના પ્રસંગોમાં તમે દુઃખ અને દર્દ મૂક્યાં છે. કિન્તુ જીવનમાં કેવળ કાંટા જ રહી ગયા છે...જે, અમને આશીર્વાદ સમાન નીવડ્યાં છે.'

આમ ભક્તિશીલ મિસ પ્રોક્ટરે તો જીવનમાં રહી ગયેલ કાંટા માટે ઈશ્વરનો આભાર માન્યો છે. પણ... પણ, તેણીનાં હજારો વર્ષ પહેલા મહાન સંત પ્રેરિત પાઉલે અનુભવસિદ્ધ રીતે લખ્યું છે કે, 'ખ્રિસ્તનું પરાક્રમ મારા પર આવી રહે, એ સારું ઉલટું હું ઘણી ખુશીથી મારી નિર્બળતા વિષે અભિમાન કરીશ.' (૨ કોરિંથી.૧૨:૯). વળી એ જ અધ્યાયની સાતમી (૭) કલમમાં ભકત કહે છે કે, 'પ્રકટીકરણો (Revelations)ની અધિક મહત્તાને લીધે હું અતિશય બડાઈ ન કરું માટે મને શિક્ષા આપવા સારું શેતાનના દૂત તરીકે દેહમાં કાંટો આપવામાં આવ્યો છે.' (૨ કોરિંથી. ૧૨:૭)

પ્રેરિત પાઉલ કોરીંથની મંડળી માટે ચિંતિત હતો. તે પર પત્રો લખ્યા અગાઉ. ઈ.સ.૫૫માં તેને એક આશ્ચર્યકારક અનુભવ થયો. ઈસ.૩૯-૪૫ દરમિયાન જ્યારે તે એશિયા માઈનોરમાં હતો ત્યારે તે કહે છે તેમ તેને 'ત્રીજા આસમાનમાં ઉપાડી લેવામાં આવ્યો.' ત્યાં જ તેને સંદર્શનો (Visions) અને પ્રકટીકરણો (Revelations) રક્તવર્ણી ગુલાબનાં ફૂલો, અરે, તેની સાથે લાગેલા કાંટા સાથે સંકળાયેલા છે, એ હકીકત છે.

એશિયા માઈનોરના ખરાબ હવામાનમાં પ્રેરિતને ફેફરું (Epilepsy) અને ઝેરી મેલેરિયા જેવી જીવલેણ બીમારી લાગુ પડી હતી. ઉપરાંત આધાશીશી જેવું સતત પીડા આપતું માથાનું દર્દ કેવળ પોતાને જ નહિ પણ બીજાઓને પણ પરેશાની પહોંચાડતું હતું.

આ ઉપરથી બે બાબતો સ્પષ્ટ થાય છે : (૧) સંત પાઉલના દેહમાં કાંટો એ તો તેની શારીરિક બીમારી કે રોગ હતો અને (૨) ખરેખર, એ દર્દ -કાંટા સમાન હતો.

આપણે એમ ન માની લઈએ કે દર્દ દુઃખદાયક છે માટે તેને આશીર્વાદ ગણવો, પરંતુ દર્દ (pain) જાતે જ આશીર્વાદરૂપ છે. એટલે ઈશ્વર દુઃખો, સંકટો, તંગી, ભૂખમરો વગેરે જે કાંઈ આપણા પર મોકલે છે તે આપણા સારા માટે જ છે; વિઘ્નકર્તા તો નહિ જ.

મહાન સુવાર્તિક પ્રેરિત પાઉલના શરીરમાં ઉગેલો કાંટો શેતાન તરફથી આવેલ સંદેશો (message) હતો, જે તેને મંડળીઓની સેવા કરતાં કરતાં આશીર્વાદમાં ફેરવાઈ ગયો! શેતાન માળો તોડી નાખે છે, પણ ઈશ્વર પક્ષીને તેમાંથી છટકાવી દે છે. શેતાન ઉપરનું કોચલું ભાંગી નાખે છે, પણ અંદરનો જીવતો જાગતો ગર્ભ કાઢી લે છે. કેવો અદ્‌ભૂત બચાવ?!! આપણે ફરીથી મિસ પ્રોક્ટરને યાદ કરીએ અને કહીએ કે, 'હે પ્રભુ! મારા દેહમાં કાંટા રહી ગયા છે માટે તમારો અભાર માનું છું. આમેન'

## પ્રેમ અને સમર્પણ

*શ્રી જેકબ આર. ક્રિશ્ચિયન*

કુસુમ કળી, તંજ મહીં, રંગ ને સુવાસ ભરી !
પાંખડી બંધ કરી, કાળ ઉપર આસન કરી !
દિલમાં પ્રેમ ભરી, ભ્રમર તારી આશ ધરી !
ગુંજન કરતો, ભ્રમર આવ્યો, પાંખડી તુજ ખૂલી !
માણી રંગ પાંખડીના, ભરી સુવાસ દિલમાં !
ભ્રમર તો બન્યો ગાંડો, ગુંજતો તુજ પ્રેમમાં !
ઉપર નીચે, આજુ બાજુસ ઘૂમે બહુ તાનમાં !
પ્રસારી પાંખો, ઢળતી આંખો, ચૂમે ને ડૂબે પ્રેમમાં !

હતુ મધુ તુમજ મહીં, સમર્પી તે તેને દીધું !
કુસુમકળી, હતું જે બધું, તે તેને દીધું !
પ્રેમ છે દેવામાં ! નથી લેવામાં, તે જ તેં કીધું !
પ્રભુએ પ્રેમને ખાતર, જીવન સમર્પી દીધું !

# ઈસુ ઉઠ્યા છે?

- રેવ. હેમંતકુમાર જે. પરમાર

જે જગતમાં આપણે રહીએ છીએ, તે જગત ઝડપથી વૃદ્ધિ પામી રહ્યું છે. તેની વૃદ્ધિનો દર ઘણો ઊંચો છે. આ વૃદ્ધિ કદાચ માનવ વસ્તીની હોય કે વસ્તુની હોય. માણસ પોતે પોતાના વર્તુળમાં અથવા તેની આસપાસ સતત દોડ્યા કરે છે. આ વિશ્વમાં આ ઉપરાંત બીજું ઘણું છે. આજના જગતમાં માનવી પાસે સમય એટલો ઓછો છે પરિણામે તે પોતાના માટે બેસીને વિચારી શક્તો નથી અથવા ઘણીવાર નિર્ણય પણ કરી શકતો નથી.

આ વિશ્વમાં અનેક ઘટનાઓ બની રહી છે. કદાચ તે પ્રગતિની હોય કે વિનાશની હોય, આઝાદીની હોય કે ગુલામીની હોય. પરંતુ પ્રભુ ઈસુ મૃત્યુમાંથી સજીવન થયા એ ઘટના અદ્વિતિય છે. તેના જેવી ઘટના કદી બની નથી અને બનશે નહિ કે કોઈ પોતાની મેળે સજીવન થાય; માટે જ આજે આપણા આ સમયમાં અને વિશ્વમાં લોકો પ્રભુ ઈસુના ઉત્થાનને સ્વીકારે છે, અને એ ઉત્થાન પામેલા પ્રભુને સ્વીકારે છે.

બિનખ્રિસ્તી સમાજમાં માનવીના મૃત્યુ પછી શું? તે માટે ઘણી જુદી સમજણ જોવા મળે છે. ખ્રિસ્તી વ્યક્તિના મરણ પછી શું? તે અંગેની વિસ્તૃત સમજણ બાઈબલમાં આપવામાં આવી છે. છતાં પ્રશ્ન એ છે કે કેટલા એ વિશે સભાન છે? અથવા મરણ પછી જીવન છે તે માટે કેટલા તૈયાર છે?

પ્રથમ આદમ દ્વારા મરણનો પ્રવેશ થયો. જ્યારે બીજા આદમ દ્વારા અનંતજીવનની બક્ષિસ મળી. પ્રભુ ઈસુનું સજીવન થવું ઘણી આશાઓ આપે છે.

૧. મૃત્યુ પછી જીવન છે, એની ખાતરી કરાવે છે.

૨. પ્રભુ ઈસુનું ઉત્થાન પાપની સત્તાનો અંત લાવે છે.

૩. કબર કાયમ આપણને રાખી શકશે નહિં.

૪. નાશવંત શરીરમાંથી તથા જીવનમાંથી ગૌરવવંતું શરીર તથા શાશ્વત જીવનમાં પ્રવેશની ખાતરી.

૫. મર્યાદાવાળા જીવનમાંથી અમર્યાદિત જીવનમાં પ્રવેશની ખાતરી.

૬. કાયમી અંત નથી. ખુલ્લી કબર નવી આશા, સ્વર્ગ તરફ દોરે છે.

૭. ઈસુની સાથે જીવનની ખાતરી.

૮. વિશ્વાસ કરનારાઓ જેઓ સ્વર્ગમાં હશે. તેમની સાથે સંગતની ખાતરી મળે છે.તેઓ સાથેની સંગત તથા ઈશ્વરસ્તુતિ અને સેવાની તક મળશે.

આ નાશવંત જગતમાં ઉપરોક્ત બાબતો મહાન આશા આપે છે. મંડળીનું કેન્દ્ર તે ઉત્થાન પામેલા ઈસુ છે. જો પ્રભુ ઈસુ ઉત્થાન પામ્યા ન હોત તો આપણને જીવંત આશા મળી ન હોત. જો ઈસુ ઉઠ્યા ન હોત તો આપણા માટે કોઈ આશા ન હોત.

ખ્રિસ્તી વિશ્વાસ આપણને બંધ કબર તરફ દોરી જતો નથી. કારણ કે આપણી આશા બંધ કબરમાં નથી. મૃત્યુને પેલે પાર જે જીવન છે તેમાં આપણને હિંમત છે.

ઘણાંને માટે કબર એજ સર્વસ્વ છે. તેઓ તેની પૂજા કરે છે. પરિણામે જે સ્નેહીજન કબરમાં છે તે તેમના માટે મૂર્તિ બને છે. ત્રીજા દિવસે તથા વારંવાર કબરની પાસે જવું, ત્યાં જઈને રડવું, ફુલ મૂકવા વગેરે શું બતાવે છે?

શું આ મૃત સ્નેહીજનોની પૂજા નથી? તેમની કબરની આસપાસ પાકી કબર કરાવવી. શું તે અંધશ્રદ્ધા નથી? આમ કરવાથી નાણાંનો ખોટો વ્યય થાય છે. પ્રભુ પોતે કહે છે પૃથ્વી તથા તેમાંનું સર્વસ્વ મારાં છે. આજ પ્રભુ સર્વનો હિસાબ માંગશે ત્યારે એ કબરે જે આપણા જીવનમાં ઈશ્વરનું સ્થાન લીધું છે તેનો જવાબ પ્રભુ નહિ માંગે? આમ કરવાથી ઈશ્વરને બીજું સ્થાન આપ્યું છે. જેથી પ્રભુ નારાજ તથા દુઃખી છે તે શું જાણીએ છીએ? આ પ્રમાણે કરવાથી શું વિશ્વાસની વૃદ્ધિ થાય છે? શું આ પ્રમાણે કરવાથી પ્રભુને મહિમા મળે છે? આ પ્રમાણે કરવાથી તો આપણે જાગતા કે અજાણતા એવું જાહેર કરીએ છીએ કે (આપણા વ્યવહાર દ્વારા) કબર એટલે કે તેમાં જે મૃત સ્નેહીજન છે તે જ અમારે માટે સર્વસ્વ છે.

હિન્દુ સમાજમાં એક પેટા જ્ઞાતિ છે. તેઓમાં આજ પ્રકારનાં રિવાજ છે. વર્ષમાં એકવાર આખો સમાજ કબ્રસ્તાનમાં ભેગો થાય છે. કબર પર ફૂલ ચઢાવે છે, રડે છે અને પોતાના સ્નેહીજનને યાદ કરે છે. રોમન કેથોલિક સમાજમાં પણ આવો જ એક રિવાજ છે. આપણામાનાં કેટલાંક નાતાલે, નવા વર્ષે કે ઈસ્ટરે પ્રભુમંદિરમાં ન જતાં સવારમાં સ્નેહીજનની કબરે જઈએ છીએ. બીજા શબ્દોમાં કહીએ તો તે દિવસે આપણે તેમની કબરની પૂજા કરીએ છીએ. જીવતા ઈશ્વરની ભક્તિ પ્રભુમંદિરમાં કરવાનું પડતું મૂકીને આ પ્રમાણે કરીએ છીએ. શું તેથી ઈશ્વર ખુશ થાય છે?

આપણને શિક્ષણ આપવામાં આવ્યું છે તે બંધ કબર સુધીનું જ નથી. બંધ કબર નિરાશા, નિઃસાસો, અને દુઃખનું પ્રતિક છે. પરંતુ પ્રભુ ઈસુની ખુલ્લી કબર નવી આશા અને વિશ્વાસની વૃદ્ધિનું પ્રતિક છે. બંધ કબરની પૂજા તે આપણો સમય, શક્તિ, નાણાં લઈ લે છે તથા ઈશ્વરને માન તથા મહિમા આપવાના બદલે મૃત સ્નેહીજનને માન તથા મહિમા આપીએ છીએ. આ બધું આપણે ખર્ચીએ છીએ, જેથી કોઈ ફાયદો નથી. પરંતુ તેના બદલે પ્રભુ ઈસુની ખુલ્લી કબર તરફ દૃષ્ટિ કરવાથી નવી આશા, નવો વિશ્વાસ તથા આનંદ પ્રાપ્ત થશે.

આ ઈસ્ટર આપણને આપણા સ્નેહીજનની કબર તરફ નહિ પણ ઈસુની ખાલી કબર તરફ દોરી જાય છે. ધર્મશાસ્ત્ર પ્રમાણે તે ઉઠ્યા છે. આજે પણ તે જીવંત છે અને ઈશ્વરપિતાના જમણે હાથે બેઠા છે. "પ્રભુ ઈસુ ઉઠ્યા છે, ખરેખર તે ઉઠ્યા છે"!

# મેબલ

- પ્રિ. ભગવતપ્રસાદ ચૌહાણ

દક્ષિણ આફ્રિકાની આ વાત છે. એમાં એક નાનું ગામ. તેમાં એક ગરીબ ખેડૂત કુટુંબ રહે. દાદીમા ઘર ચલાવે. દાદીમા સિવાય ઘરમાં કોઈ મોટું ન મળે.

દાદીમાનો દીકરો અને દીકરી મૃત્યુ પામ્યાં હતાં. દાદીમા એમનાં બાળકોને ઉછેરે. ઘરમાં ગરીબી જાણે આટાપાટા રમે.

'મેબલ ! મેબલ !' દાદીમાએ બૂમ પાડીને કહ્યું, 'હવે મહેરબાની કરી તારું ગાવાનું બંધ રાખીશ ? દાદીમાનું નામ દુમા હતું. 'તું ક્યારે પાણી ભરી લાવીશ ને મરઘીનાં બચ્ચાંને દાણા નાખીશ ?'

મેબીએ ડોલ લીધી. તેણે આનંદથી કહ્યું, 'હું આ ગઈ ને આ આવી !' કહી તે પંખીની જેમ જાણે ફરર ફરતી ઊડી દાદીમાએ નિસાસો નાંખ્યો. આ છોકરી બરોબર એની મા માગી ઉપર પડી છે ! ચાલે છે પણ માગી જેમ ને એવી જ દેખાય છે ! એને જોઈને કોઈને પણ એની માની યાદ આવી જાય.

સાંજે ડિશો ધોયા પછી મેબલ દાદી પાસે જઈને બેઠી. દાદીના ખરબચડા હાથ પોતાના હાથમાં લઈ બોલી, 'દાદી, આવતે અઠવાડિયે સંગીતસ્પર્ધા છે. મારે એમાં ભાગ લેવો છે. જે જીતશે એને સ્કોલરશીપ પણ મળશે.'

'તું શું ગાઈશ ?' એનાં ફોઈની દીકરી પેગીએ પૂછ્યું.

'જીવતા ખડક ખરી આડ,

મારા ઉપર છાયા પાડ.'

એ ગીત ગાઈને મેબલે કહ્યું, 'આ મારું મનપસંદ ગીત છે. મને શબ્દો પણ બરોબર યાદ છે. મુશ્કેલી એ છે કે મારી પાસે પહેરવાનો સારો ડ્રેસ નથી !'

'જો તું બકરાંનો વાડો સાફ કરીશ તો હું તને મારું નવું શર્ટ આપીશ.' એની ફોઈના દીકરા ફેનીએ કહ્યું. પંદર વર્ષના ફેનીને કામ કરવામાં કંટાળો આવતો.

પેગી પોતાના જીમ્નેશિયમ-ડ્રેસ (કસરત વખતે પહેરવાનો પોશાક)માં બટન ટાંકતી હતી. તેણે કહ્યું, 'તને આ જીમ-ડ્રેસ ગમે તો ખુશીથી લઈ જજે !'

આભારવશ બની મેબલે કહ્યું, 'થેન્ક યૂ વેરી મચ !' એના પિતરાઈઓ કેટલી બધી મદદ કરવા તૈયાર હતા ! પણ દાદીમા કેમ કશું બોલતાં નહોતાં !

સમારંભને દિવસે આખો હોલ મા-બાપો, સગાસ્નેહીઓ અને ગાયકોથી ભરાઈ ગયો હતો. પેગી, સારા અને દાદીમા દેખાતાં નહોતાં, એના બાકીનાં પિતરાઈઓ પહેલી પાટલી પર બેઠા હતાં. એમની સામે જોઈને મેબલ સ્ટેજ પર ચઢી. એનો એક પગ જરા લંઘાતો હતો.

આખા હોલમાં શાંતિ છવાઈ રહી. પિયાનો વગાડનારે એક સૂર વગાડ્યો, મેબલે ગાવાનું શરૂ કર્યું. બંને હાથ ભેગા કરી એણે ગળું. ખંખેરી ગાવા માંડ્યું. એણે જોયું તો કોઈ સ્ત્રી ધીમેથી હોલમાં દાખલ થતી હતી શું એ દાદીમા હશે ? ના એ બીજુ કોઈ હતું. એનો અવાજ થોથવાયો ને એણે ગાવામાં ભૂલ કરી. પિયાનો વગાડનારે એની સામે જોયું. મેબલે ગીત તો પૂરું કર્યું પણ જાણે કે ગાવામાં પ્રાણ નહોતો. ભારે હૈયે, નતમસ્તકે તે પોતાની સીટ તરફ પાછી ફરી.

નિર્ણાયક પરિણામ રજૂ કરવા ઊભા થયા ત્યારે મેબીએ પેગીનો હાથ પકડી લીધો. પેગીને લાગ્યું કે મેબીનો હાથ ધ્રુજે છે. નિર્ણાયક સ્ટેજ પર ગયાં. પોતાના કાગળિયાં આમતેમ કર્યાં. તેમણે કહ્યું 'બધા ગાયકોએ સુંદર રીતે ગાયું છે. બધાંને અભિનંદન !' મેબલે બાકીનું કશું સાંભળ્યું નહિ. કહો કે, એનાથી સંભળાયું નહિ. નિર્ણાયકે ધીમેથી કહ્યું, વેરોનિકા થોટાને સ્કોલરશીપ ને પ્રથમ ઈનામ મળે છે. આખો હોલ તાળીઓના ગડગડાટથી ગાજી રહ્યો. મેબલની આંખોમાં ઝળઝળિયાં હતાં. જો મારાથી સારી રીતે ગવાયું હોત તો...'

પછીના થોડા મહિનાઓ દરમ્યાન મેબલનું બોલવાનું ઘણું ઓછું થઈ ગયું. એક સાંજે ડીશો સાફ કર્યા પછી તેણે દાદીમા પાસે જઈને કહ્યું. 'દાદીમા મીસ મેબાસો પાસે હું સંગીત શીખવા જઉ ? એક પાઠ શીખવાની ફી પચાસ સેન્ટ છે.' દાદીમા જવાબ આપે ને પહેલા તેણે ઉમેર્યું, 'હું ઘરનાં મારા બધાં કામ એ જ રીતે કરીશ. સાંજે એક કલાક શીખવાનું છે.'

'મેબી', દાદીમાએ થોડાક કઠોર અવાજે કહ્યું, મારે તારા જેવાં પાંચ બાળકોની સંભાળ લેવાની છે, વસ્ત્રો ખરીદવાનાં છે. તેમને ખવડાવવું છે. મારાથી કંઈ પૈસા વેડફી શકાય નહિ.'

મેબીનું મોં તો પડી ગયું. પણ ક્ષણવારમાં જ તેની આંખોમાં એક ચમક આવી તેણે મનમાં કહ્યું, 'હું સંગીત શીખવાના પૈસા હું જાતે જ કમાઈશ.'

એક સાંજની વાત છે. શાળા છૂટી હતી. બાળકો પુસ્તકો એકઠાં કરી ઘેર જવાની તૈયારી કરતા હતાં. મેબલ એની વર્ગશિક્ષિકા પાસે ગઈ. એણે કહ્યું, મીસ મોશે મારે સંગીત શીખવા થોડા પૈસાની જરૂર છે શું હું શનિવારે આપના વસ્ત્રો ધોઈ શકું. અને આપનું ઘર વાળીઝુડી સાફ કરી શકું ?'

'શું આ તારે મારે વધુ પડતું નહિ થાય ? થોડા વખતમાં પરીક્ષા આવશે ને તું પ્રથમ વર્ગ લાવે તેમ હું ઈચ્છું.'

'હું સાંજે વધારે સમય ભળીશ,'

'સારું, તું આવતા અઠવાડિયાથી શરૂ કરજે, તું જે દિવસે કામ કરીશ તે દિવસના હું તને ત્રીસ સેન્ટ આપીશ.'

'થેન્ક યૂ ટીચર !' મેબી તો ખુશખુશ થઈ ગઈ. ઘેર જતાં જતાં તેના હોઠ પર કોઈ ગીત રમતું હતું.

થોડા દિવસમાં એને સમજાઈ ગયું કે, કામ ભારે છે બાળકો મજાકમસ્તી કરતાં હોય ત્યારે શનિવારે એને મીસ મોશેને ત્યાં ઘરકામ કરવું પડતું, એક સાંજે તો રસોડામાં પેસતાં જ એને ક્રોધ આવી ગયો. 'આટલી બધી ડીશો ! ક્યાં છે તું ?' પેગી, જરા મદદ કરને' પણ કોઈએ જવાબ આપ્યો નહિ.

મોડી સાંજે તે ભણવા બેઠી અને એક પછી એક ભાઈબહેન 'ગુડ નાઈટ' કહી સૂવા જતા રહ્યાં. દાદીમા પણ સૂતા હતાં. અચાનક જાગ્યા. જોયું તો લાઈટ તો ચાલુ હતી. મેબી ! મેબી ! તું ક્યારે સૂઈ જઈશ ?' મેબી તરફથી જવાબ ન મળ્યો. દાદીમા ઉતાવળથી બેઠક રૂમમાં ગયાં. જોયું તો હાથમાં પેન લઈને મેબી ઘસઘસાટ ઊંઘતી હતી. દાદીમા થોડીવાર તો મેબીને જોઈ રહ્યાં તેને ધીરેથી જગાડી પછી સૂવા માટે લઈ ગયાં.

કેટલાક મહિના પસાર ગયા. હવે સંગીતનું શીખવા માટે મેબી પાસે પૂરતા પૈસા થઈ ગયા હતા. તે સંગીત શિક્ષિકા પાસે ગઈ. 'મીસ મેબાસો, શું તમે મારું નામ નોંધી લેશો ?

'મેબી, હું જરૂર તારું નામ નોંધું છું, તું શુક્રવારે શાળા છૂટ્યા પછી આવજે.'

મેબીને એટલો બધો આનંદ થયો કે તે દોડતાં દોડતાં જ ઘેર ગઈ 'દાદીમા !' તેણે બૂમ પાડી, 'દાદીમા' કોઈએ કશો જવાબ આપ્યો નહિ. મેબી ઘરમાં દોડી ગઈ.

તેણે જોયું તો દાદીમા ત્રણેક વર્ષના તેના મસિયાઈ ભાઈ ફટુથીની પથારી પાસે બેઠા હતાં. ફટુથી જોરજોરથી શ્વાસ લેતો હતો. એના આખા ચહેરા પરથી પરસેવાના રેલા નીતરતા હતા.

'દાદીમા, ફટુથીને શું થયું છે ?' કહી મેબલે ફટુથીના માથે ધીમેધીમે હાથ ફેરવવા માંડ્યો.

દાદીએ કહ્યું, 'તેને શું થયું છે તેની મને ખબર નથી. તે જમવાનું તો લઈ આવ્યો, પણ જમી શક્યો નહિ. આપણે તેને ડોક્ટર પાસે લઈ જવો પડશે. પરંતુ તારા કાકા પાસેથી આવતા અઠવાડિયા સિવાય પૈસા મળશે નહિ. પૈસા વગર શું કરવું ?'

મેબી પોતાના શયનખંડ તરફ દોડી ગઈ. તેણે સૂટકેસ ઉઘાડી અને પોતાના પૈસા રાખ્યા હતા તે નાનકડું બોક્સ લઈને દાદીમા પાસે દોડી ગઈ.

દાદીમા, 'આ પૈસા લો. આપણે ઉતાવળથી જવું પડશે, નહિ તો ડોક્ટર બહાર નીકળી જશે'.

દાદીમાએ ફટુથીને શાલમાં વિંટાળીને મેબીએ તેને ઊંચકી લીધો. બંને ઝડપથી રસ્તા તરફ ગયા. દાદીમાએ મેબી સાથે રહેવા ઝડપ કરવી પડતી હતી. તેઓ ડોક્ટરની ડિસ્પેન્સરી તરફ પહોંચ્યા ત્યારે ડોક્ટર બહાર નીકળતા હતા. મેબી ડોક્ટર તરફ દોડી.

'શી વાત છે ?' ડોક્ટરે પૂછ્યું.

'મારો ભાઈ બીમાર છે. તેને શ્વાસ લેવામાં તકલીફ પડે છે,'

'અંદર આવો ને તેને પલંગ પર સુવાડો.'

છોકરાને તપાસીને ડોકટરે કહ્યું, 'છોકરો, ઘણો બીમાર છે. પણ તમે સમયસર આવી ગયાં. આ દવા દર ચાર કલાકે તેને પિવડાવજો કાલ સુધીમાં તેને સારું ન થાય તો કાલે ફરીથી આવજો.

ને રાત્રે જ્યારે ફટુથી ઘસઘસાટ ઊંઘતો હતો, તે તેના શ્વાસ નિયમિત રીતે ચાલતા હતા ત્યારે દાદીમા ને મેબી તેના રૂમમાં ધીમે પગલે ગયાં. 'મને લાગે છે કે તેને હવે સારું છે. ઊંઘ એ સારી નિશાની છે.' દાદીમાએ કહ્યું. અને બેબી સ્કૂલમાંથી આવ્યા પછી તું તો જમી પણ નથી. હું તારે માટે થોડી ચા ને બિસ્કિટ લઈ આવું.'

'તેં ડોકટરને આપ્યા તે પૈસા તું ક્યાંથી લાવી ?'

'મારા સંગીત શિક્ષણ માટે મેં એ પૈસા બચાવ્યા હતા. હું મારા શિક્ષિકાને ત્યાં ઘરકામ કરું છું. તે રોજ મને ૩૦ સેન્ટ આપે છે.' થોડીવાર શાંત રહી દાદીમાએ કહ્યું, 'બેટા, ઘણું મોડું થઈ ગયું છે તું સૂઈ જા.'

સવારે દાદીમાએ ફ્રેમીને કહ્યું, 'તું આજે બકરાંને વાડામાંથી બહાર લઈ જતો નહિ.'

'દાદીમા, થેન્ક યૂ. બકરાંને ખેતરમાં લઈ જતાં ખાસ્સો સમય લાગે છે. હું આજે સમયસર સ્કૂલે પહોચીશ.'

બે દિવસ પછી મેબીને સંગીત શિક્ષિકા મળી ગયા. 'હું હવે સંગીત શીખવા આવી શકીશ નહિ.' એવું કેવી રીતે તેમને કહેવું તે વિશે મેબી વિચારતી હતી, ને મૂંઝાતી હતી.

દાદીમાએ શિક્ષિકાબહેનનો આવકાર કર્યો.

મેબી ચા લાવી. ચાનો કપ ધોઈને તે રૂમમાં આવી. તે પોતાનું પુસ્તક ઉઘાડી બારી પાસે જઈ વાંચવા લાગી. દાદી કહેતાં હતાં, 'બહેન તમે મારી મૃત દીકરીને કદી મળ્યાં નથી. તેનો કંઠ ખૂબ મધુર હતો ને કવાયરમાં તે આગળ પડતો ભાગ ભજવતી. એક અકસ્માતમાં તેનું મૃત્યુ થયું ત્યારે મેબી માત્ર ત્રણ વર્ષની હતી.

મેબીને દુઃખ થયું માતાનું મૃત્યુ કેવી રીતે થયેલું તેની અત્યાર સુધી ખબર નહોતી.

દાદીમા કહેતાં હતાં, 'આથી આ મેબી સંગીતમાં રસ લે તે મને ગમતું નહોતું. તેથી સંગીત શીખવાની ફી આપવા પણ હું તૈયાર નહોતી. પણ હવે સંગીત શીખવા ખૂબ આતુર છે. થોડા દિવસ પહેલાં મારો પૌત્ર અચાનક બિમાર પડ્યો ત્યારે મેબીએ પોતાની પાસે હતા તે આવકમાંના બધા પૈસા પોતાના બિમાર ભાઈ માટે ખરચી નાખ્યા. પણ ગઈકાલે મેં એક બકરો વેચી નાખ્યો આ તેના પૈસા છે. તમે મહેરબાની કરી મેબીને સંગીત શીખવજો.'

ત્રણેની આંખો પવિત્ર આંસુથી પ્રકાશિત થઈ રહી.

# અબળ પાત્રોના સબળ કાર્યો

*શ્રી જસવંત જોસેફ ક્રિસ્ટી*

મહાન પાત્રો પોતાનાં સબળ કાર્યો દ્વારા પ્રભુને કેવા મહાન - મહિમાવાન કરે છે તે આપણે જોઈએ. પ્રભુના રાજ્ય માટે, તેના મહિમા માટે બાળકો કોઈ જ નાનું નથી, કોઈ અપંગ કે પંગુ નથી. પ્રભુ તેમને પસંદ કરી સબળ રીતે વાપરે છે. જરૂર છે ફક્ત પ્રભુ પરના પ્રેમ અને વિશ્વાસની.

એક મોટી મંડળીમાં અમુક કાર્યો માટે નાણાંકીય જરૂર ઊભી થઈ. દાન ઓછાં આવે એટલે પણ નાણાંકીય ભંડોળ ખુબ ઓછું થઈ ગયું હતું.

પાળક સાહેબે એક રવિવારે સરસ સંદેશો આપ્યો. વચન હતું ૨ કરંથી ૯ : ૭. અસરકારક મનન પછી પાળકસાહેબ આગળ આવ્યા. તેમના હાથમાં ઉપકારસ્તુતિનાં અર્પણ માટેનું પાત્ર હતું. તેઓ કઠેરાં પાસે ઉભા રહ્યા અને જાહેર અપીલ કરી કે પ્રભુને તમારા અર્પણની જરૂર છે. ઉદારતાથી પ્રભુને, પ્રભુની મંડળી માટે, તેના કાર્ય માટે આપો.

વારંવાર પાળક વિધવાની અધેલી અને ઉદારતાથી આપનારને પ્રભુ કેવું આપે છે તે બોલતા હતા.

આ બાજુ શાંત પ્રભુમંદિરમાં તેમના વચનના પડઘા પડતા રહ્યા. લોકો પ્રેમથી ઉઠીને તેમના અર્પણો પાત્રમાં નાંખતાં. તેમાં રોકડ, નાની મોટી નોટો અને ઘરેણાં પણ હતાં.

દુર છેલ્લી પાટલી પર બાળકો, તમારા જેવી નાની સામાન્ય ઘરની બાળા બેઠી હતી. તે તો અપંગ હતી. ઘોડીના સહારે પ્રભુમંદિરમાં આવી હતી. કપડાં પણ સામાન્ય હતાં. પણ તેનું મન પ્રભુમય હતું. જીવન ધાર્મિક હતું, અપંગ હોવા છતાં જરાય કચકચ, દુઃખ નહીં.

તે ધીમેથી ઉભી થઈ ઘોડીના સહારે આગળ વધી, અવાજ થવા લાગ્યો, ટપ... ટપ... ટપ... બધાનું ધ્યાન તેની તરફ ગયું. બધા જોઈ રહ્યા. પાળકસાહેબ પણ વાત્સલ્યભાવથી આ નાની બાળા તરફ મીટ માંડી રહ્યા હતા. બાળા પાસે કદાચ મોટી રકમની નોટ નહિ હોય ! અથવા તેને વધુ આપવું હશે અને વધુ નાણાં ગજવામાં નહીં હોય. તે છેક કઠેરા પાસે પહોંચી ગઈ, અને પ્રેમથી આદર સાથે તેની આંગળી પર સોનાની વીંટી હતી, કદાચ તેને વર્ષગાંઠની ભેટરૂપે મળી હશે. તે કાઢી અને પાત્રમાં અર્પી દીધી અને આનંદથી પાછી ફરી. ફરી ટપ... ટપ અવાજ થયો અને તે પોતાની જગ્યાએ બેસી ગઈ.

પાળક અને સેવકોના હૃદય પર પણ ટપ ટપ ટપ થયું. આ દાનથી જરા હચમચી ગયાં. અને પછી પ્રભુમંદિરની ભજનસેવા પૂર્ણ થઈ. છેલ્લું ગીત બધાના મનમાં ઘુંટાતું હતું. આશીર્વાદો ઘણાં મળે છે નીત નીત... અને પાળકસાહેબે પ્રાર્થના કરાવી આશીર્વચન ઉચ્ચાર્યા. સર્વ જવા લાગ્યા.

પાળકસાહેબ અને વડીલો દરવાજે ઉભા હતા. તેમણે આ નાની દીકરીને ઉભી રાખી.

ઘણા બધા લોકો પણ આજુબાજુ ઉભા હતા. પાળકે પ્રેમથી કહ્યું, બેટા, તારૂં અર્પણ ખુબ જ ઉમદા છે, બધાંએ પોતાના ઘણાં બધામાંથી કંઈક આપ્યું છે, પણ તે તારું સર્વ અને તારું વહાલું, પ્રેમથી મંડળીને આપ્યું છે. આ વીંટી તને મળેલી પ્રેમભેટ હશે, યાદગાર ભેટ હશે. અમે ઈચ્છીએ છીએ કે તારી ભેટ પ્રેમથી સ્વીકારીને વીંટી તને પાછી આપીએ, તું તે સ્વીકાર. બધાંને સ્તબ્ધ કરી દેતાં આ નાની બાળા બોલી પાળકસાહેબ, તમે આ શું બોલ્યા.

મેં આ વીંટી તમને એટલે પાળકને, સેવકોનો, કે આ મંડળીને નથી આપી. મેં મારા પ્રભુને આપી છે. જ્યારે તમે પાત્ર લઈને ઉભા હતાં ત્યારે મેં પ્રભુને તેના દૂતો સાથે ઊભેલાં જાણે જોયાં. મેં તો પ્રેમથી પ્રભુનાં કાર્ય માટે પ્રભુને આપી છે. બાળકો ઉત્પ. ૪ : ૪ પ્રમાણે પ્રભુ અર્પણ કરનારની ભાવનાને લઈને પ્રથમ આપનાર તે માન્ય કરે છે. પછી અર્પણને) કેવું મહાન સમજણ સાથેનું પ્રેમનું અર્પણ. એક નાની બાળાના આ શબ્દો બધાનાં હૃદયને હચમચાવી ગયા. જાણે છેલ્લો સંદેશો જતાં જતાં બધાંના હૃદયને સ્પર્શી ગયો.

જે મંડળીના આવા નાનાં બાળકો હોય, તે મંડળીના પ્રભુમંદિરમાં પ્રભુ ઉભો હોયજ, આને ખરેખર પ્રભુની જ મંડળી કહેવાય. આપણે પણ વિચારીએ. જ્યારે જ્યારે બાળકો આપણે હાથ લંબાવી અર્પણ આપીએ છીએ ત્યારે આપણે આપણાં પ્રભુને આપીએ છીએ. એક નાની બાળાએ આપણી આંખો ઉઘાડી. શું આ અબળ પાત્ર કહેવાય ! ના, તે તો ખરેખર પ્રભુનું સબળ પાત્ર છે, તમે પણ નાના અને અબળ નથી જ. આ બાળાને યાદ રાખો, તેના શબ્દોને યાદ રાખજો.

## બાલુડા ઈસુને વાહાલ

***- શ્રીમતિ એ. કે ક્રિશ્ચિયન અમદવાદ***

ઈસુને વ્હાલા બાલુડા અમે સૌ
રક્ષા કરો પ્રભુ કરીએ વિનંતી સૌ
બોલીએ ન જુઠ્ઠ કદી મુખે હોય સત્ય સદા
સંભાળાવીએ સત્ય એવી ઈસુની વાતો સદા
ચોરી ન કરીએ અમે એ તો પાપ કહેવાય
એવા પાપમાં પડીએ નહિ અમે ઈસુના બાળ
લડીએ કદી નહિ સર્વને માફ કરીએ
માફ કર્યુ ઈસુએ જેમ, તેમ જ અમે રહીએ
પ્રાર્થના કરીએ સ્તુતિ ગાઈએ સદા ઈસુને નામ
વચનો વાંચીએ, વંચાવીએ બીજાને એજ રૂડી વાત
ઈસુ અમને પ્રેમ કરે છે તે સૌને જણાવીએ
આવો બાળો આજે ઈસુને અપનાવીએ

# મહેનતુ કીડી

- પ્રો. રૂપાલી જોય બર્ક

ચીન દેશના એક નાનકડા ગામમાં ચાંગ શુંગ નામનો છોકરો રહેતો હતો. તે ખુબ હસમુખો હતો તેથી ગામના બધા લોકોને તે ખુબ ગમતો. તે હજુ સ્કૂલે જતો નહિ એટલે આખો દિવસ રમ્યા કરતો. જયારે તે છ વર્ષનો થયો ત્યારે માતા-પિતાએ તેને એક સરસ સ્કૂલમાં દાખલ કર્યો. પહેલા દિવસે નવો ગણવેશ પહેરી ચાંગ શુંગ સ્કૂલે ગયો. શિક્ષક બધાં બાળકોને વર્ગમાં લઈ ગયા અને બ્લેક-બોર્ડ પર ચીન ભાષાનો કક્કો-બારખડીના પહેલા પાંચ અક્ષર તેમણે લખ્યાં. પછી તો રોજ રોજ વધારે ને વધારે લખવાનું અને યાદ રાખવાનું થયું. શિક્ષક તેમને કહેતા, 'હજુ તો તમારે ઘણું શીખવાનું છે.' ચાંગ શુંગને ખુબ કંટાળો આવ્યો. ઘેર પણ લખ-લખ કરવાથી તેનો હાથ દુઃખતો હતો અને તે દિવસે સ્કૂલમાં પણ શિક્ષકે ખુબ લખાવ્યું. શિક્ષકનું ધ્યાન ન હતું ત્યારે ચાંગ શુંગ તો બહાર ભાગી ગયો.

દોડતાં દોડતાં તે એક બગીચામાં પહોંચ્યો. તે ખુબ થાકી ગયો હતો. એટલે એક ઝાડ નીચે બેઠો અને થોડીવારમાં ઊંઘી ગયો તેને હાથ પર કંઈક ચાલતું લાગ્યું એટલે તે જાગી ગયો. તેણે જોયું તો એક કીડી તેના મોંમાં ચોખાનો દાણો પકડીને તેના હાથ ઉપર ચાલતી હતી. તેણે હાથ ઝાટકી કીડીને ફેંકી દીધી. હજુ તેને ઊંઘ આવતી હતી તેથી તે સુઈ ગયો. જ્યારે તે જાગ્યે ત્યારે તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. એક કીડી ફરી તેના હાથ પર ઉપર તરફ ચડી રહી હતી. તેણે ફરીથી કીડીને નીચે નાંખી દીધી. હવે તેની ઉંઘ ઊડી ગઈ હતી એટલે તેને થયું, 'લાવ, હવે જોઉં કીડી શું કરે છે !' ત્રીજી વખત કીડી તેના હાથ કરતાં ચાર ગણું વજન લઈ ચઢવા લાગી. ચાંગ શુંગ હલ્યો નહીં. કીડી તેના હાથ પરથી ખભા ઉપર ગઈ. જે ઝાડના જોરદાર પવન ફૂંકાયો અને બિચારી કીડી તો નીચે પટકાઈ.

ચાંગ શુંગને થયું, હવે કીડી થાકી ગઈ હશે એટલે ફરી પ્રયાસ કરશે નહીં. પણ તે ખોટો પડ્યો. કીડીએ તો એંશી વખત ચઢવાનું શરૂ કર્યું, ખુબ ધીમે ધીમે તે એ જ રીતે ઝાડ પર ચઢી અને થડના દરમાં તેનું ઘર હતું તેમાં પહોંચી ગઈ, ત્યારે તો સવારની સાંજ થઈ ગઈ હતી. સૂરજ પણ ડૂબવા આવ્યો હતો. 'વાહ !'

ચાંગ શુંગથી બોલાઈ ગયું. તેને મનમાં થયું, આટલું ઝીણું પ્રાણી પણ કેટલી વિરાટ સંકલ્પશક્તિ. આટલા બધા અવરોધો ઉપરાંત કેટલું મજબૂત મનોબળ કે તે પોતાના ધ્યેય સુધી પહોંચી. મને તો મારી જાત પર શરમ આવવી જોઈએ. સ્કૂલમાં મહેનત કરવાથી કેટલો જલ્દી હું હારી ગયો. મારે આ કીડી પાસેથી પાઠ શીખી ખુબ મહેનત કરવી જોઈએ. ચાંગ શુંગ ઘરે દોડી ગયો. બીજા દિવસથી હસતાં હસતાં ખુબ હોંશથી સ્કૂલે જવા લાગ્યો. ખુબ મન દઈને ભણ્યો અને મોટો થઈ વિદ્વાન બન્યો. દૂર દૂરથી લોકો તેની પાસે જ્ઞાન મેળવવા આવતા હતા.

વ્હાલા બાળમિત્રો, શું તમને મોટા થઈ ખૂબ હોશિયાર થવાનું ના ગમે ! આપણને બધાંને ઈશ્વરપિતાએ કેટલાં બધાં દાન આપ્યાં છે. તે બધાં વાપરી આપણા ભાગનું કામ મહેનતથી કરીશું તો તેઓ વધુ ને વધુ આશીર્વાદ આપશે. આપણા મહાન પિતાને પ્રાર્થના કરીએ, 'હે ઈશ્વરપિતા મારા કાર્યમાં મને મદદ કરો અને માર્ગદર્શન આપો.'

# બદલાણ

*- હેરિના હેરિસ ક્રિસ્ટી*

નેહા પ્રભુઈસુમાં વિશ્વાસ ધરાવતી એક કિશોરી હતી. પ્રભુ ઈસુમાં વિશ્વાસુ હતો ખરો પણ ઘણીવાર તે પોતાના માર્ગમાંથી ભટકી જઈ શેતાન તરફ વળતી. તેનું મન તેને ના પાડતું, પણ મનની લાલચ તેને દુન્યવી વાનાંઓ તરફ વાળતી તે ઘણીવાર આ માર્ગ પર જવું કે પેલા માર્ગ પર, તેણી અવઢવમાં પડી જતી.

નેહા તેના માતાપિતાનું એકમાત્ર સંતાન હતી. તેના માતા-પિતા ઘણા ધાર્મિક અને પ્રભુ ઈસુ પર પ્રેમ રાખતા હતા. તેમણે નાનપણથી નેહાને પ્રભુઈસુમાં કેળવી હતી. અને છતાં ઘણીવાર નેહા શેતાની વાનાંઓ તરફ વળતી. નેહાના માતાપિતા તેને ઘણો પ્રેમ કરતા અને તે આવું કાર્ય કરે તો ઠપકો પણ આપતા.

નેહા ધીરે ધીરે મોટી થઈ અને તેનું મન શેતાની વાનાંઓ તરફ ઢળવા લાગ્યું. એક તરફ શેતાની વાનાંઓની લાલચ વધી રહી હતી અને બીજી તરફ પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરફનો પ્રેમ અને વિશ્વાસ ઓછો થઈ રહ્યો હતો. હવે નેહાને દર રવિવારે ટી.વી. સિરીયલો જોવી ગમતી પણ દેવળમાં આવવું ગમતું નહિ. ત્રણ કલાક પિક્ચર જોવું ગમતું, પણ ત્રણ મિનિટ પ્રભુ પાસે પ્રાર્થના કરવી ગમતી નહિ.

એકવાર નેહાના માતાપિતા નોકરી પર ગયા હતા. નેહા ઘરમાં એકલી હતી. આમ તો નેહા નવરાશના સમયમાં મેગેઝિનો કે વાર્તાની ચોપડીઓ વાંચતી, પણ હમણાં નેહા પાસે કઈ વાંચવાની ચોપડી ન હતી. તેણે વિચાર્યું, લાવને જરા બાઈબલ વાંચું. તેણે બાઈબલના પાના ઉથલાવવા માંડ્યા. કલાકો સુધી તેણે પાના ઉથલાવ્યા, પણ તેને કાંઈ રસ પડ્યો નહિ. હવે તેને કંટાળો આવવા લાગ્યો.

ત્યાં ડોરબોલ રણકી ઊઠ્યો. નેહાએ ઊઠીને દરવાજો ખોલ્યો તો તેના કાકા હતા. તે કાકાને જોઈ હર્ષઘેલી થઈ ઊઠી. તેના કાકાએ તેને પૂછ્યું કે નેહા શું કરી રહી છે ? કંઈ નહિ કાકા, જરા બાઈબલ વાંચતી હતી. પણ તેમાં કઈ રસ પડ્યો નહિ. કાકાએ નેહાને પાણીનું ગ્લાસ આપતા કહ્યું. નેહાને આમ બોલતી જોઈ કાકાએ કહ્યું, 'નેહા બાઈબલ દુનિયાનું સૌથી મહાન પુસ્તક છે. તેમાં લખેલી સૌથી નકામી લાગતી બાબતમાં પણ કંઈક અર્થ છે. અને એ વિશે સમજ મેળવી આપણને પ્રભુ ઈસુ ખ્રિસ્તની મદદની જરૂર છે. જે તેની પર વિશ્વાસ કરે છે, તેને તે અનંતજીવનનો મુગટ પહેરાવે છે. ઈશ્વર ઘણા પ્રેમાળ છે. જો પાપી તેનાં પાપની કબૂલાત કરે તો તે તેને જરૂરથી માફી આપશે. આટલું કહી તેઓ જતા રહ્યાં.

પ્રભુ ઈસુના શબ્દોની નેહાના મન પર ગાઢ અસર થઈ. તેણે બાઈબલ ઘણા રસપૂર્વક વાંચ્યું, અને પ્રભુ ઈસુની પ્રાર્થના કરી. પોતાના પાપોની માફી માગી. તેણે આજે પ્રભુ ઈસુના માર્ગમાં ચાલવાનું પસંદ કર્યું. અને... એક ભટકી ગયેલા આત્માનો ઉધ્ધાર પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા થયો.

# ઉંદરમામા

- શ્રી માઈકલ એસ. ક્રિશ્ચિયન

એક નાનકડાં ઉંદરમામા. તેમની મૂછોં ઊંચી થતી હતી બંને નાક હવામાં ઊંચુ કરીને તે ઊંડો શ્વાસ લેતા હતા, કેમ ! જાણો છો ? તેમને ભૂખ લાગી હતી. કકડીને ભૂખ લાગી હતી. ભૂખ લાગે ત્યારે શું જોઈએ ? ખાવાનું જ તો વળી. પણ ઉંદરમામાને થોડું કોઈ ખાવાનું પીરસવા આવવાનું હતું ? તેમણે તો પોતાનો ખોરાક પોતે જ શોધી કાઢવો પડે.

ઉંદરમામાએ હવામાં પોતાના નાકનું ટીચકું ઊંચુ કરીને જેવો ઊંડો શ્વાસ પોતાના ફેફસામાં ભર્યો કે તેઓ તો ખુશખુશાલ થઈ ગયા. મીઠીમીઠી સુગંધ તેમના નાકમાં પેસી ગઈ હતી. અને તેમનું મન તો કહેતું હતું કે આ સુગંધ તો સ્વાદીષ્ટ કેકની જ હતી. આ હા,..હા આજે તો ભોજનમાં કેક ખાવાની મળવાની છે તે વિચારમાં ઉંદરમામાએ બે-ચાર નાના નાના કૂદકા પણ મારી લીધા હવે !

હવે વળી રાહ કોની જોવાની ? તેમણે સુગંધની દિશામાં દોટ મુકી. આમ દોડતાં દોડતા તે તો એક મોટી કચરાપેટી પાસે આવી પહોંચ્યા. તેમણે જોયું તો આ પેટી તદન નવી જ હતી. દૂરથી જ તેનો ચળકાટ કહેતો હતો કે તે નવી પેટી છે. હવે ઉંદરમામાને સહેજ રોકાવું પડ્યું. પેલી સુગંધ તો આ પેટીમાંથી જ આવતી હતી. પણ કેક સુધી પહોંચવું કેવી રીતે ?

તેણે તો પેટી પર ચડવા માડ્યું પણ થોડે સુધી સફળ થયા પછી નવી પેટીની લીસ્સી સપાટી પરથી તે તો નીચે સરકી ગયો. ત્રણ વાર તેણે પ્રયત્ન કર્યા પણ કાંઈ ગજ વાગ્યો નહિ. પણ એમ હાંફી જાય તો ઉંદરમામા શેના ? તેમણે આસપાસ નજર દોડાવી તેમણે જોયું તો કચરાપેટીની પાસે જ એક ખરબચડી દીવાલ હતી. હ-તારીની મોટી મહેનત કરીને ? આ વાત પહેલાં મગજમાં કેમ ન આવી ? ભલે હજી કાંઈ મોડું થયું નથી. ઉંદરમામા તો પેટી છોડીને દીવાલ પર ચઢવા લાગ્યા. આ તો સહેલું હતું. થોડે ઊંચે ગયા પછી તેમણે જોયું તો હવે કચરાપેટી તેમની નીચે હતી અને ઉપરથી પેલી સુગંધીત કેકના રંગીન ટુકડા પણ દેખાતા હતા. ઉંદરમામાએ તો ભમ્મ દઈને કૂદકો માર્યો અને કચરા પેટીમાં જઈ પડ્યા.

વાહ ભાઈ વાહ ! મઝા પડી ગઈ ! અને તેમણે જોયું તો તેમાં માત્ર કેક જ ન હતી. તેમાં તો બરફી તથા હલવાના ટુકડા પણ હતા. અને વળી પુરીઓ પણ હતી. ઉંદરમામાને તો લહેરીયાં થઈ ગયાં. આમ તેમ દોડતા જાય, મૂછના વાળ હલાવતા જાય. ચૂં ચૂં ગીત ગાતા જાય અને જુદી જુદી વાનગીઓ ખાતા જાય. મઝા રે બસ મઝા !

પણ થોડી જ વારમાં તેમનું નાનકડું પેટ ભરાઈ ગયું. તોય તેમણે થોડું વધારે પોતાના પેટમાં ઓર્યું. અને પછી ઉંદરમામાને તો ઘર સાંભર્યું બરાબર પેટ ભર્યા પછી પોતાના દરમાં

ઘોરવાની તેમની આદત હતી. એટલે કચરા પેટીમાંથી બહાર નીકળવાના પ્રયત્ન તેમણે શરૂ કર્યા પણ કચરા પેટી નવી હતી તેથી જેમ બહારની સપાટી લીસ્સી હતી તેવી જ રીતે અંદરથી પણ લીસ્સી હતી. ઉંદરમામા તો તેના પર ચઢી શકતા ન હતા.

હવે શું થાય ? બહારથી અંદર આવવા માટે તો બાજુની દીવાલ કામમાં લાગી હતી પણ હવે અંદરથી બહાર કેવી રીતે જવું ? પછી મીઠાઈઓ અને કેક તો હજી પણ સામે હતાં પણ હવે તો ઉંદરમામાને તેની સામેય જોવાનું ગમતું ન હતું. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમાં ઉંદરમામા તો વધુ ને વધુ રઘવાયા થઈને આમ તેમ દોડે. આખી કચરાપેટીમાં તે તો ફરી વરી વળ્યા પણ બહાર નીકળવાનો એક પણ માર્ગ જડ્યો નહિ. અંદર આવવા માટે દીવાલ પર ચઢવાની વાત ત્યારે તો હોંશિયારી લાગી હતી પણ હવે તે મૂર્ખતા સમજાઈ ગઈ હતી. પણ અબ પછતાયે હોવત ક્યા...

ઉંદરમામા ઉપર આકાશ તરફ જોવા લાગ્યા, પણ ત્યાંથી શું મદદ મળે ? તેમને થયું કોઈ આવીને તેમને બહાર મૂકી દે તો કેવું સારું ? અથવા તો કોઈ લાકડી મૂકે તો તો પોતે સરસર તેની પર ચઢી જાય.

અચાનક ઉપરથી ધડાધડ કચરો પડવા માંડ્યો. ગભરાયેલા ઉંદરમામા આમથી તેમ દોડવા તો ગયા પણ એક ભારે વજનદાર ઈંટનો ટૂકડો તેમના પર પડ્યો અને તેમના મોંમાં ચૂં... પણ નીકળે તે પહેલાં તો તેમનો જીવ નીકળી ગયો હતો.

ઉંદરમામાની ભૂખ તેમને એવા સ્થાનમાં ખેંચી ગઈ જે તેમના માટે કબ્રસ્તાન થઈ ગયું. બાળકો, આપણે પણ આવું જ કરીએ છીએ. થોડીવારની મઝા માણવા માટે આપણે પણ દોડીને પાપમાં જઈએ છીએ. થોડી મઝા માટે બોલવાનું, ચોરી કરવાનું, માબાપની આજ્ઞા ન માનવાનું, ગુસ્સો કરવાનું આપણે પસંદ કરી લઈએ છીએ. અને ઘણીવાર તો આપણે પણ ઉંદરમામાની જેમ તેમાં હોંશિયારી માનીએ છીએ. પરંતુ બાળકો યાદ રાખો પવિત્રશાસ્ત્ર બાઈબલ આપણને ચેતવે છે, 'નિશ્ચે જાણો તમારું પાપ તમને પકડી પાંખશે.' (પુનઃ ૨૬ : ૩૨) અને 'પાપનો મુસારો મરણ છે.' (રોમનોને પત્ર ૩ : ૨૩) અને આ મરણ તો અગ્નિની બળતી ખાઈ છે. (પ્રકટી. ૨૦ : ૧૫)

ઉંદરમામાને તો કોઈએ બચાવ્યા નહિ, પણ તમને અને મને બચાવવા માટે ઈશ્વરપિતાએ પોતાનો એકનો એક પુત્ર પ્રભુ ઈસુ આ પૃથ્વી પર મોકલી આપ્યો છે એ માટે કે જે કોઈ તેના નામ પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય પણ તે અનંતજીવન પ્રાપ્ત કરે. (યોહાન ૩ : ૧૬) માટે જો તમે પાપને કારણે મરણના ફંદામાં ફસાયા છો તો તમારે માટે આજે શુભ સમાચાર છે. તમારાં પાપોનો પસ્તાવો કરો. પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરો તો તમને અનંતજીવન પ્રાપ્ત થશે.'

# વાણીનો વિજય

*- શ્રી રોબર્ટ આર. પલ્ટનવાલા*

એક હતો રાજા. રાજા એટલે રાજ્ય તો હોય. જ રાજ કરે એટલે નોકર-ચાકર પણ હોય રાજાને શિકાર કરવાનો ભારે શોખ. એક દિવસ નોકરને લઈને ઉપડ્યા શિકારે.

રાજા હોય તો તેનો પ્રધાન પણ હોય. પ્રધાન રાજાની સાથે જ હોય તેથી પ્રધાન ને લીધા સાથે. રાજાને ક્યાં ઉપાડવો હતો માથે.

જંગલના પ્રાણીઓએ સંપ કર્યો હોય તેમ એક પણ પ્રાણી રાજાને ન દેખાયું. આમ તેમ જોતાં જાય ને આગળ વધતા જાય. એક માઈલ, બે માઈલ, ત્રણ માઈલ. લાંબી મજલ પછી પણ પ્રાણી ન દેખાયા. પ્રાણી દેખાય તો શિકાર કરે ને !

થોડો આરામ લે અને ફરી ચાલે. બપોરે સૂર્યનો તાપ અસહ્ય હોય. એવા આકરા તાપમાં રાજા અને માણસો થાક્યાં, પૂરતો ખોરાક સાથે લીધો હતો. પરંતુ રસ્તામાં જ પાણીનો પુરવઠો પૂરો થયો. હવે તરસ લાગી પણ આ જગ્યાએ પાણીની તંગી પડી. આસપાસમાં ફર્યા, નદીનાળા દેખાયાં નહિ. રાજા બહુ તરસ્યો થયો. ગળુ સુકાવા લાગ્યું.

દૂર સુધી નજર કરી તો એક ઝુંપડી દેખાય. રાજાએ ત્યાંથી પાણી લાવવાનો હુકમ કર્યો. નોકર પહોંચ્યો ઝુંપડી પાસે અંદર જોયું તો એક વૃદ્ધ સાધુ બેઠો હતો પરંતુ તે આંધળો હતો. નોકરે કહ્યું. 'એ ય સાધુ, તારી પાસે પાણી હોય તો જલ્દીથી થોડું આપ.' સાધુએ કહ્યું, પાણી. 'પાણી હું કોઈ નીચ સ્વભાવવાળાને આપતો નથી. તું તારા રસ્તે જા.

નોકર આવ્યો રાજા પાસે.રાજાએ પૂછ્યું 'પાણી કેમ ના લાવ્યો ? નોકરે કહ્યું, તે ઝુંપડીમાં એક વૃદ્ધ આંધળો સાધુ રહે છે. પણ તેણે પાણી આપવાની ના પાડી.

પ્રધાને રાજાને કહ્યું, 'રાજા સાહેબ, એ તો શું પાણી લાવવાનો હતો ? તેથી રાજાએ પ્રધાનને મોકલ્યો. પ્રધાન ગયો સાધુની ઝુંપડીએ. કહ્યું ભાઈ આંધળા, અમે શિકારની શોધમાં ફરતાં ફરતાં થાકી ગયા છીએ. તરસ લાગી છે. ઊભો થા અને પાણી આપ, સાધુએ પાણી આપવા ના પાડી. પ્રધાને ગુસ્સામાં કહ્યું હું કોણ છું તે જાણે છે ? થોડીવારમાં તારી ખબર લઉં છું. એમ કહી ચાલ્યો ગયો.

રાજા પાસે આવી કહેવા લાગ્યો, રાજાજી, આંધળો સાધુ બહુ જીદ્દી લાગે છે, અભિમાની છે. કહો તો તેને શિક્ષા કરું. પરંતુ રાજાએ ના પાડી. રાજા પોતે ઝુંપડીએ ગયો. અંદર જોયું તો એક વૃદ્ધ અંધ સાધુ હતો. રાજાએ પૂછ્યું, મહાત્માજી, આપે કેવી રીતે આપની આંખો ગુમાવી? સાધુએ પોતાની કહાની કહી સંભળાવી. રાજાએ કહ્યું, 'આપની વાત સાંભળી હું ઘણો દિલગીર છું. સાધુએ પૂછ્યું, 'શું કામ છે. રાજા બોલ્યો, 'અમે શિકારની શોધમાં નીકળયાં બહુ થાક્યાં છીએ. શિકાર મળ્યો નથી અને તરસ બહુ લાગી છે. તો મહેરબાની કરી થોડું પાણી આપો તો આપનો આભાર.

સાધુ બોલ્યો, 'મારા અન્નદાતા, રાજાધિરાજ, થોભો, હું હમણાં પાણી આપું છું. અને

ધીમે ધીમે ચાલીને પાણી લઈ આવ્યો.

'મહાત્મા, આપ દેખી શકતા નથી છતાં આપે શી રીતે જાણ્યું કે, હું રાજા છું.' રાજાએ પ્રશ્ન કર્યો.

સાધુએ ઉત્તર આપ્યો. મહારાજ, પહેલા આવ્યો તે હતો આપનો નોકર. તેની વાણી ઘણી તોછડાઈભરી હતી. બીજો આવ્યો તે હતો પ્રધાન. નોકર કરતાં ઊંચી પદવીનો. તેથી તેની વાણી નોકર કરતા સાધારણ સારી, પણ અભિમાની. સત્તાનો ગર્વ હતો. આપની વાણીમાં છે આદરભાવ નમ્રતાં અને મીઠાશ-મધુરતા. એ તો આપ જેવા મહારાજા તરફથી જ સાંભળવા મળે. જેટલા ઊંચા દરજ્જાનો માનવી હોય, જેટલા ઊંચા કૂળનો હોય તેટલી તેની વાણી મધુર હોય, નમ્રતા હોય, બીજાઓ પ્રત્યે આદરભાવ હોય.

રાજાએ પાણી પીવાં કહ્યું, 'ધન્ય છે મહાત્મા આપને. આપ જેવા જ્ઞાની પુરુષ મારા રાજ્યમાં છે એ જાણી હું ખુશ છું. આપનો આભાર. રાજાએ સાધુના હાથમાં નાણાંની થેલી મુકી વિદાય લીધી.

પ્રિય બાળકો, તમારી વાણી અને વર્તન પેલા નોકર અને પ્રધાન જેવા ના રાખતા રાજા જેવા રાખો. તમારી મધુર વાણીથી અન્યના દિલ જીતો. પ્રેમ અને નમ્રતા જીવનમાં અપનાવો.

'જેઓ નમ્ર છે તેઓને ધન્ય છે, કેમ કે તેઓ પૃથ્વીનું વતન પામશે.' માત્થી ૫ : ૫.

## ઈસુના ભજન ગાવા દિન રાત

*- શ્રી રજની ગોહિલ 'ગરીબ'*

ઈસુજી....
ભજન તારાં, ગાવા,
મારે દિન-રાત...ટેક.
જીવ્હા કરી ગંદી,
ગાળોથી દિન-રાત...ઈસુજી
ભમતી મતી મારી,
કાદવમાં દિન-રાત... ઈસુજી
વિતતી જીંદગી સારી,
ચિંતામાં દિન-રાત... ઈસુજી
ઢોળી આશિષ તારી,
રખડું હું દિન-રાત... ઈસુજી
આવે તને મારી,
યાદ ખૂબ દિન-રાત...ઈસુજી
પાપથી શુધ્ધ કરે,
પાપીને દિન-રાત...ઈસુજી

# મિતુએ માણ્યા દરિયાના રૂપ

*- ક્લેરાબેન તીમોથીભાઈ ક્રિશ્ચિયન,*

નર્મદાના નિર્મળ નીર. જેવાં મીઠાં એવાં જ ગુણકારી. તેમાં રહે મિતુ માછલી. જાડી અને પહોળી તેની કાયા. ઉપર વળી લાલભૂરા રંગની છાંટ. મિતુ સુંદર દેખાતી હતી. સખીઓ સાથે વહેતા સ્વચ્છ જળમાં રમે, કૂદે અને નાના જીવજંતુઓ ખાય. તરવાની હરીફાઈમાં પહેલો નંબર તો મિતુનો જ હોય. સ્વભાવે જરા મિજાજી. એટલે બધા તેને મિજાજી મિતુ કહેતાં.

તેની એક સખી હતી રીતુ તેની ખાસ બહેનપણી જ્યાં મિતુ ત્યાં રિતુ સાથે ખાય, સાથે રમે, સાથે તરે અને થાકે ત્યારે સૂઈ જાય.

મિતુ તરતા તરતા રોજ એક ગીત ગાયા કરે.

'મને તરવું ગમે, મને રમવું ગમે, મને દૂર દૂર દરિયે જાવું ગમે.'

મિતુએ એકવાર દરિયાની વાતો સાંભળેલી. બસ ત્યારથી તેને દરિયો જોવાની ખૂબ ઈચ્છા. પણ કોઈ તેને લઈ ન જાય. એકવાર રિતુને કહ્યું, 'રિતુ આજે તો ગમે તે થાય પણ મારે દરિયો જોવો છે.' રિતુને પણ દરિયો જોવો હતો. કંઈપણ વિચાર્યા વિના બંનેએ દરિયા તરફ દોટ લગાવી.

પાણીના પ્રવાહ સાથે તેઓ તરતા જાય. ગાતા જાય અને કૂદતાં જાય સામે બીજાં માછલાં મળે તેને પુછી જુએ. 'ભાઈ, દરિયો કેટલો દૂર છે?' જવાબ મળે, 'હજી ઘણે દૂર છે.' સાંભળીને બમણા જોરથી દોટ લગાવે. એકવાર તો હોડી સાથે મિતુ ટકરાઈ ગઈ. માંડ માંડ બચી રિતુએ તેને સમજાવી. તેણે કહ્યું, 'મિતુ, ઉતાવળે આંબા ન પાકે ધીરજ રાખ તું કેટલી ઉતાવળી થઈ જાય છે! જરા શાંતિથી આગળ વધ.

બન્ને વાતો કરતાં કરતાં તરતા હતા. થાક તો ખૂબ જ લાગ્યો હતો. પણ દરિયો જોવાની તેની તીવ્ર ઘેલછા હતી કે ક્યાંય રોકાયા વિના બસ તરતા જ રહેવું. આમ કરતાં કરતાં દરિયો આવી ગયો. આહા! શું દરિયાના રૂપ છે? અ ધ ધ ધ! કેટલું બધું પાણી? શી આની વિશાળતા છે. બન્ને ઊંચી થઈ થઈને જુએ છે પણ ક્યાંય કિનારો નથી. બધે પાણી જ પાણી.

એકબાજુ કંઈક નવું જોતા જ મિતુ બોલી, 'અલી રિતુ, આ તરફ જો, કેવું સુંદર દૃશ્ય છે! આ શું હશે!' રિતુ કહે, 'દરિયાના પાણીના મોજાં ઊંચે સુધી ઉછળે છે. તેની ઉપર સૂરજદાદાના સોનેરી કિરણો પડે છે. તેનું વક્રીભવન થવાથી રંગરંગી જળધારા દેખાય છે. 'તને એ વાતની કઈ રીતે ખબર પડી? મિતુએ પૂછ્યું મિતુ ઠાવકાઈથી બોલી, 'એકવાર કોઈ સ્કૂલના છોકરાં નર્મદા કિનારે ફરવા આવ્યા હતાં. ત્યારે તેને શિક્ષક તેમને સમજાવતા હતાં અને હું છાનીમાની સાંભળી ગઈ.'

એટલામાં મિતુએ સ્ટીમર જોઈ. તેમાં બેસવા માટે તેનું મન લલચાયું. બન્ને છાનામાના સ્ટીમરમાં ઘૂસ્યા, પણ સ્ટીમર બે કલાક પછી ઉપડવાની હતી. બન્ને પાછા ઊતરી ગયા અને ઊંડા પાણીમાં ડૂબકીદાવ રમવા લાગ્યા. થાકેલી મિતુએ એક ટાપુનો કિનારો જોયો. ત્યાં ચૂપચાપ બેસી ગઈ અને ગાવા લાગી.

'દરિયા તારા નવલા રૂપને, ભરી ભરીને જોવા દે, દૂર દૂર પથરાયેલી એ પાણી ઉપર તરવા દે.

નભને અડવા મોજાં ઉછળે, આવીને અથડાય કિનારે, ખળખળ ગાતાં ગીતો જાણે, નાચે સૌના મન હરખાવે,

દરિયા તારા નવલા રૂપને ભરી ભરીને જોવા દે.'

આમ ગાતી હતી ત્યાં જ એક મોટું મોજું આવ્યું અને કિનારે અથડાયું. તે મુગ્ધ બનીને જોઈ રહી હતી ત્યાં પાછળથી રિતુ આવી. તે કહે, 'મિતુ, અહીં એટલી બેસીને શું કર્યા કરે છે ?' મિતુ બોલી, 'મિતુ, તું પણ અહીં બેસ. જો તો કેવી નીરવ શાંતિ છે ! અને શાંતિને ખળભળાવી મુકતાં પેલા મોજાનો અવાજ કેટલો મીઠો છે !' બન્ને સહીયરો સામેથી આવતાં ઊંચા ઊંચા મોજાંને કિનારા સાથે અથડાતાં, અથડાઈને તૂટી જતાં જોવામાં તલ્લીન બની ગઈ.

ઘણો સમય થઈ ગયો હતો. ઘેર પાછું ફરવા માટે તેમણે તરવાનું શરૂ કર્યું. ત્યાં અચાનક મિતુએ બૂમ પાડી, 'રિતુ, રિતુ, મને કંઈક થાય છે. મારા શરીર ઉપરથી ભીંગડા ઉખડી જતાં હોય તેવું લાગે છે. આખા શરીરે ખુબ ખંજવાળ આવે છે.

મિતુને બૂમ પાડતી જોઈને ઘણી માછલી ત્યાં દોડી આવી. એક વૃદ્ધ માછલીએ કહ્યું, 'બેટા મિતુ, તારે અહીંયા સુધી આવવું જોઈતું ન હતું. તું રહી નિર્મળ જાતની કોમળ માછલી. અહીંનું પાણી તને માફક ન આવે. લાવ આ મૂળિયું તને લગાવી દઉં, થોડી રાહત થશે.'

રિતુ કહે, 'અંકલ, આ પાણી આવું કેમ છે ? માછલીએ કહ્યું, 'આ બધું અટકચાળું પેલા કાળા માથાના માનવીઓ કર્યા કરે છે. ઉદ્યોગો અને ફેક્ટરીઓનો જલદ કચરો તેઓ બેફામ રીતે દરિયામાં ઠાલવે છે.' તેની પત્ની કહે 'અને પેલા તેલવાહક જહાજો સાફ થવા આવે છે ત્યારે ટનબંધ ક્રુડઓઈલ પાણીમાં ઠાલવી જાય છે.' એક નાનકડું માછલું બોલ્યું, 'અરે ! એમની ગટરોનાં ગંદા પાણીની ગંધથી તો તોબા !'

મિતુ કહે, 'એનો અર્થ એ થયો કે દરિયો જેટલો સુંદર દેખાય છે. તેટલો જ ગંદો છે નહિ ?' વૃદ્ધ માછલાએ કહ્યું. 'ગંદો બનાવી દીધો છે એમ કહે.' તેની પત્ની બોલી, 'માટે તો અમે પણ નદીઓ તરફ આવવા માગીએ છીએ.'

મિતુ બોલી, 'અરેરે, મને તો ગભરામણ થવા લાગી છે. કંઈ કરો નહીં તો હું મરી જઈશ.'

વૃદ્ધ પત્ની બોલી, 'બેટા, ગભરાઈશ નહીં. મુશીબતમાં ગભરાઈ જઈએ તો કોઈ જ રસ્તો ન સૂઝે લે. આ પાન ચાવી ખા. અને જેમ બને તેમ જલ્દી તારા ઘેર પહોંચી જા. કેમ કે આ પાણી જોખમકારક છે.'

થોડીવાર પછી બન્ને નર્મદાના નીર તરફ તરવા લાગ્યા.

રિતુ કહે 'કેમ ! માણી લીધાં ને દરિયાના રૂપ !'

મિતુ કહે, 'બહેન ! આ માનવીઓ પોતાની જાતને બહુ બુદ્ધિશાળી માને છે તો તેમને સમજાતું નહી હોય કે આ રીતે દરિયાના પાણીમાં ગંદકી નાખવાતી પાણીમાં વસતા સજીવોની શી હાલત થતી હશે ?'

રિતુ કહે, 'જ્યારે આ પાણીની અસર તેમને થવા લાગશે ત્યારે સમજશે. અત્યારે તો તું તરવામાં ધ્યાન રાખ. મમ્મી આપણને શોધતી હશે,'

# વિજય સરઘસ

*- શ્રીમતી ઈન્દુમતીબહેન વી. હેરી*

એક હતો મોચી. તેનું નામ નાથુ હતું. તે ઘણો જ મહેનતુ હતો. તેની પત્નીનું નામ મંજુ હતું. તેને એક દીકરો હતો. તેનું નામ રાજુ. રસ્તાની એક તરફ નાનાં પણ ઘાટી છાયાવાળા એક પીપળાના ઝાડ નીચે તે બેસતો, અને જૂનાં બૂટ-ચંપલ વગેરે સાંધવાનું કામ તે કરતો હતો.

નાથુ સવારે વહેલો આવે, પીપળાનાં ઝાડની આજુબાજુની જગ્યા સાફ કરે પછી જુનો કોથળો પાથરે અને પોતાના સીવવાનાં ઓજારો ઘસીને ધારવાળા બનાવે. જુનાં ચંપલો, ચામડાં, ખીલી અને પોલીશની ડબ્બીઓ બધુ વ્યવસ્થિત ગોઠવે, અને પોતાનું કામ શરૂ કરે. આખા દિવસમાં તેની પાસેથી ઘણાં માણસો પસાર થઈ જતાં પરંતુ નાથુનું ધ્યાન પોતાના કામમાં જ રહેતું. તે પોતાનું કામ મન લગાડીને કરતો, હા રસ્તા પરથી પસાર થતાં માણસોનાં પગ પર તેની નજર જરૂર પડતી. કોઈ ઘરાક આવે તો તરત જ તે બીજું કામ મૂકી તેનું બૂટ કે ચંપલ સાંધી આપતો. બપોરે તેની પત્ની તથા તેનો દીકરો ભાતું લઈને આવતાં અને ત્રણે જણ સાથે બેસી ખાઈ લેતાં. ખાવામાં રોટલા, ડુંગળી, મરચાં અને ગોળ હોય, પરંતુ તેને મિષ્ટાન સમજી આનંદથી ખાતાં, સાંજે નાથુ બજારમાંથી થોડી ઘણી ખરીદી કરી ઘેર પહોંચી જતો. આ રીતે તેમનો સંસાર આનંદથી ચાલતો.

એક વખત સવારે નાથુ આવ્યો. પોતાના કોથળામાંથી સામાન કાઢી ગોઠવતો હતો ત્યાં તેણે જોયું તો ગોઠણ સુધી ચામડાંનાં બૂટ પહેરી હાથમાં સોટી લઈ એક ફોજદાર સાહેબ ફરી રહ્યાં હતાં. ફરતાં ફરતાં તે નાથુની પાસે આવ્યાં અને રામુના નામની બુમ પાડી. રામુ તે આ રસ્તા પર સફાઈની દેખરેખ રાખનાર હતો. બે દિવસ પહેલાં જ નાથુએ રામુનાં બૂટને મફતમાં થીંગડી મારી હતી. ફોજદારે રામુને ધમકાવતા કહ્યું, રામુ આ કોણ છે ? આ રસ્તા પર ચામડાના ઢગલા શાના છે ? રામુએ નાથુનો બચાવ કરતાં કહ્યું. સાહેબ આ મોચી છે. આ તેની દુકાન છે. ઘણા વખતથી છે. રસ્તા પર ખુલ્લી દુકાન છે શું ? ઉપાડી લેવાય આ બાજુથી આ રસ્તા પરથી રાજાજીની સવારી નીકળવાની છે હવેથી અહીં બેસવાનું નથી. બીજે ચાલ્યાં જાવ. ફોજદારે રામુ અને નાથુને ધમકાવ્યાં.

અત્યંત દુઃખી થઈ નાથુએ પોતાના કોથળામાં સામાન ભર્યો, માટલું ખાલી કર્યું અને પીપળાનાં ઝાડ સામે જોઈ ચાલવા લાગ્યો. બીજા ઝાડુવાળા લોકો ફોજદાર સાહેબને જોઈ ધ્યાન રાખી વાળવા માંડ્યાં. રસ્તો ચોખ્ખો અને સુંદર બની ગયો. આ રસ્તા પરથી ત્યાંના રાજાએ બીજા રાજાને હરાવી મોટી જીત મેળવી હતી. તેનું વિજય સરઘસ નીકળવાનું હતું.

બીજે દિવસે રાજાનું વિજય સરઘસ નીકળ્યું. સૌથી આગળ વાજાવાળાં હતાં પછી પગે ચાલતાં સિપાઈઓ હતાં. તેમની આગળ પાછળ ઘોડે સવારો હતાં, વચમાં રાજાજીનો

રથ હતો. લોકો જોરશોરથી પોતાના હાથ ઉંચા કરી 'રાજા મહારાજા જય' એમ બોલતાં હતાં અને ફૂલહારથી રાજાનું સ્વાગત કરતાં હતાં. રાજાજી પણ પોતાનાં હાથ ઉંચા કરી લોકોની સલામી ઝીલતાં હતાં એમ કરતાં રાજાનું સઘરસ ત્યાંથી પસાર થઈ ગયું.

બીજે દિવસે નાથુ ત્યાં બેસવા ગયો પરંતુ ફોજદારનો હુકમ હોવાથી નાથુને ત્યાં કોઈએ બેસવા ન દીધો. હવે નાથુની રોજગારી ગઈ. તેનાં ઘરની આસપાસમાં એવી કોઈ જગ્યા ન હતી કે નાથુ બે પૈસા કમાઈ શકે. છેવટે નાથુને પૈસાની તંગી પડવા લાગી ઘરમાંથી પૈસા ખૂટવા લાગ્યાં છેલ્લુ વાસણ પણ વેચાઈ ગયું. નાથુ અને તેની પત્ની મંજુને નાના દીકરા રાજુની ચિંતા થવા લાગી હવે આ છોકરાને શું ખવડાવશું.

છેવટે નાથુને પોતાનો નાનો પણ સ્વતંત્ર ધંધો મૂકી દેવો પડ્યો. કામની ઘણી શોધ પછી મુશ્કેલીથી તેને એક બંગલામાં નોકરનું કામ મળ્યું વાસણ, કપડાં, બંગલાની સફાઈ, આવું કામ તેને ફાવતું પણ નહિ. આ કામમાં તેને ઘણીવાર શેઠ શેઠાણીનો ઠપકો પણ સાંભળવો પડતો આ કામ તેને ગુલામી જેવું લાગતું પરંતુ પોતાના પરિવારને માટે તેને તે કરવું પડતું. ઘણીવાર રસ્તે જતાં આવતાં તે પોતાની જુની જગ્યાએ પીપળાના ઝાડ નીચે ઉભો રહેતો. હવે તો પીપળાના ઝાડ પાસે બત્તીનો થાંભલો નંખાઈ ગયો હતો તેને તેના સુખી અને સ્વતંત્ર દિવસો યાદ આવતા. પરંતુ હશે ! પ્રભુની ઈચ્છા એમ સમજી તે પોતાનું મન મનાવતો અને ચાલ્યો જતો.

બાળકો આ રાજાએ બીજા રાજાને હરાવી મોટી જીત મેળવી તેના માનમાં તેનું વિજય સરઘસ નીકળ્યું ત્યારે રાજા રથમાં બેઠાં હતાં અને આ વિજય સરઘસે નાથુ જેવા ઘણાંને બેરોજગાર બનાવ્યાં હશે પરંતુ આજથી બે હજાર વર્ષ ઉપર રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુનું વિજય સરઘસ નીકળ્યું હતું ત્યારે પ્રભુ શાની ઉપર બેઠાં હતાં ? અને ક્યા જતા હતાં ? વાંચો 'યરુશાલેમમાં વિજયવંત પ્રવેશ' ચારે સુવાર્તામાં આ સરઘસની વાત છે આપણાં પ્રભુની યાદમાં ખજૂરીનાં દિવસે આ સરઘસ નીકળે છે નાનાં બાળકો ખજુરીની ડાળી લઈ 'હોસાના પરમ ઉંચામાં પ્રભુને હોસાના' એવા પોકારો કરે છે તમે આ સરઘસમાં ભાગ લો છો ? યાદ રાખો કે આપણાં પ્રભુએ તો પાપ અને મૃત્યુ ઉપર વિજય મેળવ્યો છે અને આપણને પાપમાંથી મુક્ત કર્યા છે. આપણે તેની સ્તુતિ કરવી જોઈએ.

# મુક્તિ દિન

- શ્રી નરોત્તમ એમ. તૃષિત

એક હતું વન. નામ હતું સુંદરવન. સુંદરવનમાં ઘણાં પશુપંખી રહે. વાંદરા અને સિંહ, હરણ અને સાબર રહે. પોપટ અને મેના, મોર અને ઢેલ, શિયાળ અને કાગડો રહે.

આ સર્વ પશુ પક્ષીઓમાં 'મિતુ' અને 'વિઠ્ઠુ' નામે બે પોપટ પણ રહે. શરૂઆતમાં તો આ બંને મિત્રો હતાં પરંતુ લાંબી મિત્રતાના અંતે બંને વચ્ચે ઘણી રકઝકના પરિણામે મનદુ:ખના પ્રતાપે મિત્રતા તૂટી ગેરસમજ વધવાથી બંને મિત્રો છુટા પડ્યા.

આ બંને પોપટોમાં વિઠુ જરા ચાલાક અને જીદ્દી હતો પોતાની દરેક વાત મિતુ પાસે સાચી ઠરાવે ત્યારે જ જંપે. અને આખરે બે લડી પડે. ઘણા દિવસોની મિત્રતા આમ અચાનક તૂટી.

એક દિવસે આ સુંદરવનમાં એક શિકારી શિકાર કરવા આવ્યો આમ તો શિકારી બાજુના શહેરમાંથી આવતો જ હતો અને પશુપંખી પકડીને લઈ જતો અને એ પશુપંખી વેચીને પોતાના નિર્વાહ ચલાવતો હતો આજે આ 'શિકારીના દાવમાં 'વિઠુ' પોપટ પકડાઈ જવાથી શિકારીના હાથમાં આવી ગયો. શિકાર 'વિઠુ' ને ઘેર લઈ ગયો. અને પછી તેને એક ગૃહસ્થને ઘેર વેચી દીધો.

ગૃહસ્થને ચાર દીકરીઓ અને એક દીકરો હતો દીકરાને લાડમાં સહુ 'ભયલુ' કહેતાં ગૃહસ્થે 'ભયલુ' માટે જ ખાસ કરીને આ પોપટ ખરીદ્યો હતો તેઓ એક સુંદર પિંજરૂ લાવ્યા અને તેમાં પોપટને પૂર્યો.

પોપટને જોઈ ભયલુ અને તેની ચાર બહેનો તો રાજીના રેડ થઈ ગઈ. ભયલુ તો આખો દિવસ પોપટને જ વિંટળાયેલો રહે. ભયલુ માટે જે ખાવાનું લાવે તે પોપટને પણ મળે. ભયલુ પાણી પીવે ત્યારે પોપટને પણ પિવડાવે. જયારે રાત્રે ભયલું ને નિંદ્રા આવે ત્યારે જ પોપટથી છુટો પડે આમ 'વિઠુ' અને ભયલુની દોસ્તી થવા લાગી. 'વિઠુ'ની કાલી કાલી બોલી ભયલુને ગમે અને ભયલુની લાડકી ભાષા 'વિઠુ'ને ગમે.

આ બાજુ 'વિઠુ'નાં પોપટમિત્ર 'મિતુ'ને પણ હવે 'વિઠુ'ની યાદ આવવા લાગી. તેને કેટલાય દિવસથી 'વિઠુ' જોવા મળ્યો નહિ. તેણે ઘણા બધા પશુપંખીઓને 'વિઠુ' વિષે પૂછી જોયું પણ 'વિઠુ'ની ભાળ મળી નહી આખરે એક શિયાળે પેલા શિકારી વિષે વાત કરી, અને કહ્યું કે કદાચ વિઠુ બાજુના શહેરમાં શિકારી દ્વારા પહોંચી ગયો હશે.

બીજા દિવસે સાંજના શાંત સમયે મિતું શહેરની સફરે ઉપડ્યો. શહેરના છૂટાછવાયા વૃક્ષોપર તે વિઠુ ને શોધવા લાગ્યો આખરે થાકીને, હારીને તે એક મકાનના આંગણે આસોપાલવના વૃક્ષ પર બેઠો. તેવામાં તેને કાને વિઠુનો અવાજ સંભળાયો. મિતુએ જોયું તો

આ જ બંગલામાં વિઠુ રહેતો હતો. મિતુએ પણ સામે અવાજ કરી વિઠુને બોલાવ્યો.

આમ તો વિઠુ પણ પંજરામાં પૂરાઈ રહેવાથી હવે કંટાળી ગયો હતો. છૂટવાના વ્યર્થ પ્રયત્નો કરતો હતો. ભયલુ અને તેની ચાર બહેનોની ચકોર નજરમાંથી છૂટવા આકાશના તારા એકઠા કરવા જેવું હતું. પાંજરાના મજબૂત લોખંડી સળિયામાં ચાંચો મારી મારીને ચાંચ પણ થાકી ગઈ હતી. આવા કપરા સંજોગોમાં તેને મિતુનો અવાજ સંભળાયો કાંઈક આશાનું કિરણ દેખાયું.

પરંતુ 'મિતુ' તો પોતાનો દુશ્મન હતો. કદાચ પોતાની આવી ગુલામી દશા નિહાળી રાજી થવા આવ્યો હશે. કદાચ મને મારા અભિમાનનો બદલો મળ્યો તેવું સંભળાવવા આવ્યો હશે એવી શંકા-કુશંકા, તર્કવિતર્કો કરતો વિઠુ મિતુ તરફ એકીટશે તાકી રહ્યો.

'કેમ દોસ્ત, મિતુ મારી દયા ખાવા આવ્યો કે શું ? કે પછી મારી દશા નિહાળવા આવ્યો છે ? વિઠુએ જણાવ્યું.

ના, વિઠુ એવું નથી હું તો તને કેટલાય દિવસથી શોધતો રહ્યો છું. તને મુક્ત કરવા આવ્યો છું મિતુએ જણાવ્યું.

મિતુ, હું જ્યાં છું ત્યાં ખુબ સુખી છું. અહીં મનભાવતા ભોજન મળે છે, એરકંડીશન્ડ બંગલાની મોજ મળે છે ભયલુનો પ્રેમ મળે છે. મારે, બહાર આવવું નથી નું તારે જા'

વિઠુ, આ બધું તું શું સાચા હૃદયથી કહે છે ? શું તું મુક્ત થવા નથી માગતો ? શું મારે બદલે અન્ય કોઈ તને છોડાવવા આવે તો શું તું મુક્ત ન થા ? મિતુ પોતાની દલીલ સમજાવી રહ્યો હતો.

'અરે મારા મિત્ર, મારા મનમાં એમ કે તું હજુય વેર લેવા માગતો હોઈશ. મારી આ ગુલામીની દશાથી તને આનંદ થયો હશે. શું સાચે જ તું મને મુક્ત કરીશ ?' વિઠુ ગળગળો થઈ ગયો.

'મારા મિત્ર, આપણે તો એક જ ડાળના પંખી છીએ કદીક લડીએ - વડીએ જુદા પડીએ પરંતુ સાંજ પડે તો એકના એક. જો આપણે વર્ષો સુધી જુદાઈ રાખીએ વેરભાવના રાખીએ તો આપણામાં ને મનુષ્યમાં શું ફેર ? માટે જ કહું છું હું કદી પણ હવે તારી સાથે લડીશ નહિ ' મિતુ પણ રડમસ અવાજે કહેવા લાગ્યો.

અને મિતુએ પોતાની મજબૂત ચાંચ વડે એ પિંજરું ઉઘાડી નાખ્યું અને બંને મિત્રો ખુલ્લા ગગનમાં મુક્ત મને વિહરવા લાગ્યાં.

આજે સુંદરવનમાં આનંદનો દિવસ હતો કારણ કે આજે 'વિઠુ' નો મુક્તિ દિન હતો. એક કોયલ સુમધુર કંઠે ગાઈ રહી હતી -

'મુક્તિ દિલાયે ઈસુ નામ. શાંતિ દિલાયે ઈસુ નામ' •

# આપણી આસપાસ

*શ્રી જોનભાઈ કે. ક્રિશ્ચિયન*

એક વહાણમાં પાણી ભરાઈ જવાથી ડૂબવાની તૈયારીમાં હતું. વહાણ ચાલાકે સમય સુચકતા વાપરી વહાણની અંદર એક નાની હોડી હતી. તેમાં બધા માણસોને બેસાડી દીધા. વહાણ ડૂબી ગયું. પણ નાની હોડીમાં બેઠેલા સર્વ માણસો બચી ગયા.

હોડી ચાલકે એક જ દિશામાં હોડી ચલાવ્યે રાખી. ઘણા દિવસો થયા પણ કોઈ જમીન દેખાઈ નહિ હવે તેમની નાની હોડીમાં જે ખોરાક અને પીવાનું મીઠું પાણી હતું તે પણ ખલાસ થઈ ગયાં હતાં. ભુખે અને તરસે તેઓ યાતના ભોગવતાં હતાં. હવે તેમને ભૂખ અને તરસથી બચવાની આશા છોડી દીધી હતી લોકો પાણી વગર ટળવળતાં હતાં સખત તરસ લાગી હતી. પણ દરિયાનું ખારૂં પાણી કેવી રીતે પીવાય!

તેવામાં તેમના જીવનમાં એક આશાનું કિરણ દેખાયું. દૂરથી એક વહાણ તેમના તરફ આવી રહ્યું હતું વહાણ તેમની પાસેથી પસાર થયું. એટલે બધાંજ એકી અવાજે બોલી ઊઠ્યાં અમે પાણી વગર વરસે મરી રહ્યાં છીએ અમને થોડું થોડું પાણીનું પાણી આપો. પરંતુ વહાણ તેમની પાસે થઈને પસાર થઈ ગયું. વહાણમાંથી જવાબ મળ્યો. તમારી આસપાસ પુષ્કળ પાણી છે તે પીવો લોકો સમજ્યાં, વહાણ વાળા અમારી મશ્કરી કરે છે તેવામાં બીજુ વહાણ તેમની પાસેથી પસાર થયું તેમની પાસે પણ પાણીની માગણી કરી પરંતુ તે વહાણમાંથી પણ એવોજ જવાબ મળ્યો. કે, તમારા આજુબાજુ પુષ્કળ પાણી છે તેમાંથી પીવો.

આવો જવાબ સાંભળી હોડી વાળા નિરાશ થઈ ગયા હવે તરસે મરી જવા સિવાય બીજો કોઈ આધાર ન હતો. પરંતુ ત્યાં જ હોડીમાં ના એક વડીલ ને વિચાર આવ્યો કે વહાણ વાળા કહે છે તમારી આસપાસ પુષ્કળ પાણી છે પીવો તો જરૂર આપણે તેમની વાતનો વિચાર કરી આજુ બાજુનું પાણી પીવાનો પ્રયત્ન કરીએ અને તેઓ હોડીમાં બહાર હાથ કાઢી દરિયાનું પાણી પીવા કોશિષ કરી પણ આ શું ? આ પાણીતો ખારૂં નથી પણ પીવા લાયક નદીનું મીઠું પાણી છે ? અને તેઓ બધાં પાણી પીવા લાગ્યાં અને તેઓની તરસ બુઝાઈ અને પ્રભુનો ઉપકાર માન્યો અને દુર નજર કરતાં જમીન દેખવા લાગી પણ આ ખારૂં પાણી મીઠું કેવી રીતે બન્યું ? ખરેખર તે પાણી મીઠું પાણી છે. આ નદીનું મુળ એટલુ બધુ પહોળું છે. પેલા લોકો તેને દરિયામાં જ છીએ તેમ માનતાં હતા. પરંતુ તેઓ નદીમાં જ આવી ગયાં હતાં. તો તેઓ એમેઝોન નદીમાં જ સફર કરતાં હતાં. દરમિયાન તેમની આજુબાજુ મીઠું પાણી હતું વહાણવાળાઓએ સાચી સલાહ આપી હતી. પણ તેઓ સમજ્યા ન હતા.

ખરેખર, આપણી આસપાસ પ્રભુનો પ્રેમ છે તે પ્રભુનો સ્વીકાર કરીએ તો કોઈ પણ સારાં વાનાંની અછત પડશે નહિ. આપણી પાસે પ્રભુએ આપેલો જ્ઞાનનો ભંડાર બાઈબલ છે. તે આપણે ખોલીને વાંચીએ તો પ્રભુએ આપણા માટે કેટલું દુઃખ વેઠી આપણાં ઉપરના પ્રેમને કારણે આપણો ઉદ્ધાર કર્યો તેની સાચી પ્રતિતિ જરૂર થશે.

# કબુતરોનો ઘરડો નાયક

*શ્રી મનુભાઈ કામદાર*

નાતાલ એટલે આનંદનો તહેવાર, નાતાલ એટલે પ્રકાશનો તહેવાર,
નાતાલ એટલે ત્યાગનો તહેવાર, નાતાલ એટલે સમર્પણનો તહેવાર,

ઈશ્વર પિતાએ માનવજાત ઉપર ખુબ પ્રેમ કર્યો, તેમણે પોતાનો એકાકિજનિત દીકરો આપી દીધો, આપણને પાપમાંથી બચાવવા. દોસ્તો ! પ્રભુ ઈસુના જન્મની વાત તો તમે જાણો છો. આજે તમને નવી વાત કહેવી છે.

વનવગડામાં એક કૂવો હતો. કૂવો આવાવરું હતો. કૂવામાં થોડું પાણી હતું. કૂવાના મથાળે ઘણાં પીપળાના ઝાડ ઊગી નીકળ્યાં હતાં. કૂવાની અંદરની દીવાલોમાં ચાર પાંચ ગોખલા હતા. આ ગોખલામાં કબૂતરોએ માળા કર્યા હતાં. ત્યાં કબૂતરોનું એક ટોળું રહેતું હતું. કબૂતરોના ટોળાનો એક નાયક હતો. જે ઘરડો હતો. ભલો ભોળો, માયાળું હતો. તે બધાં કબૂતરોનું ધ્યાન રાખતો હતો.

પ્રભાત થતાં કબૂતરો જાગી જાય. ઘૂ... ઘૂ... ઘૂ... કરવા લાગે. ઈશ્વરપિતાનું ભજન કરતાં ગીતો ગાવા લાગે. પાંખો ફફડાવી મધુરા કંઠે ગીતો ગાય. નાચીકૂદી ઈશ્વરનો મહિમા કરે, આનંદ કરે. બરાબર સૂર્યનું અજવાળું થાય, તેટલે કબૂતરો માળામાંથી ઊડી જાય. તેમનાં ઈંડા, બચ્ચાં માળામાં જ રહે. દૂર દૂર વનવગડે ઊડી જાય. આખો દિવસ વનવગડામાં ઊડ્યા કરે, ફર્યા કરે, ચણ ચણ્યા કરે. કબૂતરો ચણવા જાય ત્યારે ઘરડો નાયક કૂવાનાં પોતાના માળામાં રહે. કૂબતરોનો નાયક કબૂતરોના ઈંડા, બચ્ચાં સાચવે. નાનકડાં બચ્ચાંની સાર સંભાળ રાખે.

સૂરજ આથમવા આવે તેટલે વનવગડાના પંખીઓ પોતપોતાના માળા તરફ પાછા ફરે. કબૂતરો પણ કૂવાએ પાછા ફરે. સાથે લાવેલું ચણ બચ્ચાંને ખવડાવે. ઘરડા નાયકને પણ ખાવા આપે. સાંજ ઢળતાં કબૂતરો ઈશ્વરપિતાનો આભાર માનતા વળી પાછા ગીતો ગાય. પ્રભુની આરાધના કરે. ભક્તિ કરે. પ્રાર્થના કરે.

ઘરડો નાયક કબૂતરોને કહે. 'સવારની પ્રાર્થના પ્રભુપિતાની કૃપાના દ્વાર ખોલનારી છે. સાંજની પ્રાર્થના પ્રભુના બાળકોને રક્ષણ આપનારી છે. ગઢ સમાન છે. કિલ્લા સમાન છે. ઘરડો નાયક કબૂતરોના બચ્ચાંને બાઈબલની સારી રીતે વાતો કરે. પ્રભુનું જ્ઞાન આપે.'

આમ કબૂતરો આનંદથી દિવસો પસાર કરે છે. મિત્રો ! જીવાતા જીવનમાં બધા દિવસો સરખા હોતા નથી. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ આવે છે. તડકી છાંયડી તો આવ્યા કરે છે.

એક દિવસની વાત છે. ઢળતા બપોરનો સમય હતો. કૂવા ઉપર આવેલા પીપળાના

ઝાડની કેટલીક ડાળો છેક કૂવામાં ઝોલા ખાતી હતી. કેટલીક ડાળોતો કૂવાની દીવાલને અડકતી હતી. કબૂતરોના માળા સુધી પહોંચતી હતી. બપોરના તડકામાં, માળામાં કબૂતરોના બચ્ચાં ઊંઘતાં હતાં એક બીજાને અઢેલી, ચાંચમાં ચાંચ નાખી ઊંઘતાં હતાં. એકલો ઘરડો નાયક જ જાગતો હતો. કૂવાની દીવાલને અડકીને આવેલી ડાળ ઉપર એક લીલોછમ ઝાડનો (વનસ્પતિનો) સાપ ડાળીને ગોળ ગોળ ફરતો. વીંટળાતો, લપાતો છૂપાતો દીવાલ તરફ આગળ વધતો હતો. કબૂતરોના કૂમળાં બચ્ચાં, ઈંડા જોઈ તેના મોંમાં પાણી આવતું હતું તેની કાતીલ જીભ બબકારા મારતી હતી. સાપ આગળ વધે જતો હતો. ઘરડા કબૂતરની નજર કાતીલ સાપ ઉપર પડી. તે ચોંકી ગયું. લીલો છમ, ઝેરીલો સાપ હમણાં ઈંડા, બચ્ચાંને કોળિયો કરી જશે. બચ્ચાંતો બિચારા ઊંઘતાં હતાં તેમને કંઈ ચિંતા ન હતી. સાચવનારા ઘરડાદાદા તો ઘરે છે ને !

ઘરડા કબૂતરને ઘડીભરતો સાપની બીક લાગી. ચિંતા થવા લાગી. સાપનો સામનો શી રીતે કરવો ? તે તો ઘરડો હતો સાપ બહુ ઝેરીલો, કાતીલ હતો.

દુઃખ આવે, મુશ્કેલી આવે ત્યારે ઈશ્વરપિતાની પ્રાર્થના કરવી સહાય, માંગવી. ઘરડા કબૂતરે પ્રભુની પ્રાર્થના કરી. સહાય માગી. પોતાની જાતને ઈશ્વરના હાથમાં સોંપી. ઈશ્વરના સામર્થ્યવાન હાથ-શક્તિશાળી હાથ તેના ભક્તોનું રક્ષણ કરે છે. ઘરડા કબૂતરે બાઈબલમાંથી આ બધું વાંચ્યું હતું. ઈશ્વરે ઘરડા કબૂતરની પ્રાર્થના સાંભળી. તેના અંશક્ત શરીરમાં એક પ્રકારની ઝણઝણાટી આવી તેનામાં ગજબની શક્તિનો સંચાર થયો. તે ઝડપથી ઊડ્યું બરાબર સાપની ફેણ ઉપર જોરથી ચાંચ મારી. એકાએક થયેલા હૂમલાથી સાપ સાવધાન થાય તે પહેલાં તો કબૂતરે વારંવાર ચાંચો મારવા માંડી હવે સાપે દુશ્મનનો સામનો કરવા પેંતરો રચ્યો. પોતાની પૂંછડીવાળો ભાગ ઝાડની ડાળી સાથે બરાબર વીંટાળી દીધો. ફેણ ઊંચી કરી ફૂંફાડા મારવા લાગ્યો. હવે ઘરડા કબૂતરે પાછળના ભાગમાં આવી ચાંચો મારી સાપને ઘાયલ કરવા માંડ્યો. ઘરડા કબૂતર અને સાપ વચ્ચે બરાબર તૂમુલ યુદ્ધ જામ્યુ ઘરડા કબૂતરની પાંખોના ફફડાટ અને સાપના ફૂંફાડાથી માળામાં રહેલાં બચ્ચા જાગી ગયાં. આ લડાઈ જોઈ ચોંકી ગયાં બિચારા ગભરાઈ ગયાં, બીકના માર્યા થરથર ધ્રુજવા લાગ્યાં. કાંપવા લાગ્યાં, ફફડવા લાગ્યાં.

પાંચ-સાત મિનિટ લડાઈ ચાલી. કોઈ કોઈને મચક આપે નહિ. છેવટે સાપે પેંતરો રચ્યોં. તેની પૂંછડીનો જે ભાગ ઝાડની ડાળીએ વીંટળાયેલો હતો તેનો અડધો ભાગ છૂટ્ટો કર્યો. જેવું કબૂતર ચાંચ મારવા આવ્યું કે પાછલો ભાગ કબૂતરના પગ સાથે વીંટાળી દીધો. હવે ઘરડું કબૂતર સાપના ભરડામાં ફસાઈ ગયું હતુ સાપે તેની લોહી લુહાણ કરેલી ફેણ ઊંચી કરી. કબૂતરની ડોક ઉપર જોર કરી દંશ દીધો. કબૂતર હવે લાચાર હતું. તે બેભાન થવા લાગ્યું. તરફડિયાં મારવા લાગ્યું. શરીરમાં ઝેર ફેલાવા લાગ્યું.

ઘરડા કબૂતરને પોતાનો અંત નજીકમાં લાગ્યો. મૃત્યુ નજીક જોઈ તેણે ઈશ્વરને કાલાવાલા કરી પ્રાર્થના કરી. "પ્રભુ અમારાં બચ્ચાંને બચાવો." તેની પાંખોનો ફફડાટ ધીમો પડ્યો. તેનું નિર્ગત થયેલું શરીર નીચે પડું પડું થતું હતું. ત્યાં કબૂતરે ઊંચે આકાશમાં કૂવા ઉપર ચકરાવો લેતી એક સમડીને જોઈ. ઘરડા કબૂતરની આંખ મીંચાય તે પહેલાં તો સમડીએ ઝપટ મારી સાપને બરાબર વચ્ચેથી પગના ન્હોરથી ઊંચકી લીધો. ત્યાં જ કબૂતરનો નિર્જીવ દેહ કૂવાના પાણીમાં પડ્યો. સમડી સાપને લઈ ઊંચે આકાશમાં ઊડી ગઈ. મરતાં પહેલાં ઘરડા કબૂતરે આકાશ તરફ જોઈ ઈશ્વર પિતાનો આભાર માન્યો.

મરેલું ઘરડું કબૂતર અવાવરુ કૂવાના પાણીમાં પડ્યું હતું. તેની પાંખો ફેલાયેલી હતી. ડોક મરડાઈ ગઈ હતી. જાણે પોતાના બચ્ચાં, ઈંડાને બચાવવાનો તેને સંતોષ હતો.

સાંજ પડે વનવગડે ગયેલાં કબૂતરો કૂવાએ પાછા ફર્યા. બચ્ચાં પોતાના માબાપના કોટે વળગી પડ્યાં. ઘરડાં કબૂતર અને સાપની લડાઈની વાત કરી. બધાં કબૂતરોએ ઘરડા કબૂતરે આપેલા બલિદાનની પ્રસંશા કરી. ઘરડા કબૂતરના જીવન માટે આપેલા બલિદાન માટે ઈશ્વરપિતાનો આભાર માનતા પ્રાર્થના કરી સ્તુતિ કરી.

ઘરડા કબૂતરે બચ્ચાંને માટે પોતાનો જીવ આપ્યો.

મિત્રો ! આપણા આદિ માત-પિતા આદમ અને હવાએ પાપ કર્યું. ઈશ્વરની આજ્ઞાનો ભંગ કરી ઈશ્વરની સંગતને તરછોડી. પાપની શિક્ષારૂપ માનવ જીવનમાં મરણ પ્રવેશ્યું.

માણસજાતને પાપમાંથી છોડાવવા, અનંતકાલીન જીવન આપવા પરમપિતાએ યોજના ઘડી. પોતાનો એકાકિજનિત દીકરો માનવદેહમાં પૃથ્વી મધ્યે દેહપુત્ર પ્રભુ ઈસુનો જન્મ થયો.

ભવિષ્યવાણી મુજબ બેથલેહેમની ગભાણમાં માતા મરિયમના ઉદરે જન્મેલા એ દીકરાનું નામ ઈમાનુએલ પાડવામાં આવ્યું જેનો અર્થ થાય છે. તારનાર.

ઈસુ તે જ ઈમાનુએલ.

# આનંદી નાતાલ

- કુ. સવિતા એસ. પરમાર

વહાલા બાલવીરો નાતાલ આવી રહી છે. તમને બધાંને સુંદર ભેટો મળશે. સુંદર રમકડાં, કપડાં, મિઠાઈઓ, કેક વગેરે ખરૂંને ? તમારા જેવાં નાના ભુલકાંઓને તમારા જેવી ભેટો નથી મળતી તેમને માટે તમે કદી વિચારો છો ખરાં ? ના વિચાર્યું હોય તો આ નાતાલે જરૂર તમે બીજાં બાળકોને તમારા જેવી ભેટ આપજો હોં ? આપશોને ? તો સાંભળો, આજે એક સુંદર વાર્તા હું તમને કહેવાની છું.

શાળામાં નાતાલની રજાઓ પડી ગઈ. બાળકોને ઘણી ખુશી થઈ એક દિવસ થોડાં બાળકો ભેગા મળીને નદી કિનારે રમવાં ગયાં. સાથે રમવાના સાધનો લીધાં રમતાં રમતાં બોલ ખૂબ દૂર એક ઝાડી હતી એમાં પડ્યો. બધાંએ ખૂબ શોધ્યો પણ બોલ મળ્યો નહિ. શોધ કરતાં કરતાં બધાં બાળકો ખૂબ દૂર નીકળી ગયાં. ત્યાં દૂર એક નાની ઝુંપડી જોઈ. તેથી બધાં દોડીને ત્યાં ગયાં. ઝુંપડી નાની હતી પણ સ્વચ્છ હતી તેમાંથી બે નાનાં બાળકો બહાર આવ્યાં. આ ઝુંપડીમાં એક ગરીબ ખ્રિસ્તી કુટુંબ રહેતું હતું. રમવા ગયેલાં છોકરાંને જોઈને ઝુંપડીમાંથી બહાર આવેલાં બાળકો તો ખુબ ખુશ થયાં કારણ એમને ઘેરતો કદી આવા કોઈ બાળકો આવે જ નહિ, સુંદર કપડાં, માથે કેપ, હાથમાં બેટ, તેથી છોકરાંતો જલદી દોડીને તેમનાં મા અને બાપાને બોલાવી લાવ્યાં. થોડી પુછપરછ કરી, ને નાનો દિકરો ઝાડીમાં દોડ્યોને બોલ શોધી લાવ્યો. શહેરનાં છોકરાંને આપ્યો, બધા રાજી થયાં. બાળકોને બેસાડ્યાં, ઠંડુ પાણી પાયું. આનંદ આનંદ થયો. ને એક બીજાના મિત્રો બન્યા. પછીનો રોજ ત્યાં જ બધાં રમવા જાય. સાથે ખાવાનું લઈ જાય. રમે જમે ને મઝા કરે સાંજે પાછાં ઘેર જાય નાતાલના બે જ દિવસ બાકી હતાં. તેથી શહેરમાંથી આવેલાં બાળકોએ કહ્યું હવે અમે રમવા આવીશું નહિ. કારણ કાલે તો નાતાલની તૈયારી કરવાની. દેવળે જવાનું છે. માટે હવે પછી મળીશું.

ઝુંપડીમાં રહેનાર બંને બાળકોની આંખોમાં આંસુ આવ્યા. કારણ એ તો ખુબ ગરીબ હતાં એમને નાતાલની ભેટો મળવાની નહોતી. આ જોઈને શહેરના બાળકોએ એમનાં આંસુ લુંછયાં ને કહ્યું તમે રડશો નહિ અમે તમને અમારી સાથે કાલે લઈ જઈશું. બધાં બાળકોમાંથી એક નાની છોકરીએ કહ્યું. બાળકોને એના માબાપ વગર ગમે નહિ. તેથી આપણે જ અહીં આવીશું. બધાંને આ વાત ખુબ ગમી. ઘેર પોતાના મા બાપને વાત કરી તેઓ પણ ખુશ થયાં. પછી શું થયું ખબર છે ? ૨૪મી ની રાતે બધા જ બાળકોને ને તેમના વાલીઓ આ ઝુંપડી પાસે આવ્યાં ને નાતાલનાં ગીતો ગાયાંને ગરબા ગાયાં. ને બાઈબલ વાંચન કર્યું ને પ્રાર્થના કરાવી. પછી દરેક બાળક પોતાની સાથે લાવેલી ભેટો ઝુંપડી આગળ

મુકી. ભેટોના પેકેટ ખોલ્યાં તો તેમાંથી સુંદર રમકડાં, કપડાં. મિઠાઈઓ વગેરે નીકળ્યું. આનંદ આનંદ થઈ રહ્યો. બધાંએ સાથે મળીને ખાધુ ને કુટુંબ આનંદથી નાચી ઉઠ્યું. આખી રાત ખુબ મઝા કરી. કુટુંબે બધાંનો આભાર માન્યો.

બીજા દિવસે દેવળમાં પણ સાથે જ લઈ ગયાં આખો દિવસ સાથે રમ્યાં, જમ્યાં ને નાચ્યાં, સાંજે તેમના ઘેર પણ મુકવા ગયાં પ્રભુના પ્રેમનો અનુભવ બધાંએ કર્યો ને સાચા મિત્રો બન્યાં.

યહોવા, દેવે પણ આપણા પર આવો જ પ્રેમ કર્યો. ને આપણે પાપી હતાં ત્યાં તેમણે પોતાનો દીકરો ઈસુ આપણને ભેટ આપ્યો. તેથી જ બાળકો આજે આપણે આવું આશીર્વાદિત જીવન જીવીએ છીએ.

નાતાલનો સાચો આનંદ મેળવવા તમારા ગરીબ મિત્રો કે કુટુંબને જરૂરથી તમારા આનંદમાં ભાગીદાર બનાવજો. બનાવશો ને ?

## કાલવરીના રાહે

**શ્રી જયંતિ કે.પરમાર**

રાગ : ભુપાલી		તાલ : ત્રિતાલ

કોઈનું દિલ રડે ને હજારો હસે
કાલવરીના રાહે ઈસુ પગલાં ભરે
ગેથસેમાનેમાં ઈસુ વિનંતી કરે,
બાપ, આ કટોરો મુજ મુખથી ટળે
અંગેથી પસીનો લોહી સમ ઝરે...કાલવરીના
તરકટી યહૂદી આવ્યો આખરી પળે
પ્રભુ મુખે લોભી કેવો ધનને ચૂમે
કાન કાપનારો પિતર મુખ ફેરવે...કાલવરીના
કોરટમાં હાકેમનું કંઈ ના વળે
લોકોની બૂમોત્યાં ફાવી ખરે
મશ્કરી ને હાંસી મુક થઈ સહે..કાલવરીના
શાલેમવાસી સર્વ ટોળે વળે
કાલવરીના રાહે જુઓ તમાસો બને
દુઃખીયાનો ત્રાતા કેવા દુઃખડાં સહે...કાલવરીના
સીમોન કુરેની કેવો ધન્ય બને
ઈસુજીનો થંભ તેની કાંધે ચઢે
સ્તંભે ચઢેલો ચોર કેવો પારખે... કાલવરીના

# સિંહનો સામનો

- રેવ. ઈમાનુએલ એસ. કાન્ત

સિંહ તો જંગલનો રાજા ભલભલા ને તેની બીક લાગે એ ત્રાડ પાડે તો આપણાં રૂંવાડા ઉભા થઈ જાય. જો સિંહ આપણી સામે આવી જાય તો કાચો પોચો તો મરી જાય સિંહ હિંસક પ્રાણી છે. સિંહ આપણને જોવો ગમે છે. તેની નજીક જવાનું ગમે. પણ જ્યારે તે પાંજરામાં પૂરાયેલો હોય, જો એ પાંજરાની બહાર હોય તો.

એક મિશનરી બાનુ નામ રેચેલ હતું. મિશનરી તરીકે આફ્રિકામાં મૂકાયાં. તેમણે આફ્રિકા વિષે ઘણું સાંભળ્યું હતું. જંગલમાં સિંહો, અજગર, દિપડા હોય છે. માણસ ખાઉં આદિવાસીઓ હોય. વિગેરે વિષે તે જાણતા હતા. એકવાર આ વિસ્તારમાં કાર્ય કરતાં. તેમને બે સિંહોનો ભેટો થઈ જાય છે. સિંહ તેની સામે આવી જાય છે. છતાં તે બચી ગયા.

રેચેલનું કુટુંબ જંગલમાંથી પસાર થતું હતું. આફ્રિકાનાં ગીચ જંગલમાં નવું મિશન ક્ષેત્ર શરૂ કરવા જતાં હતા. રેચેલના મજૂરો સાથે આગળ નીકળી ગયા. જેથી રાત્રે આરામ માટે તંબૂની વ્યવસ્થા કરી શકાય. રેચેલ બાળકો સાથે ચાલતા હતા. બાળકોને તે ફળફૂલ વિષે સમજ આપતી. આજુબાજુની સુંદરતા વિષે સમજાવતા હતા.

અચાનક રેચેલની વાચા બંધ થઈ ગઈ. તેનાં ચહેરા પર ભય વ્યાપી ગયો. તેનાં શરીરે પરસેવો વળી ગયો પગદંડી નાં જમણાં હાથે. બિલકુલ તેની પાસે જ સિંહને સિંહણ ઝાડી પાસે ઉભા હતા. જે તેમની ઉપર ધસી જવા તૈયાર હતા. રેચેલના હૃદયનાં ધબકારા વધી ગયા. તેનાં પતિ કે બીજા કોઈ હતા નહીં. બધા આગળ જતાં રહ્યાં હતાં. કોઈ બચાવનાર નહોતું. તેને થઈ ગયું કે સિંહ-સિંહણ અમને મારી નાખશે.

વહાલા બાળ મિત્રો રેચેલનો બચાવ થાય છે આવી સ્થિતીમાં કે જ્યાં બચાવની આશા નહોતી. તેને યાદ આવ્યું કે મુશ્કેલીમાં શું કરવું જોઈએ. અને તેણે તે પ્રમાણે કર્યું. તમે કહી શકશો કે રેચેલે શું કર્યું ? હા પ્રાર્થના કરી જેમ સિંહોના બિલમાં દાનિયેલનો બચાવ કર્યો, તેમ રેચેલને બચાવી.

# અર્પણ

રેવ. કિરીટ પી. પરમાર

નિસ્સી અને અર્પિતા બંન્ને જીગરી બહેનપણીઓ હતી. હંમેશાં એક બીજાની સાથે જ જોવા મળે કંઈ કામ હોય તો પણ તેઓ બન્ને સાથે મળીને જ કરી નાખે. રમતમાં તો વળી પૂછવાનું જ શું ? સાથે જ રમે. નિશાળ પણ સાથે જ જાય. જો નિસ્સી કોઈ કારણસર નિશાળે ન જવાની હોય, તો અર્પિતા પણ તે દિવસે રજા પાડી દે. અને અર્પિતા કોઈ કારણસર નિશાળ ન જવાની હોય તો નિસ્સી પણ એ દિવસે રજા પાડી દે. જો તેઓ છૂટાં પડતાં હોય તો ફક્ત મોડી રાત્રે સૂવા માટે જ પાછાં સવારમાં તો તમને સાથે જ જોવા મળે. અરે ! તેઓ કદી ઝઘડ્યાં હોય એવું તો જાણમાં નથી.

જ્યારે જ્યારે નિસ્સી અને અર્પિતા સન્ડેસ્કૂલમાં અને ચર્ચમાં જાય ત્યારે અર્પિતા નિસ્સીને યાદ દેવડાવે કે, પ્રભુને તારું જીવન સોંપ. આમ, ઘણી વખત અર્પિતા નિસ્સીને આ બાબત વિષે યાદ કરાવતી. પરંતુ નિસ્સી આ વાતને બહુ હળવી રીતે લેતી અને તેમાં કોઈ ગંભીરતા બતાવતી ન હતી. અર્પિતા તો પ્રભુને ઓળખતી હતી અને તેણે પ્રભુને જીવન સોંપ્યું હતું. પરંતુ નિસ્સી પ્રભુને ઓળખતી ન હતી તેનું અર્પિતાને દુઃખ હતું. હંમેશાં અર્પિતા પ્રભુને પ્રાર્થના કરતાં કહેતી કે, 'પ્રભુ એવું થવા દો કે નિસ્સી તમને આ સમયોમાં જ જીવન સોંપે.'

એક વખતે ઉનાળામાં તેમની મંડળી વી.બી.એસ. રાખવામાં આવ્યો હતો. પ્રભુના સેવકે હૃદયસ્પર્શી વચનો આપ્યાં. ઘણાં બધાં બાળકો એ પ્રભુને જીવન સોંપ્યાં. અર્પિતાએ નિસ્સીને પ્રભુને જીવન સોંપવા જણાવ્યું, પણ નિસ્સીએ જવાબ આપ્યો, 'અત્યારથી શું કરવા પ્રભુને જીવન સોંપવું છે ? હજુ આપણી પાસે ઘણો બધો સમય છે, મોટાં થઈશું પછી પ્રભુને જીવન સોંપીશું.' અર્પિતા ખૂબ જ નિરાશ બની ગઈ.

એક વખત એવું બન્યું કે નિસ્સી અચાનક બિમાર થઈ ગઈ. એટલે સુધી કે તેના બચવાની શક્યતાઓ ઘણી જ ઓછી હતી. તેનાં મમ્મી-પપ્પા એ ડોક્ટર બોલાવ્યા અને સારવાર કરવામાં આવી. ઈશ્વરકૃપાથી તે સાજી થવા લાગી. પરંતુ અર્પિતા ઘેર રહીને તેને મળવા ન આવતાં પ્રભુબાપને આગ્રહથી સતત પ્રાર્થના કરતી હતી. નિસ્સીને મળેલું સાજાપણું એ તો અર્પિતા એ પ્રભુબાપને કરેલી પ્રાર્થનાનો જવાબ હતો.

નિસ્સી હજુ તો પથારીમાં જ હતી એવામાં અર્પિતા તેને ચીમળાએલાં અને નકામાં થઈ જવા આવેલાં ગુલાબના ફુલનો પુષ્પગુચ્છ લઈને મળવા આવી. શુભેચ્છા પાઠવતાં કહ્યું, 'કેમ છે નિસ્સી, હવે તને સારું છે ને ?' આવું વર્તન જોઈને નિસ્સી એકદમ છંછેડાઈ ગઈ

અને બોલી, 'આટલા દિવસથી હું બિમાર થઈ ગઈ, એટલે સુધી કે મરી જવાય ત્યાં સુધી તું મને જોવા કે મળવા ન આવી. અને હવે મને સારું થઈ ગયું છે ત્યારે તું મને મળવા આવી છે અને તે પણ સરસ તાજાં ફુલો અને ખીલતી કળીઓનો પુષ્પગુચ્છ નહિં પણ ચીમળાએલાં અને નકામાં ફુલનો પુષ્પગુચ્છ લઈને, તું જાણતી નથી કે મને તો આ સમયે તારે તાજાં અને સુગંધિત ફુલ મને આપવાં જોઈએ ?' એ જ સમયે અર્પિતા બોલી ઉઠી, તારી વાત સાવ સાચી છે. ઈશ્વર પણ આપણી પાસે તાજગી ભર્યું, જુવાનીનું અને સુંદર જીવનનું અર્પણ માગે છે. ઘરડું અને ઈશ્વરને કામ ન આવે એવું જીવન તેઓ માંગતા નથી. મેં તને ચીમળાયેલાં અને નકામાં ફુલો આપ્યાં તો તને ન ગમ્યાં, એવી રીતે ઈશ્વરને પણ વૃદ્ધાવસ્થાનું જીવન ગમતું નથી. નિસ્સીને વાસ્તવિકતાનું ભાન થયું, ત્યાં જ તેણે ઈશ્વરને જીવન સોંપ્યું. અર્પિતાએ પ્રાર્થના કરાવી અને બન્ને એક બીજાને ભેટી પડ્યાં.

વહાલાં બાળકો, પ્રભુનું વચન રોમનોને પત્ર ૧૨ : ૧માં કહે છે, 'તમે તમારાં શરીરોનું જીવતું, પવિત્ર અને દેવને પસંદ પડે તેવું અર્પણ કરો.'

કાઈન અને હાબેલે અર્પણ કર્યું, પણ કાઈનનું અર્પણ ઈશ્વરે માન્ય ન કર્યું. કારણ કે કાઈને ઈશ્વરના પ્રેમને લઈને નહિં પણ પોતાના ભાઈની સાથે હરિફાઈ કરવા માગતો હતો.

બાળકો, શું તમે પ્રભુને જીવન સોંપ્યું છે ? જો સોંપ્યું છે તો તેના જેવી બીજી સારી વાતો કોઈ નથી. અને જો નથી સોપ્યું તો આજે જ પ્રભુને જીવન સોંપો. મારી પ્રાર્થના છે. પ્રભુ તમને સહાય કરશે. વાંચો હિબ્રુ ૨ : ૩ 'તો એવા મહાન તારણ વિષે બેદરકાર રહીએ તો શી રીતે બચીશું ?'

## ત્રિએક પ્રભુ

**શ્રી જેકબ પોલ**

પરમ પિતાજી પ્રેમી પ્રભુજી
પવિત્ર આત્મા પાલનહારા
ત્રિધન્ય ત્રાતા તારણહારા
તમને હજારો વંદન અમારાં.
સકળ સૃષ્ટિના સર્જનહારા
સહુ સંગે સ્તવીએ શરણે તમારાં
વર્ષાઓ વ્હાલા પ્રેમની ધારા
અંતર ભીંજવો પ્રેમ તમારા.

આશિષ વૃષ્ટિ આત્માની આપો
આત્મિક આંખો અમારી ઉઘાડો
મનમંદિરમાં મસિહા પધારો
અગન અમારા અંતરની ઠારો
ત્રિએક તાતા તાપ હરનારા
તમે તો અમારા તારણહારા
ક્ષમા કરો પ્રભુ પાપ અમારાં
વીનવીએ વ્હાલાં બાળો તમારાં

# સર હર્બટ બાર્કર

**શ્રી ચાર્લ્સ એમ. ક્રિસ્ટી**

હર્બટ બાર્કર બાળપણથી જ ભણવામાં બહુ જ હોંશિયાર હતા. તેમનાં માતાપિતાએ તેને ભણાવવાને માટે બહુજ શ્રમ કર્યો હતો. તેઓ લાગણીશીલ અને ગંભીર હતા. બાળપણમાં તેઓ બાળકો સાથે નિયમિત સન્ડેસ્કૂલમાં જતા હતા. અને સન્ડેસ્કૂલ પૂરી થાયા બાદ તે પોતાનાં માબાપ સાથે પ્રભુમંદિરમાં પ્રભુનાં વચનો સાંભળતા. એટલે તેઓ પ્રભુ પર વિશ્વાસ રાખતા હતા. આગળ જતાં તેઓ ખુબ જ ભણ્યા અને દાક્તરી કામ શરૂ કર્યું ત્યારે બીજા દાક્તરો ઈર્ષા કરવા લાગ્યા કારણ કે એમની કામ કરવાની રીત બીજા દાક્તરોથી જુદી લાગી. વળી ગરીબ બાળકોની તે મફત સારવાર કરતા અને ગરીબ લોકો પ્રત્યે તે પ્રેમથી ભાવ રાખી સેવા કરતા.

એક દિવસ એવો આવ્યો જેમાં એમની કાર્યકુશળતાથી આખા દેશમાં પ્રખ્યાત થયા. પણ તેમનાં માતાપિતાનાં ગુજરી જવાથી તેઓ કેટલાક દિવસો શાંતિ પ્રાપ્ત કરવા કોઈ અજ્ઞાત સ્થળે ચાલ્યા ગયા. ઘણા સમય પછી તેઓ પાછા ફર્યા અને લોકોની સેવા કરવા લાગ્યા. ખાસ કરીને ભાંગ્યા તૂટ્યાં હાડકાં તંદુરસ્ત કરવામાં તે બહુ હોંશિયાર હતા તેથી ઘણા માણસો જેઓ બીજા દાક્તરો પાસેથી કંઈપણ ફાયદો પામતાં નહોતાં તેઓને એમની પાસે લઈ જવામાં આવતાં. આ પણ તેમનાં જીવનમાં સૌથી મહત્વનો પ્રસંગ નહોતો. એક સમયે અમુક દાક્તરોએ તેમની વિરૂદ્ધ કેસ કર્યો અને તેમાં આ દાક્તર સાહેબ ફતેહ પામ્યા, પણ તે કહે છે કે મારા જીવનમાં આ સૌથી મહત્વનો પ્રસંગ નહોતો.

આગળ જતાં રાજકુટુંબના હાડવૈદ તરીકે તેમની નિમણુંક થઈ, એ પણ એમનાં જીવનમાં સૌથી મહત્ત્વનો પ્રસંગ નહોતો.

છેવટે મહારાજા તરફથી તેમને 'સર'નો ખિતાબ એનાયત કરવામાં આવ્યો. એમનાં માથા પર તલવાર મૂકીને મહારાજા સાહેબે કહ્યું હતું કે 'ઉઠો, સર હર્બટ બાર્કર' સર હર્બટ બાર્કર કહે છે કે આ પણ મારા જીવનમાં સૌથી મહત્વનો પ્રસંગ નહોતો.

એક દિવસ એક ડોશીમાં એમની સલાહ લેવા આવી હતી. ઘણા વર્ષ થયાં એનાં ઘૂંટણને ઈજા થયાને લીધે તેને બહુ દુઃખ સહન કરવુ પડતુ હતું. ઘણા વૈદ અને ડૉક્ટર પાસે તે ગઈ હતી. પણ કંઈ આરામ પામી નહિ. સર હર્બટ બાર્કરે એનાં ઘૂંટણની તપાસ કરીને તેને કહ્યું કે ઘણું દુઃખ થાય, એવું એક ઓપરેશન કરવું પડશે.

ડોશીમાં તો બહુ નબળી કાઠીનાં હતા. તો પણ દાક્તર સાહેબ પર તેમને ઘણો જ ભરોસો હતો. ઓપરેશન કરવામાં આવ્યું ઘણા દિવસ સુધી આરામ કરવો પડ્યો. એક દિવસ દાક્તર સાહેબ પાસે આવ્યા પ્રાર્થના કરીને પાટો છોડ્યો અને ડોશીમાને કહ્યું કે ઉભા થાઓ અને હવે તમે બરાબર ચાલી શકશો. જ્યારે ડોશીમાને ખબર પડી કે ઘૂંટણ હમણા

સજ્જડ નથી, પણ બરાબર ચાલી શકાય છે, ત્યારે એમનાં આનંદનો પાર રહ્યો નહિ. તે વખતે ડોશીમા એ દાક્તર સાહેબ પાસે એક અજાયબ જેવી માંગણી કરી. તેમણે કહ્યું કે દાક્તર સાહેબ, શું હું ઘૂંટણીએ પડી શકું ? દાક્તર સાહેબે જવાબ આપ્યો કે મન હોય, તો તમે જરૂર ઘૂંટણીએ પડી શકો છો. ડોશીમાએ કહ્યું કે હું પ્રાર્થના કરવા બે ત્રણ મીનીટ ઘૂંટણીએ પડવા ઈચ્છું છું. એમ કહીને તે ઘૂંટણીએ પડીને પ્રભુનો ઉપકાર માન્યો.

પછી ઉભા થઈને તેણે દાક્તર સાહેબને કહ્યું કે આટલા બધા વર્ષોથી હું પ્રભુની આગળ ઘૂંટણીએ પડીને પ્રાર્થના કરી શકતી નહોતી. એ મને સૌથી મોટુ દુઃખ હતું. આજે આપ સાહેબની કાર્યકુશળતાથી હું એમ કરી શકી છું. આજે હું પ્રભુનો ઉપકાર માનું છું તેમજ આપનો પણ ઉપકાર માનું છું. એમ કહીને તે આનંદ કરતી ઘેર ગઈ.

સર હર્બટ બાર્કર લખે છે કે જે દિવસે ડોશીમાએ ઉપર પ્રમાણેની વાત મને કહી, તે દિવસ મારા જીવનમાં મારે માટે સૌથી મહત્ત્વનો પ્રસંગ ગણાયો. તે પ્રસંગે હું નમ્રતા, ધાર્મિકતા, આભાર અને પ્રાર્થના વિષે જે શીખી ગયો તે હું કદી ભૂલી શકીશ નહિ.

આપણે આપણા હાથપગ નો ઉપયોગ કરી શકીએ છીએ. શું આપણે કોઈ દિવસ ઘૂંટણીએ પડીને ઈશ્વરની ભલાઈ, દયા અને આશીર્વાદોને લીધે તેનો આભાર માનીએ છીએ ?

'પ્રભુ મારા હોઠ ઉઘાડ, સ્તુતિ મારાથી ગવાડ; મારાં હાથકામ તું કરાવ, મારાં પગલાં તું ચલાવ.' જ્યારે જ્યારે આપણે કોઈને મદદ કરીએ કે કોઈનું ભલુ કરીએ, ત્યારે ત્યારે તે આપણા જીવનમાં મહત્ત્વનાં પ્રસંગો બને છે. પ્રભુ ઈસુએ કહ્યું છે કે 'પામવા કરતાં આપવામાં વધારે ધન્યતા છે.'

## છેલ્લો પસ્તાવો

**શ્રી નીલેશ.પરમાર**

ના હું માન્યો પાપી, લોકોના સમજાવવાથી
હવે તો રડી રહી છે, આંખો પસ્તાવાથી
મોંઘી પડી જિંદગી, શેતાનમાં રહેવાથી
શું ફાયદો હવે.જિંદગી સુધારવાથી
રડી રહી છે આંખો....

ફરજ પૂરી કરી ન શક્યો, ખ્રિસ્તી હોવાથી
હવે શું કરી શકું હું, મરણ પથારીએથી
કદાચ સુધરી જશે મોત, પ્રાર્થનાઓથી
રડી રહી છે આંખો....

ફાયદો રહેશે આપને, આજથી જિંદગી સુધારવાથી
ડરી જશે શેતાન પણ, આપની પાસે આવવાથી
પછી કોઈ દિ' નહી રડે આંખો પસ્તાવાથી

# જુલ્યસ સીઝર (કાઈસર)- સામ્રાજ્યનો બાંધનાર

*રેવ. હેમંતકુમાર જે. પરમાર*

એક એવા વ્યક્તિની વાત છે કે જેનું નામ અને પ્રસિદ્ધી સદીઓ પસાર થઈ છતા એવાને એવાજ છે. આ નામ જ્યાં સુધી ઈતિહાસ લખાતો રહેશે ત્યાં સુધી પોતાનું સ્થાન ઈતિહાસમાં જાળવી રાખશે. આ વ્યક્તિ બીજી કોઈ નહિ પરંતુ તે તો જુલ્યસ સીઝર છે. તેનું પુરું નામ કાઈસર જુલ્યસ સીઝર છે.

તેણે હજારો સૈનિકોની આગેવાની લઈને બ્રિટન પર ચઢાઈ કરી હતી. જુલ્યસ સીઝર એ ઐતિહાસિક વ્યક્તિથી વધારે કંઈ નથી એવું માનવાની ભૂલ કરતા નહિ. તેના સમયની દુનિયાના લોકોને તેણે ફક્ત આકાર આપ્યો હતો તેવું નથી. પરંતુ સાથે સાથે ભવિષ્યમાં આવનારી દુનિયાનો પણ પાયો નાંખ્યો હતો.

એ છોકરો કે જે પાછળથી, મુત્સદી, સૈનિક તરીકેના ગુણોથી સંપન્ન, વક્તા અને એક એવી વ્યક્તિ કે જેની પાસે શબ્દોનો ભંડોળ હતો. તેવી વ્યક્તિ તરીકે બહાર આવી. તેનો જન્મ ઈ.સ. પૂર્વે ૧૨ / જુલાઈ / ૧૦૦ના રોજ (ઘણા લોકો ઈ.સ.પૂર્વે. ૧૦૨ પણ કહે છે) થયો હતો. કાઈસર જુલ્યસ અને ઓરીલીયા કે જે રોમનું સૌથી પુરાણું કુટુંબ હતું. તે તેમનો એક માત્ર દીકરો હતો. જુલ્યસના પિતા શ્રીમંત હતા. તેઓ સાદા હતા પરંતુ પોતાની ટેવમાં તેઓ ખૂબ કડક વલણ ધરાવતા હતા રાજકારણમાં ઉચ્ચસ્થાન સિવાય બીજુ કોઈ સ્થાન લેતા નહિ. તેને તેના માતા ખૂબ પ્રિય હતા. માતાનો સ્વભાવ કડક હતો. સિદ્ધાંતવાદી એવા સ્ત્રી હતા. આજના સમયમાં તેઓને આપણે કદાચ જૂનવાણી વિચારના કહીએ.

જુવાન જુલ્યસે પોતાની કારકિર્દી ઘણી વહેલી શરૂ કરી હતી. જ્યુપીટરના યાજકની જવાબદારી અદા કરવા માટે તેણે પંદર વર્ષની ઉંમરે પિતાને છોડ્યા. આ સમયે તેનો દેખાવ આકર્ષક હતો. તેઓ ઊંચા હતા, સુંદર દેખાતા હતા. કાળીભમ્મર પાણીદાર આંખો, ભરાવદાર નાક અને જાડા હોઠો હતા. તેનો દેખાવ અણીશુદ્ધ હતો અને તે બુદ્ધિશાળી હતો. પોતાના દેખાવ સંબંધી તે ખુબ સભાન હતો. તેનું ખૂન ઈ.સ.પૂર્વે. ૧૫/માર્ચ/૪૪ના રોજ થયું હતું.

રોમન સામ્રાજ્ય પૃથ્વી પર સૌથી શક્તિશાળી ગણાતું હતું. રોમનું શક્તિશાળી સૈન્ય દુનિયાના દેશો પર લડાઈ કરતું હતું. આ સમયે બ્રિટન જાણીતું ન હતું. તેના સૈન્યમાં બહાદુર, ઉચ્ચ કેળવણી પામેલા, શિસ્તબદ્ધ, દરેક કાર્ય સંબંધી સૈનિક જાણકાર અને એન્જિનીયર એવા સૈનિકો હતા. આ પ્રકારના સૈનિકોને લીધે તેના હાથ મજબુત હતા. રોમનો જ્યાં જ્યાં ત્યાં તેમની સાથે સભ્યતા લઈને જતા હતા. તેઓએ લોકોને માટે ભવ્ય ઈમારતો બનાવી હતી. તેઓએ યુરોપના એક છેડાથી બીજા છેડા સુધી રસ્તાઓ બનાવ્યા હતા. જુલ્યસ સીઝરે રાઈન નદી પર એક સપ્તાહમાં પુલ બનાવ્યો હતો. તેણે પુલ માટેનું

જહાજ એક મહિનામાં બનાવ્યું હતું. આ એવું જહાજ હતું કે જેમાં મંદિરો બનાવ્યા હતા. તેણે સત્યનું મંદિર, શ્રેષ્ઠતાનું મંદિર અને વિજયનું મંદિર બનાવ્યા હતા. આપણા પ્રભુ ઈસુના જન્મના એક સો વર્ષ પહેલાની વાત છે. તેઓનું સંક્ષિપ્ત વિશ્વાસનામું આ પ્રમાણે હતું. તમારા પોતાના માટે જ જીવશો નહિ.જો પોતાના માટે જ જીવશો તો તેનો કંઈ અર્થ રહેશે નહિ. બહાદુર બનો, ન્યાયી બનો, શુદ્ધ બનો, શબ્દોમાં અને કૃત્યમાં સાચા બનો. મનોરંજનની પરવા ન કરો. તમારા જીવનની ચિંતા ન કરો. જે કંઈ સત્ય છે તેની ચિંતા કરો. આ તમારા ઉત્પન્નકર્તાનો આદેશ છે. અને આજ્ઞાંકિતપણું તમારા જીવન માટે જોખમકારક છે.

આ ધર્મએ જુલ્યસ સીઝરના રોમને શક્તિશાળી બનાવ્યું. ઉપરાંત તેને રાજકારણમાં ડહાપણવાળું બનાવ્યું. અને યુદ્ધમાં તેનો સામનો ન કરી શકાય તેવું બનાવ્યું. ઉપરોક્ત વિશ્વાસ નામનો ઉપયોગ આજે પણ સૈનિકોને વચન લેવડાવવા માટે થાય છે. જેને સેક્રામેન્ટ કહે છે. જે એક પ્રકારની ધાર્મિક વિધિ ગણવામાં આવે છે. આ શબ્દ શરૂઆતની ખ્રિસ્તી મંડળીમાંથી આવ્યો હતો. શરૂઆતના ખ્રિસ્તીઓ આવા જ પ્રકારના વચનો લેતા હતા. તેઓ ખ્રિસ્તના વિશ્વાસુ સૈનિકો અને સેવકો બની રહે તે માટે પ્રાર્થના કરતા હતા. સીઝર મહાન વહિવટ કર્તા હતા. સરમુખત્યાર બન્યો ત્યાં સુધી એક પછી એક સ્થાનો હાંસલ કર્યા. તે સર્વગુણોથી સંપન્ન એવો નેતા બન્યો. તેના માટે તે સમયના લેખકોનો મત આ પ્રમાણે હતો કે તે એક સાથે સાંભળી શકતો, લખી શકતો અને તેનું મગજ સાથે સાથે આદેશો પણ આપી શકતું હતું.

જુલ્યસ સીઝરમાં રહેલી સૈનિક તરીકેની કાબેલિયતે તેને ખ્યાતી અપાવી હતી. તેને એકવીસ વર્ષની ઉંમરે નાગરિક સન્માન પ્રાપ્ત થયું હતું. આ સન્માનનું મહત્વ વિક્ટોરીયા ક્રોસ પ્રાપ્ત કરવા જેટલું જ હતું. માટે ટીલીનના યુદ્ધમાં એક સૈનિકનું જીવન બચાવવા બદલ તેને આ સન્માન આપવામાં આવ્યું હતું. પોતાના દસ વર્ષના શાસન દરમિયાન તેણે ૩૦૦ રાષ્ટ્રો ને જીત્યાં હતા, ૮૦૦ નગરો જીત્યા હતા, ત્રીસ લાખ લોકોને હરાવ્યા હતા. જેમાંના દસ લાખ લોકો યુદ્ધ ભૂમિમાં જ મૃત્યુ પામ્યા હતા. તેણે બીજા દસ લાખ લોકોને ગુલામ બનાવ્યાં હતા. તેણે તેના ઘણા કેદીઓને તેની સેવામાં દાખલ કર્યા હતા. પાછળથી તેઓને ઉચ્ચસ્થાન પણ મળ્યું હતું. યુરોપના ઉત્તરથી દક્ષિણ સુધી, સ્પેનથી એશિયા માઈનોર સુધી અને ત્યારબાદ ઈજીપ્ત સુધી તે લડ્યો હતો. આ બધા સમય દરમિયાન પોતાના લોકો સાથે યુદ્ધ ભૂમિમાં રહીને અગવડતા ભોગવી હતી. પોતાના સૈનિકો જે ખોરાક ખાતા હતા તે જ ખોરાક પોતે પણ ખાતો હતો. પોતાના રથના ભોંયતળીયે તે સૂઈ જતો હતો. તે એક નિડર ઘોડેસ્વાર હતો. આ રીતે સૈનિકોની વચ્ચે યુદ્ધ દરમિયાન રહીને તેઓનો ઉત્સાહ વધારતો હતો. ટોપ માથા પર ન પહેરવાનું કારણ એ હતુ કે, તેના સૈનિકો તેનું મુખ યુધ્ધ દરમિયાન

બરાબર રીતે જોઈ શકે. તેમણે ગમે તે સંજોગોમાં પોતાના પરનો કાબુ કદી ગુમાવ્યો ન હતો. અથવા મગજ ગુમાવ્યું ન હતું. અથવા વિશ્વાસ ગુમાવ્યો ન હતો.

પોતસના રાજા પોમ્પી, ફરનાન્સીએ તેની સાથે યુદ્ધમાં જોડાવાની ના પાડી. તેથી સીઝરે તેના ઉપર ચઢાઈ કરીને તેને હરાવ્યો. આ સમયે સીઝરે આ પ્રમાણે કહ્યું હતું કે, 'વેની, વીડી, વીસી' જેનો અર્થ એથાય છે કે, 'હું આવ્યો, મેં જોયું, મેં વિજય પ્રાપ્ત કર્યો'.

આપણાં માટે સૌથી મહત્ત્વની બાબત એ છે કે, સીઝરે બ્રિટન શોધ્યુ અને તેના પર વિજય પ્રાપ્ત કર્યો. ઈ.સ. પૂર્વે ૫૫ની સાલમાં સીઝર ગૌલનો ગર્વનર હતો. ગૌલ આજે ફ્રાંસ તરીકે ઓળખાય છે. તેણે બ્રિટનમાં જઈને ત્યાં રહેવાનો નિર્ણય કર્યો હતો. તેણે ૬૦૦ વાહનો બનાવ્યા અને ૨૮ શસ્ત્રવાહક વાહનો બનાવ્યા.

એવું નથી કે જુલ્યસ સીઝર ભૂલ વગરનો વ્યક્તિ હતો. જુવાન વ્યક્તિ તરીકે તે સિદ્ધાંત વગરનો હતો. નાણાં ઉછીના લેવાની ટેવ હતી. દેવું કરતો હતો. પોતાના જીવનના પાછલા ભાગમાં લોકોના નાણાં બેફામ રીતે વાપર્યા હતા. તેનો એક સૌથી ઉમદા ગુણ એ હતો કે, આ બધી બાબતોનો તેણે કદી નકાર કર્યો ન હતો. તે દંભી ન હતો. તે સર્વ ગુણ સંપન્ન છે તેવો ઢોંગ કરતો નહોતો. યુદ્ધના મેદાનમાં તે સર્વ બાબતોને માટે જવાબદાર છે તે રીતે વર્તતો હતો. ગૌલનો રક્ષક, બહાદુર વેરસીન ગેટોરેક્ષનું જે બેરહેમીથી જેનું ખૂન કરવામાં આવ્યું તે હંમેશાં સીઝરને માટે દુષ્કૃત્ય ગણાશે. આ ઉમદા માણસે તેના પોતાના લોકોનો વધુ રક્તપાત બચાવવા માટે પોતાનું સમર્પણ કર્યું હતું. તેને છ વર્ષ સુધી કેદખાના માં રાખ્યો હતો. અને કોઈપણ કારણ વગર સીઝરે તેનું ખૂન કરાવ્યું હતું. આ જુલ્યસ સીઝર આવો ઘાતકી હોવા છતાં તે લાગણીશીલ વ્યક્તિ હતો. સીઝરના હરીફ પોમ્પીનું ઈજીપ્તમાં ખૂન થયું ત્યારે તેની નિશાની તરીકે, તેની વિંટી બતાવવા સીઝરની હિંમતને તેના દુશ્મનો પણ પડકારી શક્યા ન હતા. તો પછી તેનું ખૂન કેમ થયું ? કારણ કે એવું કોઈકે વિચાર્યું કે તે ખૂબ મહાન થઈ ગયો છે. તેની ખ્યાતી ખૂબ વધી ગઈ છે. કાલફુનીયા જે સીઝરની પત્ની હતી. તેણે સીઝરને સેનેટમાં જવાની ના પાડી. તેના મિત્રોએ તેને ચેતવ્યો હતો. પરંતુ સીઝરે (આ તેની સામાન્ય ટેવ હતી.) ૧૫/માર્ચ ના રોજ અગિયાર વાગ્યે તે સેનેટમાં પ્રવેશ્યો અને પોતાની જગ્યાએ બેઠો. તે સમય દરમિયાન તેના ગળા પર ઘા કરવામાં આવ્યો. આ રીતે તેના જીવનનો અંત આવ્યો.

ઈશ્વર સમગ્ર વિશ્વના પ્રભુ છે. ઈશ્વરનો આરંભ નથી અને તેમનો અંત નથી. તેમની સત્તા આખી પૃથ્વી છે. તેમની સત્તા હંમેશાં રહી છે અને સદાસર્વકાળ રહેશે. આવા પ્રભુની સ્તુતિ કરીએ અને તેમને માન આપીએ.

# મિશનેરી

શ્રીમતી લીલ્યન સી. ક્રિસ્ટી

નાનકડી રૂચીના મગજમાં ગડમથલ ચાલી રહી હતી. ગયા રવિવારે સુવાર્તિક સેમસનભાઈ તેમના ઘરે આવ્યા હતા. રૂચીના મમ્મી પપ્પાએ તેમને જમવા બોલાવ્યા હતા. રૂચીએ તેમની વાતો સાંભળી હતી. તેમની બોલવાની પ્રેમાળ રીત, કરૂણાભરી આંખો અને સરળ રીતભાતથી તે એટલી બધી પ્રભાવિત થઈ હતી કે તેને પણ મિશનરી બનવાની લગની લાગી હતી.

હજુ તો તે બાળક જ હતી. ફક્ત દશ વર્ષની કેવી રીતે બની શકાય મિશનેરી ? મમ્મી પપ્પાને તો આ વાત કહેવાય જ કેમ, તે તો મશ્કરી કરે, તો કોને કહું આ વાત ? કેમ કરીને દૂર થાય મનનો અજંપો.

ત્યાં તો તેના મનમાં એક નામ યાદ આવ્યું. અરે રમીલા આન્ટી કેટલા પ્રેમાળ છે. ગુડ ન્યુઝ ક્લબમાં કેટલી સુંદર વાતો કહે છે, અને મારા ઉપર તો ખૂબજ પ્રેમ કરે છે. તેમને જણાવીશ મારી મૂંઝવણ એમ તેણે વિચાર્યું.

બીજા સોમવારે ગુડન્યુઝ ક્લબમાં તે સૌથી પહેલાં જ પહોંચી ગઈ. પણ ત્યારે તો બીજા થોડાક તેના જેવા બાળકો આવી ગયા હતા. તેથી ગુડન્યુઝ ક્લબ પતે પછી તેમ તેણે વિચાર્યું. છેવટે વાર્તા ગીતો પ્રાર્થના પૂરી થઈ, બધા બાળકો ઘરે ગયા, એક રૂચીજ ત્યાં બેસી રહી અને છેવટે અચકાતા, અચકાતા પોતાની મૂંઝવણ રમીલા આન્ટીને જણાવી.

આન્ટીએ શાંતિથી તેની વાત સાંભળી 'અરે રૂચી ખરેખર તું સાચે જ પ્રભુની દીકરી છે, અને તેથી ઈશ્વરપિતાએ તને આવો સુંદર વિચાર તારા મનમાં મૂક્યો છે.

જો, રૂચી, સાંભળ, વર્ષો પહેલાં નાઅમાન નામના સેનાપતિનો રોગ એક તારા જેવડી નાની બાળાએ મટાડ્યો હતો તેતો ગુલામ હતી. પણ પ્રભુમાં વિશ્વાસુ હતી અને પોતાની શેઠાણીને એલિશા પ્રબોધક વિશે જણાવ્યું. અને નાઅમાન ત્યાં ગયો અને સાજો થયો તેમજ તેને ખાતરી થઈ કે કેવળ ઈસ્ત્રાએલમાં દેવ છે તે સિવાય આખી પૃથ્વી પર બીજે નથી. જો રૂચી નાતાલ પાસે આવી રહી છે તેથી જો ઈસુ રાજાની વાત તું તારી બહેનપણીઓને કહે તો તું પણ મિશનરી બની શકે. એટલે સુવાર્તા ઈસુના જન્મની વધામણીની વાતો કહેનાર અને ઈસુના ચમત્કારોની વાતો પણ કહી શકાય. રમીલા આન્ટીએ આપેલ આ સમજણથી રૂચી ખુશ ખુશ થઈ ગઈ. અને તેની બહેનપણીઓને પ્રભુ ઈસુની વાતો કહેવાની શરૂ કરી અને પછી તો રૂચીમાં ખુબ હિંમત આવી ગઈ.

શુક્રવારે ઊષા બહેન તેમના વિજ્ઞાન શિક્ષક રજા પર હતા. બીજા બહેન વર્ગમાં આવ્યા, અને તેમણે કોઈને વાર્તા કહેવાનું કહ્યું. રૂચીની બહેનપણીઓ, રૂચીનું નામ પોકારી

રહી. રૂચી અને બધા ઊભા થયા. તારાઓની વાતથી શરૂઆત કરી, પૂર્વના તારા તથા ઈસુ જન્મની આખી વાર્તા કહી. ઉષા બહેન પણ તારાની વાર્તા અને રૂચીની વાર્તા કહેવાની રીતથી ખૂબ જ પ્રભાવિત થયા. તેમણે તો આચાર્યને આ વાત કરી. અને આપણા આ રૂચી બહેન પછી માઈક પરથી આ વાર્તા આખી શાળાના બાળકોને સંભળાવી અને ત્યાર પછી તે રૂચીની બહેનપણીઓની સંખ્યામાં ખૂબ વધારો થયો અને રૂચી આખી સ્કૂલમાં શિક્ષકો અને સહાધ્યાયીઓમાં પ્રિય થઈ ગઈ.

બાળકો તમે પણ રૂચીની જેમ સુવાર્તા ફેલાવી શકો છો. નાના નાના મિશનેરી બની શકો છો. પવિત્ર શાસ્ત્રમાં યશાયા પ્રબોધકે કહ્યું છે કે, 'જે વધામણી લાવે છે જે શાંતિની વાત સંભળાવે છે, જે કલ્યાણની વધામણી લાવે છે, જે તારણની વાત સંભળાવે છે તેના પગ કેવા શોભાયમાન છે.

## મુક્તિદાતા ઈસુ જેવું

-સ્નેહલતા જ્હોનભાઈ અલારસાવાલા

જીવન તમે એવું જીવો, મુક્તિદાતા ઈસુ જેવું,
બની કોઈના દિલનો, દીવો મુક્તિદાતા ઈસુ જેવું.
અવસર મળ્યો છે સેવાનો, ખુશીથી કરી લો સેવા,
ફરિસ્તા થઈને જીવો તમે, મુક્તિદાતા ઈસુ જેવું.
જીવો થઈ બીજાનો સહારો સફળ થશે જન્મારો,
જીવનનું જળ એવું પીઓ, મુક્તિદાતા ઈસુ જેવું,
આંધી તોફાનો આવશે, કાંટા ને કાંકરા વાગશે,
દીવાને સળગતા રાખજો, હિંમત નહારશો કદીએ.

# રાજાનો જમણવાર

*શ્રીમતી મેબલ અનિલરાય સોલંકી*

ખુબ વર્ષો પહેલાની વાત છે. એક વિશાળ રાજ્ય પર એક સમૃદ્ધ રાજા રાજ કરતો હતો. રાજાની સમૃદ્ધિનો પાર નહોતો. સોનારૂપા અને હીરા ઝવેરાતના અઢળક ખજાના ભર્યા હતા. અનાજના ભંડારો ભર્યા હતા. દૂધની અને મધની તો નદીઓ વહેતી હતી.

રાજા પોતાની આવી સંપત્તિ ને કારણે ફુલાઈ જતો. એક દિવસ તેને અજબ વિચાર આવ્યો. એમને થયું. હું કેટલો મોટો રાજા છું. આખા રાજ્યના માણસોનું ભરણપોષણ કરું છું કેટલા બધા લોકો મારે રસોડે જમે છે. હું કેટલા બધાનો પાલનહાર છું. હું એક દિવસ મોટું જમણ રાખીને આખા જગતના બધાને મારે મહેલે જમવા માટે બોલાવીશ. તેમાં જીવજંતુ, પ્રાણી, પંખી પશુંઓ, તમામનો સમાવેશ કરું આખી દુનિયાને ખબર પડે કે મારી પાસે કેટલી બધી દોલત છે. હું કેટલો મહાન રાજા છું.

રાજાએ તેમના સિપાઈઓને જાણ કરી જમણવારનો દિવસ નક્કી કરવામાં આવ્યો. બધાને આમંત્રણ આપવામાં આવ્યું. જમણવારનો દિવસ આવ્યો તેમાં બધાં જ રાજાના જમણવારમાં સરસ તૈયાર થઈને આવ્યા બધાને આનંદ હતો. રાજા ભોજનગૃહમાં ગયા. બધા જમી શકે તેટલું જમણ જોઈને ખુશ થયા જાત જાતની વાનગી-મીઠાઈઓ બનાવવામાં આવી હતી. રાજાએ એક માછલીને જોઈ માછલી જમવા માટે દરિયાંની બહાર આવી હતી. એની આંખો રાજા તરફ હતી. રાજાને લાગ્યું આ માછલી મને કઈ કહેવા માંગે છે. માછલી રાજા સામું જોઈને હસી રાજા માછલીને પુછે છે, 'તું કંઈ કહેવા માંગે છે. માછલી હસીને બોલી રાજા આ જમણવારમાં મને પણ નોતરું છે ?'

રાજા તરત બોલ્યા હા દરેકને આમંત્રણ છે આજે આખા રાજ્યના તમામ મારે મહેલ નાં રસોડે જમશે. માછલી રાજાને કહે છે, 'હજુ પણ મને ભૂખ લાગી છે.' રાજાએ રસોઈયાઓને દોડાવ્યા બધા અનાજના ભંડાર ખોલી નાખ્યા. ફરીથી ભોજન બનાવવામાં આવ્યું માછલીને ફરીથી ખાવાનું શરૂ કર્યું. બધું જ ખાઈ ગઈ કાંઈ ખાવાનું બચ્યું નહીં. માછલીએ ફરીથી રાજાને કહ્યું હજુ કાંઈ ખાવાનું બચ્યું છે મારે ખાવું છે. રાજાને ચૂપચાપ, ઉભેલા જોઈને માછલી હસી. 'તમે એક માછલીની ભૂખ ભાંગી શકતા નથી તો આખી દુનિયાને ક્યાંથી જમાડવાના ?'

માછલીની આવી વાત સાંભળી રાજા ગુસ્સે થયા જોનાર લોકોને લાગ્યું રાજા હમણાં જ માછલીને મારી નાખશે. રાજાને ગુસ્સે થયેલા જોઈને માછલી ફરીથી હસી પડી. રાજાને માછલીની વાતથી ગુસ્સો આવી ગયો ? જરા પ્રભુનો વિચાર કરો ઈશ્વર જગતના તમામ લોકોને સઘળું પુરું પાડે છે તે તો કદી ગુસ્સો કરતા નથી.

આટલું બોલી માછલી ગાયબ થઈ ગઈ. આ વાત સાંભળી રાજાનો ગુસ્સો ઠંડો પડી ગયો અને વિચાર કરવા લાગ્યા, આખી દુનિયાને જમાડવાનું મારું શું ગજુ ? મે નકામો ધનવાન હોવાનો દેખાડો કર્યો.'

સર્વ સમર્થ ઈશ્વર વિના જગતનું પાલન પોષણ કોઈના કરી શકે માટે અભિમાન કરવું નહિ.

## દેવને મહિમા હો

**શ્રી શાંતીલાલ ખુ. ખ્રિસ્તી**

(પરમ ઊંચામાં દેવને મહિમા હો! લુક ૨:૧૪)

ટેક : પરમ ઊંચામાં દેવને મહિમાહો ! આકાશો ગાજે, પૃથ્વી નવાજે... પરમ

૧. આકાશમાંના હજારો દૂતો,
માન મહિમા આપે...
હોસાના હોસાના કરે તે તો,
આનંદી ગીતો ગાએ...
સદા સર્વદા કહેતાં ન થાકે... પરમ ઊંચા

૨. રાજ્યાસન પર બેઠેલ દેવની;
આરાધના સંતો કરે,
હાલેલૂયાહ હાલેલયાહ
આકાશી ગર્જના કરે...
નત્ મસ્તકે વંદન કરી કહે... પરમ ઊંચામાં

૩. પૃથ્વી ઉપર સર્વ જગ્યાએ;
સ્તુતિ ગીતો ગવાએ,
તાલ તબલા ડફ સિતાર
શહનાઈ વીણા ગૂંજે... પરમ ઊંચામાં

૪. માનવ ઉધ્ધાર કરવા કાજે
પ્રભુ જન્મ્યો ગભાણ
જગતવાસીઓ નાચી કૂદી
હર્ષોલ્લાસ કરે...
હૃદય અર્પણ દેતાં કહે છે... પરમ ઊંચામાં.

## ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | માર્કનો સંદેશો | ૫૦-૦૦ |
| ૨. | અયૂબ | ૬૦-૦૦ |
| ૩. | ટેકરીઓનો સાદ | ૧૨૫-૦૦ |
| ૪. | જૂનો કરાર, તેની રચના તથા સંદેશો | ૧૫-૦૦ |
| ૫. | પ્રાર્થના પરાયણ જોન હાઈડ | ૩૦-૦૦ |
| ૬. | પરિવર્તન પામેલાં પાત્રો | ૪૦-૦૦ |
| ૭. | ક્ષિતિજને પેલે પારથી | ૨૦-૦૦ |
| ૮. | પ્રેષિતોના કૃત્યો | ૮૦-૦૦ |
| ૯. | ચિત્રમય બાઇબલ અભ્યાસક્રમ સેટ | ૧૫-૦૦ |
| ૧૦. | ધી રોબ | ૩૫-૦૦ |
| ૧૧. | પ્રબોધકો અને તેના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૨. | અનોખી ઈઝરાયેલ પ્રજા | ૧૨૫-૦૦ |
| ૧૩. | સભાશિક્ષક | ૩૦-૦૦ |
| ૧૪. | યશાયા | ૧૨૫-૦૦ |
| ૧૫. | યાત્રાકારી | ૨૦-૦૦ |
| ૧૬. | વધસ્તંભના સપ્તવચન | ૧૫-૦૦ |
| ૧૭. | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૧૮. | બેનહર | ૩૦-૦૦ |
| ૧૯. | કલશોર | ૨૦-૦૦ |
| ૨૦. | પિતરનો પહેલો પત્ર | ૧૨૫-૦૦ |
| ૨૧. | ફિલિપીઓના પત્રનો સંદેશો | ૪૦-૦૦ |
| ૨૨. | ફૂલદાની | ૧૫-૦૦ |
| ૨૩. | ટૈટસ | ૩૫-૦૦ |
| ૨૪ | દાઉદના ભક્તના પસંદિત...મનન | ૪૦-૦૦ |
| ૨૫. | બાયબલ અભ્યાસ ભાગ-૧૨ | ૨૦-૦૦ |
| ૨૬. | જી.ટી.બી.એસ. ઈતિહાસ | ૩૦-૦૦ |

Published and Distributed by:
GUJARAT TRACT AND BOOK SOC
Sahitya Seva Sadan, Near Gujarat Colleg
Ellisbridge, Ahmedabad - 380006. INDI
E-mail : gtbs_1852@yahoo.com

8BGM2